ૐ

શ્રી વીતરાગાય નમઃ

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા

## ભાગ-૩

### મંગલાચરણ

ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં,
ણમો ઉવ્જ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં. ૧.

આત્મા સો અર્હંત હૈ, નિશ્ચય સિદ્ધ જુ સોહિ,
આચારજ ઉવઝાય અરુ, નિશ્ચય સાધુ સોહિ. ૨.

સ્યાદ્વાદ અધિકાર અબ, કહૌ જૈન કો મૂલ,
જાકેં જાનત જગત જન, લહૈં જગત-જલ-કૂલ. ૩.

દેવ ગુરુ દોનોં ખડે, કિસકે લાગૂ પાય,
બહિલાહી ગુરુદેવ કી, ભગવન દિયો બતાય. ૪.

કરુણાનિધિ ગુરુદેવશ્રી, દિયા સત્ય ઉપદેશ,
જ્ઞાની માને પરખ કર, કરે મૂઢ સંક્લેશ. ૫.

## પરમાગમના સારભૂત સિદ્ધાંત

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતો નથી.

૨. દરેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય ક્રમબદ્ધ જ હોય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે; વ્યય કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી હોય.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ જુદાં છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય થાય જ છે, કરવી નથી પડતી.

૭. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ કરવો, તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું અવલંબન છે, વેદન નથી; અને પર્યાયનું વેદન છે, અવલંબન નથી.

**- પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**



# ૧

# નિશ્ચયનય-વ્યવહારનય

**પ્રશ્ન-૧ :- નિશ્ચય-વ્યવહાર કોને કહે છે?**

ઉત્તર :- (૧) સ્વાશ્રિત, નિશ્ચય; પરાશ્રિત વ્યવહાર.

(૨) વ્યાપ્ય-વ્યાપકનો સદ્ભાવ, નિશ્ચય; વ્યાપ્ય-વ્યાપકનો અભાવ, વ્યવહાર.

(૩) અભેદ, તે નિશ્ચય; ભેદ તે વ્યવહાર.

(૪) અનુપચાર, તે નિશ્ચય; ઉપચાર, તે વ્યવહાર.

(૫) ભૂતાર્થ, તે નિશ્ચય; અભૂતાર્થ, તે વ્યવહાર.

(૬) મુખ્ય, તે નિશ્ચય; ગૌણ તેને વ્યવહાર કહે છે.

આ બધી વ્યાખ્યાઓનો અર્થ એક જ છે.

**પ્રશ્ન-૨ :- સ્વાશ્રિત, નિશ્ચય અને પરાશ્રિત, વ્યવહારને ક્યા-ક્યા પ્રકારે જાણવા જોઈએ?**

ઉત્તર :- (૧) જીવનો વિકારીભાવ, સ્વાશ્રિત હોવાથી નિશ્ચય છે; તેની અપેક્ષાએ કર્મ વગેરે પરદ્રવ્ય, પરાશ્રિત હોવાથી વ્યવહાર છે.

(૨) નિર્મળ (અવિકારી) પરિણતિ, સ્વાશ્રિત હોવાથી નિશ્ચય છે; તેની અપેક્ષાએ જીવનો વિકારીભાવ, પરનિમિત્તની અપેક્ષા રાખે છે; માટે પરાશ્રિત હોવાથી વ્યવહાર છે.

(૩) અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ, સ્વાશ્રિત હોવાથી નિશ્ચય

છે; તેની અપેક્ષાએ નિર્મળ (અવિકારી) પરિણતિ, ત્રિકાળી ન હોવાથી વ્યવહાર છે.

**પ્રશ્ન-૩ :- નિશ્ચય-વ્યવહારને બીજી રીતે સમજાવો?**

**ઉત્તર :-** (૧) જીવનો વિકારીભાવ, વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી નિશ્ચય છે; કર્મ આદિ પરદ્રવ્ય, વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી વ્યવહાર છે.

(૨) નિર્મળ પરિણતિ, વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી નિશ્ચય છે; જીવનો વિકારીભાવ વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી વ્યવહાર છે.

(૩) અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ, વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી નિશ્ચય છે; નિર્મળ પરિણતિ, વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી વ્યવહાર છે.

આ પ્રમાણે અભેદ-ભેદ; અનુપચાર-ઉપચાર, ભૂતાર્થ-અભૂતાર્થ અને મુખ્ય-ગૌણ પર લગાવવું જોઈએ. ધ્યાન રાખો કે અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની સામે બધો વ્યવહાર છે.

**પ્રશ્ન-૪ :- ત્રણે પ્રકારના નિશ્ચય-વ્યવહારને સમજવાથી શું લાભ થાય છે?**

**ઉત્તર :-** શાસ્ત્રોમાં ચાર અનુયોગરૂપ કથન છે. ચારેય અનુયોગોમાં જ્યાં, જેમ, જે અપેક્ષાએ કથન કર્યું છે, તેમ જાણીને પોતામાં વીતરાગતા પ્રગટ કરવી એ ચારેય અનુયોગનું તાત્પર્ય છે. સર્વજ્ઞની વાણીનું તાત્પર્ય, એકમાત્ર વીતરાગતા જ છે.

**પ્રશ્ન-૫ :- વિકારીપર્યાયને સ્વાશ્રિત નિશ્ચય કેમ કહી છે?**

**ઉત્તર :-** (૧) જે જીવ, રાગાદિને પરનું માનીને, સ્વચ્છંદી થઈને નિરૂદ્યમી થાય છે, તેને ક્ષણિક ઉપાદાનની મુખ્યતાથી રાગાદિ



આત્માના છે-એમ જ્ઞાન કરાવ્યું છે.

(૨) રાગાદિ મારી પર્યાયમાં મારા અપરાધથી છે- એમ જાણીને સ્વભાવનો આશ્રય લઈને રાગનો અભાવ કરે; માટે વિકારીપર્યાયને સ્વાશ્રિત નિશ્ચય કહ્યો છે. તે અશુદ્ધ નિશ્ચયનયથી કહ્યું છે.

**પ્રશ્ન-૬ :- નિર્મળપર્યાયને નિશ્ચય કેમ કહી છે?**

**ઉત્તર :-** નિર્મળપર્યાય પ્રગટ કરવા યોગ્ય છે; તેથી નિશ્ચય કહી છે.

**પ્રશ્ન-૭ :- અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને નિશ્ચય કેમ કહ્યો છે?**

**ઉત્તર :-** અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ, આશ્રય કરવાયોગ્ય છે; તેથી નિશ્ચય કહ્યો છે, કેમકે તેના જ આશ્રયે ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન-૮ :- (૧) વિકારીભાવ, (૨) શુદ્ધ નિર્મળપર્યાય, અને (૩) અખંડ ત્રિકાળી, જ્ઞાયકસ્વભાવ, ત્રણેને નિશ્ચય કહ્યો, તેનાથી અજ્ઞાનીને ભ્રમણા થાય છે?**

**ઉત્તર :-** ખરેખર તો એનાથી અજ્ઞાનીને ભ્રમણાનો અભાવ થાય છે, કેમકે જ્યાં શાસ્ત્રોમાં (૧) વિકારીભાવને નિશ્ચય કહ્યો છે, ત્યાં એમ જાણવું કે આચાર્ય ભગવાન, દોષનું જ્ઞાન કરાવવા માગે છે અને જે જીવ એમ માને છે કે રાગાદિક કર્મ જ કરાવે છે, તેને એવી બુદ્ધિ છોડાવવા માટે વિકારીભાવને નિશ્ચય કહ્યો છે.

(૨) શુદ્ધ નિર્મળપર્યાય પ્રગટ કરવાયોગ્ય છે; શુભભાવ નહિ, આ અપેક્ષાએ શુદ્ધ નિર્મળપર્યાયને નિશ્ચય કહી છે.

(૩) ત્રિકાળી અખંડ જ્ઞાયકસ્વભાવ જ એકમાત્ર આશ્રય કરવા યોગ્ય છે. તું તેનો આશ્રય લે, તો તારું ભલું થશે; માટે તેને નિશ્ચય કહ્યો છે.

**પ્રશ્ન-૯ :- રાગાદિને પરભાવ કેમ કહ્યો છે?**

ઉત્તર :- રાગાદિ, પરને આશ્રયે થાય છે; માટે રાગાદિને પરભાવ કહ્યો છે.

**પ્રશ્ન-૧૦ :- નિશ્ચય-વ્યવહારના વિષયમાં શું ધ્યાન રાખવું જોઈએ?**

ઉત્તર :- (૧) નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય તેને સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને વ્યવહારથી જે નિરૂપણ કર્યું હોય, તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું, કેમકે જિનેન્દ્ર ભગવાને વ્યવહારનો સંપૂર્ણ ત્યાગ કરાવ્યો છે.

**પ્રશ્ન-૧૧ :- વ્યવહારના શ્રદ્ધાનથી મિથ્યાત્વ કેમ છે?**

ઉત્તર :- વ્યવહારનય = સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, સ્વદ્રવ્યના ભાવો અને પરદ્રવ્યના ભાવોને, તથા કારણ-કાર્ય આદિને કોઈને કોઈમાં ભેળવી નિરૂપણ કરે છે, તેથી એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો.

**પ્રશ્ન-૧૨ :- નિશ્ચયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ કેમ છે?**

ઉત્તર :- નિશ્ચયનય = સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, સ્વદ્રવ્યના ભાવો અને પરદ્રવ્યના ભાવોને તથા કારણ-કાર્ય આદિને કોઈ ને કોઈમાં ભેળવી નિરૂપણ નથી કરતું, તેથી એવા શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૩ :- આપ કહો છો કે, વ્યવહારનયનો ત્યાગ કરવો અને નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું, પણ જિનમાર્ગમાં બંને નયોને ગ્રહણ કરવાનું કહ્યું છે, એ કઈ રીતે?**

ઉત્તર :- જિનમાર્ગમાં ક્યાંક નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે'—એમ જાણવું તથા ક્યાંક વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને 'એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાથી ઉપચાર કર્યો છે'—એમ જાણવું; આ પ્રકારે જાણવું એ જ બંને નયોનું ગ્રહણ છે.



**પ્રશ્ન-૧૪ :- કોઈ મનીષી એમ કહે છે કે 'આમ પણ છે, અને આમ પણ છે.' માટે અમારે બંને નયોને ગ્રહણ કરવા જોઈએ, શું એ ખોટું છે?**

ઉત્તર :- (૧) બિલકુલ ખોટું છે, તેને જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાની ખબર જ નથી. બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે'—એમ ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને નયોનું ગ્રહણ ન કરવું એમ કહ્યું છે.

**પ્રશ્ન-૧૫ :- વ્યવહાર અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ કેમ આપ્યો; એકમાત્ર નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું જોઈએ ને?**

ઉત્તર :- આવો જ તર્ક સમયસારમાં કર્યો છે, ત્યાં ઉત્તર એમ આપ્યો છે કે—જેમ કોઈ અનાર્ય મ્લેચ્છને મ્લેચ્છભાષા વિના અર્થ સમજાવવા કોઈ સમર્થ નથી; તે પ્રમાણે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે; માટે વ્યવહારનો ઉપદેશ છે. તે પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર દ્વારા ઉપદેશ આપે છે પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન-૧૬ :- સમયસાર, ગાથા-૧૧માં ભૂતાર્થ-અભૂતાર્થ કોને કહ્યું છે?**

ઉત્તર :-

> व्यवहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।
> भूयत्मस्सिदो खलु, सम्माइट्ठी हवइ जीवो।।११।।

અર્થ :- વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે- એમ ઋષીશ્વરોએ કહ્યું છે. જે જીવ, ભૂતાર્થનો આશ્રય લે છે, તે

જીવ ખરેખર સમ્યગ્દષ્ટિ છે.

**પ્રશ્ન-૧૭ :- ઋષિશ્વરોએ શું બતાવ્યું છે?**

**ઉત્તર :-** વ્યવહારનય બધો જૂઠો છે, માટે તે અવિદ્યમાન અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્યભૂત અર્થને પ્રગટ કરે છે.

**પ્રશ્ન-૧૮ :- શું વ્યવહારનય છે જ નહિ?**

**ઉત્તર :-** વ્યવહારનય છે, તેનો વિષય પણ છે, પણ વ્યવહારનય અનુસરણ કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન-૧૯ :- વ્યવહારનય અનુસરણ કરવા યોગ્ય કેમ નથી અને નિશ્ચય અનુસરણ કરવા યોગ્ય કેમ છે? તેને (૧) સ્વદ્રવ્ય-પરદ્રવ્યમાં; (૨) સ્વદ્રવ્યના ભાવો-પરદ્રવ્યના ભાવોમાં (૩) કારણ-કાર્યમાં લગાવીને સમજાવો.**

**ઉત્તર :-** (૧) **વ્યવહારનય** = સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને, કોઈને કોઈમાં ભેળવીને નિરૂપણ કરે છે, તો તેવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો જોઈએ. **નિશ્ચયનય** = સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને, કોઈને કોઈમાં ભેળવીને નિરૂપણ નથી કરતું, તેવા શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેને ગ્રહણ કરવું જોઈએ. તેથી નિશ્ચયનયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનયનું વ્યવહારરૂપથી શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

(૨) **વ્યવહારનય** = સ્વદ્રવ્યોના ભાવો અને પરદ્રવ્યના ભાવોને કોઈને કોઈમાં ભેળવીને નિરૂપણ કરે છે, તેવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો જોઈએ. **નિશ્ચયનય** = સ્વદ્રવ્યના ભાવોને અને પરદ્રવ્યના ભાવોને, કોઈ ને કોઈમાં ભેળવીને નિરૂપણ નથી કરતું, તેવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેને ગ્રહણ કરવું જોઈએ; તેથી નિશ્ચયનયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનયનું



વ્યવહારરૂપે શ્રદ્ધાન કરવું જોઈએ.

(૩) **વ્યવહારનય** = કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં ભેળવીને નિરૂપણ કરે છે, તેવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો જોઈએ. **નિશ્ચયનય** = કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં ભેળવીને નિરૂપણ નથી કરતું; તેવા શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેને ગ્રહણ કરવું જોઈએ; તેથી નિશ્ચયનયનું નિશ્ચયરૂપે અને વ્યવહારનયનું વ્યવહારરૂપે શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

**પ્રશ્ન-૨૦ :- એક દ્રવ્યના ભાવને તે સ્વરૂપે જ નિરૂપણ કરવું, તે નિશ્ચયનય છે અને ઉપચારથી તે દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપ નિરૂપણ કરવું, તે વ્યવહાર છે. એ વાતને દષ્ટાંત આપીને સમજાવો?**

**ઉત્તર :-** જેમ માટીના ઘડાને માટીના ઘડાથી નિરૂપણ કરવામાં આવે તો નિશ્ચય અને ધૃત સંયોગને કારણે, ઉપચારથી તેને ધૃતનો ઘડો કહેવામાં આવે તે વ્યવહાર છે. એ પ્રમાણે ૧૮ દષ્ટાંત આપીને સમજાવાય છે.

(૧) શુભભાવોને આસ્રવ-બંધ કહેવો, નિશ્ચય છે અને ભૂમિકાનુસાર શુભબાવોને મોક્ષમાર્ગ કહેવો, વ્યવહાર છે.

(૨) જીવને જીવ કહેવો, નિશ્ચય છે એન જીવને ઇન્દ્રિયવાળો કહેવો, વ્યવહાર છે.

(૩) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને બંધમાર્ગ કહેવો, નિશ્ચય છે અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવું, વ્યવહાર છે.

(૪) અણુવ્રતાદિના ભાવને બંધરૂપ કહેવું નિશ્ચય છે અને જ્ઞાનીના અણુવ્રતાદિના ભાવોને શ્રાવકપણું કહેવું, વ્યવહાર છે.

(૫) મહાવ્રતાદિના રાગને બંધરૂપ કહેવું, નિશ્ચય છે અને ભાવલિંગી મુનિના મહાવ્રતાદિને મુનિપણું કહેવું, વ્યવહાર છે.

(૬) લોટાને પીત્તળનો કહેવો, નિશ્ચય છે અને લોટાને પાણીનો કહેવો તે વ્યવહાર છે.

(૭) રોટલી લોટથી બની તે નિશ્ચય અને રોટલી બાઈએ બનાવી તે વ્યવહારથી કથન છે.

(૮) કેવળજ્ઞાન, જ્ઞાનગુણમાંથી થયું તે નિશ્ચય છે અને કેવળજ્ઞાન, જ્ઞાનાવરણીયના અભાવથી થયું તે વ્યવહારથી કથન છે.

(૯) વીર્યનું ક્ષાયિકપણું વીર્યગુણમાંથી થયું, તે નિશ્ચય છે અને વીર્યનું ક્ષાયિકપણું અંતરાયકર્મના ક્ષયથી થયું તે વ્યવહારથી કથન છે.

(૧૦) જ્ઞાનનો ક્ષયોપશમ, જ્ઞાનથી થયો તે નિશ્ચય છે અને જ્ઞાનનો ક્ષયોપશમ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થયો તે વ્યવહારથી કથન છે.

(૧૧) કપડા પોતાથી ધોવાયા તે નિશ્ચય છે અને કપડા બાઈએ થોયા તે વ્યવહારથી કથન છે.

(૧૨) જીવ પોતાની ક્રિયાવતી શક્તિથી ચાલ્યો, તે નિશ્ચય છે અને જીવ, ધર્મદ્રવ્યથી ચાલ્યો તે વ્યવહાર કથન છે.

(૧૩) ચશ્મા પોતાની યોગ્યતાથી ઉપડ્યા તે નિશ્ચય છે અને ચશ્મા મેં ઉપાડ્યા તે વ્યવહારથી કથન છે.

(૧૪) અભેદ આત્માને આત્મા કહેવો તે નિશ્ચય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્રને આત્મા કહેવો તે વ્યવહાર છે.

(૧૫) શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય પ્રગટી, તેને સમ્યગ્દર્શન કહેવું નિશ્ચય છે અને દેવ-ગુરુ-શાસ્ત્રના રાગને સમ્યગ્દર્શન કહેવું તે વ્યવહારથી કથન છે.

(૧૬) દેશચારિત્રને શ્રાવકપણું કહેવું, નિશ્ચય છે અને બાર અણુવ્રતાદિકને શ્રાવકપણું કહેવું વ્યવહારથી કથન છે.



(૧૭) ત્રણ ચોકડીના અભાવરૂપ શુદ્ધિને મુનિપણું કહેવું નિશ્ચય છે અને અઠ્યાવીશ મૂળગુણના રાગને મુનિપણું કહેવું વ્યવહારથી કથન છે.

(૧૮) રાગને આત્માનો કહેવો નિશ્ચય છે અને રાગને કર્મનો કહેવો તે વ્યવહારથી કથન છે.

આ પ્રમાણે બધી જગ્યાએ જાણી લેવું. વ્યવહારનો અર્થ ‘આમ નથી, એ નિમિત્તાદિની અપેક્ષાએ કથન છે’- એમ ધ્યાનમાં રાખવું જોઈએ.

**પ્રશ્ન-૨૧ :- ૧૧મી ગાથામાં ક્યા વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે અને ત્યાં ક્યા વ્યવહારની વાત જ નથી?**

**ઉત્તર :-** ૧૧મી ગાથામાં અધ્યાત્મના જે ચાર પ્રકારના વ્યવહાર છે, તેને અભૂતાર્થ કહ્યા છે. આગમના વ્યવહારની વાત ૧૧મી ગાથામાં નથી. જ્યારે અધ્યાત્મના વ્યવહારનો નિષેધ છે, ત્યારે આગમના વ્યવહારની કઈ વાત છે? કે કાંઈ નહિ.

**પ્રશ્ન-૨૨ :- ચાર પ્રકારના આગમના વ્યવહાર ક્યા-ક્યા છે?**

**ઉત્તર :-** (૧) **ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય** - જે ઉપાધિસહિત ગુણ-ગુણીના ભેદરૂપે ગ્રહણ કરે. જેમ—સંસારી જીવના મતિજ્ઞાનાદિ પર્યાય અને નર-નારકાદિ પર્યાયો. (વિકારીપર્યાયોને જીવની કહેવી)

(૨) **અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય** - જે નિરૂપાધિકગુણ અને ગુણીના ભેદરૂપ ગ્રહણ કરે. જેમ - કેવળજ્ઞાન, કેવળદર્શન. (શુદ્ધપર્યાયને જીવની કહેવી.)

(૩) **ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય** - અત્યંત ભિન્ન પદાર્થોને જે અભેદરૂપે ગ્રહણ કરે. જેમ-જીવને મહેલ, ઘોડા, વસ્ત્ર આદિ કહેવા. (અત્યંત ભિન્ન પદાર્થોને જીવના કહેવા.)

(૪) અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનય - જે નય, સંયોગ સંબંધથી યુક્ત બે પદાર્થોને વિષય બનાવે. જેમ-જીવનું શરીર, જીવના કર્મ વગેરે કથન. (એક ક્ષેત્રાવગાહી શરીર અને કર્મને આત્માના કહેવા.)

૧૧મી ગાથામાં આ આગમના વ્યવહારની વાત જ નથી.

**પ્રશ્ન-૨૩ :- ચાર પ્રકારના આગમના વ્યવહાર, ક્યારે અને કોને લાગુ પડે છે?**

**ઉત્તર :-** એકમાત્ર પોતાને અનુભવ-જ્ઞાન થવાથી, સાધક જીવોને જ લાગુ પડે છે અને મિથ્યાદષ્ટિ અને કેવળીને લાગૂ નથી પડતા.

**પ્રશ્ન-૨૪ :- ચાર પ્રકારના અધ્યાત્મના વ્યવહાર, ક્યા-ક્યા છે?**

**ઉત્તર :-** (૧) **ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય** — 'જ્ઞાન પરને જાણે છે', અથવા જ્ઞાનમાં રાગ જણાવાથી 'રાગનું જ્ઞાન છે'-એમ કહેવું અથવા જ્ઞાતાસ્વભાવના ભાનપૂર્વક જ્ઞાની 'વિકારને પણ જાણે છે' એમ કહેવું.

(૨) **અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય** — જ્ઞાન અને આત્મા વગેરે ગુણ-ગુણીનો ભેદ કરવો.

(૩) **ઉપચિરતઅસદ્ભૂતવ્યવહારનય** — સાધક એમ જાણે છે કે મારી પર્યાયમાં વિકાર થાય છે. તેમાં જે વ્યક્ત રાગ-બુદ્ધિપૂર્વક રાગ, પ્રગટ જાણી શકાય છે. - એવા રાગને આત્માનો કહેવો.

(૪) **અનુપચિરતઅસદ્ભૂતવ્યવહારનય** — જે સમયે બુદ્ધિપૂર્વક રાગ છે, તે સમયે પોતાને જણાય નહિ - એવા અબુદ્ધિપૂર્વક રાગ પણ છે, તેને જાણવા.

**પ્રશ્ન-૨૫ :- ચાર પ્રકારના અધ્યાત્મના વ્યવહાર ક્યારે અને કોને લાગુ પડે છે?**

**ઉત્તર :-** એકમાત્ર સાધકજીવોને જ લાગુ પડે છે; મિથ્યાદષ્ટિને



અને કેવળીને લાગુ નથી પડતા.

**પ્રશ્ન-૨૬ :- ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયનો અલગ-અલગ અર્થ કરો.**

**ઉત્તર :-** (૧) પરનો ઉપચાર આવે છે; માટે **ઉપચરિત** કહ્યું છે.

(૨) પોતામાં થાય છે; માટે **સદ્ભુત** કહ્યું છે.

(૩) ભેદ પડે છે; માટે **વ્યવહાર** કહ્યો છે.

(૪) શ્રુતજ્ઞાનનો અંશ છે; માટે **નય** કહ્યો છે.

**પ્રશ્ન-૨૭ :- અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયનો જુદો જુદો અર્થ કરો.**

**ઉત્તર :-** (૧) પરનો ઉપચાર નથી આવતો; માટે **અનુપચરિત** કહ્યો છે.

(૨) પોતાનો નથી; માટે **અસદ્ભુત** કહ્યો છે.

(૩) ભેડ પડે છે; માટે **વ્યવહાર** કહ્યો છે.

(૪) શ્રુતજ્ઞાનનો અંશ છે; માટે **નય** કહ્યો છે.

**પ્રશ્ન-૨૮ :- ચાર પ્રકારના અધ્યાત્મના વ્યવહારને પણ જૂઠા કેમ કહ્યા છે?**

**ઉત્તર :-** ભેદદષ્ટિમાં નિર્વિકલ્પદશા નથી હોતી અને સરાગીને વિકલ્પ ચાલુ રહે છે; માટે જ્યાં સુધી રાગાદિક દૂર ન થાય, ત્યાં સુધી ભેદને ગૌણ કરીને, અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવ્યો છે એ અપેક્ષાએ અધ્યાત્મના વ્યવહારને જૂઠો કહ્યો છે.

**(શ્રી સમયસાર, ગાથા ૭ના ભાવાર્થમાંથી)**

**પ્રશ્ન-૨૯ :- શું વ્યવહાર સર્વથા અસત્યાર્થ છે?**

**ઉત્તર :-** વ્યવહારને અસત્યાર્થ કહ્યો હતો, ત્યાં એમ ન સમજવું જોઈએ કે સર્વથા અસત્યાર્થ છે, પરંતુ કથંચિત્ અસત્યાર્થ જાણવું

જોઈએ, કેમકે જ્યારે એક દ્રવ્યને ભિન્ન સ્વપર્યાયોથી અભેદરૂપ, તેના અસાધારણ ગુણમાત્રને મુખ્ય કરીને કહેવામાં આવે, ત્યારે એકબીજા દ્રવ્યોના નિમિત્ત-નૈમિત્તિકભાવ તથા નિમિત્તથી થનારી પર્યાયો, તે બધા ગૌણ થઈ જાય છે. અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તે પ્રતિભાસિત નથી થતા, માટે તે બધા તે દ્રવ્યમાં નથી - એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે. જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે તો વ્યવહારનયથી કહી શકાય છે. **(શ્રી સમયસાર, ગાથા૧૧માં)**

**પ્રશ્ન-૩૦ :- કઈ દૃષ્ટિએ વ્યવહારનય સત્યાર્થ છે?**

**ઉત્તર :-** એ નિમિત્ત-નૈમિત્તિકભાવની દૃષ્ટિએ જોવામાં આવે તો વ્યવહારનયને કથંચિત્ સત્યાર્થ પણ કહેવામાં આવે છે. જો સર્વથા અસત્યાર્થ જ કહેવામાં આવે તો બધા વ્યવહારનો લોપ થઈ જાય અને વ્યવહારનો લોપ થવાથી પરમાર્થનો પણ લોપ થઈ જાય. માટે જિનદેવનો સ્યાદ્વાદરૂપ ઉપદેશ સમજવાથી જ સમ્યક્જ્ઞાન થાય છે; સર્વથા એકાંત મિથ્યાત્વ છે.

**(શ્રી સમયસાર, ગાથા ૫૮થી ૬૦માંથી)**

**પ્રશ્ન-૩૧ :- વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કેમ આપ્યો?**

**ઉત્તર :-** નિશ્ચયનયને પ્રધાન કહીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે કેમકે શ્રી સમયસાર, ગાથા ૨૭૨માં કહ્યું છે કે નિશ્ચયનયના આશ્રયથી વર્તે છે તે જ કર્મોથીત મુક્ત થાય છે અને જે એકાંત વ્યવહારના જ આશ્રયે વર્તે છે તે ક્યારેય કર્મોથી છૂટતા નથી; માટે વ્યવહારનય છે તેનો વિષય પણ છે પણ તેના આશ્રયથી કદી ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા નથી થતી, પણ તેના આશ્રયથી સંસાર પરિભ્રમણ થાય છે; માટે વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ આપ્યો છે.



**પ્રશ્ન-૩૨ :- વ્યવહારનું ફળ શું છે?**

**ઉત્તર :-** પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિકાળથી છે જ, તેનો ઉપદેશ પણ બધા પ્રાણીઓ પરસ્પર કરે છે; જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું હસ્તાવલંબન જાણીને ઘણું કર્યું છે, પણ તેનું ફળ સંસાર જ છે. જુઓ! ભગવાનનો કહેલો વ્યવહાર નવમી ગ્રૈવેયક સુધી લઈ જાય છે, પણ તેનો સંસાર ચાલુ રહે છે-તેનું દૃષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે.

**પ્રશ્ન-૩૩ :- નિશ્ચયનું ફળ શું છે?**

**ઉત્તર :-** શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી, તેનો ઉપદેશ પણ વિરલ છે, તે ક્યાંક-ક્યાંક જોવા મળે છે; માટે ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ, મોક્ષ જાણીને તેનો ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે. જુઓ, ભગવાને કહેલો નિશ્ચય, શુભ-અશુભ બેયથી બચાવીને જીવને શુદ્ધભાવમાં-મોક્ષમાં લઈ જાય છે, તેનું દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ છે કે જે નિયમથી મોક્ષને પામે છે.

**પ્રશ્ન-૩૪ :- સંક્ષેપમાં ૧૧મી ગાથાનો ભાવ શું છે?**

**ઉત્તર :-** જુઓ! સંસારમાં ચાર પ્રકારના અસ્તિત્વ છે.

(૧) **પરદ્રવ્યનું અસ્તિત્વ** — પોતાના આત્મા સિવાય અનંત આત્માઓ અનંતાઅનંત પુદ્‌ગલદ્રવ્ય ધર્મ, અધર્મ, આકાશ એક-એક, લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે, એટલું પરદ્રવ્યનું અસ્તિત્વ છે.

(૨) **વિકારીપર્યાયોનું અસ્તિત્વ** —શુભાશુભવિકારીભાવનું અસ્તિત્વ છે.

(૩) **અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયોનું અસ્તિત્વ** છે.

(૪) **ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનું અસ્તિત્વ** છે.

હવે જેને પોતાનું ભલું કરવું છે, તે ત્રણ પ્રકારના અસ્તિત્વથી પોતાનું ધ્યાન હટાવીને, ચોથા પ્રકારનું અસ્તિત્વ પોતે છે, તેના

ઉપર દૃષ્ટિ કરે તો જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થઈને મુક્તિરૂપી લક્ષ્મીનો નાથ બને છે. ૧૧મી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. જો કુંદકુંદ ભગવાનની આજ્ઞા માને તો તરત ધર્મની પ્રાપ્તિ થાય અને અનંતકાળના સંસાર પરિભ્રમણનો અલ્પકાળમાં નાશ થઈ જાય; માટે પોતાના ત્રિકાળીસ્વભાવના આશ્રયે જ ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન-૩૫ :- જો પંચ પરમેષ્ઠિઓના આશ્રયથી અથવા દયા, દાન, પૂજા, અણુવ્રત, મહાવ્રતાદિના આશ્રયથી ધર્મની પ્રાપ્તિ નથી થતી તો શું અમે જે વ્રતાદિ કરીએ છીએ તે વ્યર્થ છે?**

ઉત્તર :- અનાદિકાળથી અજ્ઞાની જીવ અનંતવાર દિગંબર જૈન દ્રવ્યલિંગી મુનિ થયો અને શુક્લલેશ્યાના શુભભાવ અનંતવાર કર્યા પણ સંસારનો જ પાત્ર બન્યો. પ્રવચનસારમાં દ્રવ્યલિંગી મુનિને સંસાર તત્ત્વ કહ્યું છે. માટે ત્રણ કાળ-ત્રણ લોકમાં ક્યારે પણ ભગવાનના આશ્રયથી, અણુવ્રત-મહાવ્રતાદિના આશ્રયથી ધર્મની પ્રાપ્તિ નથી થતી; એકમાત્ર પોતાના ત્રિકાળી સ્વભાવના આશ્રયથી ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે —એમ ચારેય અનુયોગમાં બધા ભગવંતોએ કહ્યું છે. એ જ વાત ભગવાન કુંદકુંદે ૧૧મી ગાથામાં કહી છે. માટે હે આત્મા! તું પોતાના આત્માને દુઃખ સમુદ્રમાં ડુબાડવા નથી માગતો તો એકવાર પોતાના ભગવાનનો આશ્રય લે અને જો! જીવનમાં અપૂર્વ આનંદની પ્રાપ્તિ થશે, પછી તારે કોઈને પૂછવું નહિ પડે.

**પ્રશ્ન-૩૬ :- બે દ્રવ્યોની પર્યાયોમાં જે વ્યવહાર કહેવાય છે તે ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- જીવ-પુદ્‌ગલની ગતિ, સ્થિતિ, અવગાહન, પરિણમન



વગેરે કાર્યોમાં જે ધર્મ-અધર્મ-આકાશ અને કાળદ્રવ્યના ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહનહેતુત્વ અને પરિણમનહેતુત્વનું જે કથન આવે છે, તે બધા વ્યવહારના જ કથનો છે. આ વ્યવહારકથનનો અર્થ માત્ર એટલો છે કે જીવ-પુદ્‌ગલ પોતાના ગતિ, સ્થિતિ વગેરે કાર્યોને પોતે પોતપોતાની સ્વતંત્ર તે સમયની પર્યાયની ક્ષણિક યોગ્યતાથી જ કરે છે, ત્યારે ધર્મ-અધર્મ-આકાશ અને કાળની ઉપસ્થિતિમાત્ર છે. જેમ આપણા ચાલવામાં રસ્તાની ઉપસ્થિતિમાત્ર છે; તે પ્રમાણે જીવ અને પુદ્‌ગલની ગતિ સ્થિતિ વગેરેમાં ધર્મ-અધર્મદ્રવ્યોની ઉપસ્થિતિમાત્ર છે.

**પ્રશ્ન-૩૭ :- કોઈ મનીષી, પુદ્‌ગલ અને જીવની ગતિ-સ્થિતિ વગેરે કાર્યોનો કર્તા ધર્મ-અધર્મ વગેરે દ્રવ્યોને જ કહે છે અને એવો જ ઉપદેશ કરે છે - શું એ જૂઠું છે?**

ઉત્તર :- બિલકુલ જૂઠું છે. તે મનીષી, બે દ્રવ્યોની કર્તા-કર્મરૂપ એકત્વબુદ્ધિની પુષ્ટિ કરીને મિથ્યાત્વનું પોષણ કરી નિગોદના પાત્ર બને છે અને તેની વાત માનનારા પણ ગૃહીતમિથ્યાત્વની પુષ્ટિ કરીને નિગોદમાં ચાલ્યા જાય છે. કેમકે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધનાનું ફળ નિગોદ છે.

**પ્રશ્ન-૩૮ :- કોઈ મનીષી, ધર્મ-અધર્મ-આકાશ અને કાળ દ્રવ્યોને માનતા જ નથી - શું એ ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ જૂઠું છે. જે મનીષી, ધર્મ આદિ દ્રવ્યોને નથી માનતા તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો લોપ કરનારા એકાંતી છે અને નિગોદના પાત્ર છે. કેમકે ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે 'જ્યાં ઉપાદાન હોય છે, ત્યાં નિમિત્ત હોય જ છે'—એવો વસ્તુ સ્વભાવ છે.

**પ્રશ્ન-૩૯ :- (૧) મોહનીયકર્મના ઉદયથી રાગ ઉત્પન્ન**

**થાય છે, (૨) જીવના રાગ કરવાથી મોહનીયકર્મ ઉત્પન્ન થાય છે, (૩) જ્ઞાનાવરણીય, જ્ઞાનને રોકે છે, (૪) દર્શનમોહનીય, સમ્યક્ત્વ થવા નથી દેતું, (૫) જીવોનું મરવું-જીવવું, સુખ-દુઃખ એ પુદ્‌ગલોનો ઉપકાર છે, (૬) જીવોએ કર્મો કર્યા, જીવોએ કર્મને ભોગવ્યા, (૭) જીવ બોલે છે, (૮) આત્માએ શરીરને ચલાવ્યું કે શરીરે આત્માને ચલાવ્યું, (૯) જીવે બીજા જીવોની રક્ષા કરી કે માર્યા, (૧૦) સૈની જીવ છે, અસૈની જીવ છે, ઈન્દ્રિયોવાળા જીવ છે વગેરે કથન શાસ્ત્રોમાં આવે છે-એનાથી શું સમજવું જોઈએ?**

**ઉત્તર** :- એ બધા નિમિત્તની અપેક્ષાએ કથન કર્યા છે, તે અસત્યાર્થ કથન છે - એમ જાણીને અસત્યાર્થ કથનનું શ્રદ્ધાન છોડવું. આ પ્રમાણે વ્યવહારના કથનનું એમ ને એમ શ્રદ્ધાન કરવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે, કેમકે શાસ્ત્રોમાં તેનું તાત્પર્ય માત્ર ધર્મદ્રવ્યની સમાન ઉત્પસ્થિતિમાત્ર છે-એમ બતાવવું છે.

(૨) જે જીવ, એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે કર્તા-કર્મ સંબંધ માને છે તે દ્વિક્રિયાવાદી-જિનમતથી બહાર છે; માટે પાત્ર જીવોએ બે દ્રવ્યોની એકતાબુદ્ધિ છોડીને પોતાના સ્વભાવનો આશ્રય લઈને પોતાનું કલ્યાણ કરવું જોઈએ.

**પ્રશ્ન-૪૦ :- ગુરુગમ વિના, પોતાની ખોટી માન્યતાથી જિનવાણીને સાંભળે અને માની લે કે વિકાર, પુદ્‌ગલનું કાર્ય છે; અમારું કલ્યાણ જ્યારે થવાનું હશે ત્યારે થશે, અશુભભાવ આવવાના હશે તો આવશે-અમે શું કરીએ; એવી માન્યતાવાળા જીવ કેવા છે?**

**ઉત્તર** :- (૧) વીતરાગનો માર્ગ સ્વચ્છંદ થવા માટે નથી. જે જીવ વીતરાગની વાત સાંભળીને તેનાથી ઉંધો અર્થ કરે છે,



તે નિગોદને પાત્ર છે. જ્યારે વર્તમાનમાં બહુ ભાગ્યથી શુભાશુભભાવરહિત વીતરાગતા પ્રગટ કરવાનો સમય આવ્યો છે, તેના બદલે કહે અશુભભાવનો પણ સમય આવ્યો છે—એવી માન્યતાવાળા જિનવાણી સાંભળવાને અયોગ્ય છે.

(૨) જેમકે જેને સોનાની ઓળખાણ થઈ ગઈ, તે ૧૪ કેરેટ વગેરે કહી શકે છે; તે પ્રમાણે જેને પોતાના સ્વભાવનો આશ્રય લઈને અનુભવ-જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે, તે જ કહી શકે છે કે જે સમયે જે થવાનું હશે તે થશે; મિથ્યાદષ્ટિનું એમ કહેવું અસત્ય છે.

(૩) શ્રીસમયસારના બંધ અધિકારમાં આવ્યું છે કે કોઈ જીવ, બીજા જીવને મારી કે જીવાડી નથી શકતો અને સુખ-દુઃખ નથી દઈ શકતો-એમ સાંભળીને અજ્ઞાની શ્રીસમયસારની આડ લઈને, બીજા જીવોને મારે અને દુઃખી કરે અને કહે કે સમયસારમાં લખ્યું છે કે કોઈ કોઈને મારી કે જીવાડી શકતું નથી. અરે ભાઈ! એવી સ્વચ્છંદતાનું સેવન કરીને તું મરી જઈશ. સમયસાર કાચો પારો છે. જો હજમ થઈ જાય તો અમર થઈ જઈશ અને હજમ ન થયું તો જોરજોરથી રડીશ. માટે યાદ રાખ! શ્રી સમયસારનું કથન જ્યારે તને કોઈ મારે, તને દુઃખી કરે, ત્યારે યાદ કર કે ભગવાને સમયસારમાં આમ કહ્યું છે. અજ્ઞાની જીવ, સમયસારની આડમાં મિથ્યાત્વની પુષ્ટિ કરે છે.

(૪) જેમ, એક માણસે 'બુલેટ પ્રુફ જેકેટ' એટલે કે જે કોટમાં ગોળી નથી વાગતી એવો કોટ તૈયાર કર્યો છે. તે ફોજના કેપ્ટન પાસે ગયો કે 'બુલેટ પ્રફુ કોટ'નો ઓર્ડર આપો. તેણે કહ્યું ઠીક છે, આપ આને પહેરો. કેપ્ટન અંદર જઈને પિસ્તોલ લાવ્યો, તો જોયું તો એ આદમી ત્યાંથી ભાગી ગયો; એ પ્રમાણે જિનવાણીમાં

જે કથન છે તે પોતાના માટે જ છે. એમ જાણીને તે પ્રકારોને ઓળખીને, પોતામાં એવો દોષ હોય તો તેને દૂર કરીને સમ્યક્ શ્રદ્ધાળું થવું, અને બીજાના દોષ જોઈ જોઈને કષાયી ન થવું. કેમકે પોતાનું બુરું-ભલું પોતાના પરિણામોથી જ છે, બીજાને રુચિવાન જોઈને તેને પણ ઉપદેશ આપીને તેનું ભલું કરે. માટે પોતાના પરિણામ સુધારવાનો ઉપાય કરવો યોગ્ય છે. સર્વ પ્રકારના મિથ્યાત્વભાવ છોડીને, સમ્યગ્દષ્ટિ થવું યોગ્ય છે કેમકે સંસારનું મૂળ મિત્યાત્વ છે અને ધર્મનું મૂળ સમ્યકૃત્વ છે.

(૫) જેમ રોજમેળમાં અનેક રકમો જ્યાં ત્યાં લખી છે, તેની ખાતામાં યોગ્ય જગ્યાએ ખતવણી કરે તો લેણ-દેણનો નિશ્ચય થાય, તે પ્રમાણે શાસ્ત્રોમાં તો અનેક પ્રકારના ઉપદેશ જ્યાં-ત્યાં આપેલા છે; તેને સમ્યગ્જ્ઞાનમાં યથાર્થ પ્રયોજનસહિત ઓળખે, તો હિત-અહિતનો નિશ્ચય થાય. માટે સ્યાત્પદની સાપેક્ષતાસહિત સમ્યગ્જ્ઞાન દ્વારા જે જીવ, જિનવચનોમાં રમે છે, તે જીવ જ જલ્દી શુદ્ધાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. મોક્ષમાર્ગમાં પહેલો ઉપાય આગમજ્ઞાન કહ્યું છે. આગમજ્ઞાન વિના ધર્મનું સાધન નથી થઈ શકતું; માટે તમારે પણ યથાર્થબુદ્ધિ દ્વારા આગમનો અભ્યાસ કરવો, તમારું કલ્યાણ થશે. **(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૦૪)**

**પ્રશ્ન-૪૧ :- જે વ્યવહારકથનને જ સાચું માને છે, તેને શાસ્ત્રોમાં ક્યા ક્યા નામથી સંબોધન કર્યું છે?**

ઉત્તર :- (૧) શ્રી સમયસાર નાટકમાં 'મૂર્ખ' કહ્યું છે.

(૨) આચાર્યકલ્પ ટોડરમલજીએ 'અનીતિ' વગેરે કહ્યું છે.

(૩) શ્રી આત્માવલોકનમાં 'હરામજાદીપણું' કહ્યું છે.

(૪) શ્રી સમયસાર, કળશ ૫૫માં 'અજ્ઞાનમોહ અંધકાર' કહ્યું છે.



(૫) શ્રી પ્રવચનસારમાં 'પદ-પદ પર દગો કરે છે.' એમ કહ્યું છે.

(૬) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં 'તસ્ય દેશના નાસ્તિ' કહ્યું છે.

(૭) મોક્ષમાર્ગપ્રકાશકમાં 'તેના ધર્મના બધા અંગ મિથ્યાત્વભાવને પામે છે' — કહ્યું છે.

(૮) શ્રી સમયસાર ગાથા-૧૧ના ભાવાર્થમાં 'તેનું ફળ સંસાર' છે.

ચારેય અનુયોગમાં વ્યવહારના કથનને સાચું માનનારાને ચારેય ગતિમાં રખડીને નિગોદમાં જનારો કહ્યો છે કેમકે વ્યવહાર, નિશ્ચયનો પ્રતિપાદક છે; તેના બદલે તેને સાચું માની લે છે, તે મિથ્યાત્વ છે.

**પ્રશ્ન-૪૨ :- શાસ્ત્રોમાં બે દ્રવ્યોની પર્યાયોમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવાનું પ્રયોજન શું છે?**

ઉત્તર :- વિશ્વની રચના એ પ્રકારે છે, એટલે કે વસ્તુસ્વભાવ એમ છે કે જ્યાં ઉપાદાન હોય છે, ત્યાં નિમિત્ત હોય જ છે; તેને દૂર કરવું અસંભવ છે.

**પ્રશ્ન-૪૩ :- બે દ્રવ્યોની પર્યાયોમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ સમજવાથી શું લાભ છે?**

ઉત્તર :- પાત્ર જીવ, ભિન્ન-ભિન્ન ચતુષ્ટયનું ભાન કરીને ભેદવિજ્ઞાની બનીને વીતરાગી બને છે અને અજ્ઞાની એકત્વબુદ્ધિ કરીને અને મિથ્યાત્વની પુષ્ટિ કરીને ચારેય ગતિનો પાત્ર બને છે.

**પ્રશ્ન-૪૪ :- જ્યાં દરેક દ્રવ્યનું સ્વચતુષ્ટય જુદું જુદું દેખાડવું હોય, ત્યાં શું જાણવું જોઈએ?**

**ઉત્તર :-** જ્યાં દરેક દ્રવ્યના સ્વચતુષ્ટયને જુદા જુદા દેખાડવાના હોય ત્યાં નિશ્ચય જ પ્રયુક્ત હોય છે. સ્વચતુષ્ટયની દૃષ્ટિથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવોનો કર્તા નિશ્ચયથી જીવ જ છે. કર્મોના ઉદય-ઉપશમ-ક્ષય આદિનો કર્તા નિશ્ચયથી પુદ્‌ગલ જ છે. અહીંયાં ધ્રુવસ્વભાવ તથા પર્યાય ચાહે તો વિકારી હોય કે અવિકારી હોય બંને નિશ્ચય છે — આ અપેક્ષાએ રાગાદિ જીવનું કાર્ય છે જ્યારે બે દ્રવ્યોને અલગ બતાવવા હોય તો જીવના વિકારીભાવોને પણ તેની પર્યાયમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ સ્વાશ્રિત નિશ્ચય કહ્યો છે; પરદ્રવ્યને પરાશ્રિત વ્યવહાર કહ્યો છે.

**પ્રશ્ન-૪૫ :- બે દ્રવ્યોના સ્વચતુષ્ટયને જાણવાનું શું પ્રયોજન છે?**

**ઉત્તર :-** દરેક વસ્તુનો કર્તા-કર્મ અનાદિથી અનંતકાળ સુધી સ્વતંત્રરૂપે દેખાડવું તે પ્રયોજન છે. પોતાના વિભાવભાવોનો કર્તા જે જીવ પુદ્‌ગલને માનતો હતો, તે બુદ્ધિ છૂટીને પોતાના વિભાવભાવોનો કર્તા હું છું — એમ જાણીને ભવ્યજીવ પોતાના સ્વભાવનો આશ્રય લઈને તેનો અભાવ કરી દે છે. અહીંયાં શુભાશુભભાવ બધી પર્યાયોને 'સ્વાશ્રિતો નિશ્ચય' અને પરદ્રવ્યને 'પરાશ્રિતો વ્યવહાર' કહ્યા છે.

**પ્રશ્ન-૪૬ :- શાસ્ત્રોમાં, જે આત્માના આશ્રયે શુદ્ધભાવ પ્રગટ્યો તેને નિશ્ચય કહ્યો છે અને શુદ્ધની સાથે શુભ અંશને વ્યવહાર કહ્યો છે, તેનું શું પ્રયોજન અને લાભ છે?**

**ઉત્તર :-** અહીંયાં મોક્ષમાર્ગ બતાવવો છે. જે પ્રગટવાથી ધર્મની શરૂઆત, વૃદ્ધિ થાય છે. મોક્ષમાર્ગ હોવાથી શુદ્ધભાવને 'સ્વાશ્રિતો નિશ્ચય' કહે છે અને ભૂમિકાનુસાર રાગને 'પરાશ્રિતો વ્યવહાર' કહે છે. અહીંયાં શુભભાવોને વ્યવહાર કહ્યા છે. શુદ્ધભાવને નિશ્ચય કહેવાનું પ્રયોજન એ છે કે શુદ્ધભાવ જ મોક્ષમાર્ગ છે, ધર્મ છે. શુભભાવને વ્યવહાર કહેવાનું પ્રયોજન એમ છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, અણુવ્રત, મહાવ્રતાદિનો રાગ, દયા-દાન-પૂજા વગેરેનો ભાવ, મોક્ષમાર્ગ નથી; બંધભાવ છે. લાભ—જ્ઞાની જાણે છે કે પ્રગટ કરવા યોગ્ય વીતરાગભાવથી મારું હિત છે, તે પ્રગટ કરવા યોગ્ય ઉપાદેય છે અને જે રાગ છે તે અહિતરૂપ હેય છે.



**પ્રશ્ન-૪૭ :- કોઈ મનીષી, દયા-દાન-પૂજા અણુવ્રત-મહાવ્રતાદિથી પરંપરા મોક્ષની પ્રાપ્તિ કહે છે - શું એ વાત જૂઠી છે?**

**ઉત્તર :-** બિલકુલ જૂઠી છે કેમકે અનાદિથી તીર્થંકર આદિ, ગણધર આદિએ શુભભાવોને બંધનું અને દુઃખનું કારણ કહ્યું છે. જે શુભભાવોથી મોક્ષમાર્ગ કે મોક્ષ માને છે, તે બધા જીવો નિગોદને પાત્ર છે.

**પ્રશ્ન-૪૮ :- શુભભાવને બંધનું કારણ અને દુઃખનું કારણ શાસ્ત્રોમાં ક્યાં કહ્યું છે?**

**ઉત્તર :-** શ્રી સમયસાર, ગાથા ૭૨ તથા ૭૪માં શુભભાવોને અપવિત્ર, જડસ્વભાવી, દુઃખનું કારણ તથા બંધનું કારણ, અધ્રુવ, અનિત્ય, અશરણ, વર્તમાનમાં દુઃખરૂપ અને ભવિષ્યમાં પણ દુઃખ ફળરૂપ કહ્યું છે. શુભભાવને મોક્ષનું ઘાતક કહ્યું છે, દુષ્ટ-અનિષ્ટ પણ કહ્યું છે. અજ્ઞાનીના શુભભાવને તો ખરેખર શુભભાવ પણ નથી કહેવામાં આવતા. કેમકે મિથ્યાત્વનું મહાન પાપ તેની સાથે છે.

**પ્રશ્ન-૪૯ :- એકમાત્ર ત્રિકાળી ધ્રુવસ્વભાવ, સ્વાશ્રિત નિશ્ચય અને શુદ્ધપર્યાય ચાહે પૂર્ણ કે અપૂર્ણ, બધાને 'પરાશ્રિત વ્યવહાર' એમ કેમ કહ્યું છે?**

ઉત્તર :- (૧) જે જીવને પોતાનું કલ્યાણ કરવું હોય, તે જીવને સામાન્ય ધ્રુવસ્વભાવ, જેને પારિણામિક જીવત્વભાવ વગેરે નામોથી કહે છે, તે માત્ર નિશ્ચય છે કેમકે તેના જ આશ્રયથી ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

(૨) ઔપશમિક, ક્ષાયિક, ધર્મના ક્ષાયોપશમિકભાવ પણ વ્યવહાર છે કેમકે ત્રિકાળીની અપેક્ષાએ શુદ્ધપર્યાયને પણ પરાશ્રિત વ્યવહાર કહ્યો છે.

(૩) જ્ઞાનીઓને માત્ર દ્રવ્યસ્વભાવ જ સદા મુખ્ય રહે છે; પર્યાયધર્મ સદા ગૌણ જ રહે છે કેમકે સાધક, દ્રવ્યસ્વભાવના આશ્રયથી શુદ્ધિની વૃદ્ધિ કરતો થકો સાક્ષાત્ કેવળી બની જાય છે.

(૪) નિશ્ચયનય (દ્રવ્યસ્વભાવ) અને વ્યવહારનય (પર્યાય સ્વભાવ) બંને જાણવાયોગ્ય છે, પણ આશ્રય કરવાયોગ્ય એકમાત્ર નિશ્ચય જ છે; વ્યવહાર ક્યારેય પણ આશ્રય કરવાયોગ્ય નથી, તેને હેય જ સમજવો. સ્વભાવની દૃષ્ટિ કરવી એ જ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવો અને મોક્ષ છે, કેમકે તેના જ આશ્રયે મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન-૫૦ :- દ્રવ્યસ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે, એ ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- આખું નિયમસાર અને સમયસાર એનું સાક્ષી છે.

**પ્રશ્ન-૫૧ :- પાંચ વાતો કઈ-કઈ યાદ રાખવી જોઈએ?**

ઉત્તર :- (૧) દ્રવ્યરૂપ હિંસા, જૂઠું, ચોરી, કુશીલ, પરિગ્રહ અને દ્રવ્યરૂપ અહિંસા, સત્ય અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તો માત્ર પુદ્‌ગલદ્રવ્યની સ્વતંત્ર ક્રિયાઓ છે. નોકર્મ-દ્રવ્યકર્મ બધાનો પુદ્‌ગલ જ કર્તા છે, તેની ક્રિયાઓથી ન તો પુણ્ય થાય છે, ન તો પાપ થાય છે અને ન ધર્મ થાય છે.



(૨) હિંસા-જૂઠ-ચોરી-કુશીલ-પરિગ્રહનો અશુભભાવ, પાપભાવ છે અને અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય અને પરિગ્રહનો શુભભાવ, પુણ્યભાવ છે; ધર્મ નથી.

(૩) અજ્ઞાનીનો શુભભાવ, અનંત સંસારનું કારણ છે કેમકે તે તેને ઉપાદેય, ધર્મનું કારણ માને છે. જ્ઞાની, શુભભાવને હળાહળ ઝેર, હેય માને છે, તેને વ્યવહાર કહ્યો છે.

(૪) મોહ-ક્ષોભરહિત આત્માના પરિણામ વીતરાગભાવ, તે ધર્મ છે; તેનું ફળ અતીન્દ્રિયસુખ/મોક્ષ છે. તે શુભભાવ એકમાત્ર પોતાના આશ્રયે જ પ્રગટે છે; પર, વિકાર, શુદ્ધપર્યાયના આશ્રયે પ્રગટતા નથી.

(૫) જીવ, કેવળ ભાવ કરી શકે છે; પરની ક્રિયા તો મિથ્યાદૃષ્ટિ પણ નથી કરી શકતો. શુભાશુભભાવો સુધી અજ્ઞાનીની દોડ છે. જ્ઞાનીની દોડ, શુદ્ધભાવ સુધી છે —એમ જાણીને પોતાના સ્વભાવનો આશ્રય લેવો જ કલ્યાણકારી છે. ●●

## ૨

# ઉભયાભાસી મિથ્યાદષ્ટિનું સ્વરૂપ

(श्री मोक्षमार्गप्रकाशक, पृष्ठ २४८ से २५७ के अनुसार)

કેઊ નર નિહચૈ કરિ આતમ કો શુદ્ધિ માન,
ભયે હૈં સ્વચ્છંદ ન પિછાને નિજ શુદ્ધતા. ૧.
કેઊ વ્યવહાર દાન શીલ તપ ભાવ હી કો,
આતમ કો હિત જાન છોડત ન મુદ્ધતા. ૨.
કેઊ નર વ્યવહારનય નિહચૈ કે મારગ,
ભિન્ન-ભિન્ન જાન યહ બાત કરૈં ઉદ્ધતા. ૩.
જબ જાને નિહચૈ કે ભેદ વ્યવહાર સબ,
કારન કો ઉપચાર માને તબ બુદ્ધતા. ૪.
ઈસ ભવ તરુ કા મૂલ ઈક જાનહુ મિથ્યાભાવ,
તાકો કરિ નિર્મૂલ અબ, કરિએ મોક્ષ ઉપાવ. ૫.

**પ્રશ્ન-૧ :- નિશ્ચય-વ્યવહારને સમજવા-સમજાવાની શું આવશ્યકતા છે?**

ઉત્તર :- દુઃખના અભાવ અને સુખની પ્રાપ્તિના નિમિત્ત, નિશ્ચય-વ્યવહારને સમજવા-સમજાવવાની આવશ્યકતા છે.

**પ્રશ્ન-૨ :- આ સાતમો અધિકાર લખવાનો વિકલ્પ કોના નિમિત્તથી આવ્યો છે?**

ઉત્તર :- (૧) જે જીવ દિગંબર ધર્મી છે. (૨) જિન આજ્ઞાને માને છે. (૩) નિરંતર શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. (૪) સાચા દેવ-ગુરુ અને શાસ્ત્રોને જ માને છે; અન્યને નથી માનતા, તોપણ તેના મિથ્યાત્વનો અભાવ નથી થતો - એવા દિગંબર ધર્મીઓને મિથ્યાત્વ આદિનો અભાવ અને સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિનું નિમિત્ત સાતમો અધિકાર લખવાનો વિકલ્પ હેયબુદ્ધિએ આવ્યો છે.

**પ્રશ્ન-૩ :- સાતમો અધિકાર, માત્ર દિગંબર ધર્મીઓને નિમિત્ત છે, અન્યને માટે નહિ - એ વાત આપે ક્યાંથી કાઢી?**

ઉત્તર :- પાંચમા અધિકારમાં શ્વેતાંબર, મુંહપતી વગેરેને અન્ય મતાવલંબી કહ્યા છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૫૮)**

**પ્રશ્ન-૪ :- સાતમા અધિકારના દોહામાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- આ ભવરૂપી વૃક્ષનું મૂળ એકમાત્ર મિથ્યાત્વભાવ છે. તેને નિર્મૂળ કરીને મોક્ષનો ઉપાય કરવો જોઈએ, કેમકે મિથ્યાત્વભાવ, સાત વ્યસનોથી પણ ભયંકર મહાપાપ છે.

**પ્રશ્ન-૫ :- જે જીવ દિગંબરધર્મી છે, જિનઆજ્ઞાને માને છે, નિરંતર શાસ્ત્રનો અભ્યાસ કરે છે, સાચા દેવાદિને જ માને છે, તોપણ તેના મિથ્યાત્વાદિનો અભાવ કેમ નથી થતો?**

ઉત્તર :- જિનઆજ્ઞા કઈ અપેક્ષાએ છે? નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ કેવું છે? સાચા દેવાદિ શું કહે છે? વગેરે વાતોનું યથાર્થ જ્ઞાન ન હોવાથી મિથ્યાત્વાદિનો અભાવ નથી થતો.

**પ્રશ્ન-૬ :- અમે દિગંબરધર્મી, અન્ય કુગુરુ, કુદેવ, કુધર્મને માનતા જ નથી કેમકે અમે વીતરાગી પ્રતિમાને પૂજીએ છીએ, અઠ્યાવીશ મૂળગુણધારી નગ્ન દિગંબર ભાવલિંગી મુનિને પૂજીએ છીએ અને એમના કહેલા સાચા શાસ્ત્રોનો અભ્યાસ**

**કરીએ છીએ - તો અમે ક્યા પ્રકારે મિથ્યાદષ્ટિ છીએ?**

ઉત્તર :- સત્તાસ્વરૂપમાં પંડિત ભાગચંદ છાજેડે કહ્યું છે કે —દિગંબર જૈન કહે છે, અમે તો સાચા દેવાદિને માનીએ છીએ; માટે અમારું ગૃહીત મિથ્યાત્વ તો છૂટી ગયું છે. તો એને કહે છે કે નહિ તમારું ગૃહીતમિથ્યાત્વ નથી છૂટ્યું, કેમકે તું ગૃહીત મિથ્યાત્વને જાણતો જ નથી. સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા બહારમાં પણ, યથાર્થ વ્યવહાર જાણીને કરવી જોઈએ. સાચા વ્યવહારને જાણ્યા વિના કોઈ દેવાદિની શ્રદ્ધા કરે, તો તે ગૃહીતમિથ્યાદષ્ટિ છે.

**પ્રશ્ન-૭ :- સ્થૂળ મિથ્યાત્વ અને સૂક્ષ્મ મિથ્યાત્વ શું છે?**

ઉત્તર :- (૧) દેવ-ગુરુ-શાસ્ત્રના વિષયમાં ભૂલ, સ્થૂળ મિથ્યાત્વ છે. (૨) પ્રયોજનભૂત સાત તત્ત્વોમાં વિપરીતતા, નિશ્ચય-વ્યવહારમાં વિપરીતતા અને ચારેય અનુયોગોના કથન પદ્ધતિની ખબર ન હોવી--સૂક્ષ્મ મિથ્યાત્વ છે.

**પ્રશ્ન-૮ :- જિન-આજ્ઞા કઈ અપેક્ષાએ છે —તેનું જ્ઞાન કરવા માટે શું જાણવું જરૂરી છે?**

ઉત્તર :- નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન જરૂરી છે, કેમકે જિનાગમમાં નિશ્ચય-વ્યવહારરૂપ વર્ણન છે.

## નિશ્ચય-વ્યવહારનું સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૯ :- નિશ્ચય-વ્યવહારનું લક્ષણ શું છે?**

ઉત્તર :- યથાર્થ (વાસ્તવ)નું નામ નિશ્ચય છે; ઉપચાર (આરોપ)નું નામ વ્યવહાર છે.

**પ્રશ્ન-૧૦ :- યથાર્થનું નામ નિશ્ચય; ઉપચારનું નામ વ્યવહાર; તેને ક્યા ક્યા પ્રકારે જાણવું જોઈએ?**

ઉત્તર :- (અ) જ્યાં અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને યથાર્થનું



નામ નિશ્ચય કહ્યું હોય, ત્યાં તેની અપેક્ષાએ નિર્મળ શુદ્ધપરિણતિ (પર્યાય)ને ઉપચારનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. (આ) જ્યાં નિર્મળ શુદ્ધપરિણતિને યથાર્થ નામ નિશ્ચય કહ્યું હોય, ત્યાં તેની અપેક્ષા ભૂમિકા અનુસાર શુભભાવોને ઉપચારનું નામ વ્યવહાર કહેવાય છે. (ઈ) જ્યાં જીવના વિકારીભાવોને યથાર્થ નામ નિશ્ચય કહ્યું હોય, ત્યાં તેની અપેક્ષાએ દ્રવ્યકર્મ-નોકર્મને ઉપચાર નામ વ્યવહાર કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૧૧ :- શાસ્ત્રોમાં ક્યાંક — (૧) વિકારીભોવોને યથાર્થનું નામ નિશ્ચય; ક્યાંક (૨) શુદ્ધભાવોને યથાર્થનું નામ નિશ્ચય તથા; ક્યાંક (૩) ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને યથાર્થ નામ નિશ્ચય કહ્યું છે, અને ક્યાંક (૧) દ્રવ્યકર્મ-નોકર્મને ઉપચારનું નામ વ્યવહાર; ક્યાંક (૨) શુભભાવોને ઉપચારનું નામ વ્યવહારથી કહ્યું છે તથા; ક્યાંક (૩) શુદ્ધભાવોને ઉપચારનું નામ વ્યવહારથી કહ્યું છે. તેનાથી તો અમને ભ્રાંતિ થાય છે કે કોને નિશ્ચય કહીએ અને કોને વ્યવહાર કહીએ?**

ઉત્તર :- અરે! આ ભ્રાંતિ મટાડવા માટે જ શાસ્ત્રોમાં વર્ણવેલા જુદી જુદી અપેક્ષાઓનું જ્ઞાન કરાવ્યું છે કે કઈ અપેક્ષા યથાર્થનું નામ નિશ્ચય કહ્યું છે અને કઈ અપેક્ષાએ ઉપચાર નામ વ્યવહાર કહ્યો છે. એ મર્મ સમજી જાય તો મિથ્યાત્વાદિનો અભાવ થઈને, ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે.

**પ્રશ્ન-૧૨ :- જીવના વિકારીભાવોને યથાર્થ નામ નિશ્ચય કેમ કહ્યા છે?**

ઉત્તર :- પર્યાયમાં દોષ પોતાના અપરાધથી છે; દ્રવ્યકર્મ-નોકર્મને કારણે નથી- તેનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રોમાં વિકારીભાવોને યથાર્થનું નામ નિશ્ચય કહ્યું છે.

**પ્રશ્ન-૧૩ :- નિર્મળ શુદ્ધપરિણતિને યથાર્થનું નામ નિશ્ચય કેમ કહ્યું?**

**ઉત્તર :-** એકમાત્ર પ્રગટ કરવા યોગ્ય છે; માટે નિર્મળ શુદ્ધપરિણતિને યથાર્થનું નામ નિશ્ચય કહ્યું છે.

**પ્રશ્ન-૧૪ :- અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને યથાર્થનું નામ નિશ્ચય કેમ કહ્યું છે?**

**ઉત્તર :-** એકમાત્ર આશ્રય કરવાયોગ્યની અપેક્ષાએ, અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને યથાર્થનું નામ નિશ્ચય કહ્યું છે, કેમકે તેના આશ્રયે ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન-૧૫ :- દ્રવ્યકર્મ-નોકર્મને ઉપચારનું નામ વ્યવહાર કેમ કહ્યું છે?**

**ઉત્તર :-** જ્યારે જ્યારે વિભાવભાવ ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યારે દ્રવ્યકર્મ-નોકર્મ નિમિત્ત હોય છે. તે અપેક્ષાએ દ્રવ્યકર્મ-નોકર્મને ઉપચારનું નામ વ્યવહાર કહ્યું છે.

**પ્રશ્ન-૧૬ :- ભૂમિકાનુસાર શુભભાવોને ઉપચાર નામ વ્યવહાર કેમ કહ્યા છે?**

**ઉત્તર :-** મોક્ષમાર્ગમાં શુદ્ધિ અંશની સાથે, ક્યા ક્યા પ્રકારનો રાગ થાય છે; અન્ય પ્રકારનો રાગ નથી થતો - તે જ્ઞાન કરાવવા માટે ભૂમિકાનુસાર શુભભાવોને ઉપચારનું નામ વ્યવહાર કહ્યા છે.

**પ્રશ્ન-૧૭ :- નિર્મળ શુદ્ધ પરિણતિને ઉપચારનું નામ વ્યવહાર કેમ કહ્યું છે?**

**ઉત્તર :-** અનાદિ-અનંત ન હોવાની અપેક્ષાએ તથા આશ્રય કરવાયોગ્ય ન હોવાની અપેક્ષાએ, નિર્મળ શુદ્ધપરિણતિને ઉપચારનું નામ વ્યવહાર કહ્યું છે.

**પ્રશ્ન-૧૮ :- 'નિર્મળ શુદ્ધપરિણતિ-યથાર્થનું નામ નિશ્ચય



અને ભૂમિકાનુસાર શુભભાવોને ઉપચારનું નામ વ્યવહાર' આ બોલને ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને લગાવીને બતાવો?**

**ઉત્તર :- ચોથા ગુણસ્થાનમાં** શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય પ્રગટી, સાથે અનંતાનુબંધીના અભાવસ્વરૂપ સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ્યું, તે નિશ્ચયસમ્યગ્દર્શન-યથાર્થનું નામ નિશ્ચય છે. ત્યાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ તથા સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધા, બંધનું કારણ હોવા છતાં તેના પર સમ્યગ્દર્શનનો આરોપ કરવો-ઉપચાર નામ વ્યવહાર છે. **પાંચમા ગુણસ્થાનમાં** બે ચોકડી કષાયના અભાવરૂપ દેશચારિત્રરૂપ નિર્મળ શુદ્ધપરિણતિ, નિશ્ચયશ્રાવકપણું, યથાર્થનું નામ નિશ્ચય છે. ત્યાં બાર અણુવ્રતાદિનો રાગ, બંધરૂપ હોવા છતાં પણ તેના ઉપર શ્રાવકપણાનો આરાપ કરી ઉપચારનું નામ વ્યવહાર છે. **છઠ્ઠા ગુણસ્થાને** ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ સકળચારિત્રરૂપ શુદ્ધપરિણતિ, નિશ્ચયમુનિપણું, યથાર્થનુ નામ નિશ્ચય છે. ત્યાં અઠ્ઠાવીશ મૂળગુણ વગેરે પાળવાનો ભાવ, બંધરૂપ હોવા છતાં તેના ઉપર મુનિપણાનો આરોપ કરવો ઉપચારનું નામ વ્યવહાર છે.

**પ્રશ્ન-૧૯ :- અત્યારે શુદ્ધિ અને અશુદ્ધિમાં નિશ્ચય-વ્યવહાર કેમ બતાવ્યો છે?**

**ઉત્તર :-** મોક્ષ નથી થયો, મોક્ષમાર્ગ થયો છે. મોક્ષમાર્ગની શરૂઆત થઈ હોવાથી, ચારિત્રગુણની પર્યાયમાં શુદ્ધિ-અશુદ્ધિરૂપ બે અંશ થઈ જાય છે. તેમાં શુદ્ધિ અંશ, વીતરાગ છે, તે સંવર (મોક્ષમાર્ગ) છે અને જે અશુદ્ધિ અંશ સરાગ છે, તે બંધ છે; માટે શુદ્ધિ-અંશને નિશ્ચય અને અશુદ્ધિ અંશને વ્યવહાર બતાવ્યો છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૮૮)**

**પ્રશ્ન-૨૦ :- ઉભયાભાસી કોને કહે છે?**

ઉત્તર :- નિશ્ચયાભાસીને સમાન નિશ્ચયને અને વ્યવહારભાસીની સમાન વ્યવહારને માને છે તેને ઉભયાભાસી કહે છે.

**પ્રશ્ન-૨૧ :- ઉભયાભાસીની માન્યતાઓ કઈ કઈ છે?**

ઉત્તર :- (૧) ખરેખર એક વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે, પણ ઉભયાભાસી બે મોક્ષમાર્ગ માને છે.

(૨) નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે અને વ્યવહાર હેય છે પણ ઉભયાભાસી બંનેને ઉપાદેય માને છે.

(૩) નિશ્ચયના આશ્રયે ધર્મ થાય છે અને વ્યવહારના આશ્રયે બંધ થાય છે પણ ઉભયાભાસી કહે છે કે ' અમે શ્રદ્ધાન તો નિશ્ચયનું કરીએ છીએ અને પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખીએ છીએ.'... વગેરે ઊંધી માન્યતાઓ ઉભયાભાસીમાં જોવા મળે છે.

**પ્રશ્ન-૨૨ :- નિશ્ચયાભાસી કોને કહે છે?**

ઉત્તર :- ભગવાને જે વાત શક્તિરૂપ બતાવી છે, તેને પ્રગટ પર્યાયમાં માની લેવી અને ભગવાને શુભભાવોને બંધનું કારણ/ હેય બતાવ્યું છે, ત્યારે શુભભાવોને છોડીને, અશુભભાવોમાં પ્રવૃત્તિ કરનારને નિશ્ચયાભાસી કહે છે.

**પ્રશ્ન-૨૩ :- ભગવાને કઈ વાત શક્તિરૂપ બતાવી છે, જેને નિશ્ચયાભાસી પ્રગટ પર્યાયમાં માની લે છે?**

ઉત્તર :- (૧) હું સિદ્ધસમાન શુદ્ધ છું; (૨) કેવળજ્ઞાનાદિ સહિત છું; (૩) દ્રવ્યકર્મ-નોકર્મરહિત છું; (૪) પરમાનંદમય છું; (૫) જન્મ-મરણ આદિ દુઃખ મારા નથી. આ વાત ભગવાને શક્તિ અપેક્ષાએ બતાવી છે, પણ નિશ્ચયાભાસી પ્રગટ પર્યાયમાં માની લે છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૯)**



**પ્રશ્ન-૨૪ :- સાતમા અધિકારની શરૂઆતમાં નિશ્ચયાભાસીની કઈ ચાર ભૂલો બતાવી છે?**

ઉત્તર :- (૧) વર્તમાનમાં આત્માની સંસારપર્યાય હોવા છતાં પણ સિદ્ધદશા માને છે.

(૨) વર્તમાનમાં અલ્પજ્ઞદશા હોવા છતાં પણ કેવળજ્ઞાન માને છે.

(૩) રાગાદિ, વર્તમાન પર્યાયમાં થતાં જ નથી - એમ માને છે.

(૪) વિકારીના ઉત્પન્ન થવામાં દ્રવ્યકર્મને કારણ માને છે.

**પ્રશ્ન-૨૫ :- શુભભાવોને બંધનું કારણ/હેય બતાવ્યું છે, ત્યારે નિશ્ચયાભાસી ક્યા શુભભાવોને છોડીને, અશુભમાં પ્રવર્તે છે?**

ઉત્તર :- (૧) શાસ્ત્રાભ્યાસ કરવો નિરર્થક બતાવ્યો છે.

(૨) દ્રવ્યાદિકના તથા ગુણસ્થાન, માર્ગણા, ત્રિલોકાદિકના વિચારોને વિકલ્પ ઠરાવે છે.

(૩) તપશ્ચરણ કરવાને ખોટો કલેશ કરવો માને છે.

(૪) વ્રતાદિકને ધારણ કરવાને બંધનમાં પડવું ઠરાવે છે.

(૫) પૂજન આદિ કાર્યોને શુભાસ્રવ જાણીને, હેય પ્રરૂપિત કરે છે - વગેરે બધા સાધનોને ઉઠાવીને, પ્રમાદી થઈને પરિણમે છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૦૦)**

**પ્રશ્ન-૨૬ :- નિશ્ચયાભાસીનું સ્વરૂપ જાણવાથી પાત્ર ભવ્યજીવોએ શું જાણવું-માનવું જોઈએ?**

ઉત્તર :- પાત્ર ભવ્યજીવોએ એ જાણવું જોઈએ કે મારામાં સિદ્ધપણાની, કેવલજ્ઞાનાદિપણાની શક્તિ હાજર છે; મારી પર્યાયમાં દોષ છે તે મારા અપરાધથી જ છે - એમ જાણીને, શક્તિવાનનો

આશ્રય લઈને ધર્મની પ્રાપ્તિ કરવી જોઈએ.

**પ્રશ્ન-૨૭ :- વ્યવહારાભાસી કોને કહે છે?**

**ઉત્તર :-** જિનાગમમાં જ્યાં વ્યવહારની મુખ્યતાથી ઉપદેશ છે, તેને માનીને બહારના સાધનો આદિનું જ શ્રદ્ધાન કરે છે, તેને વ્યવહારાભાસી કહે છે. (**શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૧૩**)

**પ્રશ્ન-૨૮ :- વ્યવહારાભાસીઓમાં કેવા પ્રકારની ઊંધી માન્યતાઓ જોવા મળે છે?**

**ઉત્તર :-** (૧) કોઈ કુળ અપેક્ષાએ ધર્મ માને છે, (૨) કોઈ પરીક્ષારહિત શાસ્ત્રોની આજ્ઞાને ધર્મ માને છે, (૩) કોઈ પરીક્ષા કરીને જૈની હોય છે, પણ મૂળ પ્રયોજનભૂત વાતોની પરીક્ષા નથી કરતા, (૪) કોઈ સંગતીથી જૈનધર્મ ધારણ કરે છે, (૫) કોઈ આજીવિકા માટે, મોટાઈ માટે જૈનધર્મ દારણ કરે છે, (૬) અર્હંતભક્તિ-ગુરુભક્તિ-શાસ્ત્રભક્તિનું અન્યથારૂપ શ્રદ્ધાન કરે છે, સાચું શ્રદ્ધાન નથી કરતા, (૭) જીવ-અજીવ, આસ્રવ-બંધ, સંવર-નિર્જરા અને મોક્ષ-તત્ત્વોનો બીજી રીતે શ્રદ્ધાન કરવાથી, (૮) સમ્યગ્જ્ઞાનનું બીજી રીતે વિશ્વાસ કરે છે, (૯) સમ્યક્ચારિત્રનો અન્યથારૂપ આચરણ કરે છે. આ પ્રકારે 'પહેલા વ્યવહાર જોઈએ, પછી વ્યવહાર કરતા કરતા નિશ્ચયધર્મ પ્રગટ થઈ જશે'—એવી એવી ઊંધી માન્યતાઓ વ્યવહરભાસીઓમાં જોવા મળે છે. જેનું ફળ ચાર ગતિમાં ભટકીને નિગોદ છે.

**પ્રશ્ન-૨૯ :- '(૧) જો આ પ્રકાર અંગીકાર કરવાથી બંને નયોનો પરસ્પર વિરોધ છે, (૨) તોપણ શું કરીએ? સાચું તો બંને નયોનું સ્વરૂપ ભાસ્યું નથી, (૩) અને જિનમતમાં બેય નય કહ્યાં છે, તેમાંથી કોઈને છોડી નથી શકાતા, (૪) માટે ભ્રમસહિત બંનેનું સાધન સાધે છે, તે જીવને પણ મિથ્યાદષ્ટિ જાણવો' — આ વાક્યને સ્પષ્ટતાથી સમજાવો?**



**ઉત્તર :-** (૧) હું નિશ્ચયથી સિદ્ધસમાન શુદ્ધ છું, કેવળજ્ઞાનાદિ સહિત છું અને વ્યવહારથી સંસારી છું, મતિશ્રુતજ્ઞાનસહિત છું—જો એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારને અંગીકાર કરવામાં બંને નયોમાં પરસ્પર વિરોધ છે. શું વિરોધ છે? વિરોધ એમ છે કે એક જ સમયમાં પર્યાય-અપેક્ષાએ સિદ્ધ પણ હોય અને સંસારી પણ હોય; એક જ સમયમાં પર્યાય અપેક્ષાએ કેવળજ્ઞાન-કેવળદર્શન પણ હોય અને મતિશ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શન પણ હોય — એમ કદી પણ ન હોઈ શકે. (૨) તોપણ શું કરીએ? ઉન્મત્ત જેવી દશા થઈ જાય છે. ઉન્મત્ત જેવી દશા કેમ થઈ જાય છે? કેમકે નિશ્ચય-વ્યવહાર બંને નયોનું સાચું સ્વરૂપ તો ભાસ્યું નથી. (૩) સાચા નિશ્ચય-વ્યવહાર બંને નયોનું સ્વરૂપ ભાસ્યું ન હોવાનું શું ફળ આવ્યું? જિનમતમાં નિશ્ચય-વ્યવહાર બે નય કહ્યાં છે, તેમાથી (નિશ્ચય-વ્યવહારમાંથી) કોઈને છોડી પણ નથી શકતા, એમ માનીને બંને નયોને સાધન કરે છે. (૪) પંડિત ટોડરમલજી કહે છે કે તે માટે ભ્રમસહિત નિશ્ચય-વ્યવહાર બંનેને સાધન-સાધનારા જીવોને મિથ્યાદષ્ટિ જાણવા.

**પ્રશ્ન-૩૦ :- '(૧) જો આ પ્રમાણે અંગીકાર કરવામાં બંને નયોમાં પરસ્પર વિરોધ છે, (૨) તોપણ શું કરીએ? સાચું તો બંને નયોનું સ્વરૂપ ભાસ્યું નથી, અને (૩) જિનમતમાં બે નય કહ્યાં છે, તેમાંથી કોઈને પણ છોડી શકાતું નથી, (૪) માટે ભ્રમસહિત બંનેના સાધન સાધે છે, તે જીવને પણ મિથ્યાદષ્ટિ જાણવા.' — આ વાક્ય પરથી ઉભયાભાસી માન્યતાવાળા જીવ નિશ્ચય-વ્યવહાર મુનિપણાને**

**કઈ રીતે માને છે?**

**ઉત્તર :-** (૧) સકલચારિત્ર પર્યાયમાં ન પ્રગટી હોવા છતાં મને સકલચારિત્ર છે, તે નિશ્ચયમુનિપણું અને અઠ્યાવીશ મૂળગુણ આદિનું પાલન, વ્યવહારમુનિપણું - આ પ્રકારે અંગીકાર કરવામાં નિશ્ચય-વ્યવહાર મુનિપણાનો પરસ્પર વિરોધ છે. (૨) ઉભયાભાસી શું કરે છે? સાચું તો નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ ભાસ્યું નથી. (૩) સાચા નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ ભાસ્યું ન હોવાનું ફળ શું આવ્યું? જિનમતમાં નિશ્ચય-વ્યવહાર બે પ્રકારના મુનિપણા કહ્યા છે. તેમાંથી (નિશ્ચય-વ્યવહાર મુનિપણામાંથી) કોઈને છોડી પણ નથી શકતા; એમ માનીને નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સાધન પોતાને માને છે. (૪) પંડિત ટોડરમલજી, ઉભયાભાસીના નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સાધન કહે છે કે આ પ્રમાણે ભ્રમસહિત નિશ્ચય-વ્યવહાર મુનિપણાના સાધનવાળા જીવોને મિથ્યાદૃષ્ટિ જાણવા.

આ પ્રમાણે શ્રાવકદશા, સમ્યગ્દર્શન વગેરે ઉપર પણ ઉપરોક્ત અનુસાર વિચાર કરવો જોઈએ.

## વીતરાગભાવ જ મોક્ષમાર્ગ

**પ્રશ્ન-૩૧ :- શું નિશ્ચય-વ્યવહારરૂપ બે મોક્ષમાર્ગ છે?**

**ઉત્તર :-** બિલકુલ નહિ, કેમકે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ જ છે; બે મોક્ષમાર્ગ નથી, પણ મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે.

**પ્રશ્ન-૩૨ :- ઉભયાભાસી બે પ્રકારના મોક્ષમાર્ગ કેમ માને છે?**

**ઉત્તર :-** પોતાના જ્ઞાનની પર્યાયમાં નિર્ણય કરીને જેમ છે તેમ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને નહિ ઓળખવાને કારણે, ઉભયાભાસી બે પ્રકારના મોક્ષમાર્ગ માને છે.

**પ્રશ્ન-૩૩ :- બે પ્રકારના મોક્ષમાર્ગ માનવારૂપ ઉભયાભાસીની માન્યતાનું ખંડન પંડિત ટોડરમલજી ક્યા પ્રકારે કરે છે?**



**ઉત્તર :-** મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્કનું નિરૂપણ બે પ્રકારે છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગરૂપ નિરૂપણ કરવામાં આવે તે નિશ્ચય-મોક્ષમાર્ગ છે; અને જ્યાં મોક્ષમાર્ગ તો છે જ નહિ, પણ મોક્ષમાર્ગનું નિમિત્ત તથા સહચારી છે, તેને ઉપચારથી મોક્ષમાર્ગ નિરૂપણ કરવામાં આવે, તે વ્યવહારમોક્ષમાર્ગ છે, કેમકે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર (ચારેય અનુયોગમાં) એવું જ લક્ષણ છે. સાચું નિરૂપણ તે નિશ્ચય; ઉપચાર નિરૂપણ, તે વ્યવહાર; માટે નિરૂપણ અપેક્ષાએ બે પ્રકારના મોક્ષમાર્ગ જાણવા. (પણ) એક નિશ્ચય મોક્ષમાર્ગ છે, એક વ્યવહારમોક્ષમાર્ગ છે - આ પ્રમાણે બે મોક્ષમાર્ગ માનવા તે મિથ્યા છે.

**પ્રશ્ન-૩૪ :- 'નિમિત્ત તેમજ સહચારી હોય,' તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે તે વ્યવહારમોક્ષમાર્ગ છે, તેમાં નિમિત્ત તેમજ સહચારી - એવા બે શબ્દો કહેવાનું રહસ્ય શું છે?**

**ઉત્તર :-** મોક્ષમાર્ગ હોવાથી, જ્ઞાનીનો શુભભાવ નિમિત્ત છે અને સહચારી પણ છે, પણ અશુભભાવ સહચારી તો છે, નિમિત્ત નથી; માટે મોક્ષમાર્ગ હોવાથી જે ભાવમાં નિમિત્ત તેમજ સહચારીપણું જોવામાં આવે, તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવે છે, એ બતાવવા માટે નિમિત્ત અને સહચારી એમ બે શબ્દ આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ નાખ્યા છે.

**પ્રશ્ન-૩૫ :- શું નિશ્ચય અને વ્યવહાર — એમ બે પ્રકારના સમ્યગ્દર્શન છે?**

**ઉત્તર :-** ના; સમ્યગ્દર્શન એક જ પ્રકારનું છે; બે પ્રકારે નથી,

પણ તેનું કથન બે પ્રકારે છે. જ્યાં શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાયને સમ્યગ્દર્શન નિરૂપણ કર્યું છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે તથા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, જે સમ્યગ્દર્શન તો નથી, પણ સમ્યગ્દર્શનનું નિમિત્ત તેમજ સહચારી છે, તેને ઉપચારથી સમ્યગ્દર્શન કહ્યું છે પણ વ્યવહારસમ્યગ્દર્શનને સાચું સમ્યગ્દર્શન માને તો તે શ્રદ્ધા મિથ્યા છે; કેમકે નિશ્ચય અને વ્યવહારનું સમ્યગ્દર્શનનું બધે એવું જ લક્ષણ છે, એટલે સાચું નિરૂપણ તે નિશ્ચય અને ઉપચાર નિરૂપણ, તે વ્યવહાર છે. આ નિરૂપણની અપેક્ષાએ સમ્યગ્દર્શનના બે પ્રકાર કહ્યા છે; પણ એક નિશ્ચયસમ્યગ્દર્શન છે અને એક વ્યવહારસમ્યગ્દર્શન છે - આ પ્રમાણે બે સમ્યગ્દર્શન માનવા તે મિથ્યા છે.

**નોટ :-** સમ્યગ્દર્શનની જેમ જ શ્રાવકદશા, મુનિદશા, સમિતિ, ગુપ્તિ વગેરેના સંબંધમાં પણ સમજી લેવું.

**પ્રશ્ન-૩૬ :- નિશ્ચય અને વ્યવહારના વિષયમાં ચરણાનુયોગનું શું પ્રયોજન છે?**

ઉત્તર :- એકદેશ તેમજ સર્વદેશ વીતરાગતા હોવાથી એવી શ્રાવકદશા, મુનિદશા હોય છે કેમકે તેમાં નિમિત્ત-નૈમિત્તિકપણું જોવા મળે છે. એમ જાણીને, શ્રાવક-મુનિધર્મની વિશેષ ઓળખાણ કરીને જેવો પોતાને વીતરાગભાવ થયો હોય, તેવો પોતાને યોગ્ય ધર્મ સાધે છે. ત્યાં જેટલા અંશે વીતરાગતા હોય છે, તેને કાર્યકારી જાણે છે; જેટલા અંશે રાગ રહે છે, તેને હેય જાણે છે; પૂર્ણ વીતરાગતાને ધર્મ માને છે - એવું ચરણાનુયોગનું પ્રયોજન છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૭૧)**

ધર્મ તો નિશ્ચયરૂપ મોક્ષમાર્ગ છે, તે જ છે; તેના સાધન આદિ ઉપચારથી ધર્મ છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૭૧)**

નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે, અન્ય બીજા વિશેષ બાહ્ય સાધનની અપેક્ષા ઉપચારથી કરી છે, તેને વ્યવહારમાત્ર ધર્મ સંજ્ઞા જાણવા. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૩)**



વ્યવહાર નામ ઉપચારનું છે, તે મહાવ્રતાદિ હોવાથી જ વીતરાગચારિત્ર હોય છે — એવો સંબંધ જાણીને, મહાવ્રતાદિમાં, ચારિત્રનો ઉપચાર કર્યો છે; નિશ્ચયથી નિઃકષાયભાવ છે, તે સાચું ચારિત્ર છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૦)**

વીતરાગીભાવોનું અને વ્રતાદિનું કદાચિત કાર્ય-કારણપણું છે; માટે વ્રતાદિકને મોક્ષમાર્ગ કહ્યો તે કથનમાત્ર જ છે; પરમાર્થથી બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નથી - એવું જ શ્રદ્ધાન કરવું.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૩)**

વ્રત-તપ વગેરે મોક્ષમાર્ગ છે નહિ (પણ જેને નિશ્ચય વીતરાગભાવ પ્રગટ્યો છે, તે જીવને) વ્રતાદિના નિમિત્તાદિકની અપેક્ષાએ ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે; માટે તેને વ્યવહાર કહ્યો છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૦)**

**પ્રશ્ન-૩૭ :- શું વીતરાગચારિત્ર અને સરાગચારિત્ર - - એવા બે પ્રકારના ચારિત્ર છે?**

ઉત્તર :- ના; ચારિત્ર તો માત્ર વીતરાગભાવરૂપ જ છે; સરાગ ચારિત્ર તો દોષરૂપ છે. જેમ ચોખા બે પ્રકારના છે — એક, ફોતરા સહિત છે અને એક ફોતરા રહિત છે. ત્યાં એમ જાણવું કે ફોતરા છે તે ચોખાના સ્વરૂપે નથી; ચોખામાં દોષ છે. કોઈ સમજદાર ફોતરાસહિત ચોખાનો સંગ્રહ કરતો હતો, તેને જોઈને કોઈ ભોળો માણસ ફોતરાને જ ચોખા માનીને સંગ્રહ કરે તો ખોટું ખેદખિન્ન થશે; એ રીતે ચારિત્ર બે પ્રકારના કહ્યા છે — એક વીતરાગ છે; એક સરાગ છે. ત્યાં એમ જાણવું કે — જે રાગ છે, તે ચારિત્રનું સ્વરૂપ નથી; ચારિત્રનો દોષ છે. કેટલાય જ્ઞાની, પ્રશસ્તરાગસહિત

ચારિત્ર ધારણ કરે છે; તેને જોઈને કોઈ અજ્ઞાની, પ્રશસ્તરાગને જ ચારિત્ર માનીને સંગ્રહ કરે તો ખોટું ખેદખિન્ન જ થશે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૫)

**પ્રશ્ન-૩૮ :- શ્રી સમયસાર કળશ ૧૧૦માં મોક્ષમાર્ગમાં શુદ્ધિઅંશ-અશુદ્ધિઅંશમાં શું કહ્યું છે?**

**ઉત્તર :-** એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પણ જેટલો અંશ શુદ્ધપણાનો છે-તેટલો અંશ કર્મક્ષપણ છે; જેટલો અંશ અશુદ્ધપણાનો છે, તેટલો અંશ કર્મબંધ થાય છે. એક જ કાળમાં બે કાર્યો થાય છે - એમ જ છે, શંકા ન કરવી. (શ્રી દ્રવ્યસંગ્રહ, ગાથા ૪૭ તથા પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા ૨૧૩ અને ૨૧૪માં એમ જ કહ્યું છે.)

## શુદ્ધિ, પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય; વ્યવહાર, હેય

**પ્રશ્ન-૩૯ :- મોક્ષમાર્ગમાં હેય-ઉપાદેય ક્યા પ્રકારે છે?**

**ઉત્તર :-** શુદ્ધિ અંશ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે અને અશુદ્ધિ અંશ હેય છે.

**પ્રશ્ન-૪૦ :- ચોથા ગુણસ્થાનમાં હેય-ઉપાદાનપણું ક્યા પ્રકારે છે?**

**ઉત્તર :-** ચોથા ગુણસ્થાનમાં શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય પ્રગટ થઈ જાય છે, તે નિશ્ચયસમ્યગ્દર્શન છે તથા અનંતાનુબંધી ક્રોધાદિના અભાવરૂપ સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થઈ જાય છે - તે તો પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે; સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રતિ અસ્થિરતાનો રાગ તથા સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધા-રાગરૂપ પરિણમન તે હેય છે.

**પ્રશ્ન-૪૧ :- પાંચમા ગુણસ્થાનમાં હેય-ઉપાદેયપણું ક્યા પ્રકારે છે?**

**ઉત્તર :-** પાંચમા ગુણસ્થાનમાં બે ચોકડી કષાયના અભાવરૂપ



દેશચારિત્રરૂપ શુદ્ધદશા પ્રગટ કરવાયોગ્ય ઉપાદેયપણું છે; બાર અણુવ્રતાદિકનો અસ્થિરતા સંબંધી રાગ, હેય છે.

**પ્રશ્ન-૪૨ :- છઠ્ઠા ગુણસ્થાનમાં હેય-ઉપાદેયપણું ક્યા પ્રકારે છે?**

**ઉત્તર :-** છઠ્ઠા ગુણસ્થાનમાં ત્રણ ચોકડી કષાયનો અભાવરૂપ સકલચારિત્ર શુદ્ધિ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે; અઠ્ઠાવીશ મૂળગુણ આદિના પાલનનો અસ્થિરતા સંબંધી રાગ હેય છે.

**પ્રશ્ન-૪૩ :- ઉભયાભાસી, શુદ્ધિ અને અશુદ્ધિ અંશને શું જાણે છે?**

**ઉત્તર :-** શુદ્ધિ અંશ, નિશ્ચય અને અશુદ્ધિઅંશ વ્યવહાર; આ પ્રમાણે બંન્નેને ઉપાદેય માને છે.

**પ્રશ્ન-૪૪ :- ઉભયભાસી, મોક્ષમાર્ગમાં નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે —એ વિષયમાં પંડિતજીએ શું કહ્યું?**

**ઉત્તર :-** નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે, તે પણ ભ્રમ છે, કેમકે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધસહિત છે. શ્રી સમયસાર ૧૧મી ગાથામાં કહ્યું છે કે - વ્યવહાર, અભૂતાર્થ છે, સત્યસ્વરૂપનું નિરૂપણ નથી કરતું; કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપણ કરે છે તથા શુદ્ધનય, જે નિશ્ચય છે, તે ભૂતાર્થ છે; જેવું વસ્તુનું સ્વરૂપ છે, તેવું નિરૂપણ કરે છે; એ પ્રકારે બંનેનું સ્વરૂપ તો વિરૂદ્ધતાસહિત છે.

**પ્રશ્ન-૪૫ :- શું નિશ્ચય અને વ્યવહારસમ્યગ્દર્શન, બંને ઉપાદેય છે?**

**ઉત્તર :-** ના; કેમકે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે અને વ્યવહારસમ્યગ્દર્શન, હેય છે પણ જે નિશ્ચયસમ્યગ્દર્શન અને વ્યવહારસમ્યગ્દર્શન બંનેને ઉપાદેય માને છે, તે પણ ભ્રમ છે કેમકે

નિશ્ચય અને વ્યવહારસમ્યગ્દર્શનનું સ્વરૂપ તો પરસ્પરર વિરોધસહિત છે. શ્રી સમયસારની ૧૧મી ગાથામાં કહ્યું છે કે વ્યવહારસમ્યગ્દર્શન અભૂતાર્થ છે કેમકે તે નિશ્ચયસમ્યગ્દર્શનનું નિરૂપણ નથી કરતું; મિમિત્તની અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપણ કરે છે. તથા નિશ્ચયસમ્યગ્દર્શન છે તે ભૂતાર્થ છે, જેવું સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે, તેવું નિરૂપણ કરે છે. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારસમ્યગ્દર્શનનું સ્વરૂપ તો પરસ્પર વિરૂદ્ધતાસહિત છે; માટે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે અને વ્યવહાર-સમ્યગ્દર્શન, હેય છે.

## ઉભયાભાસીની માન્યતાનું સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૪૬ :- (૧) તથા તું એમ માને છે કે સિદ્ધસમાન શુદ્ધ આત્માનો અનુભવ, તે નિશ્ચય અને વ્રત-શીલ-સંયમ આદિરૂપ પ્રવૃત્તિ, તે વ્યવહાર; તો તારું આવું માનવું ઠીક નથી. (૨) કેમકે કોઈ દ્રવ્યભાવનું નામ નિશ્ચય અને કોઈનું વ્યવહાર એમ નથી. (૩) એક જ દ્રવ્યના ભાવને તે સ્વરૂપે જ નિરૂપણ કરવું તે નિશ્ચયનય છે; ઉપચારથી તે દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપ નિરૂપણ કરવું તે વ્યવહાર છે. (૪) જેમ માટીના ઘડાને માટીનો ઘડો નિરૂપિત કર્યો, તો નિશ્ચય અને ધૃત સંયોગના ઉપચારથી તેને જ ધૃતનો ઘડો કહ્યો, તે વ્યવહાર; (૫) તેમ જ અન્યત્ર જાણવું. આ વાક્યોને સ્પષ્ટતાથી સમજાવો?**

ઉત્તર :- (૧) આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી, ઉભયાભાસી માન્યતાવાળા જીવને કહે છે કે - તું વર્તમાન પર્યાયમાં સિદ્ધસમાન શુદ્ધ આત્માના અનુભવનો નિશ્ચય માને છે એન વ્રત-શીલ-સંયમાદિરૂપ (શુભભાવ) પ્રવૃત્તિને વ્યવહાર માને છે, પણ એવું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ માનવું ઠીક નથી; (૨) એવું નિશ્ચય-



વ્યવહારનું સ્વરૂપ માનવું કેમ ઠીક નથી? કેમકે કોઈ દ્રવ્યની પર્યાયનું નામ નિશ્ચય અને કોઈ દ્રવ્યની પર્યાયનું નામ વ્યવહાર, એવું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ જિનાગમમાં છે નહિ; (૩) જિનાગમમાં નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ કેવું બતાવ્યું છે? જિનાગમમાં એક જ દ્રવ્યના કાર્યને તે સ્વરૂપે જ નિરૂપણ કરવું તે નિશ્ચયનય છે; ઉપચારથી તે દ્રવ્યના કાર્યને, બીજા દ્રવ્યના કાર્યરૂપ નિરૂપણ કરવું તે વ્યવહાર છે — એમ કહ્યું છે, (૪) જેમ - માટીમાં દરેક સમયે કાર્ય થઈ રહ્યું છે; કાર્યમાં નયનું પ્રયોજન નથી, માનો કે દસ નંબરના કાર્યનું નામ ઘડો રાખ્યું તો તે ઘડો માટીનો ઘડો કહેવાય, તે નિશ્ચય છે. અને તે ઘડામાં ઘીનો સંયોગ થવાથી, ઉપચારથી તે ઘડાને ઘીનો ઘડો કહેવાય તે વ્યવહાર; (૫) આ જ રીતે સર્વત્ર જાણવું.

**પ્રશ્ન-૪૭ :- 'તથા તુ એમ માને છે કે સિદ્ધસમાન શુદ્ધ આત્માનો અનુભવ તે નિશ્ચય અને વ્રત-શીલ-સંયમાદિરૂપ પ્રવૃત્તિ તે વ્યવહાર; તો તારું માનવું ઠીક નથી; (૨) કેમકે કોઈ દ્રવ્ય ભાવનું નામ નિશ્ચય અને કોઈનું નામ વ્યવહાર —એમ છે નહિ; (૩) એક જ દ્રવ્યના ભાવને તે સ્વરૂપે જ નિરૂપણ કરવું તે નિશ્ચયનય છે; ઉપચારથી તે દ્રવ્યના ભાવને, અન્ય દ્રવ્યના ભાવ સ્વરૂપ નિરૂપણ કરવું, તે વ્યવહાર છે;' આ વાક્ય ઉપર મુનિપણાને લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) પંડિતજી, ઉભયાભાસી માન્યતાવાળા જીવને સમજાવે છે કે તુ પર્યાયમાં પ્રગટ ન હોવા છતાં, સકલચારિત્રને નિશ્ચયમુનિપણું માને છે અને અઠ્યાવીશ મહાવ્રતાદિના પાલનને વ્યવહારમુનિપણું માને છે - તો એવું તારું નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ માનવું ઠીક નથી. (૨) કેમ ઠીક નથી? આત્માના ચારિત્રગુણની

શુદ્ધપર્યાયનું નામ નિશ્ચયમુનિપણું અને ચારિત્રગુણની વિકારી પર્યાયનું નામ વ્યવહારમુનિપણું- એવો નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ જિનાગમમાં નથી. (૩) જિનાગમમાં નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ કેવું બતાવ્યું છે? જિનાગમમાં કહ્યું છે કે આત્માના ચારિત્રગુણમાં પ્રગટ સકલચારિત્રરૂપ શુદ્ધિને મુનિપણું નિરૂપણ કરવું, તે નિશ્ચયમુનિપણું છે અને પ્રગટ સકલચારિત્રતની સાથે અઠ્યાવીશ મૂળગુણનો ભાવ હોવાથી અઠ્યાવીશ મૂળગુણો પર ઉપચારથી મુનિપણાનું નિરૂપણ કરવું તે વ્યવહારમુનિપણું છે.

**પ્રશ્ન-૪૮ :- (૧) 'માટે તું કોઈને નિશ્ચય માને અને કોઈને વ્યવહાર માને, તે ભ્રમ છે. (૨) તથા તારા માનવામાં પણ નિશ્ચય-વ્યવહારને પરસ્પર વિરોધ આવ્યો. (૩) જો તું પોતાને સિદ્ધસમાન શુદ્ધ માને છે તો વ્રતાદિક શા માટે કરે છે? (૪) જો વ્રતાદિકના સાધન દ્વારા સિદ્ધ થવા માગે છે તો વર્તમાનમાં શુદ્ધ આત્માનું અનુભવન મથ્યા થયું. (૫) આ પ્રકારે બંને નયો પરસ્પર વિરોધ છે; (૬) માટે બંને નયોનું ઉપાદેયપણું નથી બનતું.' આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો.**

ઉત્તર :- (૧) પંડિતજી ઉભયાભાસી માન્યતાવાળા શિષ્યને સમજાવતા કહે છે કે તું શુદ્ધિને નિશ્ચય માને છે અને અશુદ્ધિને વ્યવહાર માને — તે તારો ભ્રમ છે. (૨) તારી માન્યતા મુજબ પણ નિશ્ચય-વ્યવહારમાં પરસ્પર વિરોધ આવે છે; (૩) શું વિરોધ આવે છે? જો તું પોતાને સિદ્ધસમાન શુદ્ધ માને છે તો તુ વ્રતાદિક શું કામ કરે છે? (૪) અને જો વ્રતાદિક સાધન દ્વારા સિદ્ધ થવા ચાહે છે, તો તારા વર્તમાન પર્યાયમાં શુદ્ધ આત્માનું અનુભવન મિથ્યા થયું; (૫) આ પ્રકારે તારી માન્યતા અનુસાર નિશ્ચય-



વ્યવહારને માનવાથી પરસ્પર વિરોધ છે; (૬) માટે નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ઉપાદેયપણું ન હોઈ શકે.

**પ્રશ્ન-૪૯ :- (૧) 'માટે તું કોઈને નિશ્ચય માને અને કોઈને વ્યવહાર માને, તે ભ્રમ છે. (૨) તથા તારા માનવામાં પણ નિશ્ચય-વ્યવહારને પરસ્પર વિરોધ આવ્યો. (૩) જો તું પોતાને સિદ્ધસમાન શુદ્ધ માને છે તો વ્રતાદિક શા માટે કરે છે? (૪) જો વ્રતાદિકના સાધન દ્વારા સિદ્ધ થવા માગે છે તો વર્તમાનમાં શુદ્ધ આત્માનું અનુભવન મથ્યા થયું. (૫) આ પ્રકારે બંને નયોને પરસ્પર વિરોધ છે; (૬) માટે બંને નયોનું ઉપાદેયપણું નથી બનતું.' આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો.**

ઉત્તર :- (૧) તુ પોતાને પ્રગટ સકલચારિત્રરૂપ શુદ્ધિને નિશ્ચય-મુનિપણું માને અને અઠ્યાવીશ મૂળગણાદિ અશુદ્ધિને વ્યવહાર-મુનિપણું માને તે ભ્રમ છે; (૨) તારા માનવામાં પણ નિશ્ચય-વ્યવહારમુનિપણામાં પરસ્પર વિરોધ આવે છે; (૩) શું વિરોધ આવે છે? જો તું પોતાને સકલચારિત્રરૂપ શુદ્ધ મુનિપણું માને છે તો અઠ્યાવીશ મૂળગુણાદિના સાધન શા માટે કરે છે? (૪) જો અઠ્યાવીશ મૂળગુણાદિના સાધન દ્વારા મુનિપણાની સિદ્ધિ ચાહે તો વર્તમાનમાં સકલચારિત્ર મુનિપણાનો અનુભવ મિથ્યા થયો; (૫) તારી માન્યતા અનુસાર નિશ્ચય-વ્યવહાર મુનિપણામાં પરસ્પર વિરોધ છે; (૬) માટે નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાને ઉપાદેયપણું નથી બનતું.

**પ્રશ્ન-૫૦ :- શુદ્ધપણાના કેટલા અર્થ છે?**

ઉત્તર :- શુદ્ધપણાના બે અર્થો છે :— (૧) દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું, અને (૨) પર્યાય અપેક્ષા એ શુદ્ધપણું.

**પ્રશ્ન-૫૧ :- દ્રવ્ય અપેક્ષા શુદ્ધપણું શું છે?**

ઉત્તર :- પરદ્રવ્યોથી ભિન્નપણું અને પોતાના ભાવોથી (ગુણોથી) અભિન્નપણું, તેનું નામ દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે.

**પ્રશ્ન-૫૨ :- પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું શું છે?**

ઉત્તર :- નિર્મળદશાનું પ્રગટવું એટલે કે ઔપાધિકભાવોનો અભાવ થવો તેનું નામ પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું છે.

**પ્રશ્ન-૫૩ :- ઉભયાભાસી પ્રશ્ન કરે છે કે સમયસારાદિમાં શુદ્ધ આત્માના અનુભવને નિશ્ચય કહ્યો છે; વ્રત-તપ-સંયમ આદિને વ્યવહાર કહ્યો છે; તે પ્રકારે જ અમે માનીએ છીએ, પણ આપ અમને જૂઠા કેમ કહો છો?**

ઉત્તર :- (૧) શુદ્ધ આત્માનો પર્યાયમાં અનુભવ (પ્રગટપણું), સાચો મોક્ષમાર્ગ છે; માટે તેને પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું કહ્યું છે. (૨) સ્વભાવથી (અનંતગુણોથી) અભિન્ન; પરભાવથી (દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી) ભિન્ન — એવું દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું કહ્યું છે. તું ઉભયાભાસી મિથ્યાદષ્ટિ છે. તને વર્તમાન પર્યાયમાં શુદ્ધતા પ્રગટ નથી અને દ્રવ્ય અપેક્ષાએ તું શુદ્ધતા માનતો નથી; માટે સંસારીને સિદ્ધ માનવા - એવો ભ્રમરૂપ અર્થ, શુદ્ધને ન જાણવો. વ્રત-તપાદિ મોક્ષમાર્ગ નથી, પણ જેને પોતાના આત્માના આશ્રયથી પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટ્યો છે, તે જીવને વ્રત-તપાદિકને નિમિત્તાદિકની અપેક્ષાએ ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, પણ તને પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટયો નથી; માટે તારા વ્રત-તપાદિના ભાવો પર ઉપચાર પણ સંભવ નથી; માટે તારો માનેલો નિશ્ચય-વ્યવહાર બધો જૂઠો છે.

**પ્રશ્ન-૫૪ :- સમયસારાદિમાં શુદ્ધ આત્માના અનુભવને નિશ્ચય કહ્યો છે; વ્રત-તપ સંયમ આદિને વ્યવહાર કહ્યો છે — તે પ્રમાણે અમે માનીએ છીએ. આપ અમને જૂઠા કેમ કહો છો? - આ વાક્યને મુનિપણા પર લગાવીને સમજાવો?**



ઉત્તર :- (૧) ત્રણ ચોકડી કષાયના અભાવપૂર્વક સકલચારિત્રરૂપ શુદ્ધિની પર્યાયને નિશ્ચયમુનિપણું કહ્યું છે. (૨) ચારિત્ર આદિ અનંતગુણોથી અભિન્ન તથા દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી ભિન્ન — આ દ્રવ્ય અપેક્ષાએ મુનિપણું કહ્યું છે. (અ) તુ ઉભયાભાસી મિથ્યાદષ્ટિ છે. તને વર્તમાન પર્યાયમાં સકલચારિત્રરૂપ શુદ્ધિ પ્રગટ નથી અને દ્રવ્ય અપેક્ષાએ મુનિપણું તું માનતો નથી; માટે સંસારીને સકલચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણું માનવું - એવો ભ્રમરૂપ અર્થ, શુદ્ધનો નથી. (આ) અઠ્યાવીસ મૂળગુણ આદિ મુનિપણું છે નહિ, પણ જેને પોતાના આત્માના આશ્રયે પર્યાયમાં સકલચારિત્રરૂપ મુનિપણું પ્રગટ્યું છે, તે જીવને અઠ્યાવીસ મૂળગુણાદિને નિમિત્તાદિકની અપેક્ષા ઉપચારથી મુનિપણું કહ્યું છે પણ તને પર્યાયમાં સકલચારિત્રરૂપ મુનિપણું પ્રગટ નથી; તેથી તારા અટ્યાવીશ મૂળગુણના ભાવો પર મુનિપણાનો ઉપચાર પણ સંભવ નથી; માટે તારો માનેલો નિશ્ચય-વ્યવહાર મુનિપણું બધું જૂઠું છે.

**પ્રશ્ન-૫૫ :- (૧) આ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગથી તેને (શુદ્ધિ અંશ અને અશુદ્ધિ અંશને) નિશ્ચય-વ્યવહાર કહ્યો છે; તે એમ જ માનવું. (૨) પણ એ બંને સાચા મોક્ષમાર્ગ છે, તે બંનેને ઉપાદેય માનવા —'તે તો મિથ્યાબુદ્ધિ જ છે' — આ વાક્યને સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- (૧) સાધકદશામાં જે શુદ્ધિ અંશ છે, તે ભૂતાર્થ છે; માટે નિશ્ચય કહ્યો છે; અશુદ્ધિ અંશ છે, તે અભૂતાર્થ છે, માટે વ્યવહાર કહ્યો છે — તે એમ જ માનવું. (૨) પણ શુદ્ધિ અંશ, ભૂતાર્થ નિશ્ચય છે એન અશુદ્ધિ અંશ, અભૂતાર્થ/વ્યવહાર છે, તે બંનેને જ સાચા મોક્ષમાર્ગ છે અને ઉપાદેય છે — એમ

માનવું મિથ્યાબુદ્ધિ જ છે.

**પ્રશ્ન-૫૬ :- (૧) આ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગપણાથી તેને નિશ્ચય-વ્યવહાર કહ્યો છે; તે એમ જ માનવું. (૨) પણ એ બંને જ સાચા મોક્ષમાર્ગ છે, તે બંનેને ઉપાદેય માનવા —'તે તો મિથ્યાબુદ્ધિ જ છે' — તેને 'મુનિપણા' પણ લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) મુનિદશામાં ત્રણ ચોકડી કષાયના અભાવપૂર્વક સકલચારિત્રરૂપ પ્રગટ શુદ્ધિ, ભૂતાર્થ છે તે નિશ્ચયમુનિપણું કહ્યું છે; અઠ્યાવીસ મૂળગુણ પાળવા વગેરેનો વિકલ્પ અભૂતાર્થ છે તે વ્યવહારમુનિપણું કહ્યું છે; — તે તેમ જ માનવું. (૨) પણ સકલચારિત્રરૂપ શુદ્ધિ ભૂતાર્થ નિશ્ચયમુનિપણું છે અને અસ્થિરતા સંબંધી રાગ, અભૂતાર્થ તે વ્યવહારમુનિપણું છે. તે બંનેને જ સાચું મુનિપણું છે અને ઉપાદેય છે—એમ માનવું મિથ્યાબુદ્ધિ જ છે.

**પ્રશ્ન-૫૭ :- પ્રશ્ન-૫૬ :- (૧) આ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગપણાથી તેને નિશ્ચય-વ્યવહાર કહ્યો છે; તે એમ જ માનવું. (૨) પણ એ બંને જ સાચા મોક્ષમાર્ગ છે, તે બંનેને ઉપાદેય માનવા —'તે તો મિથ્યાબુદ્ધિ જ છે' — તેને સમ્યગ્દર્શન પર લગાવીને સમજાવો?**

ઉત્તર :- શ્રદ્ધાગુણની શુદ્ધ પર્યાય પ્રગટી ભૂતાર્થ છે; માટે નિશ્ચયસમ્યગ્દર્શન કહ્યું છે; સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રતિ અસ્થિતારનો રાગ તથા સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધા અભૂતાર્થ છે; માટે વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું છે. તે એમ જ માનવું. (૨) પણ નિશ્ચય અને વ્યવહારસમ્યગ્દર્શન, એ બંનેને સાચું સમ્યગ્દર્શન અને ઉપાદેય છે - એમ માનવું તે મિથ્યાબુદ્ધિ જ છે.

## શ્રદ્ધાન નિશ્ચયનું; પ્રવૃત્તિ વ્યવહારની -



## તેનું સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૫૮ :- શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખે છે અને પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખે છે — શું ઉભયાભાસીના આ પ્રમાણે બંને નયોનું અંગીકાર કરવું ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ખોટું છે, કેમકે ઉભયાભાસીને નિશ્ચય-વ્યવહારનું યથાર્થ જ્ઞાન જ નથી; ઈસલિયે તેના બંને નયોનું ગ્રહણ માનવું મિથ્યા છે, કેમકે જેનું શ્રદ્ધાન હોય, તેની પ્રવૃત્તિ થવી જોઈએ.

**પ્રશ્ન-૫૯ :- ઘણા લોકો એમ કહે છે કે ભાઈ! નિશ્ચયમાં તો કંઈ કરવાનું છે જ નહિ, હવે વ્રતાદિક કરીને શુદ્ધ થઈ જાવ—શું એમનું એમ કહેવું ઠીક છે?**

ઉત્તર :- તેમનું એમ કહેવું બિલકુલ જૂઠું છે, કેમકે એવા મહાનુભાવો તો ઉભયાભાસીમાં આવી જાય છે. માટે તેમનું પણ બંને નયોનું ગ્રહણ માનવું મિથ્યા છે. એ વાતને શ્રી સમયસાર, ગાથા ૧૫૬ ૧૫૬માં કહ્યું છે કે

**વિદ્વાનજન ભૂતાર્થ તજ, વ્યવહાર મેં બર્તન કરે,**
**પર કર્મનાશ વિધાન તો, પરમાર્થ આશ્રિત સન્ત કે ૧૫૬.**

અર્થાત્ - નિશ્ચયનયના વિષયને છોડીને, વિદ્વાન, વ્યવહાર દ્વારા પ્રવર્તે છે પણ પરમાર્થના (આત્મસ્વરૂપના) આશ્રય યતીશ્વરોના જ કર્મોનો નાશ આગમમાં કહ્યો છે. (માત્ર વ્રત-તપ આદિમાં પ્રવર્તન કરનારા પંડિતોને કર્મક્ષય નથી હોતો).

**પ્રશ્ન-૬૦ :- નિશ્ચય-વ્યવહારના વિષયમાં શ્રી સમયસાર, ગાથા ૨૭૨માં શું કહ્યું છે?**

ઉત્તર :- જે નિશ્ચયનયના આશ્રયે પ્રવર્તે છે, તે જ કર્મોથી મુક્ત થાય છે અને જે એકાંતથી વ્યવહારનયને આશ્રયે પ્રવર્તે છે, તે ક્યારેય કર્મોથી મુક્ત નથી થતો.

**પ્રશ્ન-૬૧ :- 'નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે' તેનું તાત્પર્ય શું છે?**

**ઉત્તર :-** (૧) નિશ્ચયનયના આશ્રયથી ધર્મ થાય છે, તે નિશ્ચયનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે; વ્યવહારના આશ્રયે બંધ થાય છે, તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે. (૨) સંવર-નિર્જરા, મોક્ષમાર્ગરૂપ છે, તે નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે; આસ્રવ-બંધ, સંસારમાર્ગરૂપ છે, તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૬૨ :- 'નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે' તેને દૃષ્ટાંત આપીને સમજાવો?**

**ઉત્તર :-** ચોથા ગુણસ્થાનમાં નિશ્ચયસમ્યગ્દર્શન તથા સ્વરૂપાચરણચારિત્રની પ્રાપ્તિ તે નિશ્ચયનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે; અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ તથા સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધા, બંધરૂપ છે, હેય છે, તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે. પાંચમાં ગુણસ્થાનમાં દેશચારિત્રરૂપ શુદ્ધિ, શ્રાવકપણું છે, તે નિશ્ચયનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે; અને બાર અણુવ્રતાદિનો વિકલ્પ, વ્યવહાર શ્રાવકપણું બંધરૂપ છે, હેય છે, તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે. છઠ્ઠા ગુણસ્થાનમાં સકલચારિત્રરૂપ શુદ્ધિ, નિશ્ચય મુનિપણું છે, તે નિશ્ચયનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે; અને અઠ્યાવીસ મૂળગુણાદિ પાળવાનો વિકલ્પ, વ્યવહારમુનિપણું બંધરૂપ છે, હેય છે, તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૬૩ :- 'એક જ નયનું શ્રદ્ધાન થવાથી એકાંત મિથ્યાત્વ છે' તેનો અર્થ શું છે?**

**ઉત્તર :-** આત્માનું શ્રદ્ધાન-જ્ઞાન થયા વિના સર્વથા નિશ્ચયની વાત કરે, સર્વથા વ્યવહારની વાત કરે કે સર્વથા ઉભયાભાસીની



વાત કરે - તે બધું એકાંત મિથ્યાત્વ છે.

**પ્રશ્ન-૬૪ :- શ્રી સમયસાર, કળશ ૧૧૧ માં સર્વથા એકાંત શું બતાવ્યું છે; સ્પષ્ટ સમજાવો?**

**ઉત્તર :-** (અ) વ્યવહારાભાસી, પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી અને વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનશનાદિ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણીને, તેમાં તત્પર રહે છે — તેનો પક્ષપાત કરે છે, તે સર્વથા એકાંત સંસારમાં ડૂબે છે. (આ) નિશ્ચયાભાસી, આત્મસ્વરૂપને યથાર્થ જાણતો નથી તથા સર્વથા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની જાતે જ શુદ્ધ દૃષ્ટિ થયા વિના, પોતાને સર્વથા અબંધ માને છે, વ્યવહારને નિરર્થક જાણીને, છોડીને, સ્વચ્છંદી થઈને વિષય કષાયોમાં વર્તે છે, તે સર્વથા એકાંતી સંસારસમુદ્રમાં ડૂબે છે.

(શ્રી સમયસાર, કળશ ૧૧૧)

**પ્રશ્ન-૬૫ :- એકાંત મિથ્યાત્વના વિષયમાં શ્રી સમયસાર, કળશ ૧૩૭ના ભાવાર્થમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર :-** 'પહેલા તો મિથ્યાદૃષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવેશ જ નથી અને જો પ્રવેશ કરે છે તો વિપરીત સમજે છે. નિશ્ચયાભાસી, શુભભાવને સર્વથા છોડીને, ભ્રષ્ટ થાય છે અથવા વ્યવહારાભાસી, નિશ્ચયને બહુ સારી રીતે જાણ્યા વિના, શુભભાવથી જ મોક્ષ માને છે, પરમાર્થતત્ત્વમાં મૂઢ રહે છે.' એમ બતાવ્યું છે.

**પ્રશ્ન-૬૬ :- શ્રી પ્રવચનસાર, ગાથા ૯૪માં સર્વથા એકાંત કોને કહ્યું છે?**

**ઉત્તર :-** જેને અસમાનજાતીય દ્રવ્યપર્યાયમાં નિરર્ગલ એકાંત દૃષ્ટિ ઉછળે છે કે હું તો મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્ય શરીર છે — એમ અહંકાર-મમકાર દ્વારા ઠગાતો થકો, જેણે સમસ્ત ક્રિયા-

કલાપને છાતીથી લગાવ્યા છે, તે સર્વથા એકાંતી છે.

**પ્રશ્ન-૬૭ :- શ્રી નિયમસાર, ગાથા ૧૯ની ટીકામાં સર્વથા એકાંતી માટે શું કહ્યું છે?**

ઉત્તર :- એક નયનું અવલંબન લેતો થકો ઉપદેશ ગ્રહણ કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૬૮ :- 'ત્યાં એમ કહ્યું છે કે (૧) શ્રદ્ધાન તો નિશ્ચનું રાખે છે અને પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખે છે; એ પ્રમાણે અમે બંનેને અંગીકાર કરીએ છીએ.' (૨) તો એમ પણ નથી બનતું; કેમકે નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવાયોગ્ય છે. (૩) એક જ નયનું શ્રદ્ધાન થવાથી એકાંત મિથ્યાત્વ થાય છે.' આ વાક્યને મુનિપણા પર લગાવીને સમજાવો?**

ઉત્તર :- ઉભયાભાસી માન્યતાવાળા જીવ કહે છે કે (૧) અમે સકલચારિત્ર મુનિપણાનું શ્રદ્ધાન કરીએ છીએ અને અઠ્યાવીસ મૂળગુણ આદિ પ્રવૃત્તિનો વ્યવહાર પાળીએ છીએ; એ પ્રમાણે અમે નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાને અંગીકાર કરીએ છીએ. (૨) આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી ઉત્તર દેતા કહે છે કે તારી માન્યતા અનુસાર નિશ્ચય-વ્યવહાર મુનિપણું નથી બનતું, કેમકે ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ સકલચારિત્ર મનુપણું (મોક્ષમાર્ગ) પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. તે નિશ્ચયમુનિપણાનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે અને અઠ્યાવીસ મૂળગુણાદિ વ્યવહારમુનિપણું, બંધરૂપ હેય છે, આ વ્યવહાર મુનિપણાનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે. (૩) એકમાત્ર અઠ્યાવીસ મૂળગુણાદિનું પાલન મુનિપણું છે — એમ માને કે સકલચારિત્ર મુનિપણાની વાતો કરે અને પ્રગટ ન કરે — તે એક જ નયનું શ્રદ્ધાન હોવાથી એકાંત મિથ્યાત્વ છે.



**પ્રશ્ન-૬૯ :- નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાને ત્રણ રીતે સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- (૧) ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે; માટે ત્રિકાળી સ્વભાવ આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે —તે નિશ્ચયનું નિશ્ચયરૂપ-શ્રદ્ધાન છે; અને શુદ્ધપર્યાય-ચાહે ક્ષાયિક હોય, તે અનાદિ-અનંત નથી, તેનો આશ્રય નથી લઈ શકાતો, કેમકે તે એક સમયની જ છે —તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે.

(૨) મોક્ષમાર્ગમાં શુદ્ધપર્યાય પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે, તે નિશ્ચયનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે અને ભૂમિકાનુસાર અસ્થિરતા સંબંધી શુભભાવ, બંધરૂપ છે, હેય છે —તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે.

(૩) વિકારીભાવ પોતાની પર્યાયમાં છે; માટે પોતાના દોષનું જ્ઞાન કરાવવાની અપેક્ષાએ વિકારીભાવ આત્માનો છે — તે નિશ્ચયનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે અને જ્યારે પર્યાયમાં દોષ થાય છે, ત્યારે ત્યાં દ્રવ્યકર્મ-નોકર્મ નિમિત્ત હોય છે, પણ દ્રવ્યકર્મ-નોકર્મ, વિકાર નથી કરાવતા — તે વ્યવહારરૂપ શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૭૦ :- '(૧) તથા પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી; (૨) પ્રવૃત્તિ તો દ્રવ્યની પરિણતિ છે; (૩) ત્યાં જે દ્રવ્યની પરિણતિ હોય, તેને તેવી જ પ્રરૂપિત કરે, તે નિશ્ચયનય; (૪) અને તેને જ અન્ય દ્રવ્યની પ્રરૂપિત કરે, તે વ્યવહારનય; (૫) એવા અભિપ્રાય અનુસાર પ્રરૂપણથી, એ પ્રવૃત્તિમાં બંને નય બને છે; (૬) ઘણી પ્રવૃત્તિ તો નયરૂપ છે જ નહિ; (૭) માટે આ પ્રમાણે બંને નયોનું ગ્રહણ કરવું મિથ્યા છે.' આ વાક્યને સ્પષ્ટરૂપથી સમજાવો?**

**ઉત્તર :-** (૧) પ્રવૃત્તિ, એટલે કે કાર્ય; ચાહે તે કાર્ય જડનું હોય કે ચેતનનું હોય, વિકારી કાર્ય હોય કે અવિકારી હોય, તેમાં નયનું પ્રયોજન જ નથી. (૨) પ્રવૃત્તિ એટલે કે કાર્ય તો દ્રવ્યની પરિણતિ છે. (૩) ત્યાં જે દ્રવ્યનું કાર્ય છે/ પરિણતિ છે, તેને તેની પ્રરૂપિત (કથન) કરે, તે નિશ્ચયનય છે. (૪) અને તેને જ ઉપચારથી અન્ય દ્રવ્યના પ્રરૂપણ (કથન) કરે તે વ્યવહારનય છે. (૫) એવા અભિપ્રાય અનુસાર પ્રરૂપણમાં (કથનમાં) તે પ્રવૃત્તિમાં (કાર્યમાં) બંને નય બને છે. (૬) કંઈક પ્રવૃત્તિ જ (કાર્ય જ તો)નયરૂપ છે નહિ. (૭) માટે આ પ્રકારે પણ બંને નયોનું ગ્રહણ માનવું મિથ્યા છે.

**પ્રશ્ન-૭૧ :- ઉપરના વાક્યને મુનિપણામાં ઘટિત કરીને સમજાવો?**

**ઉત્તર :-** (૧) વીતરાગ સકલચારિત્રરૂપ પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી. (૨) વીતરાગ સકલચારિત્રરૂપ પ્રવૃત્તિ આત્માની શુદ્ધપરિણતિ છે. (૩) વીતરાગ સકલચારિત્રરૂપ આત્માની શુદ્ધ પરિણતિને મુનિપણું નિરૂપિત કરે, તે નિશ્ચયમુનિપણું છે; (૪) અને તે મુનિપણાની સાથે અઠ્યાવીશ મૂળગુણાદિના વિકલ્પ નિમિત્ત તેમજ સહચારી હોવાથી અઠ્યાવીશ મૂળગુણાદિના ભાવને મુનિપણું નિરૂપિત કરે, તે વ્યવહારમુનિપણું છે. (૫) એવા અભિપ્રાય અનુસાર પ્રરૂપણથી તે પ્રવૃત્તિમાં (વીતરાગ સકલચારિત્રરૂપ કાર્યમાં) બંને નય બને છે. (૬) વીતરાગ સકલચારિત્રરૂપ પ્રવૃત્તિ છે, તે તો નયરૂપ છે જ નહિ. (૭) માટે આ પ્રકાર પણ (તારી માન્યતા અનુસાર સકલચારિત્ર નિશ્ચયમુનિપણું અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિ, વ્યવહારમુનિપણું) બંને નયોનું ગ્રહણ માનવું મિથ્યા છે. આ પ્રમાણે શ્રાવકદશા, સમ્યગ્દર્શન વગેરે પણ ઘટિત કરી અભ્યાસ કરવો.



**નોંધ :-** જેમ છઠ્ઠા ગુણસ્થાનમાં વીતરાગ સકલચારિત્રરૂપ શુદ્ધદશા તો એક જ પ્રકારની છે. તેની સાથે જેમ-જેમ શુભવિકલ્પ, નિમિત્ત તેમજ સહચારી હોય છે, તો વીતરાગ સકલચારિત્રરૂપ શુદ્ધિને તે-તે નામથી નિશ્ચય કહેવામાં આવે છે અને તે વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. જેમ, સકલચારિત્રરૂપ શુદ્ધની સાથે અહિંસા મહાવ્રતનો વિકલ્પ, નિમિત્ત તેમજ સહચારી હોવાથી શુદ્ધિને પણ નિશ્ચય અહિંસામહાવ્રત તેમજ વિકલ્પને વ્યવહાર અહિંસા મહાવ્રત કહેવાય છે. તે પ્રમાણે સર્વત્ર ઘટિત કરી લેવું.

**પ્રશ્ન-૭૨ :- ચારિત્રમોહનીય દ્રવ્યકર્મના ઉદયથી વિકાર થયો - આ વાક્ય ઉપર પૂર્વ અનુસાર ઉત્તર આપો?**

**ઉત્તર :-** (૧) વિકારરૂપ પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન છે જ નહિ. (૨) વિકારરૂપ પ્રવૃત્તિ, આત્માના ચારિત્રગુણની વિકારીદશા છે. (૩) પોતાના દોષનું જ્ઞાન કરાવવાની અપેક્ષા એ આત્માની વિકારીરૂપ પ્રવૃત્તિને 'આત્માએ ક્રોધ કર્યો' — એમ નિરૂપણ કરે તે નિશ્ચયનય છે; અને (૪) તે ક્રોધને જ ચારિત્રમોહનીય દ્રવ્યકર્મના ઉદયથી થયો — એમ નિરૂપણ કરે, તે વ્યવહારનય છે; (૫) એવા અભિપ્રાય અનુસાર પ્રરૂપણથી તે પ્રવૃત્તિમાં (વિકારરૂપ પ્રવૃત્તિમાં) બંને નય બને છે; (૬) વિકારરૂપ પ્રવૃત્તિ છે, તે તો નયરૂપ છે નહિ; (૭) માટે આ પ્રકારે પણ (તારી માન્યતા અનુસાર વિકાર, આત્માએ કર્યો, તે નિશ્ચય અને વિકાર, કર્મએ કરાવ્યો, તે વ્યવહાર) બંને નયો ગ્રહણનું માનવું મિથ્યા છે.

**પ્રશ્ન-૭૩ :- પાણીનો ઘડો છે — આ વાક્ય ઉપર પૂર્વ પ્રશ્ન અનુસાર પ્રશ્ન બનાવીને ઉત્તર આપો?**

**ઉત્તર :-** (૧) આહારવર્ગણારૂપ વાસણ (ઘડા)માં નયનું પ્રયોજન જ નથી. (૨) વાસણ તો આહારવર્ગણાનું કાર્ય છે. (૩)

આહારવર્ગણારૂપ માટીના વાસણને ઘડારૂપ પ્રરૂપિત કરે તે નિશ્ચયનય; અને (૪) પાણીનો સંયોગ થવાથી ઉપચારથી પાણીનો ઘડો પ્રરૂપિત કરે તે વ્યવહારનય છે; (૫) એવા અભિપ્રાય-અનુસાર પ્રરૂપણથી આહારવર્ગણારૂપ વાસણમાં બંને નય બને છે; (૬) આહાર વર્ગણારૂપ વાસણ જ નયરૂપ નથી; (૭) માટે આ પ્રકારે પણ (તારી માન્યતા અનુસાર માટીનો ઘડો તે નિશ્ચય અને પાણીનો ઘડા તે વ્યવહાર) બંને નયોનું ગ્રહણ માનવું મિથ્યા છે.

**પ્રશ્ન-૭૪ :- હું મનુષ્ય છું — આ વાક્ય પર પૂર્વ પ્રશ્ન અનુસાર પ્રશ્ન બનાવીને ઉત્તર આપો?**

**ઉત્તર** :- (૧) ઔદારિકશરીરમાં નયનું પ્રયોજન છે જ નહિ; (૨) ઔદારિકશરીર તો આહારવર્ગણાનું કાર્ય છે; (૩) આહારવર્ગણાના કાર્યરૂપ ઔદારિકશરીરને 'તે મનુષ્ય છે' —એમ નિરૂપિત કરે, તે નિશ્ચયનય; અને (૪) મનુષ્ય શરીરની સાથે જીવને એકક્ષેત્રાવગાહી સંબંધ હોવાથી 'મનુષ્ય જીવ' —એવું કથન કરે તે વ્યવહારનય છે; (૫) એવા અભિપ્રાય અનુસાર પ્રરૂપણથી ઔદારિક શરીરરૂપ કાર્યમાં બંને નય બને છે; (૬) ઔદારિકશરીરરૂપ કાર્ય જ તો નયરૂપ નથી; (૭) માટે આ પ્રકારે પણ (તારી માન્યતા અનુસાર મનુષ્યશરીર, તે નિશ્ચય અને મનુષ્ય જીવ તે વ્યવહાર) બંને નયોનું ગ્રહણ માનવું મિથ્યા છે.

## સર્વત્ર પ્રયોગ કરવાયોગ્ય પ્રશ્નોત્તર

**પ્રશ્ન-૭૫ :- ઉભયાભાસીના બંને નયોના ગ્રહણ પણ મિથ્યા કહ્યા, તો તે શું કરે?**

**ઉત્તર** :- નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.



**પ્રશ્ન-૭૬ :- નિશ્ચયનયના નિરૂપણને સત્યાર્થ માનીને શ્રદ્ધાન કરવું અને વ્યવહારનયના નિરૂપણને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું — એવું ક્યાંય શ્રી સમયસારમાં લખ્યું છે?**

**ઉત્તર** :- શ્રી સમયસાર, કળશ ૧૭૩માં કહ્યું છે કે 'દરેક જગ્યાએ હિંસાદિ તેમજ અહિંસાદિમાં અધ્યવસાય છે, માટે સમસ્તને છોડવું' એમ જિનદેવોએ કહ્યું છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે 'માટે હું એમ માનું છું કે જે પરાશ્રિત વ્યવહાર છે, તે સર્વ છોડાવ્યો છે—તો પછી સંતપુરુષ એક પરમ ત્રિકાળી જ્ઞાયક નિશ્ચયને જ અંગીકાર કરનીને શુદ્ધ જ્ઞાનઘનરૂપ નિજ મહિમામાં સ્થિત કેમ નથી કરતો?' એમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન-૭૭ :- શ્રી સમયસાર-નાટકમાં વ્યવહારભાવને શું કહ્યો છે?**

**ઉત્તર** :- અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ છે, તે વ્યવહારભાવ છે —એમ કેવળી ભગવાન કહે છે — એમ કહ્યું છે.

**પ્રશ્ન-૭૮ :- નિશ્ચય-વ્યવહારના વિષયમાં શ્રી સમયસાર, ગાથા ૧૧માં શું કહ્યું છે?**

**ઉત્તર** :- વ્યવહારનય, અભૂતાર્થ છે અને શુદ્ધનય, ભૂતાર્થ છે - એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ, ભૂતાર્થનો આશ્રય કરે છે, તે જીવ સમ્યગ્દષ્ટિ છે.

**પ્રશ્ન-૭૯ :- નિશ્ચયનય-વ્યવહારના વિષયમાં શ્રી સમયસાર, ગાથા ૫૬માં શું કહ્યું છે?**

**ઉત્તર** :- 'આ વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ૨૯ ભાવ કહ્યા છે, તે વ્યવહારનયથી તો જીવના છે, પરંતુ નિશ્ચયનયના મતમાં ૨૯ બોલોમાંથી કોઈ પણ જીવના નથી' —એમ કહ્યું છે.

**પ્રશ્ન-૮૦ :- શ્રી પ્રવચનસાર, ગાથા ૯૪માં કોને છોડવાનું અને કોનું આચરણ કરવાનું કહ્યું છે?**

ઉત્તર :- 'મનુષ્યવ્યવહારને છોડીને, માત્ર જ્ઞાયક અચલિત ચેતના, તે જ હું છું — એમ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ' કરવાનું કહ્યું છે.

**પ્રશ્ન-૮૧ :- નિશ્ચય-વ્યવહારના વિષયમાં શ્રી સમયસાર, ગાથા ૬-૭માં શું કહ્યું છે?**

ઉત્તર :- ચાર પ્રકારના અધ્યાત્મવ્યવહારને છોડાવ્યા છે અને અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરવાનું કહ્યું છે.

નોંધ :- (૧) ઉપચરિતઅસદ્‌ભૂત્વ્યવહાર - બુદ્ધિપૂર્વક રાગને આત્માનો કહેવા.

(૨) અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહાર-અબુદ્ધિપૂર્વક રાગને આત્માનો કહેવો.

(૩) ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય - રાગનું જ્ઞાન એમ કહેવું.

(૪) અનુપચરિતસદ્‌ભુતવ્યવહારનય-જ્ઞાન, તે આત્મા - એવો ભેદ કરવો.

**પ્રશ્ન-૮૨ :- શ્રી સમયસાર, ગાથા ૫૦ માં હેય-ઉપાદેય કોને કહે છે?**

ઉત્તર :- પૂર્વોક્ત સર્વ ભાવ, પરસ્વભાવ છે, પરદ્રવ્ય છે; માટે હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય -આત્મા ઉપાદેય છે—એમ કહ્યું છે.

**પ્રશ્ન-૮૩ :- શાસ્ત્રોમાં જ્યાં ત્રિકાળી સ્વભાવ, નિશ્ચય અને શુદ્ધ પર્યાય, વ્યવહાર કહ્યું છે — ત્યાં શું જાણવું જોઈએ?**

ઉત્તર :- ત્રિકાળી સ્વભાવ, યથાર્થનું નામ નિશ્ચય - એવું



નિશ્ચયનયથી નિરૂપણ કર્યું હોય, તેને આશ્રય કરવાયોગ્ય સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને શુદ્ધપર્યાય ઉપચારનું નામ વ્યવહાર, એવું વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તે અનાદિ-અનંત નથી અને આશ્રય કરવાયોગ્ય નથી, તે અપેક્ષાએ અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્રશ્ન-૮૪ :- શાસ્ત્રોમાં જ્યાં શુદ્ધપર્યાયને નિશ્ચય અને ભૂમિકાનુસાર શુભભાવને વ્યવહાર કહ્યો હોય, ત્યાં શું જાણવું જોઈએ?**

ઉત્તર :- શુદ્ધપર્યાય, યથાર્થનું નામ નિશ્ચય - એવું નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને પ્રગટ કરવાયોગ્ય સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને ભૂમિકાનુસાર શુભભાવોને ઉપચારનું નામ વ્યવહાર, એમ વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને બંધનું કારણ હેય જાણીને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્રશ્ન-૮૫ :- નિશ્ચય અને વ્યવહારના વિષયમાં મોક્ષપાહુડ, ગાથા ૩૧માં કુંદકુંદભગવાને શું કહ્યું છે?**

ઉત્તર :- જે વ્યવહારમાં સૂતો છે, એટલે કે વ્યવહારની શ્રદ્ધા છોડીને, નિશ્ચયની શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે તથા જે વ્યવહારમાં જાગે છે, તે પોતાના કાર્યમાં સૂતો છે; માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવાયોગ્ય છે. શ્રી સમાધીતંત્ર, ગાથા ૭૮માં એમ જ બતાવ્યું છે.

**પ્રશ્ન-૮૬ :- વ્યવહારનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- (૧) **વ્યવહારનય** = સ્વદ્રવ્ય—પરદ્રવ્યને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ કરે છે, તો એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો જોઈએ. **નિશ્ચયનય** = સ્વદ્રવ્ય-

પરદ્રવ્યને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ નથી કરતા; જેમ છે તેમ નિરૂપણ કરે છે તેવા શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું ગ્રહણ કરવું જોઈએ.

(૨) **વ્યવહારનય** = સ્વદ્રવ્યના ભાવો-પરદ્રવ્યના ભાવોને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે - તો એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો જોઈએ. **નિશ્ચયનય** = સ્વદ્રવ્યના ભાવો-પરદ્રવ્યના ભાવોને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ નથી કરતા, જેમ છે તેમ નિરૂપણ કરે છે, તેવા શ્રદ્ધાનથી જ સમ્યક્ત્વ થાય છે; માટે તેને ગ્રહણ કરવું જોઈએ.

(૩) **વ્યવહારનય** = કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે - તો એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો જોઈએ. **નિશ્ચયનય** = કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ નથી કરતા; જેમ છે તેમ નિરૂપણ કરે છે, તેવા શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેને ગ્રહણ કરવું જોઈએ.

**પ્રશ્ન-૮૭ :- આપ કહો છો કે વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો અને નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું, પણ જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવાનું કહ્યું છે, એ કઈ રીતે?**

ઉત્તર :- જિનમાર્ગમાં ક્યાંક નિશ્ચયનયની મુખ્યતા કરીને વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે'—એમ જાણવું તથા ક્યાંક વ્યવહારનયની મુખ્યતા કરીને વ્યાખ્યાન છે, તેને 'એમ નહિ નિમિત્તાદિની અપેક્ષા (ભંગ-ભેદ-સહયોગ-સહચારીની અપેક્ષાએ) ઉપચાર કર્યો છે'—એમ જાણવું; આ પ્રમાણે જાણવું એનું નામ બંને નયનું ગ્રહણ છે.



**પ્રશ્ન-૮૮ :- આ પ્રમાણે જાણવાનું નામ બંને નયોનું ગ્રહણ છે, તેમાં 'આ પ્રમાણે' શબ્દનું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- વ્યવહારકથન જૂઠું છે; નિશ્ચયકથન સાચું છે, એ પ્રમાણે જાણવું એનું નામ બંને નયનું ગ્રહણ છે, એટલે કે હેય-ઉપાદેય-જ્ઞેયને જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૮૯ :- કોઈ મનીષી એમ કહે છે કે 'આમ પણ છે' અને 'આમ પણ છે' એ પ્રમાણે બંને નયોનું ગ્રહણ કરવું જોઈએ-શું એનું કહેવું જૂઠું છે?**

ઉત્તર :- બિલકુલ જૂઠું છે. તેને જિનેન્દ્રભગવાનની આજ્ઞાની ખબર જ નથી. બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે' અને 'આમ પણ છે', એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને નયોનું ગ્રહણ કરવાનું નથી કહ્યું.

**પ્રશ્ન-૯૦ :- બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં હેય-ઉપાદેયના વિષયમાં શું કહ્યું છે?**

ઉત્તર :- 'જો શુદ્ધ-બુદ્ધ એકસ્વભાવ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે, (સદા આશ્રય કરવાયોગ્ય ઉપાદેય છે), તોપણ હેયરૂપ અજીવદ્રવ્યોનું પણ કથન કરવામાં આવે છે, કેમકે હેયતત્ત્વનું પરિજ્ઞાન થયા વિના, તેનો આશ્રય છોડીને, ઉપાદેયતત્ત્વનો આશ્રય કરી શકાતો નથી.' — એમ કહ્યું છે.

**પ્રશ્ન-૯૧ :- વ્યવહારનય અસત્યાર્થ છે, તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં કેમ આપ્યો છે? — એકમાત્ર નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું ને?**

ઉત્તર :- એવો જ તર્ક સમયસારમાં કર્યો છે. ત્યાં ઉત્તર આપ્યો છે કે —જેમ મ્લેચ્છને મ્લેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવામાં કોઈ સમર્થ નથી; તેમ વ્યવહાર વિના (સંસારમાં સંસારીભાષા વિના)

પરમાર્થનો ઉપદેશ અશક્ય છે; માટે વ્યવહારનો ઉપદેશ છે. એ પ્રમાણે નિશ્ચયનું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર દ્વારા ઉપદેશ આપે છે. વ્યવહાનય છે, તેનો વિષય પણ છે, તે જાણવાયોગ્ય છે, પણ અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૯૨ :- વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ કેમ નથી હોતો, તે કહો?**

ઉત્તર :- નિશ્ચયથી આત્મા, પરદ્રવ્યોથી ભિન્ન, સ્વભાવોથી અભિન્ન સ્વયંસિદ્ધ વસ્તુ છે. તેને જો ન ઓળખે એને તે પ્રમાણે જ કહેતા રહે તો તે સમજી નહિ શકે; માટે તેને વ્યવહારનયથી શરીરાદિક પરદ્રવ્યોની સાપેક્ષતા દ્વારા નર-નારક-પૃથ્વીકાય આદિરૂપ જીવના વિશેષ કર્યા છે, ત્યારે મનુષ્ય જીવ છે, નારકી જીવ છે, વગેરે પ્રકારસહિત તેને જીવની ઓળખાણ થઈ. તે પ્રમાણે વ્યવહાર વિના, નિશ્ચયનો ઉપદેશ ન હોવો તેમ જાણવું.

**પ્રશ્ન-૯૩ :- શરીરાદિકસહિત જીવની ઓળખાણથી શું લાભ થયો?**

ઉત્તર :- ત્રણ લાભ છે; (અ) મકાન-સોનું-ચાંદી-કબાટ-હીરો-દાગીના-ધર્મ-અધર્મ-આકાશ-કાળ, જીવ નથી. (આ) જગદીશચંદ્ર વસુની પહેલા વૈજ્ઞાનિક એમ કહેતા હતા કે એકેન્દ્રિય પૃથ્વી-જળ-અગ્નિ-વાયુ-વનસ્પતિમાં જીવ નથી. તેથી અમને ખબર પડી કે તે બધું જૂઠું છે. (ઈ) અંગ્રેજ લોકો કહેતા હતા કે માત્ર મનુષ્યને મારવાથી પાપ છે, ગાય-ભેંસોને મારવામાં પાપ નથી —તેનાથી ખબર પડી કે તે પણ જૂઠા છે; એ પ્રમાણે શરીરાદિકસહિત જીવની ઓળખાણથી આ ત્રણ લાભ થયા.

**પ્રશ્ન-૯૪ :- વ્યવહારનયથી શરીરાદિકસહિત જીવની ઓળખાણ કરાવી, ત્યારે વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો જોઈએ? તે કહો.**



ઉત્તર :- વ્યવહારનયથી નર-નારક વગેરે પર્યાયને જીવ કહ્યો, તે પર્યાયને જ જીવ ન માની લેવો. વર્તમાન પર્યાય તો જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન છે, તેને જ જીવ જાણવો. જીવના સંયોગથી શરીરાદિકને પણ ઉપચારથી જીવ કહ્યા, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી શરીરાદિક જીવ હોતા નથી — એમ જ શ્રદ્ધાન કરવું. એ પ્રકારે વ્યવહારનયને અંગીકાર ન કરવો - એમ જાણી લેવું.

**પ્રશ્ન-૯૫ :- વ્યવહારનયથી શરીરાદિકને જીવ કહ્યા અને નિશ્ચયથી શરીરાદિરહિત જીવ છે - એમ કહેવા પાછળ શું રહસ્ય છે?**

ઉત્તર :- ખરેખર તો નિશ્ચય-વ્યવહાર કહીને, તેમાં પ્રથમાનુયોગ અને કરણાનુયોગના શાસ્ત્રોના અર્થ કરવાની વાત સમજાવી છે— એમ જાણવું. એટલે કે ગોમ્મટસાર, જીવકાંડ, કર્મકાંડનો અર્થ કેમ કરવો, તે બતાવ્યું છે.

**પ્રશ્ન-૯૬ :- આ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના વિષયમાં શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૨૧માં શું કહ્યું છે?**

ઉત્તર :- 'વ્યવહારનયથી કહેવામાં આવતા એકેન્દ્રિય આદિ તથા પૃથ્વીકાય આદિ જીવોમાં ઈન્દ્રિયો, જીવ નથી; અને છ પ્રકારના શાસ્ત્રોક્ત કાય પણ જીવ નથી; તેમાં જે જ્ઞાન છે, તે જીવ છે — એમ જ્ઞાની પ્રરૂપણ કરે છે.'

**પ્રશ્ન-૯૭ :- નિશ્ચય-વ્યવહારના વિષયમાં શ્રી સમયસાર કળશ ૩૯ માં શું કહ્યું છે?**

ઉત્તર :- 'અહો જ્ઞાનીજનો! વર્ણથી લઈને ગુણસ્થાન પર્યંત ૩૯ ભાવ છે તે બધાને એક પુદ્‌ગલની જ રચના જાણો; માટે

તે ભાવ પુદ્ગલ જ હોય, આત્મા ન હોય; કેમકે આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પૂંજ છે; માટે તે આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે.'

**પ્રશ્ન-૯૮ :- નિશ્ચય-વ્યવહારના વિષયમાં શ્રી સમયસાર, કળશ ૪૦માં શું કહ્યું છે?**

ઉત્તર :- 'ઘીથી ભરેલા ઘડાને વ્યવહારનયથી 'ઘીનો ઘડો' કહેવાય છે, તોપણ નિશ્ચયથી ખડો, ઘીસ્વરૂપ નથી; ઘી, ઘીસ્વરૂપ છે, ઘડો માટીસ્વરૂપ છે; તે પ્રમાણે વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો વગેરે સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાલા જીવને સૂત્રમાં વ્યવહારનયથી પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ વગેરે કહ્યા છે, તોપણ નિશ્ચયથી જીવ તે વસ્વરૂપ નથી; વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો વગેરે પુદ્ગલસ્વરૂપ છે; જીવ, જ્ઞાનસ્વરૂપ છે.'

## સંયોગરૂપ નિશ્ચય-વ્યવહારનું નવ બોલો દ્વારા સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૯૯ :- 'મનુષ્ય જીવ' ઉપર નિશ્ચય-વ્યવહારનું સ્પષ્ટીકરણ કરો?**

ઉત્તર :- 'શરીરરહિત જીવ છે'—એવું નિશ્ચયથી જે નિરૂપણ કર્યું, તેને સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને મનુષ્ય જીવ છે—એમ વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તે અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું, કેમકે શ્રી સમયસાર, કળશ, ૧૭૩માં, જેટલો પરાશ્રિતવ્યવહાર છે, તે બધો જિનેન્દ્રદેવોએ છોડાવ્યા છે અને નિશ્ચયનયને અંગીકાર કરી નિજ મહિમામાં પ્રવર્તનનો આદેશ આપ્યો છે.

**પ્રશ્ન-૧૦૦ :- નિશ્ચય-વ્યવહારથી 'મનુષ્ય જીવ'ના વિષયમાં શ્રી મોક્ષપાહુડ ગાથા ૩૧માં શું કહ્યું છે?**



ઉત્તર :- મનુષ્ય જીવ છે - એવા વ્યવહારની શ્રદ્ધા છોડીને, હું આત્મા છું, એવી શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના કાર્યમાં જાગે છે તથા હું મનુષ્ય છું, હું મનુષ્ય છું-જે એવા વ્યવહારમાં જાગે છે, તે પોતાના કાર્યમાં સૂતા છે; માટે હું મનુષ્ય છું-એવું વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, હું આત્મા છું એવા નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

**પ્રશ્ન-૧૦૧ :- હું મનુષ્ય છું, એવા વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને હું આત્મા છું, એવા નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- વ્યવહારનય, સ્વદ્રવ્ય (આત્મા) પરદ્રવ્યો (શરીર-મન-વાણી) ને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ કરે છે. તો 'હું મનુષ્ય છું' એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે; માટે તેનો ત્યાગ કરવો. તથા નિશ્ચયનય, સ્વદ્રવ્ય (આત્મા) પરદ્રવ્યો (શરીર-મન-વાણી)ને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ નથી કરતા, જેમ છે તેમ નિરૂપણ કરે છે. 'તો હું આત્મા છું, શરીર-મન-વાણી હું નથી'—એવા શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૦૨ :- આપ કહો છો 'મનુષ્ય જીવ' એવા વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરો અને હું શરીર-મન-વાણી રહિત આત્મા છું — એવા નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરો, પણ જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવાનું કહ્યું છે, તે કઈ રીતે?**

ઉત્તર :- જિનમાર્ગમાં જ્યાં શરીર-મન-વાણી રહિત, હું આત્મા જ છું-એવા નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે'- એમ જાણવું. તથા 'હું મનુષ્ય છું'-એવા વ્યવહારનયની

મુખ્યતા લઈ વ્યાખ્યાન છે, ત્યાં 'એમ નથી, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે'-એમ જાણવું. હું શરીર-મન-વાણીરૂપ મનુષ્ય નથી; હું તો આત્મા છું-આ પ્રકારે જાણવું તેનું નામ જ બંને નયનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૧૦૩ :- કોઈ-કોઈ વિદ્વાન, 'નિશ્ચયથી હું આત્મા છું અને વ્યવહારનયથી હું મનુષ્ય છું' બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે' - એમ કહે છે; શું એમ માનનારા જૂઠા છે?**

**ઉત્તર** :- જૂઠાં જ છે; કેમકે બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ માનીને 'આમ પણ છે, આમ પણ છે' એટલે કે હું આત્મા પણ છું અને મનુષ્ય પણ છું —એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને નયોનું ગ્રહણ કરવાનું નથી કહ્યું.

**પ્રશ્ન-૧૦૪ :- જો 'હું મનુષ્ય' એવો વ્યવહારનય અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શું કામ આપ્યો? 'હું આત્મા જ છું' - એવા નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું જોઈએ ને.**

**ઉત્તર** :- મનુષ્ય, એવા વ્યવહાર વિના, પરમાર્થ આત્માનો ઉપદેશ અશક્ય છે; માટે મનુષ્ય, એવો વ્યવહારનો ઉપદેશ છે. નિશ્ચય આત્માને અંગીકાર કરવા માટે - મનુષ્ય, એવો વ્યવહરા દ્વારા ઉપદેશ દે છે; વ્યવહારનય છે, તેનો વિષય પણ છે, તે જાણવાયોગ્ય છે પણ અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૦૫ :- હું મનુષ્ય - એવા વ્યવહાર વિના, નિશ્ચય આત્માનો ઉપદેશ કેમ નથી હોતો? તે કહો.**

**ઉત્તર** :- નિશ્ચયનયથી તો આત્મા, પરદ્રવ્યોથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન, સ્વયંસિદ્ધ વસ્તુ છે; તેને જે નથી ઓળખતા



તેને એ પ્રકારે કહેતા રહ્યા, તોપણ તે સમજી ન શક્યા; માટે તેને વ્યવહારનયથી, શરીર-મન-વાણીની સાપેક્ષતાથી મનુષ્ય જીવ છે, વગેરે પ્રકારસહિત જીવની ઓળખાણ કરાવી, ત્યારે તેને જીવની ઓળખાણ થઈ. આ પ્રમાણે મનુષ્ય વ્યવહાર વિના, નિશ્ચય આત્માનો ઉપદેશ ન હોવો જાણવું.

**પ્રશ્ન-૧૦૬ :- હું મનુષ્ય - એવા વ્યવહારનયને કઈ રીતે ન અંગીકર કરવું, તે કહો?**

**ઉત્તર** :- અહીં વ્યવહારથી શરીર-મન-વાણીરૂપ મનુષ્યપર્યાયને જ જીવ કહ્યો, તેથી શરીર, મન, વાણીરૂપ મનુષ્યપર્યાયને જ જીવ ન માની લેવા. વર્તમાન મનુષ્યપર્યાય તો જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન છે, તેને જ જીવ માનવો. જીવના સંયોગથી શરીર-મન-વાણીને પણ ઉપચારથી જીવ કહ્યા, તે કથનમાત્ર જ છે. પરમાર્થથી શરીરાદિક, જીવ હોતા નથી - એવું જ શ્રદ્ધાન કરવું. એ પ્રમાણે મનુષ્ય જીવ છે, એમ વ્યવહારનયથી અંગીકાર ન કરવું - એમ જાણી લેવું.

**પ્રશ્ન-૧૦૭ :- હું મનુષ્ય છું - જે એવા વ્યવહારને જ સાચો માને છે, તેને શાસ્ત્રોમાં ક્યા ક્યા નામથી સંબોધિત કર્યા છે?**

**ઉત્તર** :- (૧) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં 'તસ્ય દેશના નાસ્તિ' કહ્યું છે. (૨) શ્રી નાટક-સમયસારમાં 'મૂર્ખ' કહ્યો છે. (૩) શ્રી આત્માવલોકનમાં 'હરામજાદીપણું' કહ્યું છે. (૪) શ્રી સમયસાર, કળશ ૫૫માં કહ્યું છે કે— 'એ તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સીધું થવું અશક્ય છે.' (૫) શ્રી પ્રવચનસારમાં 'પગલે પગલે છેતરાય જાય છે' - એમ કહ્યું છે. (૬) શ્રી સમયસાર અને શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં મિથ્યાદષ્ટિ વગેરે શબ્દોથી સંબોધન કર્યું છે.

**પ્રશ્ન-૧૦૮ :- પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ નિજ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવા નિશ્ચયનું શ્રદ્ધાન રાખું છું અને હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારની પ્રવૃત્તિ કરું છું પણ આપે અમારા માનેલા નિશ્ચય-વ્યવહાર બંને નયોને ખોટો બતાવ્યા છે તો અમે કયા પ્રકારે સમજીએ કે અમારા માનેલા નિશ્ચય-વ્યવહાર સત્યાર્થ કહેવડાવે છે?**

ઉત્તર :- પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા જુદા, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ નિજ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવું જે નિશ્ચયનયથી નિરૂપણ કર્યું છે, તેને તો સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને હું પંડિત કૈલાશચંદ્ર છું - એવું જે વ્યવહારનયથી નિરૂપણ કર્યું છે, તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું

**પ્રશ્ન-૧૦૯ :- હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું-એવો વ્યવહારનયનો ત્યાગ કરવાનો અને પંડિત કૈલાશચંદ્ર નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ નિજ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવો નિશ્ચય અંગીકાર કરવાનો આદેશ ક્યાંય જિનવાણીમાં ભગવાન અમૃતચંદ્રાચાર્યે આપ્યો છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, કળશ ૧૭૩ માં આદેશ આપ્યો છે કે મિથ્યાદષ્ટિની એવી માન્યતા છે કે - હું નિશ્ચયથી પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્‍ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ નિજ જ્ઞાયક ભગવાન આત્મા છું અને વ્યવહારથી હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું- આ મિથ્યા અધ્યવસાય છે અને એવા-એવા સમસ્ત અધ્યવસાનો ને છોડવા, કેમકે મિથ્યાદષ્ટિને નિશ્ચય-



વ્યવહાર કાંઈ હોતું જ નથી - એવું અનાદિથી જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું છે. પોતે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે - હું એમ માનું છું, જ્ઞાનીઓને જે, હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવો પરાશ્રિતવ્યવહાર હોય છે, તે બધો છોડાવ્યો છે. તો પછી સંતપુરુષ, પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ એક પરમ ત્રિકાળી નિજ જ્ઞાયક નિશ્ચયને જ અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનરૂપ નિજ મહિમામાં સ્થિતિ કરીને કેવળજ્ઞાન કેમ પ્રગટ નથી કરતા. એમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન-૧૧૦ :- પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવા નિશ્ચયનયને અંગીકાર કરીને અને હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારનયના ત્યાગના વિષયમાં ભગવાન કુંદકુંદાચાર્યે શું કહ્યું છે?**

ઉત્તર :- શ્રી મોક્ષપ્રાભૃત, ગાથા ૩૧માં કહ્યું છે કે - હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - જે એવા વ્યવહારની શ્રદ્ધા છોડીને; પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન સ્વયંસિદ્ધ નિજ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવા નિશ્ચયનયની શ્રદ્ધા કરી છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે, તથા હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - જે એવા વ્યવહારમાં જાગે છે, તે પોતાના આત્મકાર્યમાં સૂતા છે. માટે હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવા નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

**પ્રશ્ન-૧૧૧ :- હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું-એવા**

**વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીની, પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું-એવા નિશ્ચનયનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- (૧) **વ્યવહારનય-સ્વદ્રવ્ય** - પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ નિજ જ્ઞાયક ભગવાન આત્મા; **પરદ્રવ્ય** - પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલશરીર - આ પ્રમાણે સ્વદ્રવ્ય પરદ્રવ્યને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે, તો હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો. (૨) **નિશ્ચયનય** - સ્વદ્રવ્ય-પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ નિજ જ્ઞાયક ભગવાન આત્મા; પરદ્રવ્ય-પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલશરીર, આ પ્રમાણે સ્વદ્રવ્ય પરદ્રવ્યનું જેમ છે તેમ નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં મેળવતું નથી; માટે હું પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું- એવા જ નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્‌ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું.

પ્રશ્ન-૧૧૨ :- **આપ કહો છો કે હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો તથા પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું-એવા નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્‌ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું - જો એમ છે તો જિનમાર્ગમાં બંન્ને નયોને ગ્રહણ કરવાનું**



**કહ્યું છે, તે કઈ રીતે?**

ઉત્તર :- જિનમાર્ગમાં ક્યાંક, પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવા નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે'- તેમ જાણવું. તથા ક્યાંક હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું — એમ વ્યવહારનયની મુખ્યતા લઈ વ્યાખ્યાન છે, ત્યાં 'એમ નથી, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે.'-એમ જાણવું. માટે હું પંડિત કૈલાશચંદ્ર જૈન નથી, હું તો પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું - એ પ્રમાણે જાણવું તેનું નામ જ નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ છે.

પ્રશ્ન-૧૧૩ :- **કોઈ મનીષી એમ કહે છે કે 'હું પંડિત કૈલાશચંદ્ર જૈન પણ છું અને પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સદા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા પણ છું.' એ પ્રમાણે અમે નિશ્ચય-વ્યવહાર બંને નયોને ગ્રહણ કરીએ છીએ-શું એ મહાનુભાવોનું એમ કહેવું જૂઠું છે?**

ઉત્તર :- હા, બિલકુલ જૂઠું છે, કેમકે એવા મહાનુભાવોને જિનેન્દ્રભગવાની આજ્ઞાની ખબર જ નથી. એ મહાનુભાવોએ નિશ્ચય-વ્યવહાર બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને વ્યવહારથી હું પંડિત કૈલાશચંદ્ર જૈન પણ છું અને નિશ્ચયથી પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્‌ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા પણ છું - એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી નિશ્ચય-વ્યવહાર બંને નયોને ગ્રહણ કરવાનું

જિનવાણીમાં કહ્યું નથી.

**પ્રશ્ન-૧૧૪ :- હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - જો એવો વ્યવહારનય અસત્યાર્થ છે, તો વ્યવહારનો ઉપદેશ જિનવાણીમાં કેમ આપ્યો છે? પંડિત કૈલાશચંદ્ર જૈન પુદ્ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું - એકમાત્ર એવા નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું જોઈએ ને?**

ઉત્તર :- (૧) એવો જ તર્ક સમયસારમાં કર્યો છે. ત્યાં ઉત્તર એમ આપ્યો છે કે જે પ્રમાણે મ્લેચ્છને મ્લેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવામાં કોઈ સમર્થ નથી; તેમ હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું-એવા વ્યવહાર વિના, પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવો પરમાર્થનો ઉપદેશ અશક્ય છે. માટે હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું-એવો વ્યવહારનો ઉપદેશ છે. (૨) પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવા નિશ્ચયનું જ્ઞાન કરાવવા માટે હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવો વ્યવહાર દ્વારા ઉપદેશ આપે છે. વ્યવહારનય છે, તેનો વિષય પણ છે, જાણવાયોગ્ય છે, પણ વ્યવહારનય અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૧૫ :- હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું — એવા વ્યવહાર વિના, પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પુદ્ગલદ્રવ્યોથી સદા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા છું — એવા નિશ્ચયનયનો ઉપદેશ કેમ નથી હોતો? તેને સમજાવો.**

ઉત્તર :- નિશ્ચયનયથી તો આત્મા, પંડિત કૈલાશચંદ્ર જૈન



નામરૂપ પુદ્ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ વસ્તુ છે, તેને જે નથી ઓળખતા, તેને એ પ્રમાણે જ કહેતા રહે, ત્યારે તો તે સમજી નથી શકતા; માટે તેને વ્યવહારનયથી, હું પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ-શરીર, ઈન્દ્રિય-મન-વાણી, દ્રવ્યકર્માદિક પરદ્રવ્યોની સાપેક્ષતા દ્વારા, હું પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ મનુષ્ય અથવા નારકી-દેવ-પૃથ્વીકાયાદિકરૂપ છું; એ પ્રમાણે જીવને વિશેષ કર્યા, ત્યારે પંડિત કૈલાશચંદ્ર જૈન જીવ છે, બહુ જીવ છે, કૂતરો જીવ છે, માખી જીવ છે, પૃથ્વીકાય જીવ છે - વગેરે ચારેય ગતિની શરીરસહિત જીવની તેને ઓળખાણ થઈ.

**પ્રશ્ન-૧૧૬ :- હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારનયથી જીવની ઓળખાણ કરાવી, ત્યારે તો હું પંડિત કૈલાશચંદ્ર છું - એવા વ્યવહારનયને કેવી રીતે અંગીકાર ન કરવો જોઈએ?**

ઉત્તર :- વ્યવહારનયથી પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પર્યાયોને જીવ કહ્યા, તેથી પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ પર્યાયને જ જીવ ન માની લેવું. પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ અસમાનજાતીય વર્તમાન પર્યાય તો જીવ-પુદ્ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન છે, તેને જ જીવ માનવો, પંડિત કૈલાશચંદ્ર નામરૂપ પુદ્ગલદ્રવ્યોથી સર્વથા ભિન્ન, સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ જ્ઞાયક ભગવાન આત્માના સંયોગથી પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ શરીરાદિકને પણ ઉપચારથી જીવ કહ્યો-તે તો કથનમાત્ર જ છે. પરમાર્થથી પંડિત કૈલાશચંદ્ર જૈન નામરૂપ શરીર, ઈન્દ્રિય-મન-વાણી, દ્રવ્યકર્માદિક જીવ હોતા જ નથી - એમ શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૧૭ :- હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારનયના કથનને જ સાચું માની લે છે, તે જીવને**

**જિનવાણીમાં ક્યા-ક્યા નામથી સંબોધન કર્યું છે?**

**ઉત્તર** :- (૧) હું પંડિત કૈલાશચંદ્ર જૈન છું - એવા વ્યવહારનયના કથનને જ સાચું માની લે છે તેને પુરુષાર્થસિદ્ધિ ઉપાયના શ્લોક છમાં કહ્યું છે કે 'તસ્ય દેશના નાસ્તિ'. શ્રી સમયસાર કળશ ૫૫માં કહ્યું છે કે - 'આ તેનું અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે.' શ્રી પ્રવચનસાર, ગાથા ૫૫માં કહ્યું છે કે - 'તે પગલે પગલે છેતરાય છે.' શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું છે.'

## કારણ-કાર્યનું સાત બોલો દ્વારા સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૧૧૮ :- 'ગુરુ કારણ; જ્ઞાન થયું, કાર્ય' આના પર નિશ્ચય-વ્યવહારનું સ્પષ્ટીકરણ કરો?**

**ઉત્તર** :- ગુરુ, કારણ; જ્ઞાન થયું કાર્ય - એવું વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું અને જ્ઞાન આત્માનો જ્ઞાનગુણમાંથી તે સમયની પર્યાયની યોગ્યતાથી થયું - એવું નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું છે, તેને સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું, કેમકે ભગવાન અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસાર કળશ ૧૭૩માં જેટલા પણ પરાશ્રિત કારણ-કાર્ય છે, તે બધા જિનેન્દ્રોએ છોડાવ્યા છે અને નિશ્ચયનયથી સાચા કારણ-કાર્યને ગ્રહણ કરીને નિજ મહિમામાં પ્રવર્તવાનો આદેશ આપ્યો છે.

**પ્રશ્ન-૧૧૯ :- ગુરુ, કારણ; જ્ઞાન થયું, કાર્ય - એવા પરાશ્રિત કારણ-કાર્યના વિષયમાં શ્રી મોક્ષપાહુડ, ગાથા ૩૧માં શું કહ્યું છે?**

**ઉત્તર** :- જે પરાશ્રિત કારણ-કાર્યની શ્રદ્ધા છોડીને, સ્વાશ્રિત કારણ-કાર્યની શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે



છે અને જે પરાશ્રિત કારણ-કાર્યથી (ગુરુ, કારણ; જ્ઞાન થયું, કાર્ય) લાભ માને છે, તે પોતાના આત્મકાર્યમાં સૂતો છે; માટે પરાશ્રિત કારણ-કાર્યની શ્રદ્ધા છોડીને, સ્વાશ્રિત કારણ-કાર્યની શ્રદ્ધા કરવી યોગ્ય છે.

**પ્રશ્ન-૧૨૦ :- ગુરુ, કારણ; જ્ઞાન થયું, કાર્ય - એવા પરાશ્રિત કારણ-કાર્યની શ્રદ્ધા છોડીને, સ્વાશ્રિત કારણ-કાર્યની શ્રદ્ધા કરવી કેમ યોગ્ય છે?**

**ઉત્તર** :- **વ્યવહારનય** = ગુરુ, કારણ; જ્ઞાન થયું કાર્ય - એવા પરાશ્રિત કારણ-કાર્યને કોઈને કોઈ મેળવીને નિરૂપણ કરે છે, તો એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો, તથા **નિશ્ચયનય** = કારણ-કાર્યને કોઈ ને કોઈમાં મેળવીને નિરૂપણ નથી કરતા, તેને જેમ છે તેમ નિરૂપણ કરે છે, તો એવા શ્રદ્ધાનથી જ સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૨૧ :- આપ કહો છો કે પરાશ્રિત કારણ-કાર્યના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરો અને સ્વાશ્રિત કારણ-કાર્યના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેની શ્રદ્ધા કરો, પણ જિનમાર્ગમાં સ્વાશ્રિત-પરાશ્રિત બંને કારણ-કાર્યને ગ્રહણ કરવાનું કહ્યું છે, તે કઈ રીતે?**

**ઉત્તર** :- જિનમાર્ગમાં ક્યાંક આત્માના જ્ઞાનમાંથી તે સમયની પર્યાયની યોગ્યતાથી જ્ઞાન થયું - એમ સ્વાશ્રિત કારણ-કાર્યની મુખ્યતાથી વ્યાખ્યાન છે, એને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું. અને ક્યાંક ગુરુ, કારણ; જ્ઞાન, કાર્ય - એવું જે પરાશ્રિત કારણ-કાર્યની મુખ્યતાથી વ્યાખ્યાન હોય તેને 'એમ નથી,, પરાશ્રિત કારણ-કાર્યની અપેક્ષાએ ઉપચારથી કથન કર્યું છે' — એમ જાણવું. આ પ્રકારે (સ્વાશ્રિત કારણ-કાર્ય, સાચું છે એન પરાશ્રિત કારણ-

કાર્ય જૂઠું છે) જાણવાનું નામ જ સ્વાશ્રિત-પરાશ્રિત બંને કારણ-કાર્યોનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૧૨૨ :- કોઈ વિદ્વાન, સ્વાશ્રિત કારણ-કાર્યને અને પરાશ્રિત કારણ-કાર્યને સમાન સત્યાર્થ માનીને 'એમ પણ છે; અને એમ પણ છે, એમ કહે છે; શું તે જૂઠું છે?'**

**ઉત્તર** :- જૂઠું જ છે. કેમકે સ્વાશ્રિત-પરાશ્રિત કારણ-કાર્યને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે' — આ પ્રકારે ભ્રમરૂપ પ્રવર્તનથી તો સ્વાશ્રિત-પરાશ્રિત કારણ-કાર્યને ગ્રહણ કરવું નથી કહ્યું.

**પ્રશ્ન-૧૨૩ :- જો ગુરુ, કારણ અને જ્ઞાન થયું કાર્ય - એમ પરાશ્રિત કારણ-કાર્ય અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં કેમ આપ્યો? એકમાત્ર સ્વાશ્રિત કારણ-કાર્યનું જ નિરૂપણ કરવું હતું?**

**ઉત્તર** :- ગુરુ કારણ; જ્ઞાન થયું, કાર્ય - એવા પરાશ્રિત કારણ-કાર્ય વિના પરમાર્થ સ્વાશ્રિત કારણ-કાર્યનો ઉપદેશ અશક્ય છે; નિશ્ચયરૂપ સ્વાશ્રિત કારણ-કાર્યને અંગીકાર કરાવવા માટે ગુરુ કારણ; જ્ઞાન થયું તે કાર્ય - એવા પરિશ્રાત કારણ-કાર્ય દ્વારા ઉપદેશ દે છે, પણ પરાશ્રિત કારણ-કાર્ય છે, તે અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૨૪ :- જે જીવ, પરાશ્રિત કારણ-કાર્યને જ એટલે કે ગુરુ, કારણ; જ્ઞાન થયું, કાર્ય ને જ સાચું માને છે, તેને શાસ્ત્રોમાં ક્યા ક્યા નામથી સંબોધન કર્યું છે?**

**ઉત્તર** :- (૧) તેને શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં 'તસ્ય દેશના નાસ્તિ' કહ્યું છે. (૨) શ્રી નાટક સમયસારમાં 'મૂર્ખ' કહ્યો છે. (૩) શ્રી આત્માવલોકનમાં 'હરામજાદીપણું' કહ્યું છે. (૪) શ્રી સમયસાર કળશ ૫૫માં કહ્યું છે કે - 'આ તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે.' એમ કહ્યું છે, (૫) શ્રી પ્રવચનસારમાં 'તે પગલે પગલે છેતરાય છે.' એમ કહ્યું છે. (૬) શ્રી સમયસાર અને મોક્ષમાર્ગપ્રકાશકમાં 'મિથ્યાદષ્ટિ' વગેરે શબ્દોથી સંબોધિત કર્યું છે.



## ભેદ-અભેદનું સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૧૨૫ :- વ્યવહાર / ભેદ વિના, નિશ્ચય / અભેદનો ઉપદેશ કેવી રીતે નથી થતો? તેને બીજી રીતે સમજાવો?**

**ઉત્તર** :- નિશ્ચયથી તો આત્મા અભેદવસ્તુ છે. તેને જે નથી ઓળખતો, તેને એજે રીતે કહે તો સમજી નથી શકતો. ત્યારે તેને અભેદવસ્તુમાં ભેદ ઉત્પન્ન કરીને, જ્ઞાન-દર્શન આદિ ગુણ પર્યાયરૂપ જીવના વિશેષ કર્યા, ત્યારે જાણનારો જીવ છે-દેખનારો જીવ છે વગેરે પ્રકારસહિત જીવની ઓળખાણ થઈ. આ પ્રકારે વ્યવહાર/ ભેદ વિના, નિશ્ચય/ અભેદનો ઉપદેશનું ન હોવું જાણવું.

**પ્રશ્ન-૧૨૬ :- જ્ઞાન-દર્શનાદિના ભેદોથી જીવની ઓળખાણ કરાવવાથી શું લાભ છે?**

**ઉત્તર** :- એકક્ષેત્રાવગાહી શરીર, ઈન્દ્રિયો-ભાષા-મન અને દ્રવ્યકર્મોથી પણ દૃષ્ટિ હટી ગઈ અને હવે માત્ર જ્ઞાન-દર્શન આદિ ભેદો ઉપર દૃષ્ટિ રહી ગઈ.

**પ્રશ્ન-૧૨૭ :- ભેદથી જીવની ઓળખાણ કરાવી, ત્યારે ભેદરૂપ વ્યવહારનયને કઈ રીતે અંગીકાર ન કરવો જોઈએ?**

**ઉત્તર** :- અભેદ આત્મામાં જ્ઞાન-દર્શન આદિ ભેદ કર્યા, માટે તેને ભેદરૂપ જ માની ન લેવા, કેમકે ભેદ તો સમજાવવા માટે કર્યા છે; નિશ્ચયથી આત્મા અભેદ જ છે, તેને જ જીવવસ્તુ માનવી. સંજ્ઞા-સંખ્યા વગેરેથી ભેદ કહ્યા, તે કથનમાત્ર જ છે. પરમાર્થથી દ્રવ્ય અને ગુણ જુદા જુદા નથી - એવું જ શ્રદ્ધાન કરવું. એ

પ્રકારે ભેદરૂપ વ્યવહારનયનો વિષય છે, જાણવાયોગ્ય છે પણ અંગીકાર કરવાયોગ્ય નથી - એમ જાણવું.

**પ્રશ્ન-૧૨૮ :- જ્ઞાન-દર્શન આદિ ભેદોથી જીવને બતાવ્યો તથા અભેદ, ભેદથી રહિત છે - એમ કહેવા પાછળ શું રહસ્ય છે?**

**ઉત્તર** :- ખરેખર તો ભેદ-અભેદ બતાવીને, તેમાં દ્રવ્યાનુયોગના શાસ્ત્રોનો અર્થ કરવાની વાત સમજાવી છે.

**પ્રશ્ન-૧૨૯ :- ભેદ-અભેદના વિષયમાં, શ્રી પ્રવચનસાર, ગાથા ૧૦૬ના ભાવાર્થમાં શું સ્પષ્ટ કર્યું છે?**

**ઉત્તર** :- 'દ્રવ્યમાં અને સત્તા આદિ ગુણોમાં અપૃથક્ત્વ હોવા છતાં અન્યત્વ છે, કેમકે દ્રવ્ય અને ગુણના પ્રદેશ અભિન્ન હોવા છતાં, દ્રવ્ય અને ગુણમાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણ આદિ ભેદ હોવાથી (કથંચિત્) દ્રવ્ય, ગુણરૂપ નથી અને ગુણ દ્રવ્યરૂપ નથી.'

**પ્રશ્ન-૧૩૦ :- દ્રવ્ય-ગુણ ભેદરૂપ છે કે અભેદરૂપ છે?**

**ઉત્તર** :- દ્રવ્ય-ગુણ, ભેદ-અભેદ બંનેરૂપ છે.

**પ્રશ્ન-૧૩૧ :- દ્રવ્ય-ગુણ, ભેદરૂપ કેવી રીતે છે?**

**ઉત્તર** :- સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનની અપેક્ષાએ ભેદરૂપ છે.

**પ્રશ્ન-૧૩૨ :- દ્રવ્ય-ગુણ, અભેદરૂપ કેવી રીતે છે?**

**ઉત્તર** :- (૧) પ્રદેશોની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ અભેદરૂપ છે. (૨) ક્ષેત્રની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ અભેદરૂપ છે, અને (૩) કાળની અપેક્ષાથી દ્રવ્ય-ગુણ અભેદરૂપ છે.

**પ્રશ્ન-૧૩૩ :- દ્રવ્ય-ગુણમાં સંજ્ઞાભેદ કેવી રીતે છે?**

**ઉત્તર** :- એકનું નામ દ્રવ્ય છે; બીજાનું નામ ગુણ છે. તે સંજ્ઞા અપેક્ષાએ ભેદ છે.



**પ્રશ્ન-૧૩૪ :- દ્રવ્ય-ગુણમાં સંખ્યા અપેક્ષાએ ભેદ કેવી રીતે છે?**

**ઉત્તર** :- દ્રવ્ય, એક છે અને ગુણ, અનેક છે - તે સંખ્યા અપેક્ષાએ ભેદ છે.

**પ્રશ્ન-૧૩૫ :- દ્રવ્ય-ગુણ, લક્ષણની અપેક્ષાએ ભેદરૂપ કેવી રીતે છે?**

**ઉત્તર** :- (૧) દ્રવ્યનું લક્ષણ-ગુણોનો સમૂહ છે. (૨) ગુણનું લક્ષણ - દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં રહે, તેને ગુણ કહે છે — આ લક્ષણ અપેક્ષાએ ભેદ છે.

**પ્રશ્ન-૧૩૬ :- દ્રવ્ય-ગુણમાં પ્રયોજનની અપેક્ષાએ ભેદ કેવી રીતે છે?**

**ઉત્તર** :- દ્રવ્ય, અભેદરૂપ છે અને ગુણોનું પ્રયોજન ભિન્ન-ભિન્ન છે, તે પ્રયોજન અપેક્ષાએ ભેદ છે.

**પ્રશ્ન-૧૩૭ :- ભેદ-અભેદના વિષયમાં મોક્ષમાર્ગપ્રકાશક, આઠમા અધિકારમાં, પાના નં.૨૮૪માં શું કહ્યું છે?**

**ઉત્તર** :- 'ત્યાં જીવાદિ વસ્તુ અભેદ છે, તોપણ તેમાં ભેદ-કલ્પના દ્વારા વ્યવહારથી દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરેના ભેદોનું નિરૂપણ કરે છે.'

## ભેદ-અભેદના નિશ્ચય, વ્યવહારનું નવ બોલો દ્વારા સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૧૩૮ :- 'જ્ઞાનવાળો જીવ છે' - આ વાક્યમાં નિશ્ચય-વ્યવહારના વિષયમાં શું જાણવું જોઈએ?**

**ઉત્તર** :- વ્યવહારનયથી જ્ઞાનવાળો જીવ છે - એવું નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું અને નિશ્ચયનયથી આત્મા અભેદ છે - એવું નિરૂપણ કર્યું હોય તેને સત્યાર્થ માનીને

તે શ્રદ્ધાનને અંગીકાર કરવું, કેમકે ભગવાન અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસાર કળશ ૧૭૩માં કહ્યું છે કે ભેદરૂપ વ્યવહાર છે, તે બધા જિનેન્દ્રદેવોએ છોડાવ્યા છે. અને નિશ્ચયને અંગીકાર કરીને નિજ મહિમામાં પ્રવર્તવાનો આદેશ આપ્યો છે.

**પ્રશ્ન-૧૩૯ :- 'જ્ઞાનવાળો જીવ છે' —એવા નિશ્ચય-વ્યવહારના વિષયમાં કુંદકુંદભગવાને શ્રી મોક્ષપાહુડ, ગાથા ૩૧માં શું કહ્યું છે?**

ઉત્તર :- જ્ઞાનવાળો જીવ છે - એવા ભેદરૂપ વ્યવહારની શ્રદ્ધા છોડીને, હું અભેદ આત્મા છું - જે એવી શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના કાર્યમાં જાગે છે તથા હું જ્ઞાનવાળો આત્મા છું - એવા વ્યવહારમાં જાગે છે, તે પોતાના કાર્યમાં સૂતો છે; માટે જ્ઞાનવાળો જીવ છે, એવા ભેદરૂપ વ્યવહારનું શ્રદ્ધાન છોડીને હું અભેદ આત્મા છું - એવું નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

**પ્રશ્ન-૧૪૦ :- 'જ્ઞાનવાળો જીવ છે' - એવા ભેદરૂપ વ્યવહારનું શ્રદ્ધાન છોડીને, હું અભેદ આત્મા છું - એવા નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- (૧) વ્યવહારનય, અભેદરૂપ આત્માને 'જ્ઞાનવાળો જીવ છે' - એવું ભેદરૂપ નિરૂપણ કરે છે, તેવા ભેદરૂપ શ્રદ્ધાથી જ મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો. તથા (૨) અભેદરૂપ આત્માનો નિશ્ચયનય ભેદરૂપ નિરૂપણ નથી કરતો, જેમ છે તેમ નિરૂપણ કરે છે, તો એવા અભેદરૂપ શ્રદ્ધાનથી જ સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૪૧ :- આપ કહો છો કે 'જ્ઞાનવાળો જીવ છે.' - એવા ભેદરૂપ વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરો અને આત્મા અભેદરૂપ છે -**



**એવા નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરો. પણ જિનમાર્ગમાં બંને (ભેદ-અભેદ) નયનું ગ્રહણ કરવું કહ્યું છે તે કઈ રીતે?**

ઉત્તર :- જિનમાર્ગમાં ક્યાંક તો આત્મા અભેદરૂપ છે - એમ નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે' — એમ જાણવું. અને ક્યાંક જ્ઞાનવાળો જીવ છે - એવા ભેદરૂપ વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને 'આમ છે નહિ ભેદાદિની અપેક્ષાથી કથન કર્યું છે' - એમ જાણવું. આ પ્રકારે જાણવું તેનું નામ જ બંને નયોને ગ્રહણ કર્યું છે.

**પ્રશ્ન-૧૪૨ :- કોઈ-કોઈ વિદ્વાન, નિશ્ચયનયથી આત્મા અભેદ છે અને વ્યવહારનયથી આત્મા ભેદરૂપ છે; આ પ્રકારે બંને નયોના વ્યાખ્યાનને સમાન, સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે' એમ માને છે - શું એ ખોટું છે?**

ઉત્તર :- હા, ખોટું છે. - કેમકે બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે, એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને નયોનું ગ્રહણ કરવું નથી કહ્યું.'

**પ્રશ્ન-૧૪૩ :- જો જ્ઞાનવાળો જીવ છે — એમ ભેદરૂપ વ્યવહારનય અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો? અભેદરૂપ આત્મા છે - એવા નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું ને.**

ઉત્તર :- જ્ઞાનવાળો જીવ છે - એવા બેદરૂપ વ્યવહાર વિના, અભેદ આત્માનો ઉપદેશ અશક્ય છે; માટે જ્ઞાનવાળો જીવ છે- એવા ભેદરૂપ વ્યવહારનયનો ઉપદેશ છે. અભેદરૂપ આત્માને અંગીકાર કરાવવા માટે ભેદરૂપ વ્યવહાર દ્વારા ઉપદેશ દે છે. ભેદરૂપ વ્યવહારનય

છે, તેનો વિષય પણ છે, પણ ભેદરૂપ વ્યવહારનય અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૪૪ :- જ્ઞાનવાળો જીવ છે - એવા ભેદરૂપ વ્યવહાર વિના, અભેદરૂપ નિશ્ચય આત્માનો ઉપદેશ કેમ ન હોય?**

ઉત્તર :- નિશ્ચયનયથી આત્મા અભેદવસ્તુ છે. તેને જે નથી ઓળખતો, તેને તે પ્રકારે કહેતા રહે તો તે સમજી નથી શકતો. ત્યારે તેને અભેદરૂપ આત્મામાં, ભેદ ઉત્પન્ન કરીને જ્ઞાનાદિ ગુણરૂપ જીવના વિશેષ કર્યા, ત્યારે જાણનારો જીવ છે, વગેરે પ્રકારસહિત જીવની ઓળખાણ કરાવી. આ પ્રકારે ભેદરૂપ વ્યવહાર વિના, અભેદરૂપ નિશ્ચયનો ઉપદેશનું ન હોવો જાણવું.

**પ્રશ્ન-૧૪૫ :- 'જ્ઞાનવાળો જીવ' - એવા ભેદરૂપ વ્યવહારનયને કઈ રીતે અંગીકાર ન કરવો જોઈએ?**

ઉત્તર :- અભેદ આત્મામાં જ્ઞાન આદિ ભેદ કર્યા, માટે તેને ભેદરૂપ જ ન માની લેવા જોઈએ, કેમકે ભેદ તો સમજાવવા માટે કર્યા છે. નિશ્ચયથી આત્મા અભેદ જ છે, તેને જ જીવવસ્તુ માનવી. સંજ્ઞા-સંખ્યા વગેરેથી ભેદ કહ્યા, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી દ્રવ્ય અને ગુણ જુદા જુદા નથી - એવું જ શ્રદ્ધાન કરવું. એ પ્રકારે ભેદરૂપ વ્યવહાર વિના અભેદરૂપ નિશ્ચયનો ઉપદેશનું ન હોવું જાણવું.

**પ્રશ્ન-૧૪૬ :- જે ભેદરૂપ વ્યવહારને જ સાચો માને છે, તેને જિનવાણીમાં ક્યા ક્યા નામથી સંબોધિત કર્યા છે?**

ઉત્તર :- (૧) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા ૬ માં કહ્યું છે કે 'તસ્ય દેશના નાસ્તિ' (૨) શ્રી નાટક સમયસારમાં 'મૂર્ખ' કહ્યું છે. (૩) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું છે.' (૪) શ્રી સમયસાર કળશ ૫૫માં કહ્યું છે કે - 'અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે.' (૫) શ્રી પ્રવચનસાર, ગાથા ૫૫માં કહ્યું છે કે 'તે પગલે પગલે છેતરાય છે.' (૬) શ્રી સમયસાર અને મોક્ષમાર્ગપ્રકાશક વગેરે બધા ગ્રંથોમાં મિથ્યાદૃષ્ટિ, અભવ્ય, સમ્યક્ત્વથી રહિત, અનીતિ વગેરે નામોથી સંબોધિત કર્યું છે.



**'ઉભયાભાસીની માન્યતા અનુસાર નિશ્ચયથી હું દ્રવ્યકર્મ, નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યથી ભિન્ન, જ્ઞાનદર્શનાદિ સ્વભાવથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છું અને વ્યવહારથી હું જ્ઞાનદર્શનવાળો જીવ છું. આ વાક્યમાં ભેદ-અભેદના દસ પ્રશ્નોત્તરો દ્વારા સ્પષ્ટીકરણ.'**

**પ્રશ્ન-૧૪૭ :- મારો નિજાત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે - એવા અભેદરૂપ નિશ્ચયનું શ્રદ્ધાન રાખું છું અને હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારની પ્રવૃત્તિ કરું છું - પણ આપે અમારા નિશ્ચય-વ્યવહાર બંનેને જૂઠા બતાવી દીધા, તો અમે નિશ્ચય-વ્યવહારને કયા પ્રકારે સમજીએ કે અમારા માનેલા નિશ્ચય-વ્યવહાર સત્યાર્થ કહેવાય?**

ઉત્તર :- મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાનદર્શન આદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે - એવા અભેદરૂપ નિશ્ચયથી જે નિરૂપણ કર્યું હોય, તેને તો સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર અને હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તે અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્રશ્ન-૧૪૮ :- હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારનો ત્યાગ કરી અને મારા નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શન આદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે - એવા અભેદરૂપ નિશ્ચયનયને અંગીકાર કરવાનો આદેશ ક્યાંય ભગવાન અમૃતચંદ્રાચાર્યે આપ્યો છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, કળશ ૧૭૩ માં આદેશ આપ્યો છે કે મિથ્યાદષ્ટિની એવી માન્યતા છે કે - નિશ્ચયથી મારો આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શન આદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે અને વ્યવહાર/ભેદથી હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - તે મિથ્યા અધ્યવસાય છે અને એવા-એવા સમસ્ત અધ્યવસાનો ને છોડવા, કેમકે મિથ્યાદષ્ટિને ભેદ-અભેદ, નિશ્ચય-વ્યવહાર કાંઈ હોતું જ નથી - એવું અનાદિથી જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું છે. પોતે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે - હું એમ માનું છુ કે, જ્ઞાનીઓને હું જ્ઞાનદર્શનવાળો જીવ છું - એવો ભેદરૂપ પરાશ્રિત વ્યવહાર હોય છે, તે બધો છોડાવ્યો છે. તો પછી સંતપુરુષ, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શન આદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ પરમ ત્રિકાળી નિજ જ્ઞાયક નિશ્ચયને જ અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનઘનરૂપ નિજ મહિમામાં સ્થિતિ કરીને કેવળજ્ઞાન કેમ પ્રગટ નથી કરતા? એમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન-૧૪૯ :- મારો નિજાત્મા દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદવસ્તુ છે - એવા અભેદરૂપ નિશ્ચયનયને અંગીકાર કરીને અને હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા**



**ભેદરૂપ વ્યવહારનયના ત્યાગના વિષયમાં ભગવાન કુંદકુંદાચાર્યે શું કહ્યું છે?**

ઉત્તર :- શ્રી મોક્ષપ્રાભૃત, ગાથા ૩૧માં કહ્યું છે કે - હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - જે એવા ભેદરૂપ વ્યવહારની શ્રદ્ધા છોડીને; મારો નિજ આત્મા દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન સ્વયંસિદ્ધ અભેદવસ્તુ છું - એવા અભેદરૂપ નિશ્ચયનયની શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે, તથા હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - જે એવા ભેદરૂપ વ્યવહારમાં જાગે છે, તે પોતાના આત્મકાર્યમાં સૂતા છે. માટે હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, મારો નિજ આત્મા દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન જ્ઞાન-દર્શન આદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે - અભેદરૂપ એવા નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

**પ્રશ્ન-૧૫૦ :- હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શન આદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે - એવા અભેદરૂપ નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- (૧) **વ્યવહારનય** - મારો નિજ આત્મા દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદવસ્તુ છે - તે સ્વદ્રવ્ય; હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું-તે પરદ્રવ્ય; આ પ્રમાણે અભેદરૂપ સ્વદ્રવ્ય અને ભેદરૂપ

(૧. **અભેદને સ્વદ્રવ્ય કહ્યો, તેની અપેક્ષાએ ભેદને** પરદ્રવ્ય કહ્યો છે.)

પરદ્રવ્યને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ કરે છે, માટે હું જ્ઞાન-દર્શનવાળો છું - એવા ભેદરૂપ વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો. (૨) **નિશ્ચયનય** - અભેદરૂપ સ્વદ્રવ્ય અને ભેદરૂપ પરદ્રવ્યનું જેમ છે તેમ નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં મેળવતું નથી. મારો નિજ આત્મા-દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદવસ્તુ છે- એવા અભેદરૂપ નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું.

**પ્રશ્ન-૧૫૧ :- આપ કહો છો કે ભેદરૂપ વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો અને અભેદરૂપ નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું - પણ જિનમાર્ગમાં ભેદ-અભેદરૂપ નિશ્ચય-વ્યવહાર બંને નયોને ગ્રહણ કરવાનું કહ્યું છે, તેનું શું કારણ છે ?**

**ઉત્તર :-** જિનમાર્ગમાં ક્યાંક મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન સ્વયંસિદ્ધ અભેદવસ્તુ છે - એવા અભેદરૂપ નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, એને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું. અને ક્યાંક હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે તેને 'એમ છે નહિ, ભેદરૂપ વ્યવહારનયની અપેક્ષાએ કથન કર્યું છે' — એમ જાણવું. આ પ્રકારે હું જ્ઞાન-દર્શન ભેદવાળો જીવ નથી; મારો નિજ આત્મા દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છું - એ પ્રકારે જાણવું તેનું નામ જ ભેદ-અભેદરૂપ નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ છે.



**પ્રશ્ન-૧૫૨ :- કોઈ મનીષી એમ કહે છે કે - હું જ્ઞાન દર્શનવાળો જીવ પણ છું, એટલે કે ભેદરૂપ પણ છું; અને મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાનદર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદવસ્તુરૂપ પણ છે - એ પ્રકારે અમે અભેદ-ભેદરૂપ નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ કરીએ છે - શું તે મહાનુભાવોનું એમ કહેવું જૂઠું છે?**

**ઉત્તર :-** હા, બિલકુલ જૂઠું છે, કેમકે એવા મહાનુભાવોને જિનેન્દ્રભગવાની આજ્ઞાની ખબર જ નથી. એ મહાનુભાવોએ અભેદ-ભેદરૂપ નિશ્ચય-વ્યવહાર બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને વ્યવહારથી હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું અને નિશ્ચયથી મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદવસ્તુ પણ છે - એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો અભેદ-ભેદરૂપ નિશ્ચય-વ્યવહાર બંને નયોને ગ્રહણ કરવાનું જિનવાણીમાં કહ્યું નથી.

**પ્રશ્ન-૧૫૩ :- હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - જો એવો ભેદરૂપ વ્યવહારનય અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જ જિનવાણીમાં કેમ આપ્યો છે? મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદવસ્તુ છે - તેમ એકમાત્ર અભેદ નિશ્ચયનયનું જ નિરૂપણ કરવાનું હતું?**

**ઉત્તર :-** (૧) એવો જ તર્ક સમયસારમાં કર્યો છે. ત્યાં ઉત્તર એમ આપ્યો છે કે જે પ્રમાણે મ્લેચ્છને મ્લેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવામાં કોઈ સમર્થ નથી; તે પ્રકારે હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહાર વિના, મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-

નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે - એવો એભેદ પરમાર્થનો ઉપદેશ અશક્ય છે. માટે હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવો ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ છે. (૨) મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે - એવા અભેદરૂપ નિશ્ચયનું જ્ઞાન કરાવવા માટે હું જ્ઞાન-દર્શનવાળો છું - એવા ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ છે. ભેદરૂપ વ્યવહારનય છે, તેનો ઉપદેશ પણ છે, જાણવાયોગ્ય છે, પણ ભેદરૂપ વ્યવહારનય અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૫૪ :- હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહાર વિના, મારો નિજાત્મા દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદવસ્તુ છે - એવા અભેદ નિશ્ચયનયનો ઉપદેશ કેમ નથી હોતો?**

ઉત્તર :- નિશ્ચયનયથી તો મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શનાદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અભેદ વસ્તુ છે; તેને જે નથી ઓળખતા, તેને એ પ્રમાણે જ કહે છે, ત્યારે તો તે સમજી નથી શકતા; માટે તેને અભેદવસ્તુમાં ભેદ ઉત્પન્ન કરીને, જ્ઞાન-દર્શનાદિ ગુણ-પર્યાયરૂપ જીવના વિશેષ કર્યા, ત્યારે જાણનારો જીવ છે, દેખનારો જીવ છે - વગેરે ગુણભેદસહિત તેને જીવની ઓળખાણ થઈ. આ પ્રકારે હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહાર વિના, અભેદરૂપ નિશ્ચયનો ઉપદેશ નથી એમ જાણવું.

**પ્રશ્ન-૧૫૫ :- હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારનયને કેવી રીતે અંગીકાર ન કરવો, તે સમજાવો?**



ઉત્તર :- મારો નિજ આત્મા, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મરૂપ પરદ્રવ્યોથી ભિન્ન, જ્ઞાન-દર્શન આદિ સ્વભાવોથી અભિન્ન, સ્વયંસિદ્ધ અબેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા, માટે તેને ભેદરૂપ જ ન માની લેવા, કેમકે જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદ તો અભેદ આત્માને સમજાવા માટે કર્યો છે. નિશ્ચયથી તે મારો નિજ આત્મા અભેદ જ છે, તેને જ જીવવસ્તુ માનવો. સંજ્ઞા, સંખ્યા, લક્ષણ વગેર ભેદ કહ્યા, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી ભિન્ન-ભિન્ન નથી. - એવું જ શ્રદ્ધાન કરવું. એ પ્રકારે હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવો ભેદરૂપ વ્યવહાર અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૫૬ :- હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું - એવા ભેદરૂપ વ્યવહારનયના કથનને જ સાચું માની લે તે જીવને જિનવાણીમાં ક્યા-ક્યા નામથી સંબોધિત કર્યા છે?**

ઉત્તર :- (૧) હું જ્ઞાન-દર્શનવાળો જીવ છું — એવા ભેદરૂપ વ્યવહારનયના કથને જ જે સાચુ માની લે છે, તેને શ્રી પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં શ્લોક-૬માં કહ્યું છે 'તસ્ય દેશના નાસ્તિ' (૨) શ્રી સમયસાર, કળશ ૫૫માં કહ્યું છે કે 'એ તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે.' (૩) શ્રી પ્રવચનસાર, ગાથા ૫૫માં કહ્યું છે કે 'તે પગલે પગલે છેતરાય છે.' (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું' છે.

## નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૧૫૭ :- વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ કેમ નથી હોતો? તેને મોક્ષમાર્ગના સંદર્ભમાં સમજાવો?**

ઉત્તર :- નિશ્ચયથી વીતરાગભાવ મોક્ષમાર્ગ છે, તેને જે નથી ઓળખતા, તેને એ જ રીતે કહેતા રહે તો તે સમજી નથી શકતા;

ત્યારે તેને તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક, પરદ્રવ્યનું નિમિત્ત મટાડવાની સાપેક્ષતા દ્વારા, વ્યવહારનયથી વ્રત-શીલ-સંયમ આદિને વીતરાગભાવના વિશેષ બતાવ્યા છે. ત્યારે તેને વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગની ઓળખાણ થઈ; એ પ્રકારે વ્યવહાર વિના નિશ્ચનો ઉપદેશ ન હોઈ શકે તેમ જાણવું.

**પ્રશ્ન-૧૫૮ :- જ્ઞાનીના અસ્થિરતા સંબંધી વ્રત-શીલાદિને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાથી શો લાભ છે?**

ઉત્તર :- જ્ઞાનીને ભૂમિકાનુસાર એવા પ્રકારનો શુભભાવ થશે; બીજા પ્રકારે નહિ, એમ જણાય છે.

**પ્રશ્ન-૧૫૯ :- (૧) 'તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક (૨) પરદ્રવ્યનું નિમિત્ત મટવાની સાપેક્ષતા દ્વારા, (૩) વ્યવહારનયથી વ્રત-શીલાદિને મોક્ષમાર્ગ કહ્યો' આ વાક્યને ચોથા ગુણસ્થાનમાં લગાવીને બતાવો?**

ઉત્તર :- (૧) ચોથા ગુણસ્થાનમાં નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપાચરણચારિત્રની પ્રાપ્તિ થઈ છે, તેને માટે 'તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક' કહ્યું છે.

(૨) કુદેવ-કુગુરુ અને કુશાસ્ત્રને ન માને તથા દારૂ-માંસ-મધ ન ખાય તેની અપેક્ષાએ 'પરદ્રવ્યનું નિમિત્ત મટવાની સાપેક્ષતા દ્વારા' કહ્યું છે.

(૩) વ્યવહારનયથી સાચા દેવાદિ તથા સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. - આ પ્રકારે જાણવું.

**પ્રશ્ન-૧૬૦ :- (૧) 'તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક (૨) પરદ્રવ્યનું નિમિત્ત મટવાની સાપેક્ષતા દ્વારા, (૩) વ્યવહારનયથી વ્રત-શીલાદિને મોક્ષમાર્ગ કહ્યો' આ વાક્યને પાંચમા ગુણસ્થાનમાં લગાવીને બતાવો?**



ઉત્તર :- (૧) પાંચમા ગુણસ્થાનમાં દેશચારિત્રરૂપ શુદ્ધિ પ્રગટ થઈ છે - તેને માટે 'તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક' કહ્યું છે.

(૨) બાર અણુવ્રત આદિથી વિરુદ્ધતા ન થવાની અપેક્ષાએ 'પરદ્રવ્યનું નિમિત્ત મટવાની સાપેક્ષતા દ્વારા' કહ્યું છે.

(૩) વ્યવહારનયથી બાર અણુવ્રતાદિને શ્રાવકપણું કહ્યું- આ પ્રકારે જાણવું.

**પ્રશ્ન-૧૬૧ :- 'તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક' કોને લાગુ પડે છે અને કોને નહિ?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી બધા જ્ઞાનીઓને જ લાગુ પડે છે. દ્રવ્યલિંગી મુનિ-શ્રાવકોને લાગુ નથી પડતું.

**પ્રશ્ન-૧૬૨ :- 'પરદ્રવ્યનું નિમિત્ત મટવાની સાપેક્ષતા દ્વારા'નું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- ભૂમિકાનુસાર અસ્થિરતા સંબંધી શુભભાવથી વિરુદ્ધ, ધર્મવિરોધી કાર્યનો અભાવ થવો - એ તાત્પર્ય છે.

**પ્રશ્ન-૧૬૩ :- કયા જીવના વ્રત-શીલને વ્યવહારનયથી મોક્ષમાર્ગ કહ્યો?**

ઉત્તર :- જેને (વીતરાગભાવ) અનુપચાર થયો છે - એવા જ્ઞાનીઓના વ્રત-શીલાદિને મોક્ષમાર્ગ કહ્યો છે. મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગીમુનિ વગેરેને વ્રત-શીલાદિ નથી કહ્યા.

**પ્રશ્ન-૧૬૪ :- વ્યવહારનયથી જ્ઞાનીના વ્રત-શીલાદિને મોક્ષમાર્ગ કહ્યો, ત્યારે વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો જોઈએ?**

ઉત્તર :- (૧) પરદ્રવ્યના નિમિત્તનો નાશ થવાની અપેક્ષાથી વ્રત-શીલ-સંયમાદિકને મોક્ષમાર્ગ કહ્યો, માટે તેને જ મોક્ષમાર્ગ ન માની લેવો. (૨) કેમકે પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ આત્માના હોય તો

આત્મા પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય; પણ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન નથી. (૩) માટે આત્મા, પોતાના ભાવ જે રાગાદિક છે; તેને છોડીને વીતરાગી થાય છે; માટે નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે. (૪) વીતરાગભાવ અને વ્રતાદિનું કદાચ કાર્યકારણપણું છે; (૫) માટે વ્રતાદિને મોક્ષમાર્ગ કહે તે કથનમાત્ર જ છે; (૬) પરમાર્થથી બાહ્યક્રિયા, મોક્ષમાર્ગ નથી - એવું જ શ્રદ્ધાન કરવું. આ પ્રકારે વ્યવહારનય અંગીકાર કરવાયોગ્ય નથી એમ જાણવું.

**પ્રશ્ન-૧૬૫ :- વ્યવહારનયથી જ્ઞાનીના વ્રત-શીલાદિને મોક્ષમાર્ગ કહ્યો, તથા નિશ્ચયનયથી વીતરાગભાવરૂપ શુદ્ધિ પ્રગટી, તેને જ મોક્ષમાર્ગ કહ્યો - એમાં શું રહસ્ય છે?**

**ઉત્તર** :- ખરેખર તો વીતરાગતા જ મોક્ષમાર્ગ છે; અસ્થિરતા સંબંધી રાગ; મોક્ષમાર્ગ નથી; બંધમાર્ગ છે. તેમાં ચરણાનુયોગના શાસ્ત્રનો અર્થ કરવાની વાત સમજાવી છે.

**પ્રશ્ન-૧૬૬ :- ચોથા ગુણસ્થાનની મિશ્રદશામાં નિમિત્ત-નૈમિત્તિકપણું શું છે?**

**ઉત્તર** :- શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય સમ્યગ્દર્શન તથા સ્વરૂપાચરણચારિત્ર **નૈમિત્તિક** છે; સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ તથા સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધા નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૬૭ :- ચોથા ગુણસ્થાનમાં અશુદ્ધિ અંશનો તથા શરીરની ક્રિયાનો; કોનો કોની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે?**

**ઉત્તર** :- સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ તથા સાત તત્ત્વોની ભેદરૂપ શ્રદ્ધા (અશુદ્ધિ અંશ), **નૈમિત્તિક** છે; ચારિત્રમોહનીય દ્રવ્યકર્મનો ઉદય, **નિમિત્ત** છે તથા હાથ જોડવા, શબ્દરૂપ વચન વગેરે શારીરિક ક્રિયા, **નૈમિત્તિક** છે; સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે



શુભરાગ નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૬૮ :- પાંચમા ગુણસ્થાનની મિશ્રદશામાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

**ઉત્તર** :- દેશચારિત્રરૂપ વીતરાગતા નૈમિત્તિક છે; બાર અણુવ્રતાદિનો રાગ, **નિમિત્ત** છે.

**પ્રશ્ન-૧૬૯ :- પાંચમા ગુણસ્થાનમાં અશુદ્ધિ અંશનો તથા અણુવ્રતાદિરૂપ શરીરની ક્રિયાનો; કોનો કોની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે?**

**ઉત્તર** :- બાર અણુવ્રતાદિનો રાગ (અશુદ્ધિ અંશ), **નૈમિત્તિક** છે; ચારિત્રમોહનીય દ્રવ્યકર્મનો ઉદય, **નિમિત્ત** છે તથા બાર અણુવ્રતાદિરૂપ શરીરની ક્રિયા, **નૈમિત્તિક** છે; બાર અણુવ્રતાદિનો શુભભાવ **નિમિત્ત** છે.

**પ્રશ્ન-૧૭૦ :- છઠ્ઠા ગુણસ્થાનની મિશ્રદશામાં નિમિત્ત-નૈમિત્તિકપણું શું છે?**

**ઉત્તર** :- સકળચારિત્રરૂપ શુદ્ધિ **નૈમિત્તિક** છે; અઠ્યાવીશ મૂળગુણાદિનો વિકલ્પ **નિમિત્ત** છે.

**પ્રશ્ન-૧૭૧ :- છઠ્ઠા ગુણસ્થાનમાં અશુદ્ધિ અંશનો તથા અઠ્યાવીશ મૂળણાદિરૂપ શરીરની ક્રિયાનો; કોનો કોની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે?**

**ઉત્તર** :- અઠ્યાવીશ મૂળગણાદિનો વિકલ્પ, **નૈમિત્તિક** છે; ચારિત્રમોહનીય દ્રવ્યકર્મનો ઉદય, **નિમિત્ત** છે તથા અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ શરીરની ક્રિયા, **નૈમિત્તિક** છે; ભાવલિંગી મુનિના અઠ્યાવીશ મૂળગુણ આદિના શુભભાવ **નિમિત્ત** છે.

**પ્રશ્ન-૧૭૨ :- ઉપરના નિમિત્ત-નૈમિત્તિક બતાવવા પાછળ શું રહસ્ય છે?**

ઉત્તર :- (૧) શરીર-મન-વાણી દ્રવ્યકર્મની ક્રિયાનો કર્તા સર્વથા પુદ્‌ગલદ્રવ્ય જ છે. આત્માનો પુદ્‌ગલની ક્રિયા સાથે સર્વથા સંબંધ નથી. (૨) પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને જે શુદ્ધિ પ્રગટી, તે જ મોક્ષમાર્ગ છે. (૩) જ્ઞાનીઓને જે ભૂમિકાનુસાર અસ્થિરતાનો રાગ થાય છે, તેને બંધનું કારણ દુઃખરૂપ જાણે છે. (૪) અસ્થિરતાનો ભાવ = ભાવ્ય અને દ્રવ્યકર્મનો ઉદય, ભાવક છે. જ્ઞાની તેનો તિરસ્કાર કરીને પોતામાં એકાગ્ર થઈને પરિપૂર્ણદશાને પામે તે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ જાણવાનું ફળ છે.

**પ્રશ્ન-૧૭૩ :- 'વીતરાગભાવો અને વ્રતાદિકનું કદાચિત્ કાર્ય-કારણપણું છે; માટે વ્રતાદિને મોક્ષમાર્ગ કહ્યા, એ તો કથનમાત્ર જ છે; પરમાર્થથી બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નથી-એમ જ શ્રદ્ધાન કરવું' આ વાક્યને મુનિદશામાં લગાવીને બતાવો?**

ઉત્તર :- સકળચારિત્રરૂપ મુનિદશા, નૈમિત્તિકકાર્ય તથા અઠ્યાવીશ મૂળગુણાદિના વિકલ્પ, નિમિત્તકારણ છે; માટે મૂળગુણાદિને મુનિપણું કહ્યું, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી અઠ્યાવીશ મૂળગુણાદિ મુનિપણું નથી - એવું જ શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૭૪ :- વીતરાગભાવોને અને વ્રતાદિને કદાચિત્ કાર્યકારણપણું છે, તેમાં 'કદાચિત્' શબ્દ શું સૂચવે છે?**

ઉત્તર :- ચોથા, પાંચમા ગુણસ્થાનમાં ગુણસ્થાન શબ્દ સવિકલ્પદશામાં 'કદાચિત્' લાગુ પડે છે. કેવળજ્ઞાનીને, અજ્ઞાનીને અને નિર્વિકલ્પદશામાં સાધકને 'કદાચિત્' શબ્દ લાગુ નથી પડતો

**પ્રશ્ન-૧૭૫ :- જ્યારે બહારની ક્રિયા મુનિપણું નથી તો નગ્નપણું વગેરે શરીરની ક્રિયાઓથી મુનિપણાની ઓળખાણ કેમ કરાવી છે?**

ઉત્તર :- આત્મા અરૂપી, આત્માના ગુણ અરૂપી અને આત્માનું



સકળચારિત્રરૂપ નિશ્ચય મુનિપણું/ શુદ્ધપર્યાય અરૂપી અને અઠ્યાવીશ મૂળગુણરૂપ નિશ્ચય મુનિપણું/ વ્યવહાર/ મુનિપણું/ અશુદ્ધપર્યાય પણ અરૂપી છે. હવે, તેનું જ્ઞાન કેમ કરાવી શકાય? (૧) ત્યારે ત્યાં નિશ્ચયની મુખ્યતા કરીને, ધર્મવિરોધી કાર્યોનો અભાવ હોવાથી, જે નગ્ન છે, પીચી-કમંડળ સિવાય કાંઈ ન રાખતા હોય, જંગલમાં રહેતા હોય, ઉદ્દેશિક આહાર ન લેતા હોય, તે મુનિ છે. - એમ કહ્યું. (૨) અહીંયાં એમ સમજવું કે વિતરાગભાવમય સકળચારિત્રરૂપ નિશ્ચય મુનિપણાનું અઠ્યાવીસ મૂળગુણરૂપ વ્યવહારમુનિપણામાં ઉપચાર કરીને; અને અઠ્યાવીશ મૂળગુણરૂપ વ્યવહારમુનિપણાની શરીરાદિની ક્રિયામાં ઉપચારનો ઉપચાર કરીને તેને મુનિ કહ્યા છે. (૩) અહીંયાં એમ જાણવું કે બહારની ક્રિયા તો હંમેશા પુદ્‌ગલની જ છે; તેનાથી મુનિપણાને સંબંધ નથી; (૪) પણ ભૂમિકાનુસાર અઠ્યાવીસ મૂળગુણાદિને વ્યવહારમુનિપણું કહ્યું, તે પણ કહેવામાત્ર મુનિપણું છે; ખરેખર તે મુનિપણું નથી. સાચું મુનિપણું તો સકળચારિત્ર શુદ્ધોપયોગરૂપ જ છે.

**પ્રશ્ન-૧૭૬ :- નિશ્ચય-વ્યવહારમોક્ષમાર્ગના સંબંધમાં જિનવાણીએ શું બતાવ્યું?**

ઉત્તર :- (૧) મહાવ્રતાદિ થતાં વીતરાગચારિત્ર થાય છે - - એવો સંબંધ જાણીને મહાવ્રતાદિમાં ચારિત્રનો ઉપચાર કર્યો છે; નિશ્ચયથી નિઃકષાયભાવ છે, તે જ સાચું ચારિત્ર છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૦)**

(૨) મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે; જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપિત કરવામાં આવે, તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, અને જે મોક્ષમાર્ગ નથી, પણ મોક્ષમાર્ગનું નિમિત્ત છે તે સહચારી છે, તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે તો

તે વ્યવહારમોક્ષમાર્ગ છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૮)**

(૩) વ્રત-તપ વગેરે મોક્ષમાર્ગ નથી; નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી વ્રતાદિને મોક્ષમાર્ગ કહે છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૦)**

(૪) નીચેની દશામાં કેટલાય જીવોને શુભોપયોગ અને શુદ્ધોપયોગનું મિશ્રપણું જોવા મળે છે; માટે ઉપચારથી વ્રતાદિક શુભોપયોગને મોક્ષમાર્ગ કહ્યો છે; વસ્તુનો વિચાર કરતાં શુભોપયોગ, મોક્ષનું ઘાતક જ છે કેમકે બંધનું કારણ, તે જ મોક્ષનું ઘાતક છે - એમ શ્રદ્ધાન કરવું **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૫)**

(૫) એકદેશ તેમજ સર્વદેશ વીતરાગતા થતાં એવી શ્રાવકદશા-મુનિદશા હોય છે કેમકે તેમાં નિમિત્ત-નૈમિત્તિકપણું જોવા મળે છે. - એમ જાણીને, શ્રાવક-મુનિધર્મની વિશેષ ઓળખાણ કરી, જેવો પોતાને વીતરાગીભાવ થયો છે, તેવો પોતાને યોગ્ય ધર્મને સાધે છે. ત્યાં જેટલા અંશે વીતરાગતા થાય છે, તેને કાર્યકારી જાણે છે; જેટલા અંશે રાગ રહે છે, તેને હેય જાણે છે; સંપૂર્ણ વીતરાગતાને પરમધર્મ માને છે - એવું ચરણાનુયોગનું પ્રયોજન છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૭૧)**

(૬) ધર્મ તો નિશ્ચયરૂપ મોક્ષમાર્ગ છે, તે જ છે; તેને સાધનાદિક ઉપચારથી ધર્મ છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૭૭)**

(૭) નિશ્ચયસ્વરૂપ, તે ભૂતાર્થ છે; વ્યવહારસ્વરૂપ છે, તે ઉપચાર છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૭૯)**

(૮) ચારિત્ર બે પ્રકારના છે — એક સરાગ છે, એક વીતરાગ છે. તે એમ જાણવા કે જે રાગ છે, તે ચારિત્રનું સ્વરૂપ નથી; ચારિત્રમાં દોષ છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૪)**

(૯) કોઈ વીતરાગભાવસ્વરૂપ તપને ન જાણે અને અનશન



વગેરે શુભભાવોને તપ જાણીને સંગ્રહ કરે તો સંસારમાં જ પરિભ્રમણ કરશે. ઘણું શું એટલું સમજી લેવું કે નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે, બીજા નાના વિશેષ, બાહ્ય સાધનની અપેક્ષા ઉપચારથી કરી છે, તેને વ્યવહારમાત્ર ધર્મ સંજ્ઞા જાણવી.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૩)**

માટે નિર્ણય કરવો જોઈએ કે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ તથા ફળ વિરૂદ્ધ જ છે.

## નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું નવ બોલો દ્વારા સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૧૭૭ :- 'બાર અણુવ્રતાદિ શ્રાવકપણું છે' — આ વાક્યમાં નિશ્ચય-વ્યવહારનું સ્પષ્ટીકરણ કરો?**

**ઉત્તર :-** બાર અણુવ્રતાદિ શ્રાવકપણું છે - એમ વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને અશત્યાર્થ માનીને, તેનું શ્રદ્ધાન છોડવું અને દેશચારિત્રરૂપ શુદ્ધિ શ્રાવકપણું છે - એવું નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને સત્યાર્થ માનીને, તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું, કેમકે ભગવાન અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસાર કળશ ૧૭૩માં કહ્યું છે કે જેટલા પણ પરાશ્રિતવ્યવહાર છે, તે બધા જિનેન્દ્રદેવોએ છોડાવ્યા છે અને નિશ્ચયને પ્રગટ કરીને નિજ મહિમામાં પ્રવર્તવાનો આદેશ આપ્યો છે.

**પ્રશ્ન-૧૭૮ :- નિશ્ચય-વ્યવહાર શ્રાવકપણાના વિષયમાં શ્રી મોક્ષપાહુડ, ગાથા ૩૧માં શું કહ્યું છે?**

**ઉત્તર :-** જે બાર અણુવ્રતાદિરૂપ શ્રાવકપણાની શ્રદ્ધા છોડીને, દેશચારિત્ર શ્રાવકપણારૂપ પોતાના સ્વભાવમાં જાગે છે, તે યોગી પોતાના કાર્યમાં જાગે છે તથા જે બાર અણુવ્રતાદિ શ્રાવકપણાથી લાભ માને છે, તે પોતાના કાર્યમાં સૂતો છે; માટે બાર અણુવ્રતાદિરૂપ

શ્રાવકપણાનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયનયરૂપ શ્રાવકપણાનું શ્રદ્ધાન કરવાયોગ્ય છે.

**પ્રશ્ન-૧૭૯ :- બાર અણુવ્રતાદિ વ્યવહારશ્રાવકપણાની શ્રદ્ધા છોડીને, નિશ્ચયનય દેશચારિત્રરૂપ શ્રાવકપણાનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

**ઉત્તર :- વ્યવહારનય** = સ્વદ્રવ્યના ભોવોને (વીતરાગ દેશચારિત્ર શ્રાવકપણાને), તથા પરદ્રવ્યના ભાવોને (બાર અણુવ્રતાદિ વિકલ્પરૂપ શ્રાવકપણાને) કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે, તો એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો તથા **નિશ્ચયનય** = સ્વદ્રવ્યના ભાવોનું (વીતરાગ દેશચારિત્રરૂપ શ્રાવકપણાનું) તથા પરદ્રવ્યના ભાવોરૂપ બાર અણુવ્રતાદિ વિકલ્પરૂપ શ્રાવકપણાનું કોઈનું કોઈમાં મિલાન કરીને નિરૂપણ નથી કરતા, જેમ છે તેમ નિરૂપણ કરે છે, તો એવા શ્રદ્ધાથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૮૦ :- આપ કહો છો કો બાર અણુવ્રતાદિરૂપ વ્યવહાર-શ્રાવકપણાના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરો અને વીતરાગ દેશચારિત્રરૂપ નિશ્ચયશ્રાવકપણાના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું. પણ જિનમાર્ગમાં તો બંને પ્રકારના શ્રાવકપણાને ગ્રહણ કરવાનું કહ્યું છે, તે કઈ રીતે?**

**ઉત્તર :-** જિનમાર્ગમાં ક્યાંક વીતરાગ દેશચારિત્રરૂપ શ્રાવકપણું છે — એવું નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે' — એમ જાણવું. તથા ક્યાંક બાર અણુવ્રતાદિ વિકલ્પરૂપ શ્રાવકપણું છે — એવું વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે તેને 'એમ છે નહિ; નિમિત્તાનદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે'—એમ



જાણવું. આ પ્રકારે વીતરાગ દેશચારિત્રરૂપ શ્રાવકપણું છે અને ૧૨ અણુવ્રતાદિ શ્રાવકપણું નથી - એમ જાણવું તેનું નામ જ નિશ્ચય-વ્યવહાર શ્રાવકપણાનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૧૮૧ :- કોઈ વિદ્વાન 'વીતરાગ દેશચારિત્ર પણ શ્રાવકપણું છે અને બાર અણુવ્રતાદિ વિકલ્પ પણ શ્રાવકપણું છે' એમ કહે છે - શું તે જૂઠું છે?**

**ઉત્તર :-** જૂઠું જ છે, કેમકે બંને શ્રાવકપણાના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે, આમ પણ છે' — આ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો નિશ્ચય-વ્યવહાર શ્રાવકપણારૂપ ગ્રહણ ન કરવું તેમ કહ્યું છે.

**પ્રશ્ન-૧૮૨ :- જો વ્યવહારશ્રાવકપણું અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો છે? એકમાત્ર વીતરાગદેશચારિત્રરૂપ નિશ્ચયશ્રાવકપણાનું જ નિરૂપણ કરવું હતું?**

**ઉત્તર :-** વ્યવહારશ્રાવકપણા વિના નિશ્ચયશ્રાવકપણાનો ઉપદેશ અશક્ય છે; માટે વ્યવહારશ્રાવકપણાનો ઉપદેશ છે. નિશ્ચય શ્રાવકપણાને અંગીકાર કરાવવા માટે વ્યવહારશ્રાવકપણા દ્વારા ઉપદેશ આપે છે; વ્યવહારશ્રાવકપણું છે, તેનો વિષય પણ છે, જાણવાયોગ્ય છે, પણ અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૮૩ :- વ્યવહારશ્રાવકપણા વિના, નિશ્ચયશ્રાવકપણાનો ઉપદેશ કેવી રીતે નથી?**

**ઉત્તર :-** નિશ્ચયથી વીતરાગ દેશચારિત્ર શ્રાવકપણું છે, તેને જે નથી ઓળખતો, તેને એમ જ કહેતા રહીએ તો તે સમજી નહિ શકે. ત્યારે તેમને તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક, પરદ્રવ્યનું નિમિત્ત મટવાની સાપેક્ષતા દ્વારા, વ્યવહારનયથી બાર અણુવ્રતાદિ ત્રાવકપણાને,

નિશ્ચયશ્રાવકપણાનું વિશેષ બતાવ્યું, ત્યારે તેને નિશ્ચયશ્રાવકપણાની ઓળખાણ થઈ. આ પ્રમાણે વ્યવહારશ્રાવકપણા વિના, નિશ્ચય શ્રાવકપણાનો ઉપદેશ ન હોય તેમ જાણવું.

**પ્રશ્ન-૧૮૪ :- બાર અણુવ્રતાદિ વિકલ્પરૂપ વ્યવહાર-શ્રાવકપણાને કેમ અંગીકાર ન કરવો જોઈએ?**

ઉત્તર :- (૧) પરદ્રવ્યનું નિમિત્ત નાશ થવાની અપેક્ષાએ બાર અણુવ્રતાદિને શ્રાવકપણું કહ્યું, પણ તેને શ્રાવકપણનું ન માની લેવું; (૨) કેમકે બાર અણુવ્રતાદિનો ગ્રહણ-ત્યાગ આત્માના હોય તો આત્મા પરદ્રવ્યનો (બાર અણુવ્રતાદિરૂપ શરીરની ક્રિયાનો) કર્તા-હર્તા થઈ જાય; પણ કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યને આધીન છે જ નહિ. (૩) માટે આત્મા, જે પોતાના બાર અણુવ્રતાદિ શુભભાવરૂપ શ્રાવકપણું છે, તેને છોડીને નિશ્ચય દેશચારિત્રરૂપ શ્રાવક હોય છે; માટે નિશ્ચયથી વિતરાગ દેશચારિત્રરૂપ જ શ્રાવકપણું છે. (૪) વીતરાગ દેશચારિત્રરૂપ શ્રાવકપણામાં અને શુભભાવરૂપ શ્રાવકપણામાં કદાચિત્ કાર્ય-કારણપણું છે. (૫) માટે બાર અણુવ્રતાદિ શુભભાવોને શ્રાવકપણું કહે, તે કથનમાત્ર જ છે. (૬) પરમાર્થથી બાર અણુવ્રતાદિ શુભભાવ, શ્રાવકપણું નથી - એવું જ શ્રદ્ધાન કરવું. તે પ્રકારે વ્યવહારનયને અંગીકાર કરવો - એમ જાણી લેવું.

**પ્રશ્ન-૧૮૫ :- જે બાર અણુવ્રતાદિક વિકલ્પરૂપ વ્યવહારશ્રાવકપણાને જ સાચું શ્રાવકપણું માને છે, તેને શાસ્ત્રોમાં કયા કયા નામોથી સંબોધન કર્યું છે.**

ઉત્તર :- જે વ્યવહારશ્રાવકપણાને જ શ્રાવકપણું માને છે, તેને (૧)શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં 'તસ્ય દેશના નાસ્તિ' કહ્યું છે. (૨) શ્રી નાટક સમયસારમાં 'મૂર્ખ' કહ્યો છે. (૩) શ્રી આત્માવલોકનમાં 'હરામજાદીપણું' કહ્યું છે. (૪) શ્રી સમયસાર કળશ ૫૫માં 'આ તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે.' એમ કહ્યું છે, (૫) શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫માં 'તે પગલે પગલે છેતરાય છે.' એમ કહ્યું છે. (૬) શ્રી સમયસારમાં 'તેનું ફળ સંસાર જ છે.' એમ કહ્યું છે. તે ક્રમથી ચારેય ગતિમાં ભટકતો થકો નિગોદમાં ચાલ્યો જાય છે.



**'ઉભયાભાસીની માન્યતા અનુસાર, નિશ્ચયથી સકલચારિત્રરૂપ મુનિપણાનું શ્રદ્ધાન રાખું છું અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણાની પ્રવૃત્તિ રાખું છું - આ વાક્ય પર નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું દસ પ્રશ્નોત્તર દ્વારા સ્પષ્ટીકરણ.'**

**પ્રશ્ન-૧૮૬ :- સકળચારિત્ર વીતરાગભાવ મુનિપણું છે - એવા નિશ્ચયમુનિપણાનું તો શ્રદ્ધાન રાખું છું અને અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ મુનિપણું છે, એવા વ્યવહારમુનિપણાની પ્રવૃત્તિ રાખું છું. પણ આપે અમારી માન્યતા પ્રમાણે નિશ્ચય-વ્યવહારમુનિપણાને મિથ્યા કહ્યા, તો અમે ક્યા પ્રકારે સમજીએ કે અમારું માનેલું નિશ્ચય-વ્યવહારમુનિપણું સત્યાર્થ કહેવાય?**

ઉત્તર :- ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ સકળચારિત્રરૂ વીતરાગભાવ મુનિપણું છે. - એવા નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને અઠ્યાવીસ મૂળગુણ આદિની પ્રવૃત્તિ મુનિપણું છે - એવા વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્રશ્ન-૧૮૭ :- અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ મુનિપણું છે --- એવા વ્યવહારમુનિપણાનો ત્યાગ કરવો અને સકળચારિત્રરૂપ વીતરાગભાવ મુનિપણું છે --- એવા**

**નિશ્ચયપણાને અંગીકાર કરવાનો આદેશ ક્યાંય ભગવાન અમૃતચંદ્રાચાર્યે આપ્યો છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, કળશ ૧૭૩ માં આદેશ આપ્યો છે કે મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગીની એવી માન્યતા છે કે - હું સકળચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચય મુનિપણાની શ્રદ્ધા રાખું છું અને અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાની પ્રવૃત્તિ કરું છું - આ તેનો મિથ્યા અધ્યવસાય છે અને એવા-એવા સમસ્ત અઠ્યાવીશ અધ્યવસાનો ને છોડવા, કેમકે મિથ્યાદષ્ટિને નિશ્ચય-વ્યવહારમુનિપણું કાંઈ હોતું જ નથી - એવું અનાદિથી જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું છે. પોતે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે - હું એમ માનું છુ કે, જ્ઞાનીઓ ભાવલિંગીને જે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ પરાશ્રિત વ્યવહારમુનિપણું હોય છે, તે બધું છોડાવ્યું છે. તો પછી સંતપુરુષ! એક પરમ ત્રિકાળી નિજ જ્ઞાયક નિશ્ચયના આશ્રયે જ સકળચારિત્ર વીતરાગભાવરૂપ મુનિપણાને અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનઘનરૂપ નિજ મહિમામાં સ્થિતિ કરીને કેવળજ્ઞાન કેમ પ્રગટ નથી કરતા! એમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન-૧૮૮ :- સકળચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાને અંગીકાર કરવા અને અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહાર-મુનિપણાના ત્યાગના વિષયમાં ભગવાન કુંદકુંદાચાર્યે શું કહ્યું છે?**

ઉત્તર :- શ્રી મોક્ષપ્રાભૃત, ગાથા ૩૧માં કહ્યું છે કે - 'જે અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાની શ્રદ્ધા છોડીને, સકળચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાની શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે. તથા જે અઠ્યાવીસ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાનમાં જાગે છે, તે પોતાના



આત્મકાર્યમાં સૂતા છે; માટે અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાની શ્રદ્ધા છોડીને, સકળચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાનું શ્રદ્ધાન કરવાયોગ્ય છે.

**પ્રશ્ન-૧૮૯ :- અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહાર મુનિપણાની શ્રદ્ધા છોડીને, સકળચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- **વ્યવહારનય** = સકળચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચય મુનિપણું - તે સ્વદ્રવ્યનો ભાવ; અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણું - તે પરદ્રવ્યના ભાવ. આ બંનેને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે. અઠ્યાવીસ મૂળગુણાદિની પ્રવૃત્તિ જ મુનિપણું છે - એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો અને **નિશ્ચયનય** = સકળચારિત્ર વીતરાગભાવ નિશ્ચય-મુનિપણું સ્વદ્રવ્યના ભાવો તથા અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ પરદ્રવ્યના ભાવોને યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી; માટે સકળચારિત્ર વીતરાગ જ મુનિપણું છે - એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું જોઈએ.

**પ્રશ્ન-૧૯૦ :- આપ કહો છો કે અઠ્યાવીસ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણાના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો અને સકળચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું - પણ જિનમાર્ગમાં નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાને ગ્રહણ કરવાનું કહ્યું છે, તેનું શું કારણ છે?**

ઉત્તર :- જિનમાર્ગમાં ક્યાંક સકળચારિત્રરૂપ વીતરાગભાવ જ મુનિપણું છે — એવું નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે,

તેને તો 'સત્યાર્થ એમ જ છે' — એમ જાણવું તથા ક્યાંક અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ મુનિપણું છે — એવું વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે તેને 'એમ છે નહિ; નિમિત્તાનદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે'—એમ જાણવું. આ પ્રકારે અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ મુનિપણું નથી; સકળચારિત્રરૂપ વીતરાગભાવ જ મુનિપણું છે - - એમ જાણવાનું નામ જ નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૧૯૧ :- કોઈ મનીષી એમ કહે છે કે અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ પણ મુનિપણું છે અને સકળચારિત્રરૂપ વીતરાગભાવ પણ મુનિપણું છે. — આ પ્રકારે નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાને ગ્રહણ કરવો જોઈએ. શું તે મહાનુભાવોનું એમ કહેવું ખોટું છે?**

ઉત્તર :- હા, બિલકુલ જૂઠું છે, કેમકે તે મહાનુભાવોને જિનેન્દ્રભગવાની આજ્ઞાની ખબર નથી. નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'સકલચારિત્ર વીતરાગભાવ પણ મુનિપણું છે અને અઠ્યાવીશ મૂલગુણાદિની પ્રવૃત્તિ પણ મુનિપણું છે' — એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને મુનિપણાને ગ્રહણ કરવાનું જિનવાણીમાં કહ્યું નથી.

**પ્રશ્ન-૧૯૨ :- અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણું અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો? સકલચારિત્રરૂપ વીતરાગભાવ જ મુનિપણું છે — એકમાત્ર એવા નિશ્ચયમુનિપણાનું જ નિરૂપણ કરવાનું હતું?**

ઉત્તર :- એવો જ તર્ક સમયસારમાં કર્યો છે. ત્યાં ઉત્તર એમ આપ્યો છે કે જે પ્રમાણે મ્લેચ્છને મ્લેચ્છભાષા વિના અર્થ ગ્રહણ



કરાવવામાં કોઈ સમર્થ નથી; તે પ્રકારે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણા વિના, સકલચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાનો ઉપદેશ અશક્ય છે; માટે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાનો ઉપદેશ છે. આ પ્રમાણે સકલચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાનું જ્ઞાન કરાવવા માટે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાનો ઉપદેશ દે છે. વ્યવહારમુનિપણું છે, તેનો વિષય પણ છે પણ અઠ્યાવીસ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ મુનિપણું છે — એવું વ્યવહારમુનિપણું અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન-૧૯૩ :- અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિરૂપ વ્યવહામુનિપણા વિના સકલચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાનો ઉપદેશ કેમ નથી હોતો?**

ઉત્તર :- નિશ્ચયથી સકલચારિત્રરૂપ વીતરાગભાવ જ મુનિપણું છે. તેને જે નથી ઓળખતા, તેને એમ જ કહેતા રહે કે તો તે સમજી નથી શક્યા. ત્યારે તેને જેને સકલચારિત્ર વીતરાગભાવ પ્રગટ થયો છે — તે તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક, અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણામાં ધર્મવિરોધી કાર્ય મટવાની અપેક્ષા દ્વારા વ્યવહારનયથી અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિને સકલચારિત્રરૂપ વીતરાગભાવના વિશેષ બતાવ્યા, ત્યારે તેને સકલચારિત્રરૂપ વીતરાગભાવ નિશ્ચયમુનિપણાની ઓળખાણ થઈ. એ પ્રકારે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણા વિના, સકલચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાનો ઉપદેશ ન હોઈ શકે તેમ જાણવું.

**પ્રશ્ન-૧૯૪ :- અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાને કેવી રીતે અંગીકાર ન કરવો જોઈએ?**

ઉત્તર :- (૧) અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ

વ્યવહારમુનિપણામાં ધર્મવિરોધી કાર્ય મટવાની અપેક્ષા દ્વારા, તે પ્રવૃત્તિને મુનિપણું કહ્યું, માટે તેને જ મુનિપણું ન માની લેવું, (૨) કેમકે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ શરીરની ક્રિયાનો ગ્રહણ-ત્યાગ જો આત્માના હોય તો આત્મા, પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય, પણ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન નથી; (૩) માટે આત્મા પોતાનો ભાવ જે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ રાગાદિ છે, તેને છોડીને સકલચારિત્રરૂપ વીતરાગભાવરૂપ થાય છે; માટે નિશ્ચયથી સકલચારિત્રરૂપ વીતરાગભાવ જ મુનિપણું છે. (૪) સકલચારિત્રરૂપ વીતરાગભાવો અને અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિમાં સાધક જીવની સકવિકલ્પદશામાં કાર્યકારણપણું છે; માટે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિને મુનિપણું કહ્યું, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ બાહ્યક્રિયા, મુનિપણું નથી - એવું જ શ્રદ્ધાન કરવું; આ પ્રકારે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિ (વ્યવહારમુનિપણું) અંગીકાર કરવાયોગ્ય નથી - તેમ જાણવું.

**પ્રશ્ન-૧૯૫ :- અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિ મુનિપણું છે - એવા કથનને જ જે સાચુ માને છે, તેને જિનવાણીમાં કયા કયા નામથી સંબોધન કર્યું છે?**

**ઉત્તર :-** (૧) અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિરૂપ મુનિપણું છે - એવા કથનને જ જે સાચું માની લે છે તેને (૧) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય શ્લોક ૬માં કહ્યું છે કે ‘તસ્ય દેશના નાસ્તિ’ (૨) શ્રી સમયસાર કળશ ૫૫માં કહ્યું છે કે - ‘આ તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે.’ (૩) શ્રી પ્રવચનસાર, ગાથા ૫૫માં કહ્યું કે ‘તે પગલે પગલે છેતરાય છે.’ (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે ‘આ તેનું હરામજાદીપણું છે.’



## વ્યવહારનય, કાર્યકારી ક્યારે અને ક્યારે નહિ?

**પ્રશ્ન-૧૯૬ :- વ્યવહારનય, અકાર્યકારી ક્યારે અને કેવી રીતે છે?**

**ઉત્તર :-** મનુષ્યજીવ - એમ કહેતા જીવને ન સમજે અને મનુષ્યશરીરને જ જીવ માની લે, તો મિથ્યાશ્રદ્ધા દૃઢ થઈ જાય છે.

(૨) ગુણ-ગુણીના ભેદથી અભેદને સમજાવ્યું તો ભેદમાં જ રોકાઈ જાય; અભેદનું લક્ષ ન કરે, તો મિથ્યાશ્રદ્ધા દૃઢ થઈ જાય છે. આ પ્રકારે જાણે-માને તો વ્યવહારનય અનર્થકારી થઈ જાય.

(૩) વ્રતાદિને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો, ત્યાં રાગને જ મોક્ષમાર્ગ માની લે અને વીતરાગભાવને ન ઓળખે તો મિથ્યાશ્રદ્ધા દૃઢ થઈ જાય છે.

**પ્રશ્ન-૧૯૭ :- વ્યવહારનય, કાર્યકારી ક્યારે અને કઈ રીતે કહી શકાય?**

**ઉત્તર :-** (૧) મનુષ્યજીવ કહેતા જ દેહથી ભિન્ન, હું જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છું - એવું લક્ષ કરે, (૨) આત્મા જ્ઞાનવાળો, દર્શનવાળો - એમ સાંભળી ભેદનું લક્ષ છોડીને, અભેદ આત્મા પર દૃષ્ટિ દે. (૩) દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે - એમ સાંભળીને ‘આ સમ્યગ્દર્શન નથી; શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય જ સમ્યગ્દર્શન છે.’ - આ પ્રકારે જાણે-માને તો વ્યવહારનય કાર્યકારી કહી શકાય છે.

**પ્રશ્ન-૧૯૮ :- નીચલી દશામાં પોતાને પણ વ્યવહારનય કાર્યકારી ક્યારે કહી શકાય?**

**ઉત્તર :-** વ્યવહારનો આશ્રય બંધરૂપ હોવાથી હેય છે - એમ જાણીને, પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને, ધર્મની પ્રાપ્તિ-

વૃદ્ધિ કરે તો વ્યવહારનય કાર્યકારી છે — એમ બોલવામાં આવે છે.

**પ્રશ્ન-૧૯૯ :- મુનિરાજ, કેવા અજ્ઞાનીને વ્યવહારનયનો જે અસત્યાર્થ છે, ઉપદેશ દે છે?**

ઉત્તર :- (૧) અજ્ઞાની કહેતા જ —જ્ઞાની નથી, ઝઘડો કરનાર નથી, (૨) પણ જેમ મુનિરાજ કહે છે, તેવા જ તેમ ચોવીસ કલાક વિચાર-મંથન કરે છે, (૩) ખરેખર નિશ્ચયમોક્ષમાર્ગ સાચો છે અને વ્યવહાર એઠલે કે શુભભાવ, મોક્ષમાર્ગ નથી, પણ ઉપચારથી કથન છે - એમ બરાબર જાણી, માત્ર એકની જ સત્તા માની સ્વચ્છંદ નથી થતું, પણ તેને સ્વરૂપ અનુસાર યથાયોગ્ય બંનેની સત્તા અનુસાર માને છે, એવા અજ્ઞાનીને સમજાવવા માટે મુનિરાજ વ્યવહારનયનો કે જે અસત્યાર્થ છે, તેનો ઉપદેશ દે છે.

**પ્રશ્ન-૨૦૦ :- મુનિરાજ, કેવા અજ્ઞાનીને વ્યવહારયનો, કે જે અસત્યાર્થ છે, ઉપદેશ દે છે - જરા સ્પષ્ટતાથી સમજાવો?**

ઉત્તર :- (૧) કાર્ય તો નિશ્ચયકારણ ઉપાદાનથી જ માને છે અને વ્યવહારકારણ નિમિત્તને પણ માને છે. (૨) ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ ધર્મની પ્રાપ્તિ-વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે; પરના વિકારના આશ્રયે નથી થતી. (૩) જીવ-પુદ્‌ગલનું રોકાવું, ચાલવું, અવગાહન અને પરિણમનરૂપ કાર્ય તો સ્વતંત્ર ઉપાદાન, યોગ્યતાથી માને છે એન અધર્મ-ધર્મ-આકાશ અને કાળને ઉપચાર કારણ માને છે. (૪) જ્ઞાન જાણે છે તો સ્વકાળની યોગ્યતાથી અને જ્ઞેય તો ઉપચારમાત્ર નિમિત્તકારણ છે. (૫) અજ્ઞાનદશામાં રાગનો કર્તા તો અશુદ્ધનિશ્ચયનયથી આત્માને માને છે અને દ્રવ્યકર્મને ઉપચાર નિમિત્તકારણ માને છે; આ પ્રકારે જે માને છે - એવા અજ્ઞાનીને જ્ઞાની બનાવવા માટે મુનિરાજ, વ્યવહારનો ઉપદેશ



આપે છે.

**પ્રશ્ન-૨૦૧ :- મુનિરાજ કેવા અજ્ઞાનીને ઉપદેશ દેવાને યોગ્ય નથી સમજતા?**

ઉત્તર :- જે નિશ્ચયને તો બિલકુલ જાણતો જ નથી અને જ્ઞાનીઓની વાત સાંભળતા જ ઝઘડો કરવા તૈયાર હોય છે; જે સર્વથા એકાંત કથનને જ સાચું માને છે; એવા સર્વથા નિશ્ચયપક્ષવાળાને અને સર્વથા વ્યવહારપક્ષવાળાને મુનિરાજ ઉપદેશ દેવાને યોગ્ય નથી સમજતા.

**પ્રશ્ન-૨૦૨ :- મુનિરાજ કેવા અજ્ઞાનીને ઉપદેશ દેવાને યોગ્ય નથી સમજતા - જરા સ્પષ્ટ કરો?**

ઉત્તર :- (૧) શ્રી સમયસારમાં ભૂતાર્થવસ્તુને પકડાવવા માટે ચાર પ્રકારના ભેદરૂપ અભૂતાર્થવસ્તુનું નિરૂપણ કર્યું છે, પણ જે અભૂતાર્થવસ્તુને જ ભૂતાર્થ માની લે છે; મોક્ષશાસ્ત્રમાં **'गतिस्थित्युयग्रहौधर्माधर्मयोरूपकारः'** આવ્યું છે — ત્યાં માત્ર એટલું બતાવવું છે કે જ્યારે જીવ-પુદ્‌ગલ સ્વયં પોતાની યોગ્યતાથી ચાલે છે તો ધર્મદ્રવ્ય નિમિત્ત હોય છે અને જ્યારે સ્વયં પોતાની યોગ્યતાથી રોકાય છે તો અધર્મદ્રવ્ય નિમિત્ત હોય છે પણ જે આ વ્યવહારકારણને જ નિશ્ચયકારણ માનીને, ધર્મદ્રવ્ય, જીવ-પુદ્‌ગલને ચલાવે છે અને અધર્મદ્રવ્ય, જીવ-પુદ્‌ગલને રોકે છે - એમ માને છે. (૩) મોક્ષશાસ્ત્રમાં **'सुख-दुःख जीवितमरणोपग्रहाश्च'** તથા **'परस्परोपग्रहो जीवानाम्'** સૂત્ર આવ્યા છે, તે બધા નિમિત્તમાત્રના કથન છે પણ જે એ નિમિત્તના કથનોને જ સાચું માની લે છે; શ્રી પ્રવચનસારમાં આવ્યું છે કે જ્ઞેય પોતાનું સ્વરૂપ, જ્ઞાનને સોંપી દે છે; જ્ઞાન તેને પકડી લે છે, તે બધા ઉપચારથી કથન છે પણ તેને સાચું માની લે છે; જીવે કર્મોને બાંધ્યા - વગેરે કરણાનુયોગના

કથન નિમિત્તની અપેક્ષાએ કર્યા છે પણ જે તે કથનનો જ સાચા માની લે છે - તે શિષ્ય, ઉપદેશને યોગ્ય નથી; માટે મુનિરાજ એવા શિષ્યને ઉપદેશને યોગ્ય નથી સમજતા.

**પ્રશ્ન-૨૦૩ :- કેવી કેવી માન્યતાવાળા જીવ, જિનવાણી અને ગુરુની દેશનાને લાયક નથી - સીધા સીધા શબ્દોમાં કહો?**

**ઉત્તર :-** (૧) પરમાર્થનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનું કથન છે, તેના બદલે વ્યવહારના અવલંબનતી જ લાભ માની લે; (૨) વચનગુપ્તિ રાખવી જોઈએ - એમ ગુરુએ કહ્યું, તેના બદલે કહે આપ શું કામ બોલો છો? (૩) પહેલા વ્યવહાર હોય તો લાભ થાય; (૪) વ્યવહાર કરતા કરતા નિશ્ચય પ્રગટશે; (૫) ભેદને અભેદ માની લે, (૬) દેવ-ગુરુ-શાસ્ત્રના શ્રદ્ધાનને જ સમ્યગ્દર્શન માની લે; (૭) બાર અણુવ્રતાદિને જ શ્રાવકપણું માની લે; (૮) અઠ્યાવીશ મૂળગુણાદિને જ મુનિપણું માની લે; (૯) નિમિત્તથી જ ઉપાદાનમાં કાર્ય થવાનું માની લે; (૧૦) માત્ર ત્રિકાળી સ્વભાવને જ માને, પર્યાયને ન માને; (૧૧) માત્ર પર્યાયને જ માને, ત્રિકાળી સ્વભાવને ન માને; (૧૨) શરીરની ક્રિયા હું કરું છું, તે મારું કાર્ય છે - એમ માની લે; (૧૩) આસ્રવ-બંધને સંવર-નિર્જરા માની લે; (૧૪) જીવને અજીવ માને; (૧૫) અજીવને જીવ માની લે - તે જીવ જિનવાણી અને ગુરુની દેશનાને લાયક નથી.

**પ્રશ્ન-૨૦૪ :- વ્યવહારના કથનને જ સાચું માનવાવાળાને જિનવાણીમાં કયા કયા નામોથી સંબોધિત કર્યા છે?**

**ઉત્તર :-** (૧) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે કે 'તસ્ય દેશના નાસ્તિ'. (૨) શ્રી નાટકસમયસારમાં કહ્યું છે. 'મૂર્ખ'. (૩) શ્રી આત્માવલોકનમાં 'એ તેનું હરામજાદીપણું' છે. (૪) શ્રી સમયસાર કળશ ૫૫માં કહ્યું છે કે - 'આ તેનો અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું સુલટવું દુર્નિવાર છે.' (૫) શ્રી પ્રવચનસારમાં 'તે પગલે પગલે છેતરાય છે.' એમ કહ્યું છે. (૬) શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં 'તેના બધા ધર્મના અંગ મિથ્યાત્વભાવને પ્રાપ્ત થાય છે.' (૭) શ્રી સમયસાર, ગાથા ૧૧ના ભાવાર્થમાં 'તેનું ફળ સંસાર છે.' (૮) શ્રી મોક્ષમાર્ગપ્રકાશક નવમાં અધિકારમાં 'આ અનીતિ છે' વગેરે કહ્યું છે.



તાત્પર્ય એમ છે કે ચારેય અનુયોગમાં વ્યવહારના કથનને સાચું કથન માનનારાને ચારેય ગતિમાં ભટકીને નિગોદમાં જનારા બતાવ્યા છે. કેમકે વ્યવહાર, નિશ્ચયના પ્રતિપાદક છે, તેના બદલે તેને સાચું માની લે છે, તે સમ્યક્ત્વથી રહિત પુરુષોનો વ્યવહાર છે.

**પ્રશ્ન-૨૦૫ :- (૧) કોઈ નિર્વિચારી પુરુષ કહે કે - તમે વ્યવહારને અસત્યાર્થ-હેય કહો છો અમે વ્રત, શીલ, સંયમાદિ વ્યવહાર શા માટે કરીએ? અમે વ્રત, શીલ, સંયમાદિને છોડી દઈએ, તે પ્રશ્નનું પંડિતજીએ શું સમાધાન આપ્યું છે?**

**ઉત્તર :-** (૧) વ્રત, શીલ, સંયમ આદિનું નામ વ્યવહાર નથી. તે તો શુભભાવરૂપ પ્રવૃત્તિ છે અને પ્રવૃત્તિમાં વ્યવહારનું પ્રયોજન જ નથી પણ જેને પોતાના સ્વભાવના આશ્રયથી એકદેશ શુદ્ધદશા પ્રગટ થઈ છે, તેના વ્રત, શીલ, સંયમાદિમાં મોક્ષમાર્ગને ઉપચાર કહેવો, તે વ્યવહાર છે; માટે વ્રત, શીલ, સંયમાદિ, મોક્ષમાર્ગ છે- એ માન્યતા છોડી દે. વ્રત, શીલ, સંયમ આદિ મોક્ષમાર્ગ નથી - એવું શ્રદ્ધાન કર. તેને તો બાહ્ય સહકારી જાણીને, ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, તે તો પરદ્રવ્યાશ્રિત છે; તથા સાચો મોક્ષમાર્ગ, વીતરાગભાવ છે તે સ્વદ્રવ્યાશ્રિત છે. એ પ્રકારે વ્યવહારને અસત્યાર્થ- હેય જાણવું. (૨) વ્રતાદિક છોડવાથી તો વ્યવહારનું હેયપણું નથી. પંડિતજી પૂછે છે :- વ્રતાદિ છોડીને શું કરશે? જો હિંસાદિરૂપ પ્રવર્તશે

તો ત્યાં મોક્ષમાર્ગનો ઉપચાર પણ સંભવ નથી. અશુભમાં પ્રવર્તવાથી શું ભલું થશે? નરકને પામશે. માટે શુભભાવોને છોડીને અશુભમાં પ્રવર્તન કરવું, નિર્વિચારીપણું છે. વ્રતાદિરૂપ પરિણતિનો નાશ કરીને માત્ર વીતરાગ ઉદાસીનભાવરૂપ થવું બને તો ઠીક જ છે, તે નીચેની દશામાં થઈ ન શકે; માત્ર વ્રતાદિ સાધન છોડીને સ્વચ્છંદ થવું યોગ્ય નથી. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૫૩)**

**પ્રશ્ન-૨૦૬ :- વ્યવહારને અસત્યાર્થ હેય જાણવું - એ વાત શાસ્ત્રોમાં બીજે પણ કહી છે?**

**ઉત્તર :-** (૧) શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૨૬માં કહ્યું છે કે અહિંસાદિવત્ સત્યાદિ તો પુણ્યબંધનું કારણ છે અને હિંસાવત્ અસત્યાદિક પાપબંધનું કારણ છે. તે બધા મિથ્યાઅધ્યવસાય છે, અને તે ત્યાજ્ય છે; માટે હિંસાદિવત્ અહિંસાદિકને પણ બંધનું કારણ જાણીને હેય જ માનવું. (૨) શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૦માં કહે છે - કેમ કે દરેક હિંસાદિ અને અહિંસાદિમાં અધ્યવસાય છે, માટે બધાને છોડવા - એવું જિનદેવોએ કહ્યું છે.

**પ્રશ્ન-૨૦૭ :- વ્રતાદિરૂપ પરિણતિનો નાશ કરીને, માત્ર વીતરાગ ઉદાસીનભાવરૂપ થાય તો સારું જ છે, તે નીચેની દશામાં ન હોઈ શકે. તેનો અર્થ સ્પષ્ટ કરો?**

**ઉત્તર :-** માત્ર વીતરાગતા તો બારમા ગુણસ્થાને છે. વ્રતાદિરૂપ પરિણતિને મિટાડી બારમા ગુણસ્થાનમાં થાય તો જ ઠીક છે. તે નીચલી દશામાં (એટલે કે ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાને તથા અબુદ્ધિપૂર્વકનો રાગ દસમા સુધીની દશામાં) હોઈ શકે નહિ.

**પ્રશ્ન-૨૦૮ :- ઉદાસીનભાવનો શું અર્થ છે?**

**ઉત્તર :-** વીતરાગભાવરૂપ શુદ્ધદશાનું નામ ઉદાસીનભાવ છે.

'ઉદાસીન થઈને નિશ્ચલવૃત્તિને ધારણ કરે છે.'



**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૩)**

સાચી ઉદાસીનતાનો અર્થ, યથાર્થ અનિત્યત્વાદિકનું ચિંતન કરવું તે સાચી અનુપ્રેક્ષા છે; સકલ કષાયરહિત જે ઉદાસીનભાવ છે, તેનું નામ જ ચારિત્ર છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૨૯)**

સાચી ઉદાસીનતાતો એનું નામ છે કે કોઈ દ્રવ્યનો દોષ કે ગુણ ભાસતો ન હોય.. સ્વને સ્વ જાણે, પરને પર જાણે; પરમાં મારું કાંઈ પ્રયોજન નથી - એમ માનીને, સાક્ષીભૂત રહે, તેવી ઉદાસીનતા જ્ઞાનીને હોય છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૪૪)**

ઉદાસીનતાનો અર્થ જ્ઞાતા-દૃષ્ટામાત્ર; જ્ઞાનભવનમાત્ર; સહજ ઉદાસીન કહી છે. **(શ્રી સમયસાર, કર્તા-કર્મ અધિકાર)**

**પ્રશ્ન-૨૦૯ :- શાસ્ત્રોમાં જ્યાં શુભભાવનો નિષેધ કર્યો હોય અને જ્યાં શુભભાવને સારો કહ્યો હોય, ત્યાં શું જાણવું જોઈએ?**

**ઉત્તર :-** જ્યાં શાસ્ત્રમાં શુભભાવનો નિષેધ કર્યો છે, ત્યાં શુદ્ધમાં જવા માટે જાણવું જોઈએ. જ્યાં શુભભાવને સારો કહ્યો હોય, તેને અશુભની અપેક્ષા એ જાણવું તથા શુભ-અશુભભાવ બંને બંધનું કારણ અને દુઃખરૂપ છે - એમ જાણવું જોઈએ.

આત્માનુભવનાદિમાં લગાવવાને વ્રત-શીલ-સંયમાદિનું હીનપણું પ્રગટ કરે છે. ત્યાં એમ ન જાણી લેવું કે તેને છોડીને પાપ લાગવું, કેમકે તે ઉપદેશનું પ્રયોજન અશુભમાં લગાવવું નહિ. શુદ્ધોપયોગમાં લગાવાને શુભોપયોગનો નિષેધ કરે છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૮૪)**

'પુણ્ય-પાપનું શ્રદ્ધાન હોવાથી, પુણ્યને મોક્ષમાર્ગ ન માને અને સ્વચ્છંદી થઈને પાપરૂપ ન પ્રવર્તે.'

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૩૧૯)**

કોઈ શુભક્રિયાની જ્યાં નિંદા કરી હોય, ત્યાં તો તેને ઊંચી શુભક્રિયા કે શુદ્ધભાવની અપેક્ષાએ જાણવું અને જ્યાં પ્રશંસા કરી હોય ત્યાં તેથી નીચી ક્રિયા તેમજ અશુભક્રિયાની અપેક્ષાએ જાણવું.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૯૬)**

વ્યવહારધર્મની પ્રવૃત્તિથી પુણ્યબંધ થાય છે; માટે પાપપ્રવૃત્તિની અપેક્ષાએ તો નિષેધ છે નહિ; પરંતુ જે જીવ, વ્યવહારપ્રવૃત્તિથી જ સંતુષ્ટ થઈને, સાચા મોક્ષમાર્ગનો ઉદ્યમી નથી થતો, તેને મોક્ષમાર્ગમાં સન્મુખ કરવા માટે તે શુભરૂપ મિથ્યાપ્રવૃત્તિનો પણ નિષેધ કરે છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૧૩)**

જેમ રાગ તો થોડો કે વધારે, ખરાબ જ છે પણ ઘણા રાગની અપેક્ષાએ થોડાને ભલો જ કહે છે. માટે શુદ્ધોપયોગ ન હોય ત્યારે અશુભથી છૂટીને, શુભમાં પ્રવર્તવું યોગ્ય છે, શુભને છોડીને, અશુભથી પ્રવર્તવું યોગ્ય નથી. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૦૫)**

**ઉભયાભાસીની નિશ્ચય-વ્યવહાર સંબંધીની ભૂલ**

**પ્રશ્ન-૨૧૦ :- ઉભયાભાસી નિશ્ચય-વ્યવહાર કોને માને છે?**

**ઉત્તર :-** વર્તમાન પર્યાયમાં જ આત્મા, નિશ્ચયથી સિદ્ધસમાન શુદ્ધ, કેવળજ્ઞાનાદિ સહિત, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી રહિત છે અને વર્તમાન પર્યાયમાં જ વ્યવહારનયથી સંસારી, મતિજ્ઞાનાદિ સહિત તથા દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ સહિત છે - એમ માને છે.

**પ્રશ્ન-૨૧૧ :- શું ઉભયાભાસીનો એવો નિશ્ચય-વ્યવહાર માનવો ઠીક છે?**

**ઉત્તર :-** ઠીક નથી; કેમકે એક આત્માનું એક જ સમયમાં એવા બે સ્વરૂપ વર્તમાન પર્યાયમાં હોય જ ન શકે. પર્યાયમાં જ સિદ્ધપણું અને પર્યાયમાં જ સંસારીપણું; પર્યાયમાં જ કેવળજ્ઞાનાદિ અને પર્યાયમાં જ મતિજ્ઞાનાદિ, એક આત્મામાં એક સાથે ન હોઈ શકે. જે ભાવનું સહિતપણું, તે ભાવનું જ રહિતપણું એક વસ્તુમાં કેમ સંભવે? — માટે ઉભયાભાસીનું એમ માનવું ભ્રમ છે.



**પ્રશ્ન-૨૧૨ :- સાચો નિશ્ચય-વ્યવહાર કયા પ્રકારે છે?**

**ઉત્તર :-** (૧) સિદ્ધ અને સંસારી, જીવત્વપણાની અપેક્ષાએ સમાન છે; પર્યાય અપેક્ષાએ સિદ્ધને પર્યાયમાં સિદ્ધપણું પ્રગટે છે અને સંસારીને પર્યાય અપેક્ષાએ સંસાર છે. (૨) સંસારીની પર્યાયમાં નિશ્ચયથી મતિજ્ઞાનાદિ છે અને સિદ્ધની પર્યાયમાં નિશ્ચયથી કેવળજ્ઞાનાદિ છે, પણ સંસારીમાં કેવળજ્ઞાનાદિની સ્વભાવ અપેક્ષાએ શક્તિ છે. (૩) દ્રવ્યકર્મ-નોકર્મ, પુદ્ગલથી ઉત્પન્ન થયા છે; માટે નિશ્ચયથી સંસારીને પણ તેનું ભિન્નપણું છે, પણ સિદ્ધની જેમ તેનું કાર્ય-કારણ અપેક્ષાએ સંબંધ પણ ન માને તો ભ્રમ જ છે. (૪) રાગાદિ ભાવકર્મ દોષ પોતાનો છે, પરે નથી કરાવ્યો; માટે ભાવકર્મ, નિશ્ચયથી આત્માનો કહ્યો છે. સિદ્ધિની જેમ સંસારીના પણ રાગાદિક ન માનવા અથવા તેને કર્મના જ માનવા, તે પણ ભ્રમ છે.

**પ્રશ્ન-૨૧૩ :- સંસારીના દ્રવ્યકર્મ-નોકર્મનું કારણ-કાર્યની અપેક્ષાએ સંબંધ કયા પ્રકારે છે, સમજાવો?**

**ઉત્તર :-** સંસારીએ ઈચ્છા કરી તો હાથ ઉઠ્યો; તેમાં હાથ ઉઠ્યો, નૈમિત્તિક અને જીવની ઈચ્છા નિમિત્ત છે. જીવે વિકાર કર્યો તો કર્મ બંધાણુ, તેમાં કર્મ બંધાણું તે નૈમિત્તિક અને જીવે વિકાર કર્યો તે નિમિત્ત, બાઈએ રોટલી બનાવી તેમાં રોટલી બની તે નૈમિત્તિક અને બાઈનો રાગ તે નિમિત્ત છે; આ પ્રમાણે સંસારીના દ્રવ્યકર્મ-નોકર્મના કાર્ય-કારણ સંબંધ છે - પણ સિદ્ધની સાથે આવો કાર્ય-કારણ સંબંધ પણ નથી- એમ જાણવું.

**પ્રશ્ન-૨૧૪ :- સંસારીના નિશ્ચયથી મતિજ્ઞાનાદિક જ છે — તેમાં મતિજ્ઞાનાદિકની માટે ‘નિશ્ચય’ કેમ લગાવ્યો?**

ઉત્તર :- ‘ઉભયાભાસીએ કહ્યું હતું કે ‘પર્યાયમાં નિશ્ચયથી સિદ્ધ-સમાન અને પર્યાયમાં વ્યવહારથી મતિજ્ઞાનાદિક સહિત છું’ તેની વાત મિથ્યા છે - તે બતાવવા માટે મતિજ્ઞાનાદિકને માટે ‘નિશ્ચય’ લગાવ્યો છે.

**પ્રશ્ન-૨૧૫ :- ‘આત્મા તો જેવો છે, તેવો છે’ - તેનો શું અર્થ છે?**

ઉત્તર :- નિશ્ચયથી આત્મા ત્રિકાળી શુદ્ધ છે, આત્મામાં સિદ્ધ અને કેવળજ્ઞાનાદિકની શક્તિ છે. પર્યાયમાં સાધક જ્ઞાનીઓને શુદ્ધિ અને અશુદ્ધિ બંને છે. સિદ્ધને પર્યાયમાં સંપૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ છે. જ્ઞાની, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની અપેક્ષાએ જેવો-જેવો છે, તેવું-તેવું માને છે, જાણે છે; માટે ‘આત્મા તો જેવો છે, તેવો જ છે’ - એમ કહ્યું છે.

**પ્રશ્ન-૨૧૬ :- કથનમાં ઝઘડો કેમ થાય છે?**

ઉત્તર :- (૧) જ્યાં શ્રદ્ધાની અપેક્ષાએ કથન હોય તેને જ્ઞાન અથવા ચારિત્રની અપેક્ષાએ સમજવા તેમજ માનવાથી ઝઘડો થાય છે. (૨) જ્યાં જ્ઞાનની અપેક્ષાએ કથન હોય, તેને શ્રદ્ધા કે ચારિત્રની અપેક્ષાએ સમજવા તેમજ માનવામાં ઝઘડો થાય છે. (૩) જ્યાં ચારિત્રની અપેક્ષાએ કથન હોય ત્યાં શ્રદ્ધા કે જ્ઞાનની અપેક્ષાએ સમજવા કે માનવામાં ઝઘડો થાય છે. (૪) જ્યાં નિમિત્તની અપેક્ષાથી કથન હોય, ત્યાં ઉપાદાનની અપેક્ષાએ માનવાથી ઝઘડો થાય છે. (૫) જ્યાં ઉપાદાનની અપેક્ષાએ કથન હોય ત્યાં નિમિત્તની અપેક્ષાએ માનવાથી ઝઘડો પડે છે. (૬) જ્યાં વ્યવહારની અપેક્ષાએ કથન હોય, તેને નિશ્ચયની અપેક્ષાએ માનવાથી ઝઘડો થાય છે. (૭)



જ્યાં નિશ્ચયની અપેક્ષાએ કથન હોય તેને વ્યવહારની અપેક્ષાએ સમજવાથી ઝઘડો થાય છે. (૮) હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય માનવાથી ઝઘડો થાય છે; માટે પાત્ર જીવોએ પહેલાં તો બધી અપેક્ષાઓ સમજી લેવી જોઈએ, કેમકે જો અપેક્ષા નહિ સમજે તો બીજા પ્રયોજનસહિત વ્યાખ્યાન હોય, તેનું અન્ય પ્રયોજન પ્રગટ કરવાથી વિપરીત પ્રવૃત્તિ થાય છે. માટે સમ્યગ્જ્ઞાનથી બધા પ્રકારે વ્યવહાર-નિશ્ચય આદિરૂપ વ્યાખ્યાનનો અભિપ્રાય જાણવાથી ઝઘડો નથી થાતો.

**પ્રશ્ન-૨૧૭ :- એ પ્રકારે નયો દ્વારા એક જ વસ્તુને એક ભાવ અપેક્ષાએ ‘એમ પણ માનવું અને એમ પણ માનવું’ — તે તો મિથ્યાબુદ્ધિ જ છે’ - વાક્યાંશનો શો ભાવ છે?**

ઉત્તર :- ઉભયાભાસી, એક જ જીવને વર્તમાન પર્યાયમાં સિદ્ધપણું અને સંસારીપણું; કેવળજ્ઞાનાદિ અને મતિજ્ઞાનાદિ માને છે, તે તો મિથ્યાબુદ્ધિ જ છે.

**પ્રશ્ન-૨૧૮ :- ‘જુદાં જુદાં ભાવોની અપેક્ષાએ નયોની પ્રરૂપણા છે — એમ માનીને યથાસંભવ વસ્તુને માનવી, તે સાચું શ્રદ્ધાન છે’ - આ વાક્યાંશનો ભાવ શું છે?**

ઉત્તર :- નિશ્ચયનયથી ત્રિકાળી સ્વભાવ એકરૂપ છે; પર્યાયમાં પોતાના અપરાધથી દોષ છે; તે દોષમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે - એમ જાણીને, પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને ધર્મની શરૂઆત કરીને, ક્રમથી વૃદ્ધિ કરીને, કેવળજ્ઞાનાદિ-સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે — તે સાચું શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૨૧૯ :- મિથ્યાદષ્ટિ, અનેકાંત કોને કહે છે?**

ઉત્તર :- પર્યાયમાં નિશ્ચયથી કેવળજ્ઞાનાદિ છે અને વ્યવહારથી

મતિજ્ઞાનાદિ છે — આ મિથ્યાદષ્ટિનું અનેકાંત છે.

**પ્રશ્ન-૨૨૦ :- ઉભયાભાસી, વ્રત-શીલ-સંયમાદિના વિષયમાં શું માને છે?**

ઉત્તર :- તેના વ્રત-શીલ-સંયમાદિમાં અંગીકાર જોવા મળે છે, તે વ્યવહારથી 'આ પણ મોક્ષનું કારણ છે' — એમ જાણીને તેને ઉપાદેય માને છે. શરીરથી બ્રહ્મચર્ય પાળે, નિર્દોષ આહાર લે, શરીરથી જરા પણ હિંસા ન થાય, બહારના મહાવ્રતાદિને, નમોકારમંત્રનો જાપ મોઢેથી પાઠ કરે વગેરે બોલવારૂપ જડની ક્રિયા અને વ્રત, શીલ, સંયમાદિ શુભભાવોને મોક્ષનું સાધન માને છે. શરીરાદિની ક્રિયા કરો, શુભભાવ કરો, પણ તેમાં મમત્વ ન કરવું — એવી માન્યતા ઉભયાભાસીની હોય છે.

**પ્રશ્ન-૨૨૧ :- ઉભયાભાસી કહે છે કે 'યથાયોગ્ય વ્રતાદિ ક્રિયા તો કરવાયોગ્ય છે, પણ તેમાં મમત્વ ન કરવું.' આ વિષયમાં પંડિતજીએ શું ઉત્તર આપ્યો છે?**

ઉત્તર :- જેના તમે કર્તા છો તેમાં મમત્વ કરી રીતે ન કરે? તમે કર્તા નથી તો 'મારે કરવા યોગ્ય છે' — એવો ભાવ ક્યાંથી આવ્યો? અને જો કર્તા છે તો તે પોતાનું કર્મ થયું, ત્યારે કર્તા-કર્મ સંબંધ આપોઆપ થઈ ગયો — માટે એવી માન્યતા તો ભ્રમ છે. અભિપ્રાયથી કર્તા થઈને કરે અને જ્ઞાતા રહે — તે તો બની શકે નહિ.

**પ્રશ્ન-૨૨૨ :- શરીરાદિક જડક્રિયાઓના વિષયમાં જિન-જિનવર અને જિનવરવૃષભનો શું આદેશ છે?**

ઉત્તર :- રોટલી છોડવા-ખાવાની ક્રિયા, શરીરની ઉઠવા-બેઠવાની ક્રિયા, પદ્માસન-ખડગાસનની ક્રિયા, અનશનાદિની ક્રિયા, સ્તુતિ-મંત્ર, પાઠ-પૂજા, બોલવા આદિની ક્રિયા અને આઠ કર્મોની એકસો અડતાલીસ પ્રકૃતિઓ છે, તે તો શરારાદિ પરદ્રવ્યને આશ્રિત છે; પરદ્રવ્યના તમે કર્તા નથી; માટે તેમાં (શરીરાદિકની ક્રિયામાં) કર્તૃત્વબુદ્ધિ પણ ન કરવી અને તેમાં મમત્વ પણ ન કરવું — તે જિન-જિનવર અને જિનવરવૃષભોનો આદેશ છે.



**પ્રશ્ન-૨૨૩ :- વ્રતાદિના ગ્રહણ-ત્યાગના સંબંધમાં જિન-જિનવરવૃષભોનો શું આદેશ છે?**

ઉત્તર :- (૧) અવ્રતનો ત્યાગ અને વ્રતના ગ્રહણરૂપ પોતાનો શુભોપયોગ હોય, તે પોતાને આશ્રિત છે; માટે તેમાં કર્તૃત્વબુદ્ધિ પણ માનવી અને મમત્વ પણ કરવું. દોષનું જ્ઞાન કરાવવાની અપેક્ષાએ કર્તૃત્વબુદ્ધિ કહી છે, કર્તવ્ય નથી કહ્યું. (૨) પણ આ શુભોપયોગને બંધનું જ કારણ જાણવું; મોક્ષનું કારણ ન જાણવું કેમકે બંધ અને મોક્ષને પ્રતિપક્ષપણું છે; માટે દોષરૂપ એક જ ભાવ, પુણ્યબંધનું પણ કારણ હોય અને મોક્ષનું પણ કારણ હોય એમ માનવું ભ્રમ છે. (૩) માટે વ્રત-અવ્રત બંને વિકલ્પરહિત જ્યાં પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનું કાંઈ પણ પ્રયોજન નથી - એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ, તે જ મોક્ષમાર્ગ છે - એવો જિન-જિનવર અને જિનવર-વૃષભોનો આદેશ છે. (એવું જ શ્રી સમયસાર, કળશ ૨૨૬માં આવ્યું છે; શ્રી સમાધિતંત્ર, ગાથા ૪૭; ત્યાગ-ઉપાદાનની ૧૬મી શક્તિ; શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૫૮ જુઓ.)

**પ્રશ્ન-૨૨૪ :- વ્રત-શીલ-સંયમાદિક શુભભાવો અને શરીરાદિની ક્રિયાઓને મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ કોણ માને છે અને તેનું ફળ શું છે?**

ઉત્તર :- અજ્ઞાની મિથ્યાદષ્ટિ માને છે અને તેનું ફળ ચાર ગતિમાં રખડીને નિગોદ છે.

**પ્રશ્ન-૨૨૫ :- વ્રત-સીલ-સંયમાદિ શુભભાવ સંસારનું**

**કારણ છે; મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ નથી - શું એવું ક્યાંય શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે?**

**ઉત્તર** :- (૧) વ્રતાદિરૂપ શુભોપયોગથી જ દેવગતિનું બંધ માને છે અને તેને જ મોક્ષમાર્ગ માને છે, માટે બંધમાર્ગ-મોક્ષમાર્ગને એક કર્યો, પણ તે મિથ્યા છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૫૮)**

સ્વર્ગસુખનું કારણ, પ્રશસ્તરાગ છે અને મોક્ષસુખનું કારણ, વીતરાગભાવ છે, પણ એવો ભાવ એને (મિથ્યાદષ્ટિને) ભાસતો નથી; માટે એને મોક્ષનું પણ સાચું શ્રદ્ધાન નથી.
**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૨૪)**

મિથ્યાદષ્ટિ, સરાગભાવમાં સંવરના ભ્રમથી પ્રશસ્તરાગરૂપ કાર્યોને ઉપાદેયરૂપ શ્રદ્ધા કરે છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૮)**

શુભ-અશુભભાવોમાં ઘાતિકર્મોનો તો નિરંતર બંધ થાય છે, તે બધા પાપરૂપ જ છે અને તે જ આત્મગુણનું ઘાતક છે; માટે અશુદ્ધભાવોથી કર્મબંધ થાય છે, તેમાં ભલું-બુરું જાણવું તે જ મિથ્યાશ્રદ્ધાન છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૭)**

શુભયોગ હોય કે અશુભયોગ હોય; સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા વિના, ઘાતિકર્મોની બધી પ્રકૃતિઓનો નિરંતર બંધ થતો જ રહે છે.
**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૭)**

દ્રવ્યલિંગીના યોગોની પ્રવૃત્તિ શુભરૂપ ઘણી હોય છે અને અઘાતિકર્મોમાં પુણ્ય-પાપબંધનું વિશેષ શુભ-અશુભયોગ અનુસાર છે; માટે તે અંતિમ ગ્રૈવેયક પર્યંત પહોંચે છે પણ તે કાંઈ કાર્યકારી નથી. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૭)**

દ્રવ્યલિંગીના શુભોપયોગ તો (પહેલા ગુણસ્થાનને યોગ્ય) ઉત્કૃષ્ટ હોય છે, શુદ્ધોપયોગ હોતો જ નથી; માટે પરમાર્થથી તેનું કારણ-કાર્યપણું નથી. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૬)**



કેટલાય જીવ, અણુવ્રત-મહાવ્રતાદિરૂપ યથાર્થ આચરણ કરે છે અને આચરણ અનુસાર જ પરિણામ છે, કોઈ માયા લોભાદિકના અભિપ્રાય નથી, તેને ધર્મ જાણીને, મોક્ષના અર્થનું સાધન કરે છે; કોઈ સ્વર્ગ આદિના ભોગોની ઈચ્છા નથી રાખતા પણ તત્ત્વજ્ઞાન પહેલાં નથી થયું; માટે આપ તો જાણો છો કે હું મોક્ષનું સાધન કરી રહ્યો છું, પણ જે મોક્ષનું સાધન છે, તેને જાણતો પણ નથી; માત્ર સ્વર્ગાદિને સાધન કરે છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૧)**

બહારમાં તો અણવ્રત-મહાવ્રતાદિ સાધે છે, પણ અંતરંગ પરિણામ નથી અને સ્વર્ગાદિકની વાંછા સાધે છે — એ પ્રકારે સાધવાથી પાપબંધ થાય છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૨)**

ઈન્દ્રિયજનિત સુખની ઈચ્છાના પ્રયોજન હેતુ અર્હંતાદિકની ભક્તિ કરવાથી પણ તીવ્રકષાય થવાને કારણે, પાપબંધ જ થાય છે; માટે પાત્ર જીવોએ આ પ્રયોજનના અર્થી થવું યોગ્ય નથી.
**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૮)**

આ પ્રકારે ચારેય અનુયોગમાં બતાવ્યું છે કે શુભભાવ કોઈને પણ હોય, તે બંધનું જ કારણ છે; મોક્ષનું કારણ કે મોક્ષમાર્ગ નથી- એવો નિશ્ચય કરવો.

**પ્રશ્ન-૨૨૬ :- જ્યારે શુભભાવ કોઈને પણ હોય, તે મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ નથી, તો ક્યાંક-ક્યાંક શાસ્ત્રોમાં તેને મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ કેમ કહ્યું છે?**

**ઉત્તર** :- ખરેખર તો કોઈ પણ શાસ્ત્રમાં શુભભાવોને મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ કહ્યું નથી અને જ્યાં કહ્યું છે તે ઉપચારમાત્ર વ્યવહારકારણ કહ્યું છે - એમ જાણવું.

નીચલી દશામાં કેટલાય જીવોને શુભોપયોગ અને શુદ્ધોપયોગનું મિશ્રપણું જોવા મળે છે; માટે ઉપચારથી વ્રતાદિક શુદ્ધોપયોગને

મોક્ષમાર્ગ કહ્યો છે, વસ્તુનો વિચાર કરતા શુભોપયોગ મોક્ષનો ઘાતક જ છે કેમકે બંધનું કારણ, તે જ મોક્ષનું ઘાતક છે - એવું શ્રદ્ધાન કરવું. (શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૫)

વીતરાગભાવોનું અને વ્રતાદિકનું કદાચિત્ કાર્ય-કારણપણું છે; માટે વ્રતાદિકને મોક્ષમાર્ગ કહે, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નથી - એમ જ શ્રદ્ધાન કરવું.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૩)

વ્રત-તપાદિ મોક્ષમાર્ગ નથી; નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહે છે; માટે તેને વ્યવહાર કહ્યો છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૦)

**પ્રશ્ન-૨૨૭ :- શુદ્ધ-અશુદ્ધભાવોમાં હેય-ઉપાદેયના વિષયમાં જિનાજ્ઞા શું છે?**

ઉત્તર :- (૧) શુદ્ધોપયોગને જ પ્રગટ કરવા યોગ્ય ઉપાદેય માનીને તેનો ઉપાય કરવો, (૨) શુભોપયોગ-અશુભપયોગને હેય જાણીને, તેના ત્યાગનો ઉપાય કરવો, (૩) જ્યાં શુદ્ધોપયોગ ન થઈ શકે, ત્યાં અશુભોપયોગને છોડીને, શુભમાં જ પ્રવર્તન કરવું કેમકે શુભપોયગની અપેક્ષાએ અશુભપયોગમાં અશુદ્ધતા વધારે છે, (૪) શુદ્ધોપયોગ હોય ત્યારે તો પરદ્રવ્યના સાક્ષીભૂત જ રહે છે, ત્યાં કોઈ પરદ્રવ્યનું પ્રયોજન જ નથી.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૫)

**પ્રશ્ન-૨૨૮ :- અશુદ્ધોપયોગમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ ક્યા પ્રકારે છે તેનું જ્ઞાન કોને થાય છે?**

ઉત્તર :- શુભપયોગ, નૈમિત્તિક અને બાહ્ય વ્રતાદિની પ્રવૃત્તિ નિમિત્ત છે. અશુભોપયોગ, નૈમિત્તિક અને બાહ્ય અવ્રતાદિકની પ્રવૃત્તિ નિમિત્ત છે. તેનું જ્ઞાન, માત્ર જ્ઞાનીઓને જ હોય છે.



**પ્રશ્ન-૨૨૯ :- 'પહેલા અશુભપોયગ છૂટીને, શુભોપયોગ થાય પછી શુભોપયોગ છૂટીને, શુદ્ધોપયોગ થાય —એવી ક્રમ પરિપાટી છે' આ વાત કોને લાગુ પડે છે?**

ઉત્તર :- આ કથન ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષાએ છે. જ્ઞાની જીવ, સીધો અશુભમાંથી શુદ્ધમાં નથી આવતો; પહેલા અશુભને છોડીને, શુભપોયગો થાય છે અને શુભોપયોગ છૂટીને, શુદ્ધોપયોગ થાય છે; માટે એવી ક્રમપરિપાટી જ્ઞાનીઓને જ લાગુ પડે છે.

**પ્રશ્ન-૨૩૦ :- ઉભયાભાસી કહે છે કે શુભપયોગ છે, તે શુદ્ધોપયોગનું કારણ છે - શું એ વાત ઠીક છે?**

ઉત્તર :- ઠીક નથી; જેમ - અશુભભાવ કારણ અને શુભભાવ કાર્ય અને શુભભાવ કારણ, શુદ્ધભાવ કાર્ય — એમ બનતું નથી. જો એમ હોય તો શુભોપયોગનું કારણ અશુભોપયોગ ઠરે, પણ દ્રવ્યલિંગીને શુભોપયોગ તો ઉત્કૃષ્ટ હોય છે, શુદ્ધોપયોગ હોતો જ નથી; માટે પરમાર્થે તેનું કારણ-કાર્યપણું નથી.

**પ્રશ્ન-૨૩૧ :- મિથ્યાદષ્ટિ શું કેર તો શુદ્ધોપયોગની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- જેમ - રોગીને બહુ રોગ હતો, પછી થોડો રોગ રહ્યો, તો એ થોડો રોગ તે નિરોગ થવાનું કારણ નથી. એટલું છે કે થોડો રોગ રહેવાથી, નિરોગ થવાનો ઉપાય કરે તો થઈ જાય; પણ જો થોડા રોગને જ ભલો જાણીને તેને રાખવાનો પ્રયત્ન કરે તો નિરોગ કેમ થાય? ક્યારે ન થાય; તે પ્રમાણે કષાયીને (મિથ્યાદષ્ટિને) તીવ્રકષાયરૂપ અશુભોપયોગ હતો, પછી મિથ્યાદષ્ટિને મંદકષાયરૂપ શુભોપયોગ થયો પણ મિથ્યાદષ્ટિનો તે શુભોપયોગ તો નિઃકષાય શુદ્ધોપયોગ થવાનું કારણ નથી; એટલું છે કે તત્ત્વના

અભ્યાસરૂપ શુભોપયોગ થવાથી, શુદ્ધોપયોગ થવાનો પ્રયત્ન કરે તો થઈ જાય, પણ જો શુભોપયોગને જ ભલો જાણે, તેનું સાધન કર્યા કરે તો શુદ્ધોપયોગ કેમ થાય? નહિ થાય. ચારેય ગતિમાં રખડીને પરંપરાએ નિગોદને પામે છે.

**પ્રશ્ન-૨૩૨ :- શુભોપયોગને શુદ્ધોપયોગનું કારણ કેમ કહેવામાં આવે છે?**

ઉત્તર :- સમ્યગ્દષ્ટિને શુભોપયોગ થવાથી, નજીકમાં શુદ્ધોપયોગની પ્રાપ્તિ થાય છે — એવા જ્ઞાનીની મુખ્યતાથી ચરણાનુયોગમાં શુભોપયોગને શુદ્ધોપયોગનું કારણ પણ કહે છે પણ મિથ્યાદષ્ટિનો શુભોપયોગ તો શુદ્ધોપયોગનું કારણ છે જ નહિ — એમ જાણવું.

**પ્રશ્ન-૨૩૩ :- સમ્યગ્દષ્ટિને શુભોપયોગ પર પરંપરાએ મોક્ષનો હેતુ/કારણનો આરોપ કેમ આવે છે અને મિથ્યાદષ્ટિને શુભોપયોગ પર કેમ નથી આવતો?**

ઉત્તર :- (૧) શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે - એમ માનીને, અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાએ હેતુ કહ્યો છે. ખરેખર તો શુભોપયોગી મુનિને, મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ (શુદ્ધાત્મદ્રવ્યનું અવલંબન કરે છે, માટે) વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે એને તે શુદ્ધોપયોગ, મોક્ષનો હેતુ થાય છે. આ પ્રમાણે આ શુદ્ધપરિણતિમાંથી થયેલા મોક્ષને પરંપરા હેતુપણાનો આરોપ તેની સાથે રહેનારા શુભોપયોગમાં કરીને, વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરા હેતુ કહેવામાં આવે છે.

મિથ્યાદષ્ટિને, જ્યાં શુદ્ધપરિણતિ જ ન હોય, ત્યાં વર્તતા થકા શુભોપયોગમાં મોક્ષના પરંપરા હેતુપણાનો આરોપ પણ નથી કરી શકાતો, કેમકે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરા હેતુ પ્રગટ્યો નથી/



વિદ્યમાન જ નથી, ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરે? મિથ્યાદષ્ટિના શુભભાવોમાં તો ક્યારે મોક્ષનો આરોપ આવતો જ નથી પણ સમ્યગ્દષ્ટિ, નિયમથી શુભભાવનો અભાવ કરીને શુદ્ધદશામાં આવી જાય છે; માટે સમ્યગ્દષ્ટિને શુભભાવો પર પરંપરા મોક્ષનો આરોપ આવે છે; મિથ્યાદષ્ટિના શુભભાવો પર પરંપરા મોક્ષનો આરોપ નથી આવતો - એમ જાણવું.

**પ્રશ્ન-૨૩૪ :- શ્રી પ્રવચનસારમાં શુદ્ધતા અને શુભભાવની મૈત્રી કેમ કહી છે?**

ઉત્તર :- જોકે રાગ તો શુદ્ધતાનો શત્રુ છે, પણ ચરણાનુયોગના શાસ્ત્રોમાં એવું કથન કરવાની પદ્ધતિ છે એન તે વ્યવહારનયનું કથન છે.

**પ્રશ્ન-૨૩૫ :- ઉભયાભાસી પોતાને નિશ્ચયરત્નત્રય થયું કેવી રીતે માને છે?**

ઉત્તર :- વર્તમાન પર્યાયમાં સિદ્ધસમાન શુદ્ધ છું, કેવળજ્ઞાનાદિ સહિત છું, વગેરે પ્રકારથી આત્માને શુદ્ધ માન્યો, માટે તે સમ્યગ્દર્શન થયું; આત્માને તેવો જ કહ્યો, તે સમ્યગ્જ્ઞાન થયું; આત્માના તેવા વિચારમાં જ પ્રવર્તન કર્યું, માટે સમ્યક્ચારિત્ર થયું — આ પ્રમાણે તે પોતાને નિશ્ચયરત્નત્રય થયું માને છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૫૬)

**પ્રશ્ન-૨૩૬ :- શું ઉભયાભાસીનું આ પ્રમાણે નિશ્ચયરત્નત્રય માનવું ઠીક છે?**

ઉત્તર :- હું વર્તમાન પર્યાયમાં પ્રત્યક્ષ અશુદ્ધ, તો શુદ્ધ કેમ માન્યું, જાણ્યું, વિચારું છું, વગેરે વિવેકરહિત ભ્રમથી સંતોષ પામે છે, માટે તેનો આ પ્રકારે નિશ્ચયરત્નત્રય માનવું ઠીક નથી.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૬)

**પ્રશ્ન-૨૩૭ :- ઉભયાભાસી પોતાને વ્યવહારરત્નત્રય થયું કયા પ્રકારે માને નથી?**

ઉત્તર :- અર્હંતાદિ સિવાય અન્ય દેવાદિને નથી માનતો, અને જૈનશાસ્ત્રાનુસાર જીવાદિકના ભેદ શીખી લીધા છે, તેને જ માને છે, બીજાને માનતો નથી - તે તો સમ્યગ્દર્શન થયું; જૈન શાસ્ત્રોના અભ્યાસમાં બહુ પ્રવર્તે છે - માટે સમ્યગ્જ્ઞાન થયું અને વ્રતાદિ ક્રિયાઓમાં પ્રવર્તે છે - માટે સમ્યક્ચારિત્ર થયું; આ પ્રમાણે પોતાને વ્યવહારરત્નત્રય થયું માને છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૫૭)**

**પ્રશ્ન-૨૩૮ :- શું ઉભયાભાસીનું આ પ્રકારે વ્યવહારરત્નત્રય માનવું ઠીક છે?**

ઉત્તર :- ઠીક નથી; કેમકે વ્યવહાર તો ઉપચારનું નામ છે. અને ઉપચાર પણ ત્યારે બને છે જ્યારે સત્યભૂત નિશ્ચયરત્નત્રયનું કારણ આદિ હોય. ઉભયાભાસીને નિશ્ચયરત્નત્રય પ્રગટ્યું નથી; માટે તેને વ્યવહારરત્નત્રય થયાની માન્યતા પણ ખોટી છે.

**પ્રશ્ન-૨૩૯ :- ઉભયાભાસીના નિશ્ચય-વ્યવહાર બધા ખોટા કેમ બતાવ્યા?**

ઉત્તર :- પહેલા તો મિથ્યાદષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવેશ જ નથી. અને જો તે પ્રવેશ કરે તો તે વિપરીત સમજે છે - જેમ કે (૧) નિશ્ચયાભાસી, વ્યવહારને છોડીને ભ્રષ્ટ થાય છે, એટલે કે અશુભભાવોમાં પ્રવર્તે છે. (૨) વ્યવહારભાસી, નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના, વ્યવહારથી જ મોક્ષ માને છે; તો પરમાર્થતત્ત્વમાં મૂઢતા રહે છે. (૩) તે પ્રમાણે ઉભયાભાસી, નિશ્ચયાભાસ જાણે-માને છે, પણ વ્યવહારસાધનને પણ ઉપાદેય માને છે; માટે ઉભયાભાસી, સ્વચ્છંદી થઈને અશુભરૂપ નથી પ્રવર્તતો; મિથ્યાદર્શનપૂર્વક વ્રતાદિક શુભોપયોગરૂપ પ્રવર્તે છે; માટે છેલ્લાં ગ્રૈવેયકપર્યંત પદને



પામે છે, પણ સંસારપરિભ્રમણ નથી મટતું. (૪) જો કોઈ વિરલ જીવ, યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થને સમજી લે તો તેને ચોક્કસ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે.

**(શ્રી સમયસાર કળશ, ૧૩૭નો ભાવાર્થ)**

**પ્રશ્ન-૨૪૦ :- 'વ્યવહાર તો ઉપચારનું નામ છે, તો ઉપચાર પણ ત્યારે બને છે જ્યારે સત્યભૂત નિશ્ચયરત્નત્રના કારણ આદિક હોય' — આ વાક્યાંશનું રહસ્ય શું છે?**

ઉત્તર :- (૧) નિજ શુદ્ધ આત્મામાં એકતારૂપ ધ્યાન કરવાથી નિશ્ચય-વ્યવહારમોક્ષમાર્ગ પ્રગટે છે - એવો નિયમ છે. (અ) ચોથું ગુણસ્થાન પ્રથમ નિર્વિકલ્પધ્યાનમાં પ્રગટે છે. તે ધ્યાનથી હટીને સવિકલ્પદશામાં સાચા દેવાદિક પ્રત્યે અસ્થિરતાનો રાગ થાય છે. (આ) પાંચમું ગુણસ્થાન પણ નિર્વિકલ્પદશામાં પામે છે અને સવિકલ્પદશામાં ભૂમિકાને યોગ્ય અણુવ્રતાદિનું આચરણ હોય છે. (ઈ) મુનિ અવસ્થામાં નિર્વિકલ્પદશા સાતમા ગુણસ્થાનમાં પ્રગટે છે, છઠ્ઠા ગુણસ્થાનમાં અઠ્ઠાવીશ મૂળગુણરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ હોય છે; માટે જ્ઞાનીઓને જ વ્યવહાર હોય છે; અજ્ઞાનીઓને નથી હોતો. (૨) જેમ - 'કનસ્તરમાં તેલ ભર્યું હોય તો તેલનું કનસ્તર કહેવાય, પણ કનસ્તરમાં માટી ભરી હોય તો તેલનું કનસ્તર ન કહેવાય; એ પ્રમાણે જેને નિશ્ચય પ્રગટ્યો છે તેના જ ભૂમિકાનુસાર રાગ પર મોક્ષમાર્ગનો ઉપચાર આવે છે, પણ જેમાં (મિથ્યાદષ્ટિઓમાં) મોહ-રાગ-દ્વેષ ભર્યો હોય, તેના પર મોક્ષમાર્ગનો આરોપ કેવી રીતે આવી શકે? ક્યારેય નથી આવી શકતો. માટે વ્યવહાર તો ઉપચારનું નામ છે, માટે ઉપચાર પણ ત્યારે બને છે, જ્યારે સત્યુભૂત નિશ્ચયરત્નત્રયના કારણ આદિ હોય,' માટે અનુપચાર થયા વિના, ઉપચારનો આરોપ નથી આવતો.

**પ્રશ્ન-૨૪૧ :- નિશ્ચયાભાસી-વ્યવહારાભાસી અને ઉભયાભાસીનું અજ્ઞાન-અંધકાર દૂર કરવામાં કોણ નિમિત્ત હોઈ શકે?**

ઉત્તર :- (૧) જે સમ્યગ્દષ્ટિ હોય; વિદ્યાભ્યાસ કરીને શાસ્ત્ર વાંચવાયોગ્ય બુદ્ધિ પ્રગટ થઈ હોય; સમ્યગ્જ્ઞાન દ્વારા સર્વ પ્રકારના વ્યવહાર-નિશ્ચય આદિરૂપ વ્યાખ્યાનનો અભિપ્રાય ઓળખે; જેને શાસ્ત્ર વાંચીને આજીવિકા વગેરે લૌકિકકાર્ય સાધવાની ઈચ્છા ન હોય; તે જ અજ્ઞાનીઓને અંધકાર મટાડવામાં નિમિત્ત થઈ શકે છે. (૨) ભૂલેલાને માર્ગ કોણ બતાવી શકે છે, જે પોતે તેનો જાણકાર હોય. જો પોતે જ આંધળો છે, તે બીજાને માર્ગ શું દેખાડે? ન દેખાડી શકે; એ પ્રમાણે સમ્યગ્જ્ઞાની જ મોક્ષમાર્ગમાં નિમિત્ત થઈ શકે છે, અજ્ઞાની ક્યારે પણ નિમિત્ત ન થઈ શકે કેમકે ઉપાદાન-નિમિત્તનો એવો સ્વભાવ છે. (૩) શ્રી નિયમસાર, ગાથા ૫૩માં કહ્યું છે કે 'જે મુમુક્ષુ છે, તેને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાના કારણે (સમ્યક્ત્વપરિણામનું) અંતરંગ હેતુ કહ્યો છે કેમકે તેને દર્શનમોહનીય કર્મોનો ક્ષયાદિક છે.'

**પ્રશ્ન-૨૪૨ :- શુભભાવ કરતા કરતા ધર્મની પ્રાપ્તિ થઈ જશે; વ્રત-શીલ-સંયમાદિ વ્યવહારમોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ છે - એવી માન્યતાવાળા અજ્ઞાની જીવોનું અજ્ઞાન દૂર કરવા માટે શ્રી સમયસાર, કળશ ટીકા કળશ ૧૦૦થી લઈને ૧૧૨ સુધીમાં શું શું બતાવ્યું છે?**

ઉત્તર :- કોઈ મિથ્યાદષ્ટિ જીવનો એવો અભિપ્રાય છે જે દયા, વ્રત, તપ-શીલ, સંયમ વગેરે... સારા છે, જીવને સુખકારી છે, પણ .... જેમ અશુભકર્મ, જીવને દુઃખી કરે છે, તે પ્રમાણે શુભકર્મ પણ જીવને દુઃખી કરે છે. કર્મમાં તો સારું કોઈ નથી. પોતાના મોહને



કારણે મિથ્યાદષ્ટિ જીવ, કર્મને સારો કરીને માને છે.

(શ્રી સમયસાર, કળશ ૧૦૦)

શુભકર્મ સારું, અશુભકર્મ ખરાબ એવા બંને જીવ, મિથ્યાદષ્ટિ છે, બંને જીવ કર્મબંધ કારણશીલ છે. ... કોઈ જીવ, શુભોપયોગી થતો થકો, યતિક્રિયામાં મગ્ન થયો થકો શુદ્ધપોયગને નથી જાણતો; માત્ર યતિક્રિયામાં મગ્ન છે. તે જીવ... એમ માને છે કે હું તો મુનિશ્વર, મને વિષય-કષાયસામગ્રી નિષેધ છે — એમ જાણીને, વિષય-કષાયસામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે, તેવો વિચાર કરવાથી તે જીવ મિથ્યાદષ્ટિ છે.

(શ્રી સમયસાર, કળશ ૧૦૧)

શુભકર્મના ઉદયમાં ઉત્તમ પર્યાય હોય છે, ત્યાં ધર્મની સામગ્રી મળે છે, તે ધર્મની સામગ્રીથી જીવ, મોક્ષે જાય છે; માટે મોક્ષની પરિપાટી શુભકર્મ છે. - એવું કોઈ મિથ્યાવાદી માને છે. ... નિશ્ચિત થયું કે કોઈ કર્મ સારું, કોઈ કર્મ ખરાબ - એવું તો નથી; બધા જ કર્મ દુઃખરૂપ છે. કર્મ, નિઃસંદેહ બંધને કરે છે, ગણધરદેવે એમ કહ્યું છે. (શ્રી સમયસાર, કળશ ૧૦૨)

કોઈ મિથ્યાદષ્ટિ જીવ, શુભક્રિયાને મોક્ષમાર્ગ માનીને પક્ષ કરે છે, માટે નિષેધ કર્યો; એવો ભાવ સ્થાપ્યો કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી. નિશ્ચયથી શુદ્ધસ્વરૂપ અનુભવ મોક્ષમાર્ગ છે, અનાદિ પરંપરાથી એવો ઉપદેશ છે. (શ્રી સમયસાર, કળશ ૧૦૩)

અશુભક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભક્રકિયા પણ મોક્ષમાર્ગ નથી, શુભ-અશુભ ક્રિયામાં મગ્ન રહેતો જીવ, વિકલ્પી છે, તેનાથી દુઃખી છે. ક્રિયા-સંસ્કાર છૂટીને, શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જ જીવ નિર્વિકલ્પ છે, તેનાથી સુખી છે.(શ્રી સમયસાર, કળશ ૧૦૪)

શુદ્ધસ્વરૂપનો અનુભવ, મોક્ષમાર્ગ છે; એ વિના જે કાંઈ છે-

શુભક્રિયારૂપ, અશુભક્રિયારૂપ અનેક પ્રકાર, તે બધા બંધના માર્ગ છે. (શ્રી સમયસાર, કળશ ૧૦૪)

જે પ્રકારે કામલાનો સિંહ કહેવા માટે સિંહ છે; તે પ્રકારે આચરણરૂપ ચારિત્ર કહેવા માટે ચારિત્ર છે, પણ ચારિત્ર નથી. એવું નિઃસંદેહરૂપ જાણવું. (શ્રી સમયસાર, કળશ ૧૦૭)

વ્યવહારચારિત્ર થતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; માટે વિષય-કષાયની સમાન, ક્રિયારૂપ ચારિત્ર નિષેધવો છે.

(શ્રી સમયસાર, કળશ ૧૦૮)

સમસ્ત કર્મજાતિ હેય છે; પુણ્ય-પાપના વિવરણની શું વાત રહી! - એવી વાત નિશ્ચયથી જાણો! પુણ્યકર્મ સારું એવી ભ્રાંતિ ન કરો. (શ્રી સમયસાર, કળશ ૧૦૯)

પાપરૂપ અથવા પુણ્યરૂપ જેટલી ક્રિયા છે, તે બધી મોક્ષમાર્ગ નથી — એમ જાણીને દરેક ક્રિયામાં મમત્વનો ત્યાગ કર, શુદ્ધજ્ઞાન મોક્ષમાર્ગ છે — એવો સિદ્ધાંત સિદ્ધ થયો છે.

(શ્રી સમયસાર, કળશ ૧૧૨)

**પ્રશ્ન-૨૪૩ :- શું આત્મજ્ઞાન વિના, અણુવ્રત-મહાવ્રતાદિ બિલકુલ જૂઠા છે?**

**ઉત્તર** :- જે પુરુષ સમ્યગ્દર્શનથી રહિત છે, બાહ્ય આચરણથી સંતુષ્ટ છે, તેને બાહ્યપરિગ્રહનો ત્યાગ છે, તે નિરર્થક છે. પર્વત, પર્વતની ગુફા, નદીની પાસે, પર્વતના પાણીથી ખોદાયેલું સ્થાન વગેરે સ્થાનોમાં રહેવું નિરર્થક છે. ધ્યાન, માળા જપવી, મન, વચન, કાયને રોકવા, અગ્યાર અંગ નવ પૂર્વ ભણવા, મહાવ્રત, ઉપવાસાદિ, આ બધું નિરર્થક છે. બાહ્ય વેષ, લોકરંજનનું કારણ છે; માટે આ ઉપદેશ છે - તે મહાવ્રતાદિથી કોઈ પરમાર્થ સિદ્ધ નથી.

(શ્રી મોક્ષપાહુડ, ગાથા ૮૦-૯૦.)

**પ્રશ્ન-૨૪૪ :- જેને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ હોય, તેવું ચોક્કસ જાણવાયોગ્ય — પ્રયોજનભૂત શું શું છે?**



**ઉત્તર** :- હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી; જીવાદિ દ્રવ્ય, સાત તત્ત્વ તથા સુદેવ-ગુરુ-ધર્મને ઓળખવા; ત્યાગવાયોગ્ય મિથ્યાત્વ-રાગાદિક તથા ગ્રહણ કરવાયોગ્ય સમ્યગ્દર્શન-જ્ઞાનાદિકનું સ્વરૂપ જાણવું; નિમિત્ત-નૈમિત્તિક આદિને જેમ છે તેમ જ જાણવા - વગેરે જેને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય, તેને ચોક્કસ જાણવા જોઈએ, કેમકે તે પ્રયોજનભૂત તત્ત્વ છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૯)

**પ્રશ્ન-૨૪૫ :- સમ્યક્ત્વનો અધિકારી કોણ અને ક્યારે થઈ શકે છે?**

**ઉત્તર** :- જુઓ, તત્ત્વવિચારની મહિમા! તત્ત્વવિચારરહિત, દેવાદિકની પ્રતીતિ કરે, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચરણ આદિ કરે, તેને સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી; અને તત્ત્વવિચારવાળા તેના વિના પણ સમ્યક્ત્વનો અધિકાર થાય છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૬૦)

**પ્રશ્ન-૨૪૬ :- આ પ્રમાણે જુદા જુદા પ્રકાર સમજાવાથી શો લાભ છે?**

**ઉત્તર** :- તે તે પ્રકારોને ઓળખીને, પોતામાં એવા દોષ હોય તો તેને દૂર કરીને, સમ્યક્શ્રદ્ધાની થાય, અને બીજાના એવા દોષો જોઈને કષાયી ન બને, કેમકે પોતાનું ભલુ-બૂરું તો પોતાના પરિણામોથી છે; બીજાને રુચિવાન જોઈને તેને પણ ઉપદેશ આપીને તેનું પણ ભલું કરે; માટે તેના પરિણામ સુધારવાનો ઉપાય કરવો યોગ્ય છે; બધા પ્રકારનું મિથ્યાત્વભાવ છોડીને, સમ્યગ્દૃષ્ટિ થવું યોગ્ય છે; કેમકે સંસારનું મૂળ મિથ્યાત્વ છે. મિથ્યાત્વની સમાન બીજું કોઈ પાપ નથી. (શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૬૬)

# ઉભયાભાસીની પ્રવૃત્તિનું વિશેષ સ્પષ્ટીકરણ/ઉપસંહાર

**પ્રશ્ન-૧ :- (૧) 'અંતરંગમાં આપે તો નિર્ધાર કરીને યથાવત્ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને ઓળખ્યો નહિ, (૨) જિનાજ્ઞા માનીને નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગ બે પ્રકારના માન્યા છે.' આ વાક્ય પર મુનિપણાને લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) ઉભયાભાસી માન્યતાવાળા શિષ્યે પોતાની જ્ઞાનની પર્યાયમાં નિર્ણય કરીને યથાવત્ નિશ્ચય-વ્યવહાર મુનિપણાને ઓળખ્યું નથી. (૨) તો પછી શું થયું? જિનાજ્ઞા માનીને નિશ્ચય-વ્યવહારરૂપ મુનિપણું બે પ્રકારે માને છે.

**પ્રશ્ન-૨ :- '(૧) મોક્ષમાર્ગ તો બે નથી, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. (૨) જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપિત કરવામાં આવે, તે નિશ્ચયમોક્ષમાર્ગ છે. (૩) અને જ્યાં મોક્ષમાર્ગ તો નથી, પણ મોક્ષમાર્ગનું નિમિત્ત અને સહચારી છે, તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે તે વ્યવહારમોક્ષમાર્ગ છે. (૪) કેમકે નિશ્ચય-વ્યવહારનું બધે એવું જ લક્ષણ છે. (૫) સાચું નિરૂપણ તે નિશ્ચય; ઉપચાર નિરૂપણ તે વ્યવહાર; માટે નિરૂપણ અપેક્ષાએ બે પ્રકારના મોક્ષમાર્ગ જાણવા; (૬) પણ એક નિશ્ચયમોક્ષમાર્ગ છે, એક**



**વ્યવહારમોક્ષમાર્ગ છે; આ પ્રકારે બે મોક્ષમાર્ગ માનવું મિથ્યા છે.' આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) તો મુનિપણું બે પ્રકારનું નથી, મુનિપણાનું નિરૂપણ બે પ્રકારનું છે. (૨) જ્યાં ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ સકળચારિત્રરૂપ શુદ્ધિને મુનિપણું નિરૂપિત કરવામાં આવે તે નિશ્ચયમુનિપણું છે, (૩) અને જ્યાં અઠ્યાવીશ મૂળગુણરૂપ અશુદ્ધિ, મુનિપણું તો નથી, પણ સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણામાં નિમિત્ત છે તેમજ સહચારી છે, તે અઠ્યાવીશ મૂળગુણરૂપ અશુદ્ધિને ઉપચારથી મુનિપણું કહેવાય, તે વ્યવહારમુનિપણું છે. (૪) કેમકે નિશ્ચય-વ્યવહાર મુનિપણાના ચારેય અનુયોગોમાં એવું જ લક્ષણ છે. (૫) સકળચારિત્રરૂપ શુદ્ધિ, મુનિપણાનું સાચું નિરૂપણ છે - તે નિશ્ચયમુનિપણું છે અને અટ્ઠાવીશ મૂળગુણરૂપ અશુદ્ધિ, મુનિપણાનું ઉપચાર નિરૂપણ છે, તે વ્યવહારમુનિપણું છે, માટે નિરૂપણ અપેક્ષાએ બે પ્રકારના મુનિપણા જાણવા. (૬) પણ એક સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણું છે અને એક અઠ્યાવીશ મૂળગુણ અશુદ્ધિરૂપ વ્યવહારમુનિપણું છે; એ પ્રમાણે બે મુનિપણું માનવું મિથ્યા છે.

**પ્રશ્ન-૩ :- '(૧) તથા નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે, તે પણ ભ્રમ છે, (૨) કેમકે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધસહિત છે, (૩) કારણ કે સમયસારમાં એમ કહ્યું છે. (૪) વ્યવહાર, અભૂતાર્થ છે, સત્યસ્વરૂપનું નિરૂપણ નથી કરતું; કોઈ અપેક્ષાએ ઉપચારથી બીજી રીતે નિરૂપણ કરે છે. (૫) તથા શુદ્ધનય જે નિશ્ચય છે, તે ભૂતાર્થ છે, જેવું વસ્તુનું સ્વરૂપ છે, તેવું નિરૂપણ કરે છે. (૬) આ પ્રમાણે બંનેનું સ્વરૂપ તો વિરૂદ્ધતાસહિત છે.' આ વાક્યમાં મુનિપણું લગાવીને સમજાવો.**

ઉત્તર :- (૧) સકળચારિત્રરૂપ શુદ્ધિને નિશ્ચયમુનિપણું કહ્યું છે, તે પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે અને અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિને વ્યવહારમુનિપણું કહે છે, તે હેય છે, પરંતુ ઉભયાભાસી માન્યતાવાળા જીવ, નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાને ઉપાદેય માને છે. આના ઉપર પંડિત ટોડરમલજી કહે છે કે તે પણ તેનો ભ્રમ છે. (૨) કેમ ભ્રમ છે? કેમકે નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ તો પરસ્પર વિરોધસહિત છે, (૩) કેમકે સમયસારમાં નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ એવું બતાવ્યું છે કે — (૪) વ્યવહારનય મુનિપણાને અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિરૂપ નિરૂપણ કરે છે, તે અભૂતાર્થ છે. કેમ અભૂતાર્થ છે? કેમકે તે મુનિપણાનું સકલચારિત્ર શુદ્ધિરૂપ નિરૂપણ નથી કરતું; નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી મુનિપણાનું અન્યથા નિરૂપણ કરે છે. (૫) તથા શુદ્ધનય જે નિશ્ચય છે, તે મુનિપણાને સકળચારિત્ર શુદ્ધિરૂપ નિરૂપણ કરે છે, તે ભૂતાર્થ છે. તે ભૂતાર્થ કેમ છે? કેમકે જેવું મુનિપણાનું સકલચારિત્ર શુદ્ધિરૂપ સ્વરૂપ છે, તેવું જ નિરૂપણ કરે છે. (૬) આ પ્રકારે નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું સ્વરૂપ તો વિરૂદ્ધતાસહિત છે.

**પ્રશ્ન-૪ :- '(૧) તો તું એમ માને છે કે સિદ્ધસમાન શુદ્ધ આત્માનો અનુભવ તે નિશ્ચય અને વ્રત-શીલ-સંયમ આદિરૂપ પ્રવૃત્તિ તે વ્યવહાર - તેમ તારું માનવું ઠીક નથી, (૨) કેમકે કોઈ દ્રવ્ય-ભાવનું નામ નિશ્ચય અને કોઈનું નામ વ્યવહાર - એમ નથી. (૩) એક જ દ્રવ્યના ભાવને તે સ્વરૂપ જ નિરૂપણ કરવું, તે નિશ્ચયનય છે; ઉપચારથી તે દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપ નિરૂપણ કરવું, તે વ્યવહારનય છે. (૪) જેમ, માટીના ઘડાને માટીનો ઘડો એમ નિરૂપિત કરવામાં આવે, તે નિશ્ચયનય અને ધૃતના**



**સંયોગના ઉપચારથી તે જ ધૃતનો ઘડો કહેવામાં આવે, તે વ્યવહાર. (૫) એમ જ બીજે પણ જાણવું.' - આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) પંડિતજી, ઉભયાભાસી માન્યતાવાળા જીવને સમજાવતા કહે છે કે — તું એમ માને છે કે સકળચારિત્રરૂપ શુદ્ધ આત્માનો અનુભવ તે નિશ્ચય મુનિપણું અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિ તે વ્યવહારમુનિપણું — તો એવું તારું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ માનવું ઠીક નથી, (૨) કેમકે ચારિત્રગુણની શુદ્ધપર્યાયનું નામ, નિશ્ચયમુનિપણું અને ચારિત્રગુણની અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ અશુદ્ધપર્યાયનું નામ, વ્યવહારમુનિપણું — એવું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ નથી, કેમકે પ્રવૃત્તિમાં નિશ્ચય-વ્યવહાર નથી હોતો; પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી, પ્રવૃત્તિ તો દ્રવ્યની પરિણતિ છે. (૩) જો પ્રવૃત્તિમાં નિશ્ચય-વ્યવહાર ન હોય તો નિશ્ચય-વ્યવહાર કોનામાં છે? અભિપ્રાયપૂર્વક કોઈ વસ્તુના પ્રરૂપણમાં નિશ્ચય-વ્યવહાર હોય છે. મુનિપણાને ચારિત્રગુણની સકળચારિત્ર શુદ્ધિરૂપ નિરૂપણ કરવું, તે નિશ્ચયનય છે અને મુનિપણાને અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિરૂપ નિરૂપણ કરવું, તે વ્યવહારનય છે. (૪) જેમ —(અ) માટીમાં અનાદિકાળથી પ્રવૃત્તિ (પર્યાય)નો પ્રાવાહ ચાલ્યો આવે છે, તે પ્રવૃત્તિ છે; માટે પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી. (આ) પ્રવૃત્તિ તો માટીનું પરિણમન છે. (ઈ) માનો માટીની ૧૦ નંબરની પર્યાયને ધ્યાનમાં લઈ અને તે ૧૦ નંબરની પર્યાયનું નામ આપે ઘડો રાખ્યું, તો તે ઘડારૂપ પ્રવૃત્તિને માટીનો ઘડો કહેવો, તે નિશ્ચયનય છે અને ઘીના સંયોગથી ઉપચારથી તે જ ઘડાને ઘીનો ઘડો કહેવો, તે વ્યવહારનય છે; તે પ્રમાણે (અ) સમ્યગ્દર્શન હોવાની સાથે જ આત્મા ચારિત્રગુણમાં પર્યાયનો પ્રવાહ ચાલ્યો આવે છે. તે પ્રવૃત્તિ શુદ્ધિ

અને અશુદ્ધિરૂપ છે. તે શુદ્ધિ અને અશુદ્ધિરૂપ પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી. (આ) શુદ્ધિ અને અશુદ્ધિ, આત્માના ચારિત્રગુણનું પરિણમન છે. (ઈ) માનો આપે ચારિત્રગુણની સકળચારિત્રરૂપ શુદ્ધિ જે ૧૦ નંબરની પ્રવૃત્તિ છે, તેને ધ્યાનમાં લીધી અને તે સકળચારિત્રરૂપ શુદ્ધિનું નામ મુનિપણું રાખ્યું તો તે મુનિપણાને સકળચારિત્રરૂપ શુદ્ધિને મુનિપણું નિરૂપણ કરવું, તે નિશ્ચયનય છે અને અઠ્યાવીશ મૂલગુણાદિ અશુદ્ધિના સંયોગથી તે મુનિપણાને ઉપચારથી અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ નિરૂપણ કરવું, તે વ્યવહારનય છે. (૫) માટીના દૃષ્ટાંતને આધારે કથનમાં નિશ્ચય-વ્યવહાર જાણવો-માનવો પણ પ્રવૃત્તિમાં નિશ્ચય-વ્યવહાર ન જાણવો-માનવો.

**પ્રશ્ન-૫ :- '(૧) માટે તું કોઈને નિશ્ચય માને અને કોઈને વ્યવહાર માને, તે ભ્રમ છે. (૨) તથા તારા માનવામાં પણ નિશ્ચય-વ્યવહારનો પરસ્પર વિરોધ આવ્યો. (૩) જો તું પોતાને સિદ્ધસમાન શુદ્ધ માને છે તો વ્રતાદિક શા માટે કરે છે? (૪) જો વ્રતાદિકના સાધન દ્વારા સિદ્ધ થવા માગે છે, તો વર્તમાનમાં શુદ્ધ આત્માનો અનુભવ મિથ્યા થયો. (૫) આ પ્રમાણે બંને નયોમાં પરસ્પર વિરોધ છે. (૬) માટે બંને નયોમાં ઉપાદેયપણું નથી બનતું.' આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) માટે તું સકળચારિત્રરૂપ શુદ્ધિરૂપ આત્માના અનુભવનને નિશ્ચયમુનિપણું માને અને અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિરૂપ પ્રવૃત્તિને વ્યવહારમુનિપણું માને - એવો તારો નિશ્ચય-વ્યવહાર માનવો પણ તારો ભ્રમ છે. (૨) નિશ્ચયમનુપણું અને વ્યવહારમુનિપણું માનવમાં પણ પરસ્પર વિરોધ આવ્યો. (૩) શું વિરોધ આવ્યો? જો તું પોતાને સકળચારિત્ર શુદ્ધિરૂપ પ્રગટ મુનિપણું



માને છે, તો અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિનું પાલન કેમ કરે છે? (૪) જો તે એમ કહે કે - હું અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહાર સાધન દ્વારા સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણાની સિદ્ધિ કરવા ચાહુ છું તો વર્તમાનમાં સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણાનું અનુભવન/ પ્રગટપણું માનવું - તારું મિથ્યા થયું. (૫) આ પ્રમાણે નિશ્ચયવ્યવહાર બંને પ્રકારનું મુનિપણું માનવામાં પરસ્પર વિરોધ છે. (૬) સકળચારિત્ર શુદ્ધિરૂપ આત્માનો અનુભવન, નિશ્ચયમુનિપણું છે અને અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિરૂપ પ્રવૃત્તિ, તે વ્યવહારમુનિપણું છે — આ પ્રમાણે તારી માન્યતા અનુસાર નિશ્ચય-વ્યવહાર મુનિપણામાં પણ ઉપાદેયપણું નથી બનતું.

**પ્રશ્ન-૬ :- '(૧) અહીં પ્રશ્ન છે કે સમ્યસારાદિમાં શુદ્ધ આત્માના અનુભવને નિશ્ચય કહ્યો છે; વ્રત-તપ-સંયમ આદિને વ્યવહાર કહ્યો છે — એ પ્રમાણે જ અમે માનીએ છીએ? (૨) સમાધાન - શુદ્ધ આત્માનો અનુભવ સાચો મોક્ષમાર્ગ છે; માટે તેને નિશ્ચય કહ્યો. અહીં સ્વભાવથી અભિન્ન, પરભાવથી ભિન્ન-એવા શુદ્ધ શબ્દનો અર્થ જાણવો. (૩) સંસારીને સિદ્ધ માનવા - એવો ભ્રમરૂપ અર્થ શુદ્ધ શબ્દનો ન જાણવો. (૪) તથા વ્રત-તપાદિ મોક્ષમાર્ગ નથી, નિમિત્તાદિકની અપેક્ષાએ ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહે છે; માટે તેને વ્યવહાર કહ્યો છે. (૫) આ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગપણાથી તેને નિશ્ચય-વ્યવહાર કહ્યો છે, એ તેમ જ માનવું. (૬) પણ આ બંને સાચા મોક્ષમાર્ગ છે, આ બંનેને ઉપાદેય માનવા, તે તો મિથ્યાબુદ્ધિ જ છે' - આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) ઉભયાભાસી માન્યતાવાળા જીવ કહે છે કે

અમે સમયસારાદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે, તેમાં કહ્યું છે કે શુદ્ધ આત્માનો સકળચારિત્ર વીતરાગદશારૂપ અનુભવ, નિશ્ચયમુનિપણું છે અને અઠ્યાવીશ મૂળગુણાદિ શુભભાવ, વ્યવહારમુનિપણું છે; સમયસારાદિ અનુસાર જ અમે માનીએ છીએ, આપ અમને જૂઠા કેમ કહો છો? (૨) સમાધાન - શુદ્ધના બે અર્થ છે. એક તો દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે; બીજું પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું છે. ત્યાં દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું — દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મોથી ભિન્નપણું અને જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે અનંતગુણોથી અભિન્નપણું, તેને શક્તિરૂપ મુનિપણું કહ્યું છે અને પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું - - આત્માના આશ્રયે સકળચારિત્રરૂપ શુદ્ધપર્યાયમાં પ્રગટ થવું, તેને પર્યાયમાં પ્રગટ મુનિપણું કહ્યું છે. (૩) પછી પંડિતજી, ઉભયાભાસી માન્યતાવાળા જીવને સમજાવતા કહે છે કે તું શક્તિરૂપ મુનિપણું માનતો નથી અને પર્યાયમાં સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણું માને - તે ભ્રમરૂપ અર્થ, શુદ્ધ શબ્દનો ન જાણવો. (૪) તથા અઠ્યાવીશ મૂળગુણ આદિનો શુભભાવ, મુનિપણું નથી, પણ જેને પોતાના નિજ જ્ઞાયક ભગવાનના આશ્રયથી સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણું પ્રગટ્યું છે, તે જીવના અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ શુભભાવોને ઉપચારથી, વ્યવહારમુનિપણું કહ્યું છે; પણ તને સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણું પ્રગટ નથી; માટે તારા અઠ્યાવીશ મૂળગુણાદિના શુભભાવોમાં મુનિપણાનો ઉપચાર પણ સંભવ નથી. માટે તારી માન્યતા અનુસાર તારું માનેલું નિશ્ચયવ્યવહાર મુનિપણું જૂઠું છે. (૫) આ પ્રકારે સકળચારિત્રરૂપ શુદ્ધિને ભૂતાર્થ મુનિપણું કહ્યું છે — એ તેમ જ માનવું. (૬) પણ સકળચારિત્રરૂપ શુદ્ધિ, નિશ્ચયમુનિપણું અને અઠ્યાવીશ મૂળગુણાદિના શુભભાવ, વ્યવહારમુનિપણું છે. - તે બંને સાચા મુનિપણા છે અને તે બંનેને જ ઉપાદેય માનવા, તે તો મિથ્યાદષ્ટિપણું છે.



**પ્રશ્ન-૭ :- '(૧) ત્યાં તે એમ કહે છે કે શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખે છે અને પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખે છે; આ પ્રકારે અમે બંનેને અંગીકાર કરીએ છીએ. (૨) એ એમ પણ નથી બનતું, કેમકે નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે. (૩) એક જ નયનું શ્રદ્ધાન થવાથી એકાંત મિથ્યાત્વ થાય છે. (૪) તથા પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી. (૫) પ્રવૃત્તિ તો દ્રવ્યની પરિણતિ છે. (૬) ત્યાં જે દ્રવ્યની પરિણતિ હોય, તેને જ પ્રરૂપિત કરે તે નિશ્ચયનય; (૭) અને તેને જ અન્ય દ્રવ્યથી પ્રરૂપિત કરે, તે વ્યવહારનય. (૮) એવા અભિપ્રાય અનુસાર પ્રરૂપણથી તે પ્રવૃત્તિમાં બંને નય બને છે. (૯) કંઈક પ્રવૃત્તિ જ નયરૂપ નથી. (૧૦) માટે આ પ્રકારથી પણ બંને નયોનું ગ્રહણ માનવું મિથ્યા છે.' આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

**ઉત્તર :-** ઉભયાભાસી માન્યતાવાળા જીવ કહે છે કે (૧) અમે સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણાની શ્રદ્ધા રાખીએ છીએ અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણાની પ્રવૃત્તિ રાખીએ છે — આ પ્રકારે અમે નિશ્ચય-વ્યવહાર બંને મુનિપણાને અંગીકાર કરીએ છીએ. (૨) પંડિતજીએ સમજાવ્યું છે કે એવું પણ નથી બનતું, કેમકે જો સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચય-મુનિપણાનું શ્રદ્ધાન રાખે તો પ્રવૃત્તિ પણ સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણાની હોવી જોઈએ. માટે સકળચારિત્ર શુદ્ધિરૂપ જે નિશ્ચયમુનિપણું કહ્યું છે તે પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે — તે નિશ્ચયનું નિશ્ચયરૂપ શ્રદ્ધાન છે અને અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિરૂપ જે વ્યવહારમુનિપણું કહ્યું

છે, તે બંધરૂપ હોવાથી હેય છે, તે વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન છે. (૩) (અ) સકળચારિત્ર પર્યાયમાં પ્રગટ થયા વિના, સકળચારિત્રરૂપ શુદ્ધ માની લે તે એકાંત મિથ્યાત્વ છે. (આ) અનુપચાર, એટલે કે નિશ્ચયમુનિપણું પ્રગટ થયા વિના, અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિને વ્યવહારમુનિપણું માને તો પણ એકાંત મિથ્યાત્વ છે. (ઇ) અને અમે સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણાનું શ્રદ્ધાન રાખીએ અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણાની પ્રવૃત્તિનું પાલન કરીએ તે પણ એકાંત મિથ્યાત્વ છે. (ઈ) નિશ્ચયાભાસીપણું, વ્યવહારભાસીપણું અને ઉભયાભાસીપણું — આ ત્રણેય એક જ નયના શ્રદ્ધાન હોવાથી એકાંત મિથ્યાત્વ છે. (૪) યથાર્થ મુનિપણું હોવાથી, આત્માના ચારિત્રગુણના પરિણમનમાં શુદ્ધિ-અશુદ્ધિરૂપ મિશ્રદશાની પ્રવૃત્તિ થઈ જાય છે. તે મિશ્રદશાની પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી. (૫) શુદ્ધિ-અશુદ્ધિરૂપ મિશ્રદશા, આત્માના ચારિત્રગુણનું કાર્ય છે; માટે કહ્યું છે કે પ્રવૃત્તિ તો દ્રવ્યને પરિણતિ છે. (૬) ત્યાં સકળચારિત્રરૂપ શુદ્ધિને મુનિપણું પ્રરૂપિત કરે, તે નિશ્ચયનય છે. (૭) અને ત્યાં જ અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ અશુદ્ધિને મુનિપણું પ્રરૂપિત કરે તે વ્યવહારનય છે. (૮) એવા અભિપ્રાય અનુસાર કથનથી સકળચારિત્રરૂપ શુદ્ધિમાં અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ અશુદ્ધિમાં નિશ્ચય-વ્યવહારમુનિપણું કહેવામાં આવે છે. (૯) સકળચારિત્રરૂપ શુદ્ધિ અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ અશુદ્ધિ જ તો નયરૂપ નથી. (૧૦) સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચય મુનિપણાનું શ્રદ્ધાન કરે છે અને અઠ્યાવીશ મૂળગુણાદિ વ્યવહારરૂપ પ્રવૃત્તિ કરે છે; માટે તે પ્રકારે પણ ઉભયાભાસી શિષ્યનું નિશ્ચય-વ્યવહારમુનિપણું માનવું મિથ્યા છે.

પ્રશ્ન-૮ :- '(૧) તો શું કરીએ? તે કહે છે. (૨) **નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને તો સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું. (૩) અને વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું. (૪) આજ શ્રી સમયસાર, કળશ ૧૭૩માં કહ્યું છે. અર્થ - કેમકે બધા જ હિંસાદિ કે અહિંસાદિમાં અધ્યવસાય છે, તે સમસ્તને છોડવા—એવું જિનદોવોએ કહ્યું છે. (૫) માટે હું એમ માનું છું કે જે પરાશ્રિત વ્યવહાર છે, તે બધા જ છોડાવ્યા છે (૬) સંતપુરુષ એક પરમ નિશ્ચયને જ ભલા પ્રકારે નિષ્કમ્પરૂપથી અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનરૂપ નિજ મહિમામાં સ્થિતિ કેમ નથી કરતા? (૭) એ પ્રમાણે અહીંયાં વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે; માટે નિશ્ચયને અંગીકાર કરીને નિજ મહિમારૂપ પ્રવર્તન યુક્ત છે' - આ વાક્યમાં મુનિપણું લગાવીને સમજાવો?**



ઉત્તર :- '(૧) નિશ્ચયનયથી જ્યાં શાસ્ત્રોમાં સકળચારિત્રરૂપ શુદ્ધિને મુનિપણું નિરૂપણ કર્યું હોય, તેને સત્યાર્થ મુનિપણું માનીને, તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું. (૨) વ્યવહારનયથી જ્યાં શાસ્ત્રોમાં અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ અશુદ્ધિને મુનિપણું નિરૂપિત કર્યું છે, તેને અસત્યાર્થ મુનિપણું માનીને, તેનું શ્રદ્ધાન છોડવું. (૩) ભગવાન અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસાર, કળશ ૧૭૩માં કહ્યું છે કે સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણું પ્રગટ પર્યાયમાં ન હોવા છતાં પણ, મને સકલચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણું પ્રગટ છે — એમ માનવું અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિને વ્યવહારમુનિપણું માનવું - તે તો ઉભયાભાસી મિથ્યાદષ્ટિનો મિથ્યા અધ્યવસાય છે અને એવા-એવા બીજા બધા મિથ્યા અધ્યવસાયોને છોડવાનો આદેશ બધા જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યો છે. (૪) શ્રી અમૃતચંદ્રાચાર્ય

પોતે કહે છે કે માટે હું એમ માનું છું કે અઠ્યાવીશ મૂળગુણાદિનો વિકલ્પ જે પરાશ્રિત વ્યવહાર કહ્યા છે, તે બધા જ છોડાવ્યા છે. (૫) તો પછી સંતપુરુષ એક પરમ નિજ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરીને સકળચારિત્રરૂપ શુદ્ધિને પ્રગટ કરીને શુદ્ધજ્ઞાનઘનરૂપ નિજ મહિમાં સ્થિતિ કેમ નથી કરતા? એટલે કે શ્રેણી માંડીને કેવળજ્ઞાન કેમ પ્રગટ નથી કરતા? — એમ કહીને આચાર્યભગવાને ખેદ પ્રગટ કર્યો છે. (૬) ભાવાર્થમાં કહ્યું છે કે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણાનો ત્યાગ કરીને, નિજ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના આશ્રયથી સકળચારિત્રરૂપ શુદ્ધિ પ્રગટ કરીને, નિજ મહિમામાં પ્રવર્તન કરીને શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટ કરવું યોગ્ય છે.'

**પ્રશ્ન-૯ :- '(૧) મોક્ષપાહુડ, ગાથા ૩૧માં કુંદકુંદ ભગવાને કહ્યું છે કે (૨) જે વ્યવહારમાં સૂતો છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે. (૩) તથા જે વ્યવહારમાં જાગે છે, તે પોતાના કાર્યમાં સૂતો છે. (૪) માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.' — આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

**ઉત્તર :-** (૧) જે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણાનું શ્રદ્ધાન છોડીને, સકળચારિત્રરૂપ નિશ્ચયમુનિપણાની શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે. (૨) તથા જે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણામાં જાગે છે, એટલે કે તેને જ સાચું મુનિપણું માને છે — તે પોતાના આત્મકાર્યમાં સૂતો છે. (૩) માટે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણાનું શ્રદ્ધાન છોડીને, સકળચારિત્રરૂપ નિશ્ચયમુનિપણાનું શ્રદ્ધાન કરવાયોગ્ય છે, કેમકે યથાર્થમાં સકળચારિત્રરૂપ શુદ્ધોપયોગ જ મુનિપણું છે.



**પ્રશ્ન-૧૦ :- '(૧) વ્યવહારનય, સ્વદ્રવ્ય-પરદ્રવ્યને અને તેના ભાવોને તેમજ કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ કરે છે, તેવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો. (૨) નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં મેળવતો નથી, માટે એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું' — આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

**ઉત્તર :-** (૧) અઠ્યાવીશ મૂળગુણાદિ વ્યવહારમુનિપણાનું શ્રદ્ધાન છોડીને, સકળચારિત્રરૂપ નિશ્ચયમુનિપણાનું શ્રદ્ધાન કેમ કરવું યોગ્ય છે? એ પ્રશ્નનો ઉત્તર આ વાક્યમાં છે. **વ્યવહારનય** = સકળચારિત્રરૂપ નિશ્ચયમુનિપણું — તે સ્વદ્રવ્યનો ભાવ અને અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણું — તે પરદ્રવ્યનો ભાવ, કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે; અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ જ સાચું મુનિપણું છે — એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો.

(૨) **નિશ્ચયનય** = સકળચારિત્રરૂપ નિશ્ચયમુનિપણું-સ્વદ્રવ્યના ભાવ અને અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ વ્યવહારમુનિપણું - પરદ્રવ્યના ભાવને યથાવત્/ જેમ છે તેમ નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં મેળવતો નથી; માટે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિ મુનિપણું નથી; સકળચારિત્રરૂપ શુદ્ધિ જ મુનિપણું છે, એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૧ :- '(૧) અહીં પ્રશ્ન છે કે જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તે કઈ રીતે? (૨) સમાધાન - જિનમાર્ગમાં ક્યાંક તો નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે'**

**- એમ જાણવું. (૩) તથા ક્યાંક વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને ‘એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે’— એમ જાણવું. (૪) તે પ્રકારે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે.’ — આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

**ઉત્તર :-** (૧) ઉભયાભાસી માન્યતાવાળો જીવ, **પ્રશ્ન** કરે છે, કે આપ કહો છો કે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો અને સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણાના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેને ગ્રહણ કરવું જોઈએ - પરંતુ જિનમાર્ગમાં તો નિશ્ચય-વ્યવહાર બંને પ્રકારે મુનિપણું ગ્રહણ કરવાનું કહ્યું છે, તે કઈ રીતે? (૨) ત્યાં **સમાધાન** કર્યું છે કે જિનમાર્ગમાં ક્યાંક તો સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણું કહ્યું છે, તે તો નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો ‘સત્યાર્થ એમ જ છે’ — એમ જાણવું. (૩) તથા જિનમાર્ગમાં ક્યાંક અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિને મુનિપણું કહ્યું છે, તે વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો ‘એમ છે નહિ, નિમિત્તાદિકની અપેક્ષાએ ઉપચારથી કથન કર્યું છે’ — એમ જાણવું. આ પ્રકારે જાણવું તેનું નામ જ નિશ્ચય-વ્યવહાર મુનિપણાનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૧૨ :- ‘(૧) તથા બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને આમ પણ છે અને આમ પણ છે - એ પ્રમાણે ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને નયોનું ગ્રહણ કરવું નથી કહ્યું.’ — આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

**ઉત્તર :-** કોઈ-કોઈ ચતુર વિદ્વાન, નિશ્ચયનયથી સકળચારિત્ર શુદ્ધિ પણ મુનિપણું છે અને વ્યવહારનયથી અઠ્યાવીશ મૂળગુણાદિની



પ્રવૃત્તિ પણ મુનિપણું છે — એમ કહે છે. શું તે ચતુર વિદ્વાનોનું એમ કહેવું જૂઠું છે? ત્યાં ઉત્તર આપ્યો છે કે એવા ચતુર વિદ્વાનોનું કહેવું જૂઠું જ છે કેમકે નિશ્ચય અને વ્યવહારનયના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને સકળચારિત્ર શુદ્ધિ પણ મુનિપણું છે અને અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ પણ મુનિપણું છે — આ પ્રકારે ભ્રમરૂપ પ્રવર્તનથી તો નિશ્ચય-વ્યવહારનું ગ્રહણ કરવું જિનમાર્ગમાં નથી કહ્યું.

**પ્રશ્ન-૧૩ :- ‘(૧) ફરી પ્રશ્ન છે કે જો વ્યવહારનય અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે કર્યો છે? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું ને. (૨) સમાધાન —એવો જ તર્ક સમયસારમાં કર્યો છે, ત્યાં ઉત્તર આપ્યો છે — જે પ્રકારે અનાર્ય, એટલે કે મ્લેચ્છને મ્લેચ્છની ભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી; તે પ્રમાણે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે; માટે વ્યવહારનો ઉપદેશ છે. (૩) તથા એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે એ નિશ્ચયને અંગીકાર કરવા માટે વ્યવહાર દ્વારા ઉપદેશ દે છે. (૪) પરંતુ વ્યવહારનય છે તે અંગીકાર કરવાયોગ્ય નથી.’ — આ વાક્ય પર મુનિપણું લગાવીને સમજાવો?**

**ઉત્તર :-** (૧) ઉભયાભાસી માન્યતાવાળો જીવ કહે છે કે જો અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહાર મુનિપણું અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો? એક સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણાનું જ નિરૂપણ કરવું હતું ને. (૨) તેનું એ **સમાધાન** કર્યું છે કે જે પ્રકારે મ્લેચ્છને મ્લેચ્છની ભાષા વિના અર્થ સમજાવવા કોઈ સમર્થ નથી; તે પ્રમાણે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણા વિના, સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણાનો ઉપદેશ અશક્ય છે; માટે તેનો ઉપદેશ છે. (૩)

તથા ટીકામાં કહ્યું છે કે સત્યાર્થ નિશ્ચયમુનિપણાનું જ્ઞાન કરાવવા માટે, અસત્યાર્થ વ્યવહારમુનિપણાનો ઉપદેશ છે. (૪) અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણું છે, તેનો વિષય પણ છે; જાણવાયોગ્ય છે, પણ અંગીકાર કરવા (યથાર્થ મુનિપણું માનવા) યોગ્ય નથી.

**પ્રશ્ન-૧૪ :- '(૧) વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ કેવી રીતે નથી હોતો? (૨) સમાધાન — નિશ્ચયથી વીતરાગભાવ મોક્ષમાર્ગ છે, તેને જે નથી ઓળખતા, તેને એમ જ કહેતા રહે તો તે નહિ સમજી શકે. (૩) પરદ્રવ્યના નિમિત્તના નાશ થવાની સાપેક્ષતા દ્વારા; (૪) વ્યવહારનયથી વ્રત-શીલ-સંયમાદિરૂપ વીતરાગભાવના વિશેષ બતાવ્યા, ત્યારે તેને વીતરાગભાવની ઓળખાણ થઈ.' — આ વાક્યમાં મુનિપણાને લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ મુનિપણું છે — એવા વ્યવહાર વિના સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણાનો ઉપદેશ કેવી રીતે નથી હોતો? (૨) **સમાધાન** — નિશ્ચયથી સકળચારિત્રરૂપ વીતરાગભાવ જ મુનિપણું છે. તેને સકળચારિત્ર વીતરાગભાવરૂપ મુનિપણાને જે નથી ઓળખતા, તેને એમ જ કહેતા રહે તો તે સમજી નહિ શકે. (૩)ત્યારે તેને, જેને સકળચારિત્રરૂપ વીતરાગ મુનિપણું પ્રગટ્યું છે, તેના અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિથી વિરૂદ્ધ ધર્મ-વિરોધી કાર્યોના નિમિત્તનો નાશ થવાની સાપેક્ષતા દ્વારા; (૪) વ્યવહારનયથી અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિને સકળચારિત્ર વીતરાગભાવરૂપ મુનિદશાના વિશેષો બતાવ્યા. ત્યારે તેને સકળચારિત્ર વીતરાગભાવરૂપ મુનિપણાની ઓળખાણ થઈ.

**પ્રશ્ન-૧૫ :- '(૧) વ્યવહારનય કેવી રીતે અંગીકાર ન**



**કરવો? તે કહો? (૨) સમાધાન - પરદ્રવ્યનું નિમિત્ત નાશ થવાની અપેક્ષાએ; (૩) વ્યવહારનયથી વ્રત-શીલ-સંયમાદિને મોક્ષમાર્ગ કહ્યો, પણ તેને જ મોક્ષમાર્ગ ન માની લેવો. (૪) કેમકે પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ આત્માના હોય તો આત્મા પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય, પણ કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યને આધીન નથી. (૫) માટે આત્મા પોતાના ભાવ, રાગાદિક છે, તેને છોડીને વીતરાગી થાય છે. (૬) માટે નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે. (૭) વીતરાગભાવોનું અને વ્રતાદિકનું કદાચિત્ કાર્ય-કારણપણું છે; (૮) માટે વ્રતાદિકને મોક્ષમાર્ગ કહ્યો તે કથનમાત્ર જ છે; (૯) પરમાર્થથી બાહ્ય ક્રિયા, મોક્ષમાર્ગ નથી — એમ જ શ્રદ્ધાન કરવું.' — આ વાક્ય પર મુનિપણાને લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) અઠ્યાવીશ મૂળગુણાદિ અશુદ્ધિરૂપ વ્યવહારમનુપણાને કેવી રીતે અંગીકાર ન કરવું જોઈએ? તે સ્પષ્ટતાથી સમજાવે. (૨) ત્યાં ઉત્તર આપ્યો છે કે ભૂમિકાનુસાર અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ અને પીછી-કમંડળ સિવાય કાંઈ ન હોય, ઘરમાં ન રહે, કર્યું, કરાવેલું, અનુમોદિત ભોજન ન લે વગેરે ધર્મ વિરોધી પરદ્રવ્યનું નિમિત્ત નાશ થવાની અપેક્ષાએ; (૩) વ્યવહારનયથી અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિને મુનિપણું કહ્યું, તેને જ મુનિપણું ન માની લેવું; (૪) કેમકે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ શરીરની ક્રિયાનો ગ્રહણ-ત્યાગ આત્માના હોય તો આત્મા, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા-હર્તા થઈ જાય, પણ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન નથી; માટે અટ્યાવીશ મૂળગુણાદિરૂપ શરીરની ક્રિયાથી તો આત્માને સર્વથા સંબંધ નથી. (૫) માટે આત્મા પોતાના અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ જે રાગાદિકભાવ છે, તેને છોડીને સકળચારિત્ર વીતરાગભાવરૂપ થાય

છે; (૬) માટે નિશ્ચયથી સકળચારિત્ર વીતરાગભાવ જ સાચું મુનિપણું છે. (૭) અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિ અને સકળચારિત્ર વીતરાગબાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. (૮) માટે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિને મુનિપણું કહ્યું છે, તે કથનમાત્ર જ છે. (૯) પરમાર્થથી અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ બાહ્ય ક્રિયા, મુનિપણું નથી - એમ જ શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન-૧૬ :- '(૧) અહીં પ્રશ્ન છે કે વ્યવહારનય, પરના ઉપદેશમાં જ કાર્યકારી છે કે પોતાનું પણ પ્રયોજન સાધે છે? (૨) સમાધાન — આપ પણ જ્યાં સુધી નિશ્ચયનયથી પ્રરૂપિત વસ્તુને ન ઓળખો, ત્યાં સુધી વ્યવહારમાર્ગથી વસ્તુનો નિશ્ચય કરે; (૩) માટે નીચલીદશામાં પોતાને પણ વ્યવહારનય કાર્યકારી છે. (૪) પણ વ્યવહારને ઉપચારમાત્ર માનીને, તેના દ્વારા વસ્તુને ઠીક પ્રકારે સમજે, ત્યારે તે કાર્યકારી થાય, (૫) પણ જો નિશ્ચયવત્ વ્યવહારને પણ સત્યભૂત માનીને 'વસ્તુ આ પ્રમાણે જ છે' - એવું શ્રદ્ધાન કરે તો ઊલટું અકાર્યકારી થઈ જાય. (૬) એ જ શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય, શ્લોક ૬-૭માં કહ્યું છે કે મુનિરાજ, અજ્ઞાનીને સમજાવવા માટે, અસત્યાર્થ જે વ્યવહારનય, તેનો ઉપદેશ દે છે. (૭) જે કેવળ વ્યવહારને જ જાણે છે, તેને ઉપદેશ જ દેવો યોગ્ય નથી. (૮) તથા જેમ કોઈ સાચા સિંહને ન જાણે, તેને બિલાડી જ સિંહ છે; તે પ્રકારે જો નિશ્ચયને જ જાણે, તેને જ વ્યવહાર જ નિશ્ચયપણાને પ્રાપ્ત થાય છે.' — આ વાક્ય પર મુનિપણાને લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) અઠ્યાવીશ મૂળગુણાદિ પાળવાના ભાવરૂપ



મુનિપણું છે - એવો વ્યવહારનય પરને જ ઉપદેશમાં કાર્યકારી છે કે પોતાનું પણ કોઈ પ્રયોજન સાધે છે? એ પ્રશ્નકારનો પ્રશ્ન છે. (૨) સમાધાન - શિષ્ય પણ જ્યાં સુધી નિશ્ચયનયથી પ્રરૂપિત વીતરાગ શુદ્ધોપયોગરૂપ મુનિદશાને ન સમજે, ત્યાં સુધી વ્યવહારમાર્ગથી વીતરાગ શુદ્ધોપયોગરૂપ મુનિદશાનો નિશ્ચય કરે; (૩) માટે નીચેની દશામાં શિષ્યને પણ અઠ્યાવીશ મૂળગુણાદિ મુનિપણું છે - એવો વ્યવહારનય કાર્યકારી છે. વ્યવહારનય કાર્યકારી ક્યારે કહેવાશે? જ્યારે નિજ જ્ઞાયક ભગવાનના આશ્રયે પર્યાયમાં વીતરાગ શુદ્ધોપયોગરૂપ મુનિદશા પ્રગટ કરે. (૪) પરંતુ અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ મુનિદશા છે — એવા વ્યવહારને ઉપચારમાત્ર માનીને, તેના દ્વારા વીતરાગ શુદ્ધોપયોગરૂપ મુનિપણાને ઠીક પ્રકારે સમજે ત્યારે તે કાર્યકારી છે. (૫) પણ જો સકલચારિત્ર વીતરાગભાવરૂપ નિશ્ચયમુનિપણાની જેમ અઠ્યાવીસ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાને પણ સાચું માનીને 'મુનિપણું આ પ્રકારે જ છે.' એવું શ્રદ્ધાન કરે તો ઉલટું અનર્થકારી થઈ જાય. (૬) એ જ વાત પુરુષાર્થસિદ્ધિ ઉપાય, શ્લોક ૬-૭માં કહી છે કે જે ઝઘડાખોર નથી, પણ જેમ મુનિરાજ કહે છે, તેમ જ માને છે — તેવા અજ્ઞાનીને મુનિરાજ, જ્ઞાની બનાવવા માટે અસત્યાર્થ જે વ્યવહારનય છે, તેનો ઉપદેશ કરે છે. (૭) જે અજ્ઞાની મૂળગુણાદિ જ મુનિપણું છે — એવા વ્યવહારનો જ પક્ષ કરે છે- એવા અજ્ઞાનીને મુનિરાજ, દેશનાને યોગ્ય નથી માનતા. (૮) જેમ કોઈ જંગલમાં જતો હતો તેણે કદી સિંહને જોયો નથી, તેને મોટી મુછોવાળી બિલાડી દેખાડીને કહ્યું કે સિંહ આવો હોય છે, ત્યારે તે પુરુષ મોટી મુછોવાળી બિલાડીને જ સિંહ માની લે; તો તે દેશનાને અયોગ્ય છે; તે પ્રકારે કોઈ સકળચારિત્ર શુદ્ધિરૂપ મુનિપણાને ન ઓળખે અને અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ

વ્યવહાર મુનિપણાને સાચું મુનિપણું માની લે તો તે ભગવાનની વાણી સાંભળવાને યોગ્ય નથી કેમકે તેણે વ્યવહારમુનિપણાને જ સાચું મુનિપણું માની લીધું છે.

**પ્રશ્ન-૧૭ :- '(૧) અહીં કોઈ નિર્વિચારી પુરુષ એમ કહે કે તું વ્યવહારને અસત્યાર્થ, હેય કહે છો તો અમે વ્રત-શીલ-સંયમાદિ વ્યવહારકાર્ય શા માટે કરીએ, બધાને છોડી દઈએ? (૨) તેને કહે છે કે વ્રત-સીલ-સંયમાદિનું નામ વ્યવહાર નથી. (૩) તેને મોક્ષમાર્ગ માનવો વ્યવહાર છે, તેને છોડી દે (૪) અને એવું શ્રદ્ધાન કર કે તેને તો બાહ્ય સહકારી જાણીને, ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે - તે તો પરદ્રવ્યાશ્રિત છે. (૫) તથા સાચો મોક્ષમાર્ગ વીતરાગભાવ છે, તે સ્વદ્રવ્યાશ્રિત છે. (૬) આ પ્રકારે વ્યવહારને અસત્યાર્થ-હેય જાણવું. (૭) વ્રતાદિકને છોડવાથી તો વ્યવહારનું હેયપણું નથી હોતું' — આ વાક્ય પર મુનિપણાને લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણું હેય છે અને સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણું પ્રગટ કરવા યોગ્ય ઉપાદેય છે - એમ હેય-ઉપાદેયનો જેને વિચાર નથી - એવા નિર્વિચારી પુરુષ કહે છે કે તુ અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાને અસત્યાર્થ, હેય કહે છો તો અમે અઠ્યાવીશ મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાનું પાલન શું કામ કરીએ? અમે તો વ્યવહારમુનિપણાને છોડીને, અશુભમાં પ્રવર્તન કરીશું - - એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે. (૨) તેને ઉત્તર આપે છે કે અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિનું નામ વ્યવહારમુનિપણું નથી. (૩) તેને મુનિપણું માનવું (કહેવું) વ્યવહાર છે — આ ખોટી માન્યતાને છોડી



દે. (૪) એવું શ્રદ્ધાન કર કે જેને પોતાના આત્માના આશ્રયથી સકળચારિત્ર શુદ્ધિરૂપ નિશ્ચયમુનિપણું પ્રગટ છે, તેના અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિને બાહ્ય સહકારી જાણીને ઉપચારથી મુનિપણું કહ્યું છે; અઠ્યાવીશ મૂળગુણાદિની પ્રવૃત્તિ તો પરદ્રવ્યાશ્રિત છે. (૫) તથા સાચું મુનિપણું તો સકળચારિત્રરૂપ શુદ્ધિ જ છે અને તે સ્વદ્રવ્યાશ્રિત છે. (૬) આ પ્રમાણે મૂળગુણાદિ પ્રવૃત્તિરૂપ વ્યવહારમુનિપણાને અસત્યાર્થ-હેય જ જાણવા. (૭) અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિને છોડવાથી તો વ્યવહારમુનિપણાનું હેયપણું નથી હોતું.

**પ્રશ્ન-૧૬ :- '(૧) પછી અમે પૂછ્યું કે વ્રતાદિકને છોડીને શું કરીએ? (૨) જો હિંસાદિરૂપ પ્રવર્તશે તો ત્યાં તો મોક્ષમાર્ગનો ઉપચાર પણ સંભવ નથી. ત્યાં પ્રવર્તવાથી શું ફાયદો? નરકાદિને પામશે. માટે એમ કરવું તો નિર્વિચારપણું છે. (૩) તથા વ્રતાદિરૂપ પરિણતિનો નાશ કરીને, કેવળ વીતરાગ ઉદાસીનભાવરૂપ થવું ઘટે તો ઠીક છે. (૪) તે નીચલીદશામાં ન હોઈ શકે. (૫) માટે વ્રતાદિક સાધન છોડીને, સ્વચ્છંદ થવું યોગ્ય નથી. (૬) આ પ્રકારે શ્રદ્ધાનમાં નિશ્ચયને અને પ્રવૃત્તિમાં વ્યવહારને ઉપાદેય માને - તે પણ મિથ્યાભાવ જ છે' - આ વાક્યને મુનિપણા પર લગાવીને સમજાવો?**

ઉત્તર :- (૧) પંડિતજી, ઉભયાભાસી માન્યતાવાળા જીવને પૂછે છે કે અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ પ્રવૃત્તિ છોડીને તું શું કરીશ? (૨) જો અઠ્યાવીશ મૂળગુણાદિરૂપ શુભભાવોને છોડીને, હિંસાદિ અશુભભાવોમાં પ્રવર્તીશ તો ત્યાં તો મુનિપણાનો ઉપચાર પણ સંભવ નથી અને અશુભભાવોમાં પ્રવર્તવાથી તને શું લાભ થશે? નરકાદિના

દુઃખો મળશે; માટે અઠ્યાવીશ મૂળગુણાદિના શુભભાવોને છોડીને, અશુભભાવોમાં પ્રવર્તવું તો નિર્વાચારીપણું છે. (૩) અઠ્યાવીશ મૂળગુણાદિક વ્યવહારમુનિપણાની પરિણતિનો નાશ કરી કેવળ યથાખ્યાતચારિત્ર વીતરાગ શુદ્ધોપયોગભાવરૂપ થવું ઘટે તો ઠીક છે. (૪) તે નીચલીદશામાં ન હોઈ શકે. (૫) માટે અઠ્યાવીશ મૂળગુણાદિક શુભભાવોને છોડીને, સ્વચ્છંદ-પાપી થવાનું નથી. (૬) આ પ્રકારે શ્રદ્ધાનમાં નિશ્ચયને અને પ્રવૃત્તિમાં વ્યવહારને ઉપાદેય માનવું - તે પણ મિથ્યાભાવ છે.

●●



૩

# શ્રી પંચાસ્તિકાયમાં સમાગત એકાંત વ્યવહારાભાસીનું સ્વરૂપ

**પ્રશ્ન-૧ :- એકાંત વ્યવહારાભાસી કોનું અવલંબન કરે છે?**

ઉત્તર :- એકમાત્ર વ્યવહારનું અવલંબન કરે છે.

**પ્રશ્ન-૨ :- એકાંત વ્યવહારાભાસી એકમાત્ર વ્યવહારનું અવલંબન કેમ કરે છે?**

ઉત્તર :- 'ખરેખર તો સાધન અને સાધ્ય અભિન્ન હોય છે, તેનો અનુભવ-જ્ઞાન ન હોવાથી શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવરૂપ સાધ્યની પ્રાપ્તિ થશે' - એવી ખોટી શ્રદ્ધા અને ખોટું જ્ઞાન હોવાથી, એકમાત્ર વ્યવહારનું અવલંબન કરે છે.

**પ્રશ્ન-૩ :- એકાંત વ્યવહારાભાસી, શ્રદ્ધા માટે શું કરે છે, અને શું નથી કરતા?**

ઉત્તર :- ધર્માદિ પરદ્રવ્યોની શ્રદ્ધા કરે છે; આત્માની શ્રદ્ધા નથી કરતા.

**પ્રશ્ન-૪ :- એકાંત વ્યવહારાભાસી, જ્ઞાન માટે શું કરે છે, શું નથી કરતા?**

ઉત્તર :- દ્રવ્યશ્રુતનું પઠન-પાઠન આદિ સંસ્કારોથી અનેક પ્રકારના વિકલ્પજાળથી ચૈતન્યવૃત્તિને ધારણ કરે છે; આત્માનું જ્ઞાન નથી

રતા.

**પ્રશ્ન-૫ :- એકાંત વ્યવહારાભાસી, ચારિત્ર માટે શું કરે છે?**

ઉત્તર :- યતિના સમસ્ત વ્રત સમુદાયરૂપ, તપાદિ પ્રવૃત્તિરૂપ કર્મકાંડોની ધમાલમાં પાગલ બનેલા રહે છે; ક્યારેક પુણ્યની રુચિ કરે છે, ક્યારેક દયાવંત બને છે.

**પ્રશ્ન-૬ :- એકાંત વ્યવહારાભાસી, દર્શનાચાર માટે શું કરે છે?**

ઉત્તર :- કોઈ સમયે પ્રશમતા (ક્રોધ, માનાદિ સંબંધી રાગ-દ્વેષની મંદતા); કોઈ સમયે સંવેગ (વિકારીભાવોનો ભય); કોઈ સમયે અનુકંપા, દયા (સર્વ પ્રાણીઓ ઉપર દયાનો પ્રાદુર્ભાવ); અને કોઈ સમયે આસ્તિક્યમાં (જીવાદિ તત્ત્વોનું જેવું અસ્તિત્વ છે, તેવું આગમ-યુક્તિથી માની) વર્તે છે તથા શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદૃષ્ટિ વગેરે ભાવ ઉત્પન્ન ન થાય — એવી શુભોપયોગરૂપ સાવધાની રાખે છે; માત્ર વ્યવહારનયરૂપ ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના આ અંગોની ભાવના વિચારે છે અને તે સંબંધી ઉત્સાહને વારે વારે ચઢાવે છે.

**પ્રશ્ન-૭ :- એકાંત વ્યવહારાભાસી, જ્ઞાનાચાર માટે શું કરે છે?**

ઉત્તર :- સ્વાધ્યાયનો કાળ વિચારે છે; અનેક પ્રકારના વિનયમાં પ્રવૃત્તિ કરે છે; શાસ્ત્રની ભક્તિ માટે વિનયનો વિસ્તાર કરે છે; દુર્ધર ઉપધાન કરે છે — આરંભ કરે છે, શાસ્ત્રોનું સારા પ્રકારે બહુમાન કરે છે; ગુરુ-આદિમાં ઉપકારપ્રવૃત્તિને નથી ભૂલતા; અર્થ-વ્યંજ અને આ બંનેની શુદ્ધતામાં સાવધાન રહે છે.

**પ્રશ્ન-૮ :- એકાંત વ્યવહારાભાસી, ચારિત્રાચાર માટે શું**



**કરે છે?**

ઉત્તર :- હિંસા, જૂઠું, ચોરી, સ્ત્રી સેવન અને પરિગ્રહ - આ બધાથી વિરતરૂપ પાંચ મહાવ્રતોથી સ્થિરવૃત્તિ ધારણ કરે છે; યોગ (મન-વચન-કાય)ના નિગ્રહરૂપ ગુપ્તિઓના અવલંબનનો ઉદ્યોગ કરે છે; ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપણ અને ઉત્સર્ગ-આ પાંચ સમતિઓમાં સર્વથા પ્રયત્નવંત વર્તે છે.

**પ્રશ્ન-૯ :- એકાંત વ્યવહારાભાસી, તપાચાર માટે શું કરે છે?**

ઉત્તર :- અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશમાં નિરંતર ઉત્સાહ રાખે છે; પ્રાયશ્ચિત, વિનય, વૈય્યાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન માટે ચિત્તને વશમાં કરે છે.

**પ્રશ્ન-૧૦ :- એકાંત વ્યવહારાભાસી, વીર્યાચાર માટે શું કરે છે?**

ઉત્તર :- કર્મકાંડમાં સર્વશક્તિપૂર્વક વર્તે છે.

**પ્રશ્ન-૧૧ :- એકાંત વ્યવહારાભાસી, આ બધામાં સાવધાની રાખે છે. તેનું ફળ શું થાશે અને શું નહિ થાય?**

ઉત્તર :- એમ કરતા થકા કર્મચેતનાની પ્રધાનતાપૂર્વક અશુભભાવની પ્રવૃત્તિ છોડે છે, પણ શુભભાવની પ્રવૃત્તિને આદરવાયોગ્ય માનીને અંગીકાર કરે છે; માટે સંપૂર્ણ ક્રિયાકાંડના આડંબરથી અતિક્રાંત દર્શન-જ્ઞાન-ચારિત્રની ઐક્ય પરિણતિરૂપ જ્ઞાનચેતનાને તે કોઈ પણ સમયે પ્રાપ્ત નથી કરતા. તે બહુ પુણ્યના ભારથી મન્થર (મંદ;સુસ્ત) થઈ ચિત્તવૃત્તિવાળા વર્તે છે; માટે સ્વર્ગલોકાદિનો ક્લેશ પામીને, પરંપરાથી દીર્ઘકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. ●●

(૪)

# પાંચ લબ્ધિઓનું સ્વરૂપ

**પ્રશ્ન-૧ :- લબ્ધિઓ કેટલી હોય છે અને તેના નામ શું છે?**

ઉત્તર :- પાંચ હોય છે; ક્ષપોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય, અને કરણ - આ પાંચ નામ છે.

**પ્રશ્ન-૨ :- ક્ષાયોપશમલબ્ધિ શું છે?**

ઉત્તર :- જેના હોવાથી તત્ત્વવિચાર થઈ શકે છે — એવું જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય; તેની પ્રાપ્તિ, તે ક્ષયોપશમલબ્ધિ છે.

**પ્રશ્ન-૩ :- ક્ષાયોપશમલબ્ધિમાં ઉપાદાન-નિમિત્ત શું છે?**

ઉત્તર :- ક્ષયોપશમભાવ, ઉપાદાનકારણ છે અને તેને યોગ્ય જ્ઞાનાવરણીયકર્મનું ક્ષયોપશમ, નિમિત્ત છે.

**પ્રશ્ન-૪ :- પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય ક્ષયોપશમ તો બધા પંચેન્દ્રિય જીવોને થયા છે - શું તે બધાને ક્ષયોપશમલબ્ધિની પ્રાપ્તિ નથી?**

ઉત્તર :- પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય ક્ષયોપશમ તો સર્વ પંચેન્દ્રિય સંજ્ઞી જીવોને પ્રગટ થયું છે પણ તે ક્ષયોપશને સાંસારિક પ્રયોજનમાં, દવાખાના ખોલવામાં, દેશની સેવામાં, જીવોની દયા પાળવામાં, વ્રતાદિ પાળવામાં લગાવે, તેને



ક્ષયોપશમલબ્ધિની પ્રાપ્તિ નથી પણ જેવું અનાદિથી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે; તે પ્રકારે તત્ત્વનો વિચાર કરે; અન્ય પ્રકારની વાતને ધ્યાનમાં ન લે, ત્યારે તેને ક્ષયોપશમલબ્ધિની પ્રાપ્તિ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૫ :- વિશુદ્ધલબ્ધિ શું છે?**

ઉત્તર :- મોહનો મંદ ઉદય આવવાથી મંદકષાયરૂપ ભાવ હોય, જ્યાં તત્ત્વવિચાર થઈ શકે તે વિશુદ્ધિલબ્ધિ છે.

**પ્રશ્ન-૬ :- વિશુદ્ધિલબ્ધિ શું બતાવે છે?**

ઉત્તર :- તત્ત્વના વિચારમાં જ્ઞાનનો વિકાસ થયો હોય, ત્યારે રાગની દશા કેવી હોય છે? એટલે કે કષાય ઘણો મંદ હોય, તે વિશુદ્ધિલબ્ધિ બતાવે છે.

**પ્રશ્ન-૭ :- દેશનાલબ્ધિ શું છે?**

ઉત્તર :- જિનદેવના ઉપદિષ્ટ તત્ત્વને ધારણ હોય વિચાર હોય, તે દેશનાલબ્ધિ છે.

**પ્રશ્ન-૮ :- દેશનાલબ્ધિમાં ઉપાદાન અને નિમિત્ત શું છે?**

ઉત્તર :- ઉપદેશિત નવ પદાર્થોની ધારણા થવી, ઉપાદાનકારણ છે અને જ્ઞાની ગુરુ, નિમિત્તકારણ છે.

**પ્રશ્ન-૯ :- દેશનાલબ્ધિ શું બતાવે છે?**

ઉત્તર :- જેને તત્ત્વવિચારરૂપ ક્ષયોપશમ, મંદકષાયરૂપ વિશુદ્ધ અવસ્થા થાય છે, ત્યારે તે ભગવાનની કે ગુરુની દેશના સાંભળવા લાયક છે. ત્યારે તેને પોતાની યોગ્યતાથી, જેમ સાચા ગુરુ કહે છે, તેવું જ ધ્યાનમાં બેસે છે, તે દેશનાલબ્ધિ બતાવે છે. અહીં ઉપદિષ્ટ કહ્યું છે; કોઈ, ઉપદેશ વિના એકલા શાસ્ત્ર વાંચીને દેશનાલબ્ધિ પ્રાપ્ત નથી કરી શકતું.

**પ્રશ્ન-૧૦ :- પ્રાયોગ્યલબ્ધિ શું છે?**

**ઉત્તર :-** કર્મોની પૂર્વ સત્તા અંતઃ ક્રોડાક્રોડી સાગરપ્રમાણ રહી જાય અને નવીન બંધ અંતઃ ક્રોડાક્રોડી પ્રમાણ તેના સંખ્યાતા ભાગમાત્ર હોય, તે પણ તેને લબ્ધિકાળથી માંડીને ક્રમશઃ નાશ પામે- વગેરે યોગ્ય અવસ્થાનું થવું, તે પ્રાયોગ્યલબ્ધિ છે.

**પ્રશ્ન-૧૧ :- પ્રાયોગ્યલબ્ધિમાં ઉપાદાન-નિમિત્ત કારણ શું છે?**

**ઉત્તર :-** કર્મની સ્થિતિ અંતઃ ક્રોડાક્રોડી કાળમાત્ર રહેવાયોગ્ય જીવના પરિણામ, ઉપાદાનકારણ છે અને દ્રવ્યકર્મની તે પ્રકારની સ્થિતિ થવી તે નિમિત્તકારણ છે.

**પ્રશ્ન-૧૨ :- પ્રાયોગ્યલબ્ધિ શું બતાવે છે?**

**ઉત્તર :-** કર્મોની સ્થિતિ આપોઆપ ઘટતી જાય છે - તેવા કર્મની દશાનું થવું, તે પ્રાયોગ્યલબ્ધિ બતાવે છે.

**પ્રશ્ન-૧૩ :- આ ચારેય લબ્ધિ કોને હોય છે?**

**ઉત્તર :-** ચારે લબ્ધિયો મોટાભાગે ભવ્ય અને અભવ્ય બંનેને કહેવામાં આવે છે પણ ચારેય લબ્ધિઓ પછી કરણલબ્ધિ હોવાથી તરત જ સમ્યક્ત્વ પ્રગટે છે. જેને કરણલબ્ધિ હોય, તેને જ ખરેખર ચાર લબ્ધિઓ થઈ છે, નહિતર લબ્ધિઓનો કોઈ લાભ નથી કેમકે કાર્ય થવાથી જ કારણ પર ઉપચાર આવે છે.

**પ્રશ્ન-૧૪ :- શ્રી ગોમટ્ટસારમાં લબ્ધિઓના વિષયમાં શું કહ્યું છે?**

**ઉત્તર :-** જે જીવ, કરણલબ્ધિમાં આવે છે, તેને 'સાતિશય મિથ્યાદૃષ્ટિ' કહ્યા છે, તેને નિયમથી સમ્યક્ત્વ થાય જ છે. કરણલબ્ધિવાળા જીવની ચાર લબ્ધિઓ પણ વિચિત્ર પ્રકારની હોય છે.



**પ્રશ્ન-૧૫ :- બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા ૩૭ની ટીકામાં લબ્ધિઓના વિષયમાં શું કહ્યું છે?**

**ઉત્તર :-** 'કરણલબ્ધિ, સમ્યક્ત્વ થવાના સમયે હોય છે. અધ્યાત્મભાષામાં નિજ શુદ્ધાત્માભિમુખ પરિણામ નામના વિશેષ પ્રકારની નિર્મળભાવનારૂપ ખડગથી પુરુષાર્થ કરીને, કર્મશત્રુઓનો નાશ કરે છે.'

**પ્રશ્ન-૧૬ :- શ્રી પ્રવચનસારમાં શ્રી જયસેનાચાર્યે શું કહ્યું છે?**

**ઉત્તર :-** આગમની ભાષાથી અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ નામના પરિણામ વિશેષોના બળથી જે વિશેષભાવ, દર્શનમોહનો અભાવ કરવાને સમર્થ છે, તેમાં પોતાના આત્માને જોડે છે; પછી નિર્વિકલ્પસ્વરૂપની પ્રાપ્તિ માટે, જેમ - હારમાં પર્યાયરૂપથી મોતી, ગુણરૂપથી સફેદી વગેરે અભેદનયથી એક હાર જ જણાય છે; તે પ્રકારે પૂર્વમાં કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય, અભેદનયથી આત્મા જ છે - એવી ભાવના કરતા કરતા દર્શનમોહનો અંધકાર નાશ થઈ જાય છે. **(શ્રી પ્રવચનસાર, ગાથા ૮૦)**

**પ્રશ્ન-૧૭ :- કારણલબ્ધિ કોને નથી હોતી?**

**ઉત્તર :-** જે જીવને પુણ્યની રુચિ છે અને બાહરની અનુકૂળતા સારી લાગે છે - જેમકે અમે થોડા દિવસ જીવીએ તો ધર્મ સમજીએ, આંખ-નાક-કાન - શરીર ઠીક રહે, રૂપિયા-પૈસાની અનુકૂળતા હોય, ગુરુનો ઉપદેશ મળતો રહે તો હું ધર્મ કરી શકું — એવા જીવોને કરણલબ્ધિ નથી હોતી.

**પ્રશ્ન-૧૮ :- કરણલબ્ધિ કોને હોય છે?**

**ઉત્તર :-** જેને પુણ્યની રુચિ છૂટે છે, તેને અપૂર્વકરણથી નિર્જરા થવાની શરૂ થઈ જાય છે. કષાયનું મંદ થવું તે તો વિકારનું સૂચક

છે, તેની વાત અહીંયાં નથી પણ અપૂર્વકરણમાં નિર્જરા ગળવારૂપ એટલે કે નાશ થવારૂપ હોય છે.

**પ્રશ્ન-૧૯ :- કરણલબ્ધિમાં કયું ગુણસ્થાન છે?**

**ઉત્તર** :- પહેલું મિથ્યાત્વગુણસ્થાન છે. દર્શનમોહનીયકર્મનો બંધ થાય છે પણ બંધ ઓછો થાય છે; નિર્જરા વધારે થાય છે, ત્યારે નિર્વિકલ્પતા થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૨૦ :- આગમમાં અપૂર્વકરણલબ્ધિથી જૈન કેમ કહ્યા છે, જ્યારે ત્યાં તો પહેલું ગુણસ્થાન છે અને નિર્જરા પણ કેમ છે?**

**ઉત્તર** :- અપૂર્વકરણમાં મિથ્યાત્વસંબંધી રજકણ ઓછા આવે છે અને અભાવ વધારે થાય છે. એ જ પ્રકારે અનિવૃત્તિકરણમાં અપૂર્વકરણથી વધારે મિથ્યાત્વકર્મના રજકણ ખરી જાય છે અને બહુ ઓછા આવે છે. કર્મ ખરવાની અપેક્ષાએ નિર્જરા કહેવામાં આવે છે તથા અપૂર્વકરણ થવાથી નિયમથી સમ્યગ્દર્શન થાય જ છે; માટે આગમમાં અપૂર્વકરણથી જૈન કહ્યા છે. અપૂર્વકરણમાં મિથ્યાશ્રદ્ધા પાતળી પડી જાય છે અને મિથ્યાત્વના રજકણ ઓછા આવે છે; માટે નિર્જરા કહી છે.

**પ્રશ્ન-૨૧ :- અધઃકરણ હોવાથી નિયમથી અપૂર્વકરણ હોય છે, તો અધઃકરણથી આગમમાં જૈન કેમ નથી કહેવામાં આવ્યા?**

**ઉત્તર** :- અધઃકરણમાં મિથ્યાત્વના રજકણ જેટલા આવે છે, તેટલા જ ખરી જાય છે; માટે અધઃકરણથી આગમમાં જૈન નથી કહ્યા.

**પ્રશ્ન-૨૨ :- શું કરણલબ્ધિ થવાથી સમ્યક્ત્વ થાય જ છે?**



**ઉત્તર** :- હા, એવો નિયમ છે. જેને ચાર લબ્ધિઓ તો થઈ હોય અને અંતર્મુહૂર્ત પછી જેને સમ્યક્ત્વ થવાનું હોય તે જીવને કરણલબ્ધિ હોય છે.

**પ્રશ્ન-૨૩ :- તે કરણલબ્ધિવાળા જીવને શું ઉદ્યમ હોય છે?**

**ઉત્તર** :- બુદ્ધિપૂર્વક તત્ત્વવિચારમાં ઉપયોગને તદ્રૂપ થઈને લગાવે, તેનાથી સમયે સમયે પરિણામ નિર્મળ થતા જાય છે. જેમ કે કોઈને શિક્ષાનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેનાથી જલ્દી જ તેની પ્રાપ્તિ થઈ જશે; તે પ્રમાણે તત્ત્વોપદેશનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેનાથી તેને જલ્દી જ તેનું શ્રદ્ધાન થઈ જાય છે.

**પ્રશ્ન-૨૪ :- શું કારણલબ્ધિના પરિણામ વચનગમ્ય છે?**

**ઉત્તર** :- નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવની સન્મુખ થવાથી અંતરમાં કોઈ સૂક્ષ્મ પરિણામ થઈ જાય છે, તે કેવળીગમ્ય છે; વચનગમ્ય નથી.

**પ્રશ્ન-૨૫ :- હું કારણલબ્ધિ કરું - શું એવો ભાવ થાય છે?**

**ઉત્તર** :- બિલકુલ નથી થતો. હું અધઃકરણું કરું, અનિવૃત્તિકરણ કરું - એવું લક્ષ નથી થતું. કેમકે કરું કરું તે તો સ્થૂળ રાગ છે પણ અંતરમાં આત્મસન્મુખ થવાથી, અધઃકરણ આદિના પરિણામ થઈ જાય છે, તે પોતાની બુદ્ધિમાં નથી આવતા.

**પ્રશ્ન-૨૬ :- અધઃકરણાદિને અધ્યાત્મદૃષ્ટિ અને આગમદૃષ્ટિમાં શું કહેવાય છે?**

**ઉત્તર** :- અધ્યાત્મ દૃષ્ટિમાં આત્મસન્મુખ પરિણામ કહેવાય છે અને આગમદૃષ્ટિથી અધઃકરણાદિ કહેવામાં આવે છે. જીવના

વિશુદ્ધ પરિણામનું નિમિત્ત હોવાથી, દ્રવ્યકર્મનું પણ સ્વયં એવું પરિણમન થઈ જાય છે પણ જીવનો ઉદ્યમ તો આત્મસન્મુખ પરિણામ જ છે.

**પ્રશ્ન-૨૭ :- કરણલબ્ધિમાં ઉપાદાન-નિમિત્તકારણ શું છે?**

**ઉત્તર** :- આત્મામાં સમ્યક્ત્વને યોગ્ય પરિણામની વિશુદ્ધિ, ઉપાદાનકારણ છે; દ્રવ્યકર્મોની તે સમયની પર્યાયની યોગ્યતા નિમિત્તકારણ છે.

**પ્રશ્ન-૨૮ :- સમ્યક્ત્વ થવાથી ઉપાદાન-નિમિત્તકારણ શું છે?**

**ઉત્તર** :- આત્માના શ્રદ્ધાગુણની શુદ્ધ પર્યા પ્રગટવી ઉપાદાનકારણ છે; દર્શનમોહનીયના ઉપશમાદિ નિમિત્તકારણ છે.

**પ્રશ્ન-૨૯ :- કરણલબ્ધિના ત્રણ ભેદ ક્યા ક્યા છે?**

**ઉત્તર** :- અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ - આ ત્રણ ભેદ છે.

**પ્રશ્ન-૩૦ :- અધઃકરણ શું છે?**

**ઉત્તર** :- અધઃકરણ એટલે કે હલકુ; આત્માની સન્મુખ પરિણામ થયા છે, પણ હલકા છે; માટે અધઃકરણ કહ્યા છે.

**પ્રશ્ન-૩૧ :- શાસ્ત્રોમાં અધઃકરણની વ્યાખ્યા શું કરી છે?**

**ઉત્તર** :- ત્રિકાળવર્તી બધા કરણલબ્ધિવાળા જીવોના પરિણામોની અપેક્ષાથી આ ત્રણ નામ છે. ત્યાં કરણ નામ તો પરિણામનું છે. જ્યાં પહેલા અને પછીના સમયના પરિણામો સમાન હોય, તે અધઃકરણ છે. જેમકે કોઈ જીવના પરિણામ, તે કરણના પહેલાં સમયમાં અલ્પ વિશુદ્ધતા સહિત થયા, પછી સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતાથી વધતા ગયા, તથા તેના બીજા-ત્રીજા વગેરે સમયોમાં જેવા પરિણામ હોય, તેવા બીજા અન્ય જીવોના પ્રથમ સમયમાં



જ હો અને તેના તે સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતા વધતી હોય-આ પ્રમાણે અધઃકરણ જાણવું.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૬૨)**

**પ્રશ્ન-૩૨ :- અધઃકરણનું સ્વરૂપ સમજાણું નહિ, કૃપા કરીને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરો.**

**ઉત્તર** :- ત્રીજા ધોરણમાં એક વિદ્યાર્થી ભણે છે, તે એક વર્ષમાં મહેનત કરીને પાસ થઈને ચોથા ધોરણમાં આવી જાય છે અને બીજો વિદ્યાર્થી બીજા ધોરણમાં ભણે છે, તે એટલો હોશિયાર છે કે એક વર્ષમાં બે ધોરણ પાસ કરીને ચોથા ધોરણમાં પહોંચી જાય છે; તે પ્રમાણે આઠ વાગે જેણે અધઃકરણ માંડ્યું હોય, તે એક સમય પછી જેટલી શુદ્ધિ પ્રગટ કરે છે, તેટલી શુદ્ધિ આઠ વાગ્યા ને એક મિનિટમાં અધઃકરણ માંડનારા બીજા જીવે, વધારે પુરુષાર્થથી પહેલા જીવની જેટલી શુદ્ધિ છે, તેટલી જ પ્રગટ કરી લે છે, તેને અધઃકરણ કહે છે.

**પ્રશ્ન-૩૩ :- અપૂર્વકરણ શું છે?**

**ઉત્તર** :- આત્મસન્મુખ પરિણામ અપૂર્વ-અપૂર્વ જ હોય, તે અપૂર્વકરણ છે.

**પ્રશ્ન-૩૪ :- શાસ્ત્રોમાં અપૂર્વકરણની વ્યાખ્યા શું કરી છે?**

**ઉત્તર** :- જેમાં પહેલા અને પછીના સમયના પરિણામ સમાન ન હોય, અપૂર્વ જ હોય; તે અપૂર્વકરણ છે. જેમ કે તે કરણના પરિણામ જેમ પહેલા સમમાં હોય, તેવા કોઈ પણ જીવને બીજા આદિ સમયોમાં નથી હોતા, વધતા જ હોય છે; તથા અહીંયાં અધઃકરણવત્ જે જીવના કરણનો પહેલો સમય જ હોય, તેવા અનેક જીવોના પરિણામ પરસ્પર સમાન જ હોય છે અને વધારે હીન-

વિશુદ્ધતાસહિત પણ હોય છે પણ અહીં એટલું વિશેષ થયું છે કે ઉત્કૃષ્ટતાથી પણ બીજા આદિ સમયવાળાને જઘન્ય પરિણામ પણ અનંતગુણી વિશુદ્ધતાસહિત જ હોય છે. એ પ્રમાણે જેને અપૂર્વકરણ શરૂ કર્યે બીજો સમય થયો હોય તેને તે સમયવાળાના પરિણામને પરસ્પર સમાન કે અસમાન હોય છે પણ ઉપરના સમયવાળાના પરિણામ તે સમયે સર્વથા સમાન નથી હોતા, અપૂર્વ જ હોય છે. તે પ્રમાણે અપૂર્વકરણ જાણવું.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૬૨)

**પ્રશ્ન-૩૫ :- અપૂર્વકરણનું સ્વરૂપ પણ સમજાણું નહિ કૃપા કરીને દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરો?**

ઉત્તર :- એક ક્લાસમાં ૨૫ વિદ્યાર્થીઓ છે. તેમાં છેલ્લા નંબરવાળો વિદ્યાર્થીની બરાબર ચોથા ધોરણનો વિદ્યાર્થી પહેલા નંબરવાળો હોય તોપણ તેની સમાન નથી હોતો; તેમ જ પહેલા જે જીવે અપૂર્વકરણ માંડ્યું હોય, તેના પછીનાવાળા તેની સાથે શુદ્ધિમાં ક્યારે પણ સમાનપણું પામી શકે નહિ, તે સદાકાળ પાછળ જ રહેશે, તેને અપૂર્વકરણ કહે છે. જેમ કે - એક ક્લાસમાં જેટલા વિદ્યાર્થીઓ છે તે બધા એકસરખા હોશિયાર નથી હોતા. એટલે કે તેમાં હીનાધિકતા હોય છે; તે પ્રમાણે અપૂર્વકરણ માંડનારા પાંચ જીવો હોય, તેનું વિશુદ્ધિરૂપ પરિણામ પણ એક સમાન નથી રહેતું, તેને અપૂર્વકરણ કહે છે.

**પ્રશ્ન-૩૬ :- અનિવૃત્તિકરણ શું છે?**

ઉત્તર :- આત્મપરિણામ અને વિશેષતા લઈને થવું; જેના અભાવથી નિયમથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, તેને અનિવૃત્તિકરણ કહે છે.

**પ્રશ્ન-૩૭ :- શાસ્ત્રોમાં અનિૃવત્તિકરણની પરિભાષા શું**



**બતાવી છે?**

ઉત્તર :- જેમાં સમાન સમયવર્તીત જીવોના પરિણામ, સમાન જ હોય છે. નિવૃત્તિ એટલે કે પરસ્પર ભેદ, તેનાથી રહીત હોય છે; જેમ તે કરણના પહેલા સમયમાં બધા જીવોના પરિણામ પરસ્પર સમાન જ હોય છે, તે પ્રકારે બીજા આદિ સમયોમાં પરસ્પર સમાનતા જાણવી. તથા પહેલા સમયવાળાઓથી બીજા સમયવાળાને અનંતગુણી વિશુદ્ધતાસહિત હોય છે. એ પ્રકારે અનિવૃત્તિકરણ જાણવું.

**પ્રશ્ન-૩૮ :- અનિવૃત્તિકરણનું સ્વરૂપ પણ સમજાણું નહિ, કૃપા કરી દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરો?**

ઉત્તર :- જેમ પાંચમાં ધોરણના બધા વિદ્યાર્થી સમાન હોંશિયાર જ હોય, તેમ જ એક સાથે અનિવૃત્તિકરણ માંડનારા જેટલા જીવો છે, તે બધાના પરિણામ પણ સમાન હોય, એટલે કે જેના પરિણામોમાં કોઈ ભેદ ન હોય તેને અનિવૃત્તિકરણ કહે છે.

**પ્રશ્ન-૩૯ :- અધઃકરણ આદિ ત્રણે ભાવો કેવા છે?**

ઉત્તર :- શુભભાવરૂપ છે, જેનો અભાવ થતાં જ ધર્મની પ્રાપ્તિ થાય છે અને ક્રમથી મોક્ષ લક્ષ્મીનો નાથ બની જાય છે.

**પ્રશ્ન-૪૦ :- (૧) શ્રી કાર્તિકિયસ્વામીએ સમ્યગ્દૃષ્ટિની ધર્મઅનુપ્રેક્ષાના વિષયમાં શું બતાવ્યું છે? (૨) સમ્યગ્દૃષ્ટિજીવ, વસ્તુસ્વરૂપનું કેવું ચિંતન કરે છે? (૩) તેમાં મોક્ષમાર્ગનો સમ્યક્ પુરુષાર્થ પણ ક્યા પ્રકારે આવી જાય છે?**

ઉત્તર :- અહીં મૂળગાથા લઈને તેનું વિવેચન કરવામાં આવ્યું છે.

जं जस्स जम्मि देसे जेण विहाणेण जम्मि कालम्मि।
णादं जिणेण णियदं जम्मं वा आहव मरणं वा।।३२१।।

तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि।
को सक्कइ चालेदुं इंदो वा अह जिणिंदो वा।।३२२।।

અર્થાત્ — જે જીવને, જે દેશમાં, જે કાળમાં, જે વિધિથી, જન્મ-મરણ, સુખ-દુઃખ તથા રોગ અને દરિદ્રતા વગેરે જેવા સર્વજ્ઞદેવે જાણ્યા છે; તે જ પ્રકારે બધા નિયમથી થશે. સર્વજ્ઞદેવે જે પ્રકારે જાણ્યું છે; તે જ પ્રકારે તે જીવના તે જ દેશમાં, તે જ કાળમાં, અને તે જ વિધિએ નિયમપૂર્વક બધું થાય છે. તેનું નિવારણ કરવા માટે ઈન્દ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈ પણ સમર્થ નથી.

**પ્રશ્ન-૪૧ :- આ બંને ગાથાઓનો ભાવાર્થ શું બતાવ્યો છે?**

**ઉત્તર :-** સર્વજ્ઞદેવ બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અવસ્થાઓને જાણે છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જે કાંઈ પ્રતિભાસ્યું છે, તે બધું નિશ્ચયથી થાય છે; તેમાં હિનાધિકતા કાંઈ નથી થતી; આ પ્રકારે સમ્યગ્દ્રષ્ટિ વિચાર કરે છે.

**પ્રશ્ન-૪૨ :- આ બે ગાથાઓ અને ભાવાર્થથી શું સિદ્ધ થયું?**

**ઉત્તર :-** સમ્યગ્દ્રષ્ટિની ધર્માનુપ્રેક્ષા કેવી હોય છે અને સમ્યગ્દ્રષ્ટિ જીવ, વસ્તુના સ્વરૂપનું કયા પ્રકારે ચિંતન કરે છે - તે વાત અહીં બતાવી છે. સમ્યગ્દ્રષ્ટિની આ ભાવના, જૂઠું આશ્વાસન દેવા માટે નથી. પણ જિનેન્દ્રદેવ દ્વારા જોવામાં આવેલું વસ્તુસ્વરૂપ એવું જ છે; આ કોઈ કલ્પના નથી, આ ધર્મની વાત છે. 'જે કાળે જે અવસ્થા થવાવાળી છે, સર્વજ્ઞભગવાને જોઈ છે, તે કાળમાં તે અવસ્થા થાય છે; બીજી નથી થતી.' આ નિર્ણયમાં એકાંતવાદ



કે નિયતવાદ નથી પણ સર્વજ્ઞની પ્રતીતિપૂર્વક સાચો અનેકાંતવાદ અને જ્ઞાનસ્વભાવની ભાવના તથા જ્ઞાનનો અનંત પુરુષાર્થ નિહિત છે.

**પ્રશ્ન-૪૩ :- સામાન્ય-વિશેષ, વસ્તુનો સ્વભાવ છે, તેનાથી શું સિદ્ધ થાય છે?**

**ઉત્તર :-** આત્મા, સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે, તે અનાદિ-અનંત જ્ઞાનસ્વરૂપ છે. દ્રવ્ય, સામાન્ય અને સમયે સમયે જે પર્યાય થાય છે, તે વિશેષ છે. સામાન્યરૂપમાં ધ્રુવ રહીને વસ્તુનું વિશેષરૂપ પરિણમન થાય છે; તે વિશેષ પર્યાયમાં, જો સ્વરૂપની રુચિ કરે તો સમયે સમયે વિશેષમાં શુદ્ધતા થાય છે, અને જો તે વિશેષપર્યાયમાં એવી વિપરીત રુચિ કરે કે 'જે રાગાદિ કે દેહાદિ છે, તે હું છું' — તો વિશેષ (પર્યાયમાં) અશુદ્ધતા થાય છે. જેને સ્વરૂપની રુચિ છે, તેને શુદ્ધપર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે; અને જેને વિકારી, પરની રુચિ છે, તેને અશુદ્ધપર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે. ચૈતન્યને ક્રમબદ્ધપર્યાયમાં અંતર નથી પડતું, પણ ક્રમબદ્ધનો એવો નિયમ છે કે જીવ જે તરફની રુચિ કરે છે, તે તરફની ક્રમબદ્ધદશા થાય છે. જેને જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા તથા રુચિ હોય છે, તેની પર્યાય શુદ્ધ હોય છે; સર્વજ્ઞ ભગવાનના જ્ઞાન પ્રમાણે ક્રમબદ્ધપર્યાય થાય છે, તેમાં કોઈ અંતર નથી પડતું - એટલો નિશ્ચય કરવામાં તો જ્ઞાનસ્વભાવી દ્રવ્ય તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. અહીં પર્યાયનો ક્રમ નથી બદલાવાનો, પણ પોતા તરફ રુચિ કરવાની છે. રુચિ અનુસાર પર્યાય થાય છે.

●●

૫

આચાર્યકલ્પ પંડિતપ્રવર ટોડરમલજી કૃત

# ગોમ્મટસાર પીઠિકા પ્રશ્નોત્તર

હું મંદબુદ્ધિ (આ ગ્રંથનું) અર્થપ્રકાશનરૂપ આની ટીકા કરવાનો વિચાર કરી રહ્યો છું. એ વિચાર તો એવો થયો, જેમ કોઈ પોતાના મુખથી જિનેન્દ્રદેવના સર્વ ગુણોનું વર્ણન કરવા ચાહે તો તે કેમ કરે?

**પ્રશ્ન-૧ :- નથી થતું; તો ઉદ્યમ કેમ કરી રહ્યો છે?**

ઉત્તર :- જેમ જિનેન્દ્રદેવના સર્વગુણોનું વર્ણન કરવાનું સામર્થ્ય નથી, તોપણ ભક્તપુરુષ, ભક્તિને વશ પોતાની બુદ્ધિ અનુસાર ગુણનું વર્ણન કરે છે; એ પ્રમાણે આ ગ્રંથના બધા અર્થનું પ્રકાશન કરવાનું સામર્થ્ય ન હોવા છતાં, અનુરાગને વશ હું મારી બુદ્ધિ પ્રમાણે અર્થનું પ્રકાશન કરીશ.

**પ્રશ્ન-૨ :- જો અનુરાગ છે તો પોતાની બુદ્ધિ અનુસાર ગ્રંથાભ્યાસ કરો, પણ મંદબુદ્ધિવાળાને ટીકા કરવાના અધિકારી થવું તે યોગ્ય નથી?**

ઉત્તર :- જેમ, કોઈ પાઠશાળામાં ઘણા બાળકો અભ્યાસ કરે છે, તેમાં કોઈ બાળક વધારે જ્ઞાનરહિત છે, તોપણ બીજા બાળકોથી વધારે અભ્યાસ કરે છે, તો તે પોતાનાથી ઓછો અભ્યાસ કરનારા બાળકોને પોતાના સમાન જ્ઞાન હોવાથી કાંઈક લખવા આદિના કાર્યનો



અધિકારી થાય છે; તે પ્રકારે મને વિશેષ જ્ઞાન નથી, તોપણ કાળદોષથી મારાથી પણ મંદબુદ્ધિવાળા છે અને થશે જ; તે માટે મારા સમાન આ ગ્રંથનું જ્ઞાન થાય તે માટે ટીકા કરવાનો અધિકારી થયો છું.

**પ્રશ્ન-૩ :- આ કાર્ય કરવું છે - એવો તમે વિચાર કર્યો, પરંતુ નાનો માણસ, મોટું કામ કરવાનો વિચાર કરે તો તે કાર્યમાં ભૂલ થાય જ છે, અને ત્યાં તે હાસ્યને પાત્ર બની જાય છે; એ પ્રકારે તમે પણ મંદબુદ્ધિવાળા છો; માટે આ ગ્રંથની ટીકા કરવાનો વિચાર કરો છો તો ભૂલ થશે જ અને ત્યાં હાસ્યને પાત્ર બની જશો.**

ઉત્તર :- આ વાત તો સાચી છે કે હું મંદબુદ્ધિ હોવા છતાં પણ આ મહાનગ્રંથની ટીકા કરવાનો વિચાર કરું છું, ત્યાં ભૂલ તો થઈ શકે છે, પણ સજ્જન હાસ્ય નહિ કરે. જૈમ બીજાથી વધારે ભણેલો છોકરો કોઈ ભૂલ કરે, ત્યારે મોટા લોકો એમ વિચાર કરે છે કે તે બાળક છે, ભૂલ કરે જ કરે, પણ બીજા બાળકો કરતા સારો છે; આ પ્રકારે વિચારીને હાસ્ય નહિ કરે; તે પ્રમાણે હું અહીંયાં કાંઈ ભૂલી જાવ, ત્યાં સજ્જન પુરુષો એમ વિચારશે કે તે મંદબુદ્ધિ હતો, તો ભૂલે જ ભૂલે, પણ કેટલાય અતિમંદબુદ્ધિવાળાથી તો સારો છે, એમ વિચારીને હાસ્ય નહિ કરે.

**પ્રશ્ન-૪ :- સજ્જન તો હાસ્ય નહિ કરે, પણ દુર્જન તો કરશે ને?**

ઉત્તર :- દુષ્ટ તો એવા જ છે, જેના હૃદયમાં બીજાને નિર્દોષ-સારો ગુણ પણ વિપરીત જણાય છે, પણ તેના ભયથી જેમાં પોતાનું હિત હોય-એવા કાર્યને કોણ ન કરે?

**પ્રશ્ન-૫ :- પૂર્વ ગ્રંથ તો હતાં જ, તેનો જ અભ્યાસ**

**કરવા, કરાવવાથી તો હિત થાય છે; મંદબુદ્ધિ, ગ્રંથની ટીકા કરવાની મહંતતા કેમ પ્રગટ કરે છે?**

**ઉત્તર** :- ગ્રંથનો અભ્યાસ કરવાથી ગ્રંથની ટીકાની રચના કરવામાં ઉપયોગ વિશેષ લાગી જાય છે, અર્થો પણ વિશેષ પ્રતિભાસે છે. બીજા જીવોને ગ્રંથાભ્યાસ કરાવવાનો સંયોગ થાવો - દુર્લભ અને સંયોગ હોવા છતાં પણ કોઈ જીવને અભ્યાસ થાય છે પણ ગ્રંથની ટીકા બનવાથી તો પરંપરાગત અનેક જીવોને અર્થનું જ્ઞાન થશે; માટે સ્વ-પર અન્ય જીવોને વિશેષ હિત થાય તે માટે ટીકા કરવામાં આવે છે; મહંતતાનું તો કાંઈ પ્રયોજન જ નથી.

**પ્રશ્ન-૬ :- આ સત્ય છે કે આ કાર્યમાં વિશેષ હિત થાય છે, પણ બુદ્ધિની મંદતાની ભૂલથી બીજો અર્થ લખાઈ જાય તો ત્યાં મહા પાપની ઉત્પત્તિ થવાથી અહિત પણ થશે.**

**ઉત્તર** :- બધા યોગ્ય પદાર્થોના જ્ઞાતા કેવળી ભગવાન છે; બીજાને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ અનુસાર જ્ઞાન છે, તેને કોઈ અર્થ બીજી રીતે પણ પ્રતિભાસે, પણ જિનદેવનો આવો ઉપદેશ છે-કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રોના પ્રવચનની પ્રતીતિથી ને હઠથી, તેમજ ક્રોધ-માન-માયા-લોભથી તેમજ હાસ્ય, ભયાદિથી જો તે બીજી રીતે શ્રદ્ધા કરે તથા ઉપદેશ દે તો તે મહાપાપી છે અને વિશેષ જ્ઞાનવાન ગુરુના નિમિત્ત વિના તેમજ પોતાના વિશેષ ક્ષયોપશમ વિના, કોઈ સૂક્ષ્મ અર્થ બીજી રીતે જાણવામાં આવે અને તે એમ જાણે કે જિનદેવનો ઉપદેશ આમ જ છે - એમ જાણીને કોઈ સૂક્ષ્મ અર્થની બીજી રીતે શ્રદ્ધા કરે અને ઉપદેશ આપે તો તેનું મહત્ પાપ નથી થતું, તે જ આ ગ્રંથમાં પણ આચાર્યે કહ્યું છે —



सम्माइट्ठी जीवों उवइट्ठं पक्यणं तु सद्दहदि।
सद्दहदि असब्भावं अजाणमाणो गुरुणियोगा।।२७।।जीवकाण्ड

**પ્રશ્ન-૭ :- તમે તમારા વિશેષ જ્ઞાનથી યથાર્થ બધા અર્થનો નિર્ણય કરીને ટીકા કરવાની શરૂઆત કેમ ન કરી?**

**ઉત્તર** :- કાળદોષથી કેવળી - શ્રુતકેવળીનો તો અહીંયાં અભાવ જ થયો; વિશેષજ્ઞાની પણ વિરલ મળે છે. જો કોઈ છે, તે તો દૂર ક્ષેત્રમાં છે, તેનો સંયોગ દુર્લભ છે અને આયુ, બુદ્ધિ, બળ, પરાક્રમ વગેરે તુચ્છ રહી ગયા છે; માટે જેટલું થઈ શકે તે અર્થનો નિર્ણય કર્યો, બાકી જેમ છે તેમ પ્રમાણ છે.

**પ્રશ્ન-૮ :- તમે કહ્યું તે સત્ય છે, પણ આ ગ્રંથમાં જે ભૂલ થશે, તેને શુદ્ધ કરવાનો કોઈ ઉપાય પણ છે?**

**ઉત્તર** :- જ્ઞાનવાન પુરુષનો પ્રત્યક્ષ સંયોગ નથી, તેથી તેને પરોક્ષ રીતે જ વિનંતી કરું છું — હું મંદબુદ્ધિ છું, વિશેષ જ્ઞાનથી રહિત છું, અવિવેકી છું, શબ્દ, ન્યાય, ગણિત, ધાર્મિક વગેરે ગ્રંથોનો વધારે અભ્યાસ મને નથી; માટે હું શક્તિહિન છું, તોપણ ધર્માનુરાગના વશે ટીકા કરવાનો વિચાર કર્યો છે, તેમાં જ્યાં જ્યાં ભૂલ હોય, બીજો અર્થ થઈ જાય, ત્યાં ત્યાં મારા ઉપર ક્ષમા કરીને તે બીજા અર્થને દૂર કરીને યોગ્ય અર્થ લખવો; એ પ્રમાણે વિનંતી કરીને જે ભૂલ થશે તેને શુદ્ધ કરવાનો ઉપાય કર્યો છે.

**પ્રશ્ન-૯ :- આપે ટીકા કરવાનો વિચાર કર્યો, તે તો સારું કર્યું છે, પણ આવા મહાન ગ્રંથની ટીકા, સંસ્કૃત જ જોઈએ; ભાષામાં તો તેની ગંભીરતા ભાસતી નહિ થાય?**

**ઉત્તર** :- આ ગ્રંથની જીવતત્ત્વપ્રદીપિકા નામની સંસ્કૃત ટીકા તો પૂર્વે કરેલી જ છે, પણ ત્યાં સંસ્કૃત, ગણિત-આમ્નાય વગેરેના જ્ઞાનરહિત જે મંદબુદ્ધિ છે, તેનો પ્રવેશ ત્યાં નથી. અહીં કાળદોષથી

બુદ્ધિ વગેરેનું તુચ્છ હોવાથી સંસ્કૃત વગેરેના જ્ઞાનથી રહિત ઘણા જીવો છે, તેને આ ગ્રંથના અર્થનું જ્ઞાન કરાવવા ભાષાટીકા કરું છું. જો જીવ, સંસ્કૃત વગેરેના વિશેષ જ્ઞાનવાળા છે, તે મૂળગ્રંથ તેમજ ટીકાથી અર્થ ગ્રહણ કરે. જે જીવ, સંસ્કૃત વગેરે વિશેષજ્ઞાનથી રહિત છે, તે આ ભાષા ટીકાથી અર્થ ગ્રહણ કરે. અને જે જીવ, સંસ્કૃત વગેરે જ્ઞાનસહિત છે, પણ ગણિત, આમ્નાય વગેરેના જ્ઞાનના અભાવને કારણે મૂળગ્રંથનો તેમજ સંસ્કૃત ટીકામાં પ્રવેશી નથી શકતા, તે આ ભાષાટીકાથી અર્થ ગ્રહણ કરીને મૂળગ્રંથ તેમજ સંસ્કૃતટીકામાં પ્રવેશ કરે, અને જે ભાષાટીકાથી મૂળગ્રંથ તેમજ સંસ્કૃત ટીકામાં વધુ અર્થ થઈ શકે, તેને જાણવાનો બીજો ઉપાય કરે.

**પ્રશ્ન-૧૦ :- સંસ્કૃત જ્ઞાનવાળાને ભાષા અભ્યાસમાં અધિકાર નથી?**

ઉત્તર :- સંસ્કૃત જ્ઞાનવાળાને ભાષા વાંચવાથી તો દોષ આવતો નથી, પોતાનું પ્રયોજન જેમ સિદ્ધ થાય, તેમ જ કરવું. પૂર્વે અર્ધમાગધી વગેરે ભાષામય મહાગ્રંથ હતા. જ્યારે જીવોને બુદ્ધિની મંદતા થઈ, ત્યારે સંસ્કૃતાદિ ભાષામય ગ્રંથ બન્યા. અત્યારે વિશેષ બુદ્ધિની મંદતા જીવોને છે તેથી દેશભાષામય ગ્રંથ કરવાનો વિચાર થયો. સંસ્કૃત વગેરે અર્થ પણ હવે ભાષા દ્વારા જીવોને સમજાવે છે. અહીં ભાષા દ્વારા જ અર્થ લખવામાં આવ્યા હોય, કોઈ દોષ નથી. એ પ્રકારે વિચાર કરીને શ્રીમદ્ ગોમ્મટસાર, દ્વિતીય નામ પંચસંગ્રહ ગ્રંથની જીવતત્ત્વપ્રદીપિકા નામની ટીકા અનુસાર 'સમ્યગ્જ્ઞાનચંદ્રિકા' નામની આ દેશભાષામયી ટીકા કરવાનો નિશ્ચય કર્યો છે. શ્રી અરિહંતદેવ તેમજ જિનવાણી તેમજ નિર્ગ્રંથ ગુરુઓના પ્રસાદથી અને મૂળગ્રંથકર્તા શ્રી નેમિચંદ વગેરે આચાર્યોના પ્રસાદથી આ કાર્ય સિદ્ધ થાય છે.



**'હવે, આ શાસ્ત્રના અભ્યાસમાં જીવોને સન્મુખ કરવામાં આવે છે.'** હે ભવ્ય જીવ! તું તારા હિતની ઈચ્છા કરે છો તો તને જે પ્રકારે હિત જણાય તે પ્રમાણે આ શાસ્ત્રનો અભ્યાસ કરજે. કારણ કે આત્માનું હિત મોક્ષ છે; મોક્ષ વિના બીજું જે કાંઈ છે તે પરસંયોગજનિત છે, વિનાશક છે, દુઃખમય છે; અને મોક્ષ છે, તે જ નિજસ્વભાવ છે, અવિનાશી છે, અનંત સુખમય છે; માટે મોક્ષપદની પ્રાપ્તિનો ઉપાય તારે કરવો જોઈએ. મોક્ષનો ઉપાય, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર છે. તેની પ્રાપ્તિ જીવાદિકનું સ્વરૂપ જાણવાથી જ થાય છે - તેને કહું છું.

જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે, તેને જાણ્યા વિના શ્રદ્ધાને જાણવું તે આકાશના ફુલ સમાન છે. પહેલાં જાણે પછી તેવી જ પ્રતીતિ કરવાથી શ્રદ્ધાન પ્રાપ્ત થાય છે માટે જીવાદિકનું જાણવું શ્રદ્ધાન થયા પહેલાં જ થાય છે; તે જ તેના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનને કારણરૂપ જાણવું. શ્રદ્ધાન થવાથી, જે જીવાદિકને જાણવું થાય છે તેનું નામ સમ્યગ્જ્ઞાન છે, તથા શ્રદ્ધાનપૂર્વક જીવાદિને જાણતા જ પોતે ઉદાસીન થઈને હેયનો ત્યાગ, ઉપાદેયને ગ્રહણ કરે છે, ત્યારે સમ્યક્ચારિત્ર થાય છે. અજ્ઞાનપૂર્વક ક્રિયાકાંડથી સમ્યક્ચારિત્ર નથી થતું. એ પ્રમાણે જીવાદિકને જાણવાથી જ સમ્યગ્દર્શનાદિ મોક્ષના ઉપાયોની પ્રાપ્તિ નિશ્ચયથી કરવી જોઈએ.

આ શાસ્ત્રના અભ્યાસથી જીવાદિકને જાણવું યથાર્થ થાય છે. જે સંસાર છે, તે જીવ અને કર્મના સંબંધરૂપ છે તથા વિશેષ જાણવાથી તેના સંબંધનો અભાવ થાય છે, તે જ મોક્ષ છે. માટે આ શાસ્ત્રમાં જીવ અને કર્મનું વિશેષ નિરૂપણ છે. અથવા જીવાદિક, ષટ્દ્રવ્ય, સાત તત્ત્વાદિકનું પણ તેમાં યથાર્થ નિરૂપણ છે; માટે આ શાસ્ત્રનો અભ્યાસ જરૂર કરવો.

**પ્રશ્ન-૧૧ :- હવે અહીંયાં અનેક જીવ આ શાસ્ત્રના અભ્યાસમાં અરુચિ થવાના કારણે, વિપરીત વિચાર પ્રગટ કરે છે. અનેક જીવ પ્રથમાનુયોગ તેમજ ચરણાનુયોગ તેમજ દ્રવ્યાનુયોગનો માત્ર પક્ષ કરીને આ કરણાનુયોગ શાસ્ત્રમાં અભ્યાસનો નિષેધ કરે છે. તેમાંથી પ્રથમાનુયોગનો પક્ષપાતી કહે છે કે વર્તમાનમાં જીવોની બુદ્ધિ મંદ ઘણી છે, તેને જ આવા સૂક્ષ્મ વ્યાખ્યાનરૂપ શાસ્ત્રોમાં કાંઈ પણ સમજણ નથી. તેનાથી તીર્થંકરાદિની કથાનો ઉપદેશ દેવામાં આવે, તો ઠીક સમજશે અને સમજીને પાપથી ડરીને, ધર્માનુરાગરૂપ થશે; માટે પ્રથમાનુયોગનો ઉપદેશ કાર્યકારી છે - તેને ઉત્તર આપવામાં આવે છે.**

ઉત્તર :- અત્યારે બધા જીવો એક સમાન તો નથી થયા, હિનાધિક બુદ્ધિ જણાય છે; માટે જેવા જીવ હોય; તેવો ઉપદેશ દેવો. અથવા મંદબુદ્ધિ જીવને પણ શીખવાડતા અભ્યાસમાં બુદ્ધિમાન થતો જણાય છે; માટે જે બુદ્ધિમાન છે, તેને તે ગ્રંથ કાર્યકારી જ છે, અને જે મંદબુદ્ધિ છે તે વિશેષબુદ્ધિ દ્વારા સામાન્ય-વિશેષરૂપ ગુણસ્થાન આદિનું સ્વરૂપ શીખીને, આ શાસ્ત્રના અભ્યાસમાં પ્રવૃત્તિ કરે.

**પ્રશ્ન-૧૨ :- અહીં મંદબુદ્ધિ કહે છે કે આ ગોમ્મટસાર શાસ્ત્ર તો ગણિત સમસ્યાનું વર્ણન કરનારા અનેક અપૂર્વ કથનથી ઘણું અઘરું છે એમ સાંભળતા આવ્યા છીએ, અમે તેમાં કયા પ્રકારે પ્રવેશ કરી શકીએ?**

ઉત્તર :- ડરો નહિ. આ ભાષા ટીકામાં ગણિત વગેરેનો અર્થ સુગમ રીતે બનાવાની કહ્યો છે; માટે પ્રવેશ મેળવવો અઘરો નથી. આ શાસ્ત્રમાં ક્યાંક તો સામાન્યકથન છે, ક્યાંક વિશેષ છે; ક્યાંક



સુગમ છે, ક્યાંક કઠણ છે; ત્યાં જે બધો અભ્યાસ બની શકે તો સારું જ છે અને જો ન થઈ શકે તો પોતાની બુદ્ધિ પ્રમાણે જેટલું થઈ શકે, તેવો જ અભ્યાસ કરો; પોતાના ઉપાયમાં આળસ ન કરવી. તે કહ્યું - જે પ્રથમાનુયોગ સંબંધી કથાદિ સાંભળવામાં પાપથી ડરીને ધર્માનુરાગરૂપ થાય છે, ત્યાં તો બંને કાર્ય શિથિલતાથી થાય છે. અહીં પુણ્ય-પાપનું કારણ-કાર્યાદિક વિશેષ જાણવાથી તે બંને કાર્ય દઢતાથી થાય છે; માટે તેનો અભ્યાસ કરવો. આ પ્રમાણે પ્રથમાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યા છે.

**પ્રશ્ન-૧૩ :- હવે, ચરણાનુયોગના પક્ષપાતી કહે છે કે - આ શાસ્ત્રમાં જીવ-કર્મનું સ્વરૂપ કહ્યું છે, તે તો જેમ છે, તેમ છે, તેને જાણવાથી શું સિદ્ધિ થાય છે? જો હિંસાદિકનો ત્યાગ કરીને, ઉપવાસ આદિ તપ કરવામાં આવે, વ્રતનું પાલન કરવામાં આવે કે અરિહંતાદિકની પૂજા, નામ, સ્મરણ વગેરે ભક્તિ કરવામાં આવે કે દાન દેવામાં આવે કે વિશય-કષાય આદિથી ઉદાસીન બને - વગેરે જે શુભ કાર્યો કરવામાં આવે, તો આત્મહિત થાય; માટે તેનું પ્રરૂપક ચરણાનુયોગનો ઉપદેશ આદિ કરવો.**

ઉત્તર :- તેને કહે છે કે હે સ્થૂળ બુદ્ધિ! તે વ્રતાદિક શુભકાર્યો કહ્યા, તે કરવાયોગ્ય જ છે, પણ '**તે બધા સમ્યક્ત્વ વિના એવા છે, જેમ એકડા વિનાના મીંડા; અને જીવાદિકનું સ્વરૂપ જાણ્યા વિના, સમ્યક્ત્વનું ન હોવું એમ, જેમ વાંજણીનો પુત્ર;**' તેથી જીવાદિક જાણવાના અર્થે આ શાસ્ત્રનો અભ્યાસ કરવો.

તે જે પ્રકારે વ્રતાદિક શુભકાર્ય કહ્યા અને તેનાથી પુણ્યબંધ થાય છે; તે પ્રમાણે જીવાદિક જાણવારૂપ જ્ઞાનાભ્યાસ છે, તે પ્રધાન

શુભકાર્ય છે, તેનાથી સાતિશયપુણ્યનું બંધ થાય છે અને તે વ્રતાદિકમાં પણ જ્ઞાનાભ્યાસની જ મુખ્યતા છે - તેને જ કહે છે.

જે જીવ, પ્રથમ જીવસમાસાદિ જીવોના વિશેષ જાણીને, પછી જ્ઞાનથી હિંસાદિનો ત્યાગી થઈને વ્રતને ધારણ કરે, તે વ્રતી છે. જીવાદિકના વિશેષને જાણ્યા વિના, કથંચિત્ હિંસાદિકના ત્યાગથી તેને વ્રતી માને તો તે વ્રતી નથી; માટે વ્રતપાલનમાં પણ જ્ઞાનાભ્યાસની પ્રધાનતા છે.

તપના બે પ્રકાર છે - (૧) બહિરંગ અને (૨) અંતરંગ. જેનાથી શરીરનું દમન થાય, તે બહિરંગ તપ છે અને જેનાથી મનનું દમન થાય, તે અંતરંગ તપ છે. તેમાં બહિરંગતપથી અંતરંગતપ ઉત્કૃષ્ટ છે. ઉપવાસાદિ તો બહિરંગતપ છે; જ્ઞાનાભ્યાસ અંતરંગતપ છે, સિદ્ધાંતમાં પણ છ પ્રકારના અંતરંગતપોમાં ચોથું સ્વાધ્યાય નામનું તપ કહ્યું છે, તેનાથી ઉત્કૃષ્ટ વ્યત્સર્ગ અને ધ્યાન જ છે; માટે તપ કરવામાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

જીવાદિકના વિશેષરૂપ ગુણસ્થાન આદિના સ્વરૂપને જાણવાથી જ અરિહંત વગેરેના સ્વરૂપને સારી રીતે જાણી શકાય છે; પોતાની અવસ્થા ઓળખી શકાય છે; એવી ઓળખાણ થતાં, જે અંતરંગમાં તીવ્ર ભક્તિ પ્રગટે છે, તે ઘણી કાર્યકારી છે. જે કુળક્રમાદિકથી ભક્તિ થાય છે, તે કિંચિત્માત્ર જ ફળદાયી છે; માટે ભક્તિમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

દાન, ચાર પ્રકારના હોય છે, તેમાં આહારદાન, ઔષધદાન, અભયદાન તો તત્કાળ ક્ષુધાના દુઃખને કે રોગના દુઃખને કે મરણાદિક ભય દુઃખને દૂર કરે છે, અને જ્ઞાનદાન, તે અનંત ભવસંતાનથી ચાલ્યા આવતા દુઃખને દૂર કરવામાં કારણ છે. તીર્થંકર કેવળી, આચાર્ય આદિકને પણ જ્ઞાનદાનની પ્રવૃત્તિ છે, તેનાથી જ્ઞાનદાન ઉત્કૃષ્ટ છે;



માટે પોતાને જ્ઞાનાભ્યાસ હોય તો પોતાનું ભલું કરી લે છે અને બીજા જીવોને પણ જ્ઞાનદાન દે છે.

જ્ઞાનાભ્યાસ વિના, જ્ઞાનદાન કઈ રીતે હોઈ શકે? માટે બંનેમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે. જેમ, જન્મથી જ કોઈ પુરુષ, ઠગના ઘરે જાય ત્યાં તે ઠગોને પોતાના માને છે, કદાચ કોઈ પુરુષ, કોઈપણ નિમિત્તથી પોતાના કુળનું અને ઠગોનું યથાર્થ જ્ઞાન કરવાથી ઠગોથી અંતરંગમાં ઉદાસીનતા થઈ જાય છે. તેમને પર જાણીને સંબંધ છોડાવવા ચાહે છે; બહારમાં જેવું નિમિત્ત છે, તેવી પ્રવૃત્તિ કરે છે; અને કોઈ પુરુષ તે ઠગોને પોતાના જ જાણે છે, કોઈ કારણથી કોઈ ઠગોથી અનુરાગ કરે છે અને કોઈ ઠગોની સાથે લડીને ઉદાસીન થાય છે, આહાર આદિનો ત્યાગ કરે છે. તેવી રીતે અનાદિથી બધા જીવ સંસારમાં છે, ત્યાં કર્મોને પોતાના માને છે. તેમાં કોઈ જીવ કોઈ નિમિત્તથી જીવ અને કર્મનું યથાર્થ જ્ઞાન કરીને, કર્મોથી ઉદાસીન થઈને, તેને પર જાણવા લાગ્યો, તેનાથી સંબંધ છોડવા ચાહે છે. બહારમાં જેવું નિમિત્ત છે, તેવી પ્રવૃત્તિ કરે છે. તે પ્રમાણે જ્ઞાનાભ્યાસ દ્વારા ઉદાસીન થાય છે, તે જ કાર્યકારી છે. કોઈ જીવ તે કર્મોને પોતાના જાણે છે અને કોઈ કારણથી કોઈ શુભકર્મોથી અનુરાગરૂપ પ્રવૃત્તિ કરે છે, કોઈ અશુભકર્મને દુઃખનું કારણ જાણીને, ઉદાસીન થઈને વિષયાદિકનો ત્યાગી થાય છે; આ પ્રકારે જ્ઞાન વિના જે ઉદાસીનતા થાય છે, તે પુણ્યફળની દાતા છે; મોક્ષકાર્યનું સાધન નથી. માટે ઉદાસીનતામાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે. તે પ્રકારે અન્ય બીજા શુભકાર્યોમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન જાણવો. જુઓ, મહામુનિના પણ ધ્યાન-અધ્યયન બે જ કાર્ય મુખ્ય છે; માટે શાસ્ત્ર-અધ્યયન દ્વારા જીવ તથા કર્મનું સ્વરૂપ જાણીને, સ્વરૂપનું ધ્યાન કરવું.

**પ્રશ્ન-૧૪ :- અહીં કોઈ તર્ક કરે કે કોઈ જીવ, શાસ્ત્ર અધ્યયન બહુ કરે છે અને વિષયાદિકનો ત્યાગી નથી થતો તો તેને શાસ્ત્ર-અધ્યયન કાર્યકારી છે કે નહિ? જો છે તો મહંતપુરુષો શું કામ વિષયાદિક ત્યાગે? અને ન ત્યાગે તો જ્ઞાનાભ્યાસની મહિમા ક્યા રહી?**

ઉત્તર :- શાસ્ત્રાભ્યાસી બે પ્રકારના છે (૧) લોભાર્થી, અને (૨) આત્માર્થી. ૧- ત્યાં અંતરંગ અનુરાગ વિના ખ્યાતિ, લાભ, પૂજાદિકના પ્રયોજનથી શાસ્ત્રાભ્યાસ કરે, તે લોભાર્થી છે; તે વિષયાદિકનો ત્યાગ નથી કરતો. અથવા ખ્યાતિ, પૂજા, લાભાદિકના અર્થે વિષયાદિકનો ત્યાગ પણ કરે, તોપણ તેનો શાસ્ત્રાભ્યાસ કાર્યકારી નથી.

૨ - જે જીવ અંતરંગથી આત્મહિતના અર્થે શાસ્ત્રાભ્યાસ કરે છે, તે ધર્માર્થી છે. પહેલાં તો જૈનશાસ્ત્ર જ એવા છે કે જે તેમના ધર્માર્થી થઈને અભ્યાસ કરે છે, તે વિષયાદિકનો ત્યાગ કરે જ છે; તેનો તો જ્ઞાનાભ્યાસ કાર્યકારી છે.

કદાચિત્ પૂર્વકર્મની પ્રબળતાથી (એટલે કે કષાયશક્તિની પ્રબળતા હોવાથી) ન્યાયરૂપ વિષયાદિકનો ત્યાગ ન હોય તોપણ તેને સમ્યગ્દર્શન-જ્ઞાન હોવાથી જ્ઞાનાભ્યાસ કાર્યાકારી હોય છે. જે પ્રકારે અસંયત ગુણસ્થાનમાં વિષયાદિકના ત્યાગ વિના પણ મોક્ષમાર્ગપણું હોય છે.

**પ્રશ્ન-૧૫ :- જે ધર્માર્થી થયો છે, જૈનશાસ્ત્રનો અભ્યાસ કરે છે, તેને વિષયાદિકનો ત્યાગ ન હોઈ શકે - એમ તો નથી બનતું કેમકે વિષયાદિકનું સેવન, પરિણામોથી થાય છે અને પરિણામ સ્વાધીન છે.**

ઉત્તર :- પરિણામ બે પ્રકારના છે - (૧) બુદ્ધિપૂર્વક અને



(૨) અબુદ્ધિપૂર્વક. પોતાના અભિપ્રાય અનુસાર થાય, તે બુદ્ધિપૂર્વક અને દેવ (કર્મ) નિમિત્તથી, પોતાના અભિપ્રાયથી બીજી રીતે (વિરૂદ્ધ) થાય, તે અબુદ્ધિપૂર્વક. જેમકે સામાયિક કરવામાં ધર્માત્માનો અભિપ્રાય તો એમ છે કે હું મારા પરિણામ શુભરૂપ રાખું, ત્યાં જે શુભપરિણામ જ હો, તે તો બુદ્ધિપૂર્વક અને કર્મોદયથી (કર્મોના ઉદયમાં યુક્ત હોવાથી) સ્વયમેવ અશુભપરિણામ થાય છે, તે અબુદ્ધિપૂર્વક જાણવા. (આ દષ્ટાંત છે) તે પ્રકારે ધર્માર્થી થઈને જે જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે, તેનો અભિપ્રાય તો વિષયાદિકના ત્યાગરૂપ વિતરાગભાવની પ્રાપ્તિ જ હોય છે; ત્યાં વીતરાગભાવ થયો, તે બુદ્ધિપૂર્વક છે અને ચારિત્રમોહના ઉદયથી (ઉદયને વશ થવાથી) સરાગભાવ (આંશિકચ્યુતિ; પરાશ્રયરૂપ પરિણામ) થાય છે, તે અબુદ્ધિપૂર્વક છે; માટે સ્વવશ વિના (પરવશ) જે સરાગભાવ થાય છે, તેના દ્વારા તેને વિષયાદિકની પ્રવૃત્તિ દેખાય છે; કેમકે બાહ્યપ્રવૃત્તિનું કારણ પરિણામ છે.

**પ્રશ્ન-૧૬ :- જો એ પ્રકારે છે તો અમે પણ વિષયાદિકનું સેવન કરીશું અને કહીશું કે અમને ઉદયાધીન કાર્ય થાય છે.**

ઉત્તર :- રે મૂર્ખ! કહેવાથી કાંઈ થતું નથી. સિદ્ધિ તો અભિપ્રાય અનુસાર છે; માટે જૈનસાસ્ત્રોના અભ્યાસથી પોતાના અભિપ્રાયને સમ્યક્રૂપ કરવું. અને અંતરંગમાં વિષય આદિના સેવનનો અભિપ્રાય હોય તો ધર્માર્થી નામ નથી પામતો. આ પ્રકારે ચરણાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યા છે.

**પ્રશ્ન-૧૭ :- હવે, દ્રવ્યાનુયોગના પક્ષપાતી કહે છે કે આ શાસ્ત્રમાં જીવના ગુણસ્થાનાદિરૂપ વિશેષ અને કર્મના વિશેષ (ભેદ)નું વર્ણન કર્યું છે, પણ તેને જાણવાથી તો**

**અનેક વિકલ્પ-તરંગ ઊભા થાય છે અને કાંઈ સિદ્ધિ નથી થતી; માટે પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો તેમજ સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરવું, તેટલું જ કાર્યકારી છે, અથવા તેના ઉપદેશક જે અધ્યાત્મશાસ્ત્ર તેનો જ અભ્યાસ કરવો યોગ્ય છે.**

ઉત્તર :- હે સૂક્ષ્માભાસ! તે કહ્યું તે સત્ય છે, પણ પોતાની અવસ્થા જોવી. જો સ્વરૂપાનુભવમાં તેમજ ભેદવિજ્ઞાનમાં ઉપયોગ નિરંતર રહેતો હોય તો અન્ય વિકલ્પો શું કામ કરવા? ત્યાં જ સ્વરૂપાનંદ સુધારસનો સ્વાદી થઈને સંતુષ્ટ થવું, પણ નીચલી અવસ્થામાં ત્યાં નિરંતર ઉપયોગ રહેતો જ નથી; ઉપયોગ અનેક અવલંબનોને ચાહે છે. માટે જે કાળે ત્યાં ઉપયોગ ન લાગે, ત્યારે ગુણસ્થાન આદિ વિશેષ જાણવાનો અભ્યાસ કરવો.

તે કહ્યું કે અધ્યાત્મશાસ્ત્રનો જ અભ્યાસ કરવો, તે યોગ્ય છે; પણ ત્યાં ભેદવિજ્ઞાન કરવા માટે સ્વ-પરનું સામાન્યપણે સ્વરૂપ નિરૂપણ છે, અને વિશેષજ્ઞાન વિના, સામાન્યને જાણવું સ્પષ્ટ નથી થતું; માટે જીવ અને કર્મના વિશેષ, સારી રીતે જાણવાથી જ સ્વ-પરનું જાણવું સ્પષ્ટ થાય છે. તે વિશેષ જાણવા માટે આ શાસ્ત્રનો અભ્યાસ કરવો. કેમકે સામાન્યશાસ્ત્રથી વિશેષાશાસ્ત્ર બળવાન છે. તે જ કહ્યું છે. 'सामान्यशास्त्रतो नूनं विशेषो बलवान भवेत्'

**પ્રશ્ન-૧૮ :- અહીં કહે છે કે અધ્યાત્મશાસ્ત્રોમાં તો ગુણસ્થાનાદિ વિશેષો (ભેદો)થી રહિત, શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવો ઉપાદેય કહ્યો છે અને તે ગુણસ્થાનાદિ સહિત જીવનું વર્ણન છે; માટે અધ્યાત્મશાસ્ત્ર અને આ શાસ્ત્રમાં તો વિરૂદ્ધતા ભાસે છે, તે કઈ રીતે છે?**

ઉત્તર :- નય બે પ્રકારના છે - (૧) નિશ્ચયનય અને (૨) વ્યવહારનય.



નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ, ગુણસ્થાનાદિ ભેદરહિત, અભેદ વસ્તુમાત્ર જ છે - અને વ્યવહારનયથી ગુણસ્થાનાદિ વિશેષ સહિત અનેક પ્રકારે છે. ત્યાં જે જીવ સર્વોત્કૃષ્ટ, અભેદ, એક સ્વભાવનો અનુભવ કરે છે, તેને તો ત્યાં શુદ્ધ ઉપદેશરૂપ જે શુદ્ધ-નિશ્ચય, તે જ કાર્યકારી છે. અને જે સ્વાનુભવદશાને પામ્યા નથી તથા સ્વાનુભવદશાથી છૂટીને, સવિકલ્પદશાને પામ્યા છે, તેવા અનુત્કૃષ્ટ જે અશુદ્ધસ્વભાવ, તેમાં સ્થિત જીવને વ્યવહારનય (તે કાળમાં જાણેલો, જાણવાના અર્થમાં) પ્રયોજનવાન છે. તે જ અધ્યાત્મશાસ્ત્ર શ્રી સમયસાર, ગાથા ૧૨માં કહ્યું છે -

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरसीहिं।**
**व्यवहारदेसिदा पुण जे टु अपरमे ट्ठिदा भावे।।**

આ સૂત્રના વ્યાખ્યાનના અર્થને વિચારીને જુઓ. સાંભળો! તમારા પરિણામ સ્વરૂપાનુભવદશામાં તો વર્તતા નથી, અને વિકલ્પ જાણીને ગુણસ્થાનાદિ ભેદોનો વિચાર નહિ કરો તો તમે '**इतो भ्रष्ट, ततो भ्रष्ट**' થઈને અશુભોપયોગમાં જ પ્રવર્તશો. ત્યાં તમારું બૂરું જ થશે. અને સાંભળો! સામાન્યપણાથી તો વેદાંત વગેરે શાસ્ત્રાભાસોમાં જીવનું સ્વરૂપ શુદ્ધ કહ્યું છે, ત્યાં વિશેષને જાણ્યા વિના યથાર્થ-અયથાર્થનો નિશ્ચય કેવી રીતે થાય?

માટે ગુણસ્થાન આદિ વિશેષ જાણવાથી શુદ્ધ-અશુદ્ધ તેમજ મિશ્ર અવસ્થાનું જ્ઞાન થાય છે, ત્યારે નિર્ણય કરીને યથાર્થને અંગીકાર કરો, અને સાંભળો! જીવનો ગુણ જ્ઞાન છે, તો વિશેષ જાણવાથી આત્મગુણ પ્રગટે છે, પોતાના શ્રદ્ધાનમાં દ્રઢતા થાય છે. જેમ સમ્યક્ત્વ છે, તે કેવળજ્ઞાન પ્રાપ્ત થતા પરમાવગાઢ નામને પામે છે; માટે વિશેષને જાણવું.

**પ્રશ્ન-૧૯ :- આપે કહ્યું કે સત્ય, પણ કરણાનુયોગ દ્વારા વિશેષ જાણવાથી પણ દ્રવ્યલિંગી મુનિ, અધ્યાત્મ શ્રદ્ધાન વિના સંસારી જ રહે છે, અને અધ્યાત્મનું અનુસરણ કરનારા તિર્યંચાદિકને અલ્પ શ્રદ્ધાનથી પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તથા 'તુષમાષ ભિન્નં' એટલું જ શ્રદ્ધાન કરવાથી શિવભૂતિ નામના મુનિ મુક્ત થયા; માટે આપણી બુદ્ધિથી તો વધારે વિકલ્પોનું સાધન નથી હોતું; પ્રયોજનમાત્ર અધ્યાત્મનો અભ્યાસ કરશું.**

ઉત્તર :- દ્રવ્યલિંગી જે પ્રકારે કરણાનુયોગ દ્વારા વિશેષને જાણે છે; તે પ્રકારે અધ્યાત્મ શાસ્ત્રોનું જ્ઞાન પણ તેને હોય છે, પણ મિથ્યાત્વના ઉદયથી (મિથ્યાત્વવશ) અયથાર્થ સાધન કરે છે, તો શાસ્ત્ર શું કરે? જૈનશાસ્ત્રોમાં તો પરસ્પર વિરોધ નથી. કેમ? તે કહે છે —

કરણાનુયોગના શાસ્ત્રોમાં પણ અને અધ્યાત્મશાસ્ત્રોમાં પણ રાગાદિભાવ, આત્માના કર્મ નિમિત્તથી ઉત્પન્ન કહ્યાં છે, દ્રવ્યલિંગી તેનો પોતે કર્તા થઈને પ્રવર્તે છે, અને શરીર આશ્રિત બધી શુભાશુભ ક્રિયા પુદ્‌ગલમય કહી છે, પણ દ્રવ્યલિંગી તેને પોતાની માનીને તેમાં ગ્રહણ-ત્યાગની બુદ્ધિ કરે છે. 'બધા જ શુભાશુભભાવ આસ્રવ-બંધના કારણ' કહ્યાં છે, પણ દ્રવ્યલિંગી, શુભક્રિયાને સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ માને છે. શુદ્ધભાવને સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ કહ્યું છે, પણ દ્રવ્યલિંગી તેને ઓળખતો જ નથી અને શુદ્ધાત્મસ્વરૂપને મોક્ષ કહ્યો છે, તેનું દ્રવ્યલિંગીને યથાર્થ જ્ઞાન જ નથી; આ પ્રકારે બીજા બીજા સાધન કરે તો તેમાં શાસ્ત્રોનો શું દોષ છે? તમે કહ્યું કે તિર્યંચ આદિને સામાન્ય શ્રદ્ધાનથી કાર્યસિદ્ધિ થઈ જાય છે તો તેને પણ પોતાના ક્ષયોપશમ પ્રમાણે વિશેષ જાણવું



થાય જ છે. અથવા પૂર્વ પર્યાયોમાં (પૂર્વભવમાં) વિશેષ અભ્યાસ કર્યો હોય, તે સંસ્કારના બળે (વિશેષનું જાણવું) થાય છે. જે પ્રકારે કોઈએ ક્યાંક દાટેલું ધન મેળવ્યું તો 'અમે પણ તે પ્રકારે પામીશું' એમ માનીને બધાને વ્યાપારાદિકનો ત્યાગ કરવો યોગ્ય નથી; તે પ્રમાણે કોઈને અલ્પ શ્રદ્ધાન દ્વારા જ કાર્યસિદ્ધિ થઈ હોય તો 'અમે પણ એ પ્રકારે કાર્યની સિદ્ધિ કરીશું' - એમ માનીને બધાને વિશેષ અભ્યાસનો ત્યાગ કરવો ઉચિત નથી; કેમકે તે રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો એ છે કે જેણે નાના પ્રકારના વિશેષ (ભેદ) જાણીને, તત્ત્વનો નિર્ણય થતાં જ કાર્યસિદ્ધિ થાય છે. તે જે કહ્યું કે મારી બુદ્ધિથી વિકલ્પ સાધન નથી હોતા, તો જેટલું થઈ શકે, તેટલો અભ્યાસ કર. તું પાપકાર્યમાં તો પ્રવીણ અને આ અભ્યાસમાં કહે છે 'મારી બુદ્ધિ નથી' - તે તો પાપીનું લક્ષણ છે. એ પ્રમાણે દ્રવ્યાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યા છે.

હવે બીજા વિપરીત વિચારવાળાને સમજાવે છે.

**પ્રશ્ન-૨૦ :- શબ્દ શાસ્ત્રાદિનો પક્ષપાતી કહે છે કે - વ્યાકરણ, ન્યાય, કોશ, છંદ, અલંકાર, કાવ્યાદિ ગ્રંથોનો અભ્યાસ કરવામાં આવે તો અનેક ગ્રંથોનું સ્વયમેવ જ્ઞાન થઈ જાય છે તથા પંડિતપણું પ્રગટે છે અને આ શાસ્ત્રના અભ્યાસથી તો એક તેનું જ જ્ઞાન થાય અને પંડિતપણું વિશેષ પ્રગટશે નહિ; માટે શબ્દ-શાસ્ત્રાદિકનો અભ્યાસ કરવો.**

ઉત્તર :- જો તું લોકમાં જ પંડિત કહેવડાવવા માગે છે તો તું તેનો જ અભ્યાસ કર્યા કર. અને જો પોતાનું (હિતરૂપ) કાર્ય કરવા ઈચ્છે છે, તો આવા જૈનગ્રંથોનો જ અભ્યાસ કરવાયોગ્ય છે. જૈની તો જીવાદિક તત્ત્વોનું નિરૂપણ કરનારા જે જૈનગ્રંથ છે, તેનો જ અભ્યાસ હોવાથી જ પંડિત માનશે.

તે કહે છે કે – મને જૈનગ્રંથોનું વિશેષ જ્ઞાન થાય માટે હું વ્યાકરણ આદિનો અભ્યાસ કરું છું. તેને કહે છે – તેમ છે તો ભલું જ છે, પણ એટલું છે – જેમ હોશિયાર ખેડુત પોતાની શક્તિ અનુસાર હળ દ્વારા ઓછું-વધારે ખેતરને સંભાળીને સમયસર બીજ વાવે તો તેને ફળની પ્રાપ્તિ થાય છે; તે પ્રકારે તું પણ જો પોતાની શક્તિ અનુસાર વ્યાકરણાદિના અભ્યાસથી ઓછી-વધારે બુદ્ધિને સંભાળીને જેટલો કાળ મનુષ્ય પર્યાય તથા ઈન્દ્રિયોની પ્રબળતા વગેરેમાં પ્રવર્તે છે, તેટલા સમયમાં તત્ત્વજ્ઞાનને કારણે જે સાસ્ત્ર, તેનો અભ્યાસ કરીશ તો તને સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થશે.

જેમ, અજાણ્યો ખેડુત, હળ વગેરે ખેતરને સંભાળવામાં જ સમય વિતાવશે તો તેને ફળની પ્રાપ્તિ નહિ થાય; ખોટો ખેદખિન્ન થશે, તે પ્રકારે તું પણ જો વ્યાકરણાદિ દ્વારા બુદ્ધિને સજાવવામાં જ સમય વિતાવીશ તો સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થવાની નથી, ખોટો ખેદખિન્ન થશે.

આ કાળમાં આયુ, બુદ્ધિ વગેરે અલ્પ છે; માટે પ્રયોજનમાત્ર અભ્યાસ કરવો; શાસ્ત્રનો તો પાર નથી.

સાંભળ! કેટલાક જીવ વ્યાકરણાદિ વિના પણ તત્ત્વોપદેશરૂપ ભાષા શાસ્ત્રો દ્વારા તથા ઉપદેશ સાંભળીને, શીખીને પણ તત્ત્વજ્ઞાની થતા જોયા છે અને કોઈ જીવ માત્ર વ્યવકારણાદિના જ અભ્યાસમાં જન્મ ખોવે છે અને તત્ત્વજ્ઞાની નથી થતા – એવું પણ જોવામાં આવે છે. સાંભળ! વ્યાકરાણાદિકનો અભ્યાસ કરવાથી પુણ્ય નથી થતું, પણ ધર્માર્થી થઈને તેનો અભ્યાસ કરે તો થોડુંઘણું પુણ્ય થાય છે; તથા તત્ત્વોપદેશક શાસ્ત્રના અભ્યાસથી સાતિશય મહત્ પુણ્ય ઉત્પન્ન થાય છે; માટે સારું તો તે છે કે આવા તત્ત્વોપદેશક શાસ્ત્રોનો અભ્યાસ કરવો. તે પ્રકારે શબ્દશાસ્ત્રાદિના પક્ષપાતીને આ શાસ્ત્રની



સન્મુખ કર્યા.

**પ્રશ્ન-૨૧ :- હવે, અર્થનો પક્ષપાતી કહે છે કે – આ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી શું થાય, બધા કાર્ય ધનથી થાય છે. ધનથી જ પ્રભાવના વગેરે ધર્મ થાય છે, ધનવાનની નજીક અનેક પંડિત આવીને રહે છે, બીજા પણ બધા કાર્યોની સિદ્ધિ થાય છે; માટે ધન ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો.**

ઉત્તર :- રે પાપી! ધન કાંઈ પોતાનું ઉત્પન્ન કર્યું તો નથી થતું; ભાગ્યથી થાય છે – આ ગ્રંથાભ્યાસ વગેરે ધર્મસાધનથી પુણ્યની ઉત્પત્તિ થાય છે, તેનું નામ જ ભાગ્ય છે. જો ધન થાય છે, તો શાસ્ત્રાભ્યાસ કરવાથી કેમ ન થાય? જો ન થાય તો, શાસ્ત્રાભ્યાસ નહિ કરવાથી કેમ થશે? માટે ધનનું હોવું, ન હોવું તો ઉદયાધીન છે; શાસ્ત્રાભ્યાસમાં કેમ શિથિલ થાય છે? અને સાંભળ! ધન છે, તે તો વિનાશક છે; ભયસહિત છે, પાપથી ઉત્પન્ન થાય છે, નરકાદિકનું કારણ છે; અને જે આ શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાનધન છે, તે અવિનાશી છે, ભયરહિત છે, ધર્મરૂપ છે, સ્વર્ગ-મોક્ષનું કારણ છે; માટે મહંત પુરુષ તો ધનાદિકને છોડીને, શાસ્ત્રાભ્યાસમાં જ લાગે છે અને તું પાપી, શાસ્ત્રાભ્યાસ છોડીને, ધન ઉત્પન્ન કરવામાં મોટાઈ કરે છે, તો તું અનંત સંસારી છો.

તે કહ્યું કે પ્રભાવના આદિ ધર્મ પણ ધનથી જ થાય છે. પણ તે પ્રભાવનાદિ ધર્મ તો માત્ર સાવદ્યક્રિયાથી સહિત છે; માટે સમસ્ત સાવદ્યરહિત શાસ્ત્રાભ્યાસરૂપ ધર્મ છે, તે પ્રધાન છે. જો એમ હોય તો ગૃહસ્થ અવસ્થામાં પ્રભાવનાદિ ધર્મ સાધન હતા તેને છોડીને સંયમી થઈને શાસ્ત્રાભ્યાસમાં શા માગે લાગે છે? શાસ્ત્રાભ્યાસ કરવાથી પ્રભાવના આદિક પણ વિશેષ થાય છે.

તે કહ્યું કે – ધનવાનની નજીક પંડિત પણ આવીને રહે છે!

તે લોભી પંડિત હોય અને અવિવેકી ધનવાન હોય ત્યાં એમ બને છે. શાસ્ત્રાભ્યાસવાળાની તો ઈન્દ્ર આદિ પણ સેવા કરે છે, ત્યાં પણ મોટા મોટા મહંતપુરુષ, દાસ બનેલા જોવામાં આવે છે; માટે શાસ્ત્રાભ્યાસવાળાથી ધનવાનને મહંત ન જાણ.

તે કહ્યું કે ધનથી બધી કાર્યસિદ્ધિ થાય છે, (પણ એમ નથી.) તે ધનથી તો આ લોકસંબંધી કંઈક વિષયાદિક કાર્ય એ પ્રકારે સિદ્ધ થાય છે, જેમાં ઘણા કાળ સુધી નરકાદિક દુઃખ સહન કરવા પડે છે અને શાસ્ત્રાભ્યાસથી એવા કાર્ય સિદ્ધ થાય છે કે જેમાં આલોક-પરલોકમાં અનેક સુખોની પરંપરા પ્રાપ્ત થાય છે; માટે ધન ઉત્પન્ન કરવાનો વિકલ્પ છોડીને શાસ્ત્રાભ્યાસ કરવો; અને જો એમ કાયમ ન બને તો સંતોષપૂર્વક ધન ઉત્પન્ન કરવાનું સાધન કરીને શાસ્ત્રાભ્યાસમાં તત્પર રહેવું. આ પ્રકારે ધન ઉત્પન્ન કરવાના પક્ષપાતીને શાસ્ત્રાભ્યાસની સન્મુખ કર્યો.

**પ્રશ્ન-૨૨ :- હવે, કામ-ભોગાદિનો પક્ષપાતી કહે છે કે શાસ્ત્રાભ્યાસ કરવામાં સુખ નથી, મોટાઈ નથી; માટે જેનાથી અહીંયાં જ સુખ હોય - એવું જે સ્ત્રીસેવન, ખાવું-પહેરવું વગેરે વિષય-સુખ, તેનું સેવન કરવામાં આવે અથવા જેનાથી અહીં જ મોટાઈ હોય - એવા વિવાહાદિક કાર્ય કરવામાં આવે..**

ઉત્તર :- વિષયજનિત જે સુખ છે, તે દુઃખ જ છે કેમકે વિષયસુખ તો પર-નિમિત્તથી થાય છે. પહેલાં-પછી અને તત્કાળ જ આકુળતાસહિત છે અને જેનો નાશ થવાના અનેક કારણો મળે જ છે; આગળ જતાં નરકાદિ દુર્ગતિને પામનારો છે - એમ હોવા છતાં પણ તે તારી ઈચ્છા અનુસાર મળતું જ નથી; પૂર્વના પુણ્યથી થાય છે; માટે વિષમ છે.



જૈમ, ખંજવાળથી પીડાતો પુરુષ પોતાના અંગને કઠણ વસ્તુથી ખંજવાળે છે; તેવી રીતે ઈન્દ્રિયોથી પીડિત જીવ તેને પીડા ન સહન થાય ત્યારે થોડામાત્રમાં જેને પીડાનો પ્રતિકાર ભાસે એવા જે વિષયસુખમાં ઝંઝાપાત કરે છે. તે પરમાર્થરૂપ સુખ છે જ નહિ.

શાસ્ત્રાભ્યાસ કરવાથી જે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયું, તેનાથી ઉત્પન્ન આનંદ, તે સાચું સુખ છે. તે સુખ સ્વાધીન છે, આકુળતારહિત છે, કોઈના દ્વારા નષ્ટ નથી થતું; મોક્ષનું કારણ છે, વિષમ નથી.

જે પ્રકારે ખંજવાળની પિડા નથી થતી તો સહેજ સુખી થાય છે તે પ્રકારે ત્યાં ઈન્દ્રિયો દુઃખી કરવાને સમર્થ નથી હોતી, ત્યારે સહજ જ સુખ પ્રાપ્ત થાય છે; માટે વિષય સુખને છોડીને શાસ્ત્રાભ્યાસ કરવો. જો સર્વથા ન છૂટે તો જેટલું થઈ શકે તેટલું છોડીને શાસ્ત્રાભ્યાસમાં તત્પર રહેવું.

તે વિવાહાદિક કાર્યમાં હોવાનું કહ્યું તે મોટાઈ કેટલા દિવસ રહેશે. મોટાઈ જેના માટે મહાપાપારંભથી નરકાદિમાં ઘણો કાળ દુઃખ ભોગવવાનું થશે; અથવા તારાથી પણ તે કાર્યોમાં ધન લગાવવાવાળા પણ ઘણા છે, માટે વધારે મોટાઈ પણ થવાની નથી; અને શાસ્ત્રાભ્યાસથી તો એવી મોટાઈ થાય છે કે જેની સર્વ લોકો મહિમા કરે છે; ઈન્દ્રાદિક પણ પ્રશંસા કરે છે, અને પરંપરા પણ સ્વર્ગ-મુક્તિનું કારણ છે. માટે વિવાહાદિક કાર્યોનો વિકલ્પ છોડીને, શાસ્ત્રાભ્યાસમાં ઉદ્યમી રહેવું. સાવ ન છૂટે તો બહુ વિકલ્પ ન કરવો. આ પ્રકારે કામ-ભોગાદિનો પક્ષપાતીને શાસ્ત્રાભ્યાસમાં સન્મુખ કર્યો છે.

આ પ્રકારે બીજા પણ જે વિપરીત વિચારથી આ ગ્રંથના અભ્યાસમાં અરુચિ પ્રગટ કરે છે, તેમને યથાર્થ વિચારથી આ શાસ્ત્ર અભ્યાસની સન્મુખ થવા યોગ્ય છે.

**પ્રશ્ન-૨૩ :- અહીં અન્યમતિ કહે છે કે તે પોતાના જ શાસ્ત્રનો અભ્યાસ કરવાનું દઢ કર્યો, અમારા મતે નાના યુક્તિ આદિ સહિત શાસ્ત્ર છે, તેનો પણ અભ્યાસ કેમ નથી કરવામાં આવ્યો?**

ઉત્તર :- તમારા મતના શાસ્ત્રોમાં આત્મહિતનો ઉપદેશ નથી. ક્યાંક શ્રૃંગારનું, ક્યાંક યુદ્ધનું, ક્યાંક કામસેવન વગેરેનું, ક્યાંક હિંસાદિકનું કથન છે; અને તે તો ઉપદેશ વિના પણ સહજ જ થઈ રહ્યું છે; માટે તેને ત્યજવાથી હિત થાય છે. અન્યમત તો ઊલટાનું તેનું પોષણ કરે છે; માટે તેનાથી હિત કેમ થાય?

**પ્રશ્ન-૨૪ :- ત્યાં તે એમ કહે છે કે ઈશ્વરે એવી લીલા કરી છે, તેને ગાય છે, તો તેનાથી ભલું થાય છે.**

ઉત્તર :- ત્યાં કહે છે કે જો ઈશ્વરને સહજસુખ ન હોય, તો સંસારીવત્ લીલાથી સુખી થયો. જો તે સહજસુખી હોત તો શા માટે વિષયાદિનું સેવન કે યુદ્ધ વગેરે કરે છે? કેમકે મંદબુદ્ધિ પણ પ્રયોજન વિના કિંચિત્‌માત્ર પણ કાર્ય નથી કરતા; માટે જાણવામાં આવે છે કે તે ઈશ્વર આપણા જેવો જ છે. તેનું યશગાન કરવાથી શું સિદ્ધિ થાય?

**પ્રશ્ન-૨૫ :- તે ફરી પાછો કહે છે કે અમારા શાસ્ત્રોમાં ત્યાગ, વૈરાગ્ય, અહિંસાદિકનો પણ ઉપદેશ છે.**

ઉત્તર :- તે ઉપદેશ પૂર્વાપર વિરોધસહિત છે; ક્યાંક વિષયને પોષે છે, ક્યાંક નિષેધ કરે છે; વૈરાગ્ય દેખાડીને, પછી હિંસાદિક કરવાનું પોષણ કર્યું છે, ત્યાં વાતુલવચનવત્ પ્રમાણ કેમ હોય?

**પ્રશ્ન-૨૬ :- તે કહે છે કે વેદાંત આદિ સાસ્ત્રોમાં તો તત્ત્વનું નિરૂપણ છે.**

ઉત્તર :- તેને કહે છે કે - ના; તે નિરૂપણ પ્રમાણથી બાધિત



છે, અયથાર્થ છે, તેનું નિરાકરણ જૈનના ન્યાયશાસ્ત્રોમાં કર્યું છે, તેમ જાણવું. માટે અન્યમતના શાસ્ત્રોનો અભ્યાસ ન કરવો.

તેને કહે છે...

હે ભવ્ય જીવો! શાસ્ત્રાભ્યાસના અનેક અંગ છે. શબ્દ કે અર્થનું વાંચન કે શીખવું, શીખવાડવું, ઉપદેશ દેવો, વિચારવું, સાંભળવું, પ્રશ્ન કરવો, સમાધાન જાણવું, વારંવાર ચર્ચા કરવી વગેરે અનેક અંગ છે. - ત્યાં જેમ બને તેમ અભ્યાસ કરવો. જો બધા શાસ્ત્રનો અભ્યાસ ન થઈ શકે તો આ શાસ્ત્રમાં સુગમ કે દુર્ગમ અનેક અર્થોનું નિરૂપણ છે, ત્યાં જેનો બને તેનો અભ્યાસ કરવો. પણ અભ્યાસમાં આળસ ન કરવી.

જુઓ! શાસ્ત્રાભ્યાસની મહિમા જેના હોવાથી પરંપરાએ આત્માનુભવદશાને પામે છે, મોક્ષમાર્ગરૂપ ફળને પામે છે - તે તો દૂર જ રહો; તત્કાળ જ આટલા ગુણો પ્રગટે છે.

૧. ક્રોધાદિ કષાયોની તો મંદતા થાય છે;

૨. પંચેન્દ્રિયના વિષયોમાં પ્રવૃત્તિ રોકાય છે;

૩. અતિ ચંચળ મન પણ એકાગ્ર થાય છે;

૪. હિંસાદિ પાંચ પાપ નથી થતા;

૫. સ્તોક (ઓછું) જ્ઞાન થવા છતાં પણ, ત્રિલોકના ત્રણ કાળ સંબંધી ચરાચર પદાર્થોને જાણવું થાય છે;

૬. હેય-ઉપાદેયની ઓળખાણ થાય છે;

૭. આત્મજ્ઞાન સન્મુખ થાય છે. (જ્ઞાન, આત્મસન્મુખ થાય છે.)

૮. વધારે-વધારે જ્ઞાન થવાથી આનંદ ઉત્પન્ન થાય છે,

૯. લોકમાં મહિમા યશ વધારે થાય છે;

૧૦. અતિશય પુણ્યનું બંધ થાય છે;

વગેરે ગુણો, શાસ્ત્રાભ્યાસ કરવાથી તત્કાળ જ ઉત્પન્ન થાય છે; માટે શાસ્ત્રાભ્યાસ અવશ્ય કરવો.

**પ્રશ્ન-૨૭ :- હે ભવ્ય! શાસ્ત્રાભ્યાસ કરવાના સમયની પ્રાપ્તિ મહાદુર્લભ છે. કઈ રીતે?**

ઉત્તર :- એકેન્દ્રિય આદિ અસંજ્ઞીપર્યંત જીવોને તો મન નથી, અને નારકી, વેદનાથી પીડિત; તિર્યંચ, વિવેકરહિત; દેવ, વિષયાસક્ત; માટે મનુષ્યોને અનેક સામગ્રી મળવાથી શાસ્ત્રાભ્યાસ થાય છે. માટે મનુષ્યપર્યાયની પ્રાપ્તિ જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મહાદુર્લભ છે.

ત્યાં દ્રવ્ય અપેક્ષાએ તો લોકમાં મનુષ્યજીવ ઘણા ઓછા છે, તુચ્છ સંખ્યા માત્ર જ છે; અને બીજા જીવોમાં નિગોદિયા અનંત છે, બીજા જીવ અસંખ્યાત છે.

ક્ષેત્ર અપેક્ષાથી મનુષ્યોનું ક્ષેત્ર ઘણું અલ્પ અઢી દ્વીપમાત્ર જ છે અને બીજા જીવોમાં એકેન્દ્રિયનું ક્ષેત્ર સર્વલોક છે, બીજાનું તો કેટલાક રાજુ પ્રમાણ છે.

કાળ અપેક્ષાએ મનુષ્યપર્યાયમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ ઘણો અલ્પ છે, કર્મભૂમિ અપેક્ષાએ પૃથકત્વ કોટિપૂર્વ માત્ર છે અને અન્ય પર્યાયોમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ એકેન્દ્રિયમાં તો અસંખ્યાત પુદ્‌ગલપરાવર્તનમાત્ર અને અન્યોમાં સંખ્યાત પલ્યમાત્ર છે.

ભાવ અપેક્ષાએ તીવ્ર શુભાશુભપણાથી રહિત, એવા મનુષ્યપર્યાના કારણરૂપ પરિણામ થવા અતિદુર્લભ છે; અન્ય પર્યાયને કારણે અશુભરૂપ તેમજ શુભરૂપ પરિણામ થવા સુલભ છે.

આ પ્રકારે શાસ્ત્રાભ્યાસનું કારણ જે પર્યાય કર્મભૂમિ કે મનુષ્યપર્યાય, તેનું દુર્લભપણું જાણવું. ત્યાં ઉત્તમ નિવાસ, ઉચ્ચકુળ, પૂર્ણ આયુષ્ય ઇન્દ્રિયોનું સામર્થ્ય, નિરોગપણું, સુસંગતિ, ધર્મરૂપ અભિપ્રાય બુદ્ધિની પ્રબળતા વગેરેની પ્રાપ્તિ થવી ઉત્તરોત્તર મહાદુર્લભ



છે. - તે પ્રત્યક્ષ દેખાય છે; અને તેટલી સામગ્રી મળ્યા વિના ગ્રંથાભ્યાસ બનતો નથી, તેથી તને ભાગ્યથી અવસર મળ્યો છે; માટે તારે હઠથી પણ તારા હિતને માટે પ્રેરણા કરે છે. જેમ થઈ શકે તેમ આ શાસ્ત્રનો અભ્યાસ કરો; અન્ય જીવોને જેટલો બને તેટલો શાસ્ત્રાભ્યાસ કરાવો. જે જીવ, શાસ્ત્રાભ્યાસ કરે છે, તેની અનુમોદના કરો. પુસ્તક લખાવવા, તેમજ પઠન-પાઠકોની સ્થિરતા કરવી વગેરે શાસ્ત્રાભ્યાસના બાહ્ય કારણ, તેનું સાધન કરવું, કેમકે તેનાથી પણ પરંપરા એ કાર્યસિદ્ધિ થાય છે અને મહત્ પુણ્ય ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે આ શાસ્ત્રના અભ્યાસ આદિમાં જીવોને રુચિવાન કર્યા છે.

---

પરિશિષ્ટ-૧

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું મહત્ત્વપૂર્ણ પ્રવચન

# અજ્ઞાનીના અભિપ્રાયમાં વ્યવહારનો સૂક્ષ્મ પક્ષ અને તેના અભાવનો ઉપાય

આ જગતમાં અનંત પ્રાણીઓને અનાદિકાળથી પોતાના નિશ્ચયસ્વભાવની મહિમાનું જ્ઞાન ન હોવાથી રાગ અને વિકલ્પનો સૂક્ષ્મ પક્ષમાં રહી જાય છે. અહીંયાં વ્યવહારના તે સૂક્ષ્મ પક્ષનું સ્વરૂપ કહેવામાં આવે છે, જેને છોડીને પરમાર્થના આશ્રયથી ધર્મની સાધના થઈ શકે છે.

જીવને પરવસ્તુ, વિકલ્પ તથા આત્માનો સ્વભાવ પણ શ્રવણમાં આવે છે, તેના ખ્યાલમાં એ આવે છે કે આત્મવસ્તુ, રાગ અથવા પરવસ્તુ જેવી નથી, તે ખ્યાલમાં આવવા છતાં પણ જો રાગમાં આત્માનું વીર્ય/બળ રોકાઈ જાય તો વ્યવહારનો પક્ષ રહી જાય છે. જો આત્માના વીર્યને પર તરફ જુકાવથી અલગ કરીને, સ્વભાવના જ્ઞાનથી વીર્યને શુભભાવમાં પણ ન લગાવતા, શુભથી પણ ભિન્ન આત્મસ્વભાવ તરફ પ્રવૃત્તિ કરે તો સમજવું જોઈએ કે જીવે નિશ્ચયના આશ્રયે વ્યવહારનો નિષેધ કર્યો છે અને તેને જ ધર્મસાધના એટલે કે સમ્યક્ત્વાદિ છે.

આત્મા, વર્તમાનમાં જ જ્ઞાનાદિ અનંત સ્વભાવ/ ગુણનો પિંડ છે, તેની અવસ્થામાં જે વર્તમાન શુભ અવસ્થા થાય છે, તેને છોડવાનું જીવને મન થાય છે કેમકે અશુભથી શુભમાં વીર્યને યુક્ત કરવું, તે સ્થૂળ કાર્ય છે. નગ્ન દિગંબર જૈન સાધુ થઈને પંચ મહાવ્રતનો



શુભરાગ તથા દેવ-ગુરુ-શાસ્ત્રની પરલક્ષી શ્રદ્ધા કરી, તેની કહેલી વાતો સ્થૂળરૂપથી ધ્યાનમાં લેવા છતાં જીવને સૂક્ષ્મરૂપે વ્યવહારની પક્કડ રહી ગઈ છે, માટે તેને સમ્યક્ત્વ નથી થયું.

જ્ઞાનમાં શુભ અને અશુભ બંનેને લક્ષમાં લઈને, જીવ પોતાના ભાવને અશુભમાંથી શુભમાં બદલી નાખે છે, પણ જો શુભરાગથી પણ પાર નિજસ્વભાવ તરફ વળે તો વ્યવહારનો પક્ષ છૂટી જાય અને સમ્યક્ત્વ થઈ જાય. (પણ તે કાર્ય નથી કરતો.)

'રાગ મારું સ્વરૂપ નથી' - આ વિકલ્પ પણ રાગ છે. હું જીવ છું, વિકાર મારું સ્વરૂપ નથી; આ પ્રકારે નવ તત્ત્વાદિકના વિકલ્પમાં વીર્યનું બળ રોકાયેલું રહે પણ સ્વભાવમાં વળવા માટે વીર્યની ઉન્મુખતા કામ ન કરે તો કહેવું પડે કે તે વ્યવહારની રુચિમાં અટકી રહ્યો છે; તેનો જુકાવ નિશ્ચયસ્વભાવ તરફ નથી. જે વીર્યનો જુકાવ નિશ્ચયસ્વભાવ તરફ ઢળે છે, તે વીર્યમાં વ્યવહારનો પક્ષ ચોક્કસ છૂટી જાય છે; માટે અનંત તીર્થંકરોએ નિશ્ચય દ્વારા વ્યવહારનો નિષેધ કર્યો છે.

સ્વભાવદષ્ટિ વિના મિથ્યાદષ્ટિ જીવ જો ઘણું કેર તો અશુભભાવને છોડીને શુભભાવ સુધી આવે છે અને શુભભાવમાં જ તેના જ્ઞાનનું લક્ષ સ્થિર થયું છે; ત્યાંથી હટીને ત્રિકાળી સ્વભાવ ઉપર જ્ઞાનનું લક્ષ સ્થિર નથી કરતો; તે પ્રમાણે જ્યાં સુધી સ્વભાવ તરફ વીર્યનું બળ ન હોય, ત્યાં સુધી નિશ્ચયનો આશ્રય નથી થતો અને નિશ્ચયના આશ્રય વિના વ્યવહારનો પક્ષ છૂટતો નથી.

વ્યવહારનો આશ્રય તો, જેની કદી મુક્તિ થવાની નથી - એવા અભવ્ય જીવ પણ કરે છે. તાત્પર્ય એ છે કે નિશ્ચયના આશ્રયે જ મુક્તિ થાય છે; માટે નિશ્ચયનયથી વ્યવહારનય નિષેધ કરવાયોગ્ય જ છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે? તેનો વિચાર જ્ઞાનમાં આવે છે, તથા પાંચ મહાવ્રતાદિકના વિકલ્પરૂપ જે વ્યવહાર છે, તેને પણ જ્ઞાન જાણે છે, પણ જ્યાં સુધી તે રાગરૂપ વ્યવહારથી નિશ્ચયસ્વભાવની અધિકતા (પૃથક્ત્વ) દૃષ્ટિમાં નથી આવતું, ત્યાં સુધી નિશ્ચયસ્વભાવમાં વીર્યનું બળ સ્થિર નથી થતું અને નિશ્ચયસ્વભાવના આશ્રય વિના નિશ્ચયસમ્યક્ત્વ નથી થતું. નિશ્ચયસમ્યક્ત્વ વિના વ્યવહારનો નિષેધ નથી થતો. આ પ્રકારે જીવને વ્યવહારનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે.

'રાગ દરેક અવસ્થામાં બદલાતો જાય છે અને તે વિકારની પાછળ નિર્વિકાર સ્વભાવને ધારણ કરનારા દ્રવ્ય ધ્રુવ છે,' આ પ્રકારે વિકલ્પ દ્વારા જીવ ધ્યામાં લે છે, પણ જ્યાં સુધી ત્રૈકાલિક સ્વભાવમાં વીર્યને લગાવીને, અરાગી નિશ્ચયસ્વભાવનું બળ નતી આવતું, ત્યાં સુધી વ્યવહારનો નિષેધ નથી થતો અને વ્યવહારના નિષેધ વિના સમ્યગ્દર્શન નથી થતું.

અજ્ઞાનીને વ્યવહારના પક્ષનો સૂક્ષ્મ અભિપ્રાય રહી જાય છે, તે કેવળીગમ્ય છે; તે છદ્મસ્થને દૃષ્ટિગોચર નથી થતો. તે અભિપ્રાય કેવી રીતે રહી જાય છે? - તે સંબંધમાં અહીં કથન ચાલે છે.

આત્મા જ્ઞાનસ્વભાવી, એક શાંતસ્વરૂપી છે - એવું વિકલ્પમાં લઈને પણ જ્યાં સુધી સ્વભાવ સન્મુખ થઈને અનુભવ ન કરે, ત્યાં સુધી સમ્યક્ત્વ નથી થતું. અંતરંગમાં એ વાત જામી જાય કે બહિર્મુખભાવ, હું નથી, તો તેનું વીર્ય વિકારથી અલગ થઈને નિશ્ચયસ્વભાવમાં ઢળી જાય છે અને નિશ્ચયસ્વભાવમાં વીર્ય ઢળતા જ વ્યવહારનો નિષેધ થઈ જાય છે. એટલે કે સમ્યગ્દર્શનાદિ થઈ જાય છે.

અભવી જીવોને અને મિથ્યાદૃષ્ટિ ભવી જીવોને સ્વભાવનો ખ્યાલ



આવવા છતાં સ્વભાવનો મહિમા નથી આવતો. ખ્યાલમાં આવે છે, તેનો અર્થ કે અહીંયાં સમ્યગ્જ્ઞાનમાં આવવાની વાત નથી પણ જ્ઞાનાવરણના ક્ષયોપશની પ્રગટતામાં એ વાતનું ધ્યાન રહે છે. અગ્યાર અંગના જ્ઞાનમાં બધી વાત આવી જાય છે કે આત્માનો સ્વભાવ ત્રિકાળ છે, રાગ ક્ષણિક છે પણ અજ્ઞાનીની રુચિનું બળ શુભ તરફથી હટતું નથી. ઘણા ગંભીર સ્વભાવની મહાત્મ્યદશામાં બળને લગાવવું જોઈએ, તે એ નથી કરતો; માટે તેને વ્યવહારનો પક્ષ રહી જાય છે.

અહીંયાં અભવીની વાત તો માત્ર દૃષ્ટાંતના રૂપમાં કહી છે પણ બધા મિથ્યાદૃષ્ટિ જીવ ક્યાંક ને ક્યાંક વ્યવહારના પક્ષમાં અટકી રહ્યા છે; માટે તેને નિશ્ચયસમ્યગ્દર્શન નથી થતું. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને માનીને તે શું કહે છે - તે પણ ધ્યાનમાં લીધું, બહારમાં સાધુ પણ થયો, પણ રુચિના વિકારથી ખસીને ત્રિકાળી સ્વભાવ તરફ લાગતો નથી. વર્તમાન પર્યાયને વિકારથી ખસેડીને ત્રૈકાલિક સ્વભાવ તરફ લગાડ્યા વિના સમ્યગ્દર્શન નથી થતું; માટે સર્વજ્ઞ ભગવાને સદા નિશ્ચયના આશ્રયે વ્યવહારનો નિષેધ કર્યો છે.

જીવને શુભરાગરૂપ વ્યવહારનો પક્ષ છે, તેની જગ્યાએ જો ત્રિકાળી સ્વભાવ તરફ વીર્યનું બળ લગાવે એટલે કે નિશ્ચયનો આશ્રય કરે તો સમ્યક્ત્વાદિ ધર્મ થાય છે.

શુભરાગની પ્રવૃત્તિ પર સમ્યગ્દર્શન અવલંબતું નથી પણ તે નિશ્ચયસ્વભાવને આશ્રયે છે. જો જીવ, પોતાના સ્વભાવની તરફ રુચિ નહિ કરે તો તેને વ્યવહારનો પક્ષ નહિ છૂટે અને સમ્યગ્દર્શન નહિ થાય કેમકે સમ્યગ્દર્શન અંતરગ સ્વભાવની વસ્તુ છે.

ત્રિકાળી અને વર્તમાન બંને પડખેથી ધ્યાનમાં લેવા છતાં જીવ ત્રિકાળી સ્વભાવની રુચિ તરફ નથી વળતો, પણ વર્તમાન પર્યાયની

રુચિ તરફ ઉન્મુખતા થાય છે. 'આ સ્વભાવ છે, આ સ્વભાવ છે' એમ જો રુચિ સ્વભાવ તરફ વળે તો ક્ષણિક પર્યાયની દૃષ્ટિનો અભાવ થઈ જાય, પણ ત્રિકાળી સ્વભાવની રુચિમાં લેવાને બદલે વર્તમાન શુભરાગને જે દેખે છે; માટે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં વીર્યનો જુકાવ નથી થતો એટલે કે નિશ્ચયનો આશ્રય નથી થતો અને વ્યવહાર પક્ષ છૂટતો નથી - તે જ મિથ્યાત્વ છે.

આત્માના વર્તમાન વીર્યને વર્તમાનના જ લક્ષ પર (અવસ્થાદૃષ્ટિમાં) સ્થિર કરે અને ત્રિકાળિક અંતરંગ સ્વભાવ તરફ વીર્યને પ્રેરે નહિ તો વિકલ્પનો અભાવ નથી થતો અને સમ્યગ્દર્શન નથી થતું.

દરેક જીવની વર્તમાન અવસ્થામાં વીર્યનું કાર્ય તો થતું જ રહે છે, પણ તે વીર્યને ક્યાં સ્થાપવું જોઈએ — તે ભાન નહિ હોવાથી જીવને વ્યવહારનો પક્ષ નથી છૂટતો. 'હું એક જ્ઞાયકભાવ છું, હું વર્તમાન રાગ જેટલો જ નથી, પણ રાગથી અધિક ત્રિકાળ શક્તિનો પિંડ છું.' આ પ્રકારે પોતાના નિશ્ચય સ્વભાવની રુચિના બળે વીર્યને સ્થાપવું જોઈએ - એકાગ્ર કરવું જોઈએ. જો નિશ્ચયસ્વભાવ તરફના બળમાં અને રુચિમાં વીર્યને ન જોડે તો તે વીર્ય વ્યવહારના પક્ષમાં જોડાઈ જાય છે અને તેને વ્યવહારનો સૂક્ષ્મ પક્ષ રહે છે.

જ્યારે વ્યવહારના પક્ષથી હટીને વીર્યને જ્ઞાનસ્વભાવમાં સ્થાપિત કરવામાં આવે છે ત્યારે પણ વ્યવહારનું જ્ઞાન તો (ગૌણરૂપે) રહે જ છે, ક્યાંય જ્ઞાન છૂટી નથી જતું, કેમકે તે તો સમ્યગ્જ્ઞાનનો અંશ છે. વ્યવહારનું જ્ઞાન છૂટીને નિશ્ચયની દૃષ્ટિ નથી થતી. સમ્યગ્દર્શન થવાથી વ્યવહારનું જ્ઞાન તો રહે છે, પણ તેનો આશ્રય છૂટીને સ્વભાવ તરફ વળી જાય છે. આ પ્રમાણે નિશ્ચયના આશ્રયના સમયે વ્યવહારનો પક્ષ છૂટી જવાથી પણ જ્ઞાન તો બંનેનું રહે જ છે, પણ જ્ઞાન જ્યારે સર્વથા વ્યવહાર તરફ જુકી જાય છે, ત્યારે



નિશ્ચયનયનો આશ્રય જરાપણ ન હોવાથી તે વ્યવહારના પક્ષવાળુ જ્ઞાન મિથ્યારૂપ એકાંત છે.

સમ્યગ્દર્શન થયા પછી નિશ્ચયનો આશ્રય હોવા છતાં પણ જ્યાં સુધી અપૂર્ણ ભૂમિકા છે, ત્યાં સુધી વ્યવહાર રહે છે, પણ નિશ્ચયનયાશ્રિત જીવને તે તરફ આસક્તિ નથી હોતી, તેના વીર્યનું બળ વ્યવહાર તરફ ઢળતું નથી.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ, નવ તત્ત્વનું જ્ઞાન, બ્રહ્મચર્યનું પાલન તથા જિન-પૂજા, વ્રત, તપ અને ભક્તિ વગેરે કરવા છતાં પણ જીવને મિથ્યાત્વ કેમ રહી જાય છે? કેમકે 'આ વર્તમાન શુભ પરિણામ જ હું છું અને તેનાથી જ મને લાભ છે', આમ વર્તમાન રાગ પર જ લક્ષને સ્થિર કરીને તેમાં એટક્યો છે અને ત્રિકાળિક એકરૂપ નિરપેક્ષ સ્વભાવ તરફ વળતો નથી; માટે મિથ્યાત્વ રહી જાય છે.

જો જીવ વર્તમાન રાગનું લક્ષ છોડીને, ત્રિકાળિક શુદ્ધ સ્વભાવને લક્ષમાં લે તો સમ્યગ્દૃષ્ટિ થાય છે, કેમકે સમ્યગ્દર્શનનો આધાર (આશ્રયભૂતવસ્તુ) ત્રિકાળિક સ્વભાવ છે, વર્તમાન પર્યાયના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટતું નથી.

નિશ્ચય-અખંડ અભેદ સ્વભાવ તરફ જતાં વચ્ચે જે વિકલ્પાદિરૂપ વ્યવહાર આવે છે, તેને માટે ખેદ (એટલે કે હેયબુદ્ધિ) થવી જોઈએ — એમ ન કરતા જો તેના પ્રત્યે ઉત્સાહિત થાય છે, તેને સ્વભાવ પ્રત્યે આદર નથી રહેતો એટલે કે તે મિથ્યાત્વી જ રહે છે. નિશ્ચયસ્વભાવ તરફના વીર્યનો ઉલ્લાસ થવાને બદલે વ્યવહારમાં જેનું વીર્ય ઉલ્લસિત થાય છે, તેનો ભાવ પરાવલંબી રહે છે; માટે તેને વ્યવહારનો પક્ષ દૂર નથી થતો. વ્યવહારની રુચિવાળો તે જીવ, ભગવાનની દિવ્યધ્વનિનો ઉપદેશ સાંભળીને પણ વ્યવહારની રુચિને

જ પુષ્ટ કરે છે. નિશ્ચયના આશ્રયનો ઉલ્લાસ ન હોવાથી વ્યવહારની રુચિ કરે છે કે 'વ્યવહાર તો વચ્ચે આવશે જ.' આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિને વ્યવહારની ઊંડી, સૂક્ષ્મ મીઠાશ વિદ્યમાન રહે છે; માટે તે પોતાના સ્વભાવમાં ઉલ્લસિત થઈને સમ્યગ્દૃષ્ટિ નથી થઈ શકતો.

પ્રશ્ન :— વ્યવહારનો નિષેધ કરવાથી એકાંત નિશ્ચય નહિ થઈ જાય?

ઉત્તર :— ના, તેમાં જ સાચું અનેકાંત છે. નિશ્ચયસ્વભાવ અને રાગ — બંનેને જાણીને, જ્યારે વીર્યના બળને નિશ્ચયસ્વભાવમાં લાવે છે, ત્યારે જ્ઞાનમાં ગૌણરૂપથી એ ધ્યાન તો હોય જ છે કે અવસ્થામાં વિકાર પણ છે. સ્વભાવ તરફ ઢળતો જીવ, પર્યાયની અપેક્ષાથી પોતાને કેવળજ્ઞાની નથી માનતો. એ પ્રમાણે તેના જ્ઞાનમાં નિશ્ચય અને વ્યવહાર બેયને જાણીને, નિશ્ચયનો આશ્રય અને વ્યવહારનો નિષેધ કર્યો છે અને તે અનેકાંત છે. બંને પક્ષોને જાણીને એકમાં આરૂઢ અને બીજામાં અનારૂઢ થયો એટલે કે નિશ્ચયને ગ્રહણ કર્યું અને વ્યવહારને છોડ્યો, બસ એ જ અનેકાંત છે, પણ નિશ્ચય અને વ્યવહાર બંનેનો આશ્રય કરવા યોગ્ય માને તો એકાંત છે.

બે નય પરસ્પર વિરોધરૂપ છે, માટે બેયનો આશ્રય નથી થઈ શકતો. જ્યારે જીવ નિશ્ચયનો આશ્રય કરે છે, ત્યારે તેને વ્યવહારનો આશ્રય છૂટી જાય છે અને જ્યારે વ્યવહારના આશ્રયમાં અટકી જાય છે, ત્યારે તેને નિશ્ચયનો આશ્રય નથી થતો — આમ હોવા છતાં પણ જે બેય નયોનો આશ્રય કરવો યોગ્ય માને છે તો, તે બંને નયોને એક માનવાને કારણે એકાંતવાદી છે.

રાગ તો સમ્યગ્દર્શનમાં મદદ નથી કરું, પણ 'રાગ મને મદદ નથી કરતું' એવો વિકલ્પ પણ મદદ નથી કરતું. જ્યારે જીવ, રાગથી મુક્ત થઈને સ્વભાવ તરફ ઢળે છે, ત્યારે મુખ્ય સ્વભાવની (નિશ્ચયની)



દૃષ્ટિ થાય છે અને અવસ્થા ગૌણ થાય છે. આ પ્રમાણે નિશ્ચયને મુખ્ય અને વ્યવહારને ગૌણ કરવાથી જ અનેકાંતનું ફળ આવે છે.

જેને વ્યવહારનો પક્ષ છે, તે જીવ એકાંત વ્યવહાર તરફ ઢળે છે; માટે તે નિશ્ચય સ્વભાવનો તિરસ્કાર કરે છે. માત્ર વર્તમાનની એટલે કે પર્યાય બાજુની ઉન્મુખતામાં એટલું વધારે બળ નથી કે તે વિકલ્પને તોડીને સ્વભાવનું દર્શન કરાવે. જો દૃષ્ટિમાં નિશ્ચયસ્વભાવ પર વજન ન દે તો વ્યવહારને ગૌણ કરીને સ્વભાવ તરફ વળી ન શકે અને સમ્યગ્દર્શન નથી થતું. જો જીવ, વર્તમાનમાં થનારા વિકારીભાવની દૃષ્ટિ છોડીને સ્વભાવ તરફ બળને લગાવે તો અવસ્થામાં સ્વભાવરૂપ કાર્ય થાય છે. જ્યારે જ્ઞાન અને વીર્ય, સ્વભાવ તરફ ઢળે છે, ત્યારે તેમાં નિશ્ચયની મુખ્યતા થઈ અને રાગાદિ વિકલ્પને જાણીને પણ તેને મુખ્ય નથી કર્યો; તે જ વ્યવહારનયનો નિષેધ છે. ત્યાં પણ વ્યવહારનું જ્ઞાન છે પણ આદર નથી.

જ્ઞાન અને વીર્યના બળથી સ્વભાવની જે મુખ્યતા થાય છે, તે મુખ્યતાનું બળ વીતરાગતા અને કેવળજ્ઞાન થયા સુધી બન્યું રહે છે; વચ્ચે ભલે વ્યવહાર આવે, પણ ક્યારેય તેની મુખ્યતા નથી થતી. છઠ્ઠા ગુણસ્થાન સુધી રાગ રહેશે, તોપણ દૃષ્ટિમાં ક્યારેય રાગની મુખ્યતા નહિ થાય. ત્રિકાળી સ્વભાવ જ મુખ્ય છે એટલે કે દૃષ્ટિના બળે તે નિશ્ચયસ્વભાવ તરફ ઢળતો-ઢળતો અને રાગરૂપ વ્યવહારને તોડતો-તોડતો પૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન થઈ જશે. કેવળજ્ઞાન થયા પછી પૂર્ણ નયપક્ષનો જ્ઞાતા હોવાથી અને રાગ ન હોવાથી ત્યાં કોઈ ન રહે છે રહેતું અને ન ગૌણ; અને ન કોઈ વિકલ્પ પણ રહે છે. ત્યાં તો સાધ્યની સિદ્ધિ થઈ ચુકી છે.

નવ તત્ત્વોની વ્યવહાર શ્રદ્ધા અને અગ્યાર અંગનું જ્ઞાન હોવા છતાં જીવને સમ્યગ્દર્શન કેમ નથી થતું? ત્રિકાળી અને વર્તમાન આ

બંનેને લક્ષમાં તો લીધું પણ ત્રિકાળી સ્વભાવ તરફ વળ્યો નહિ, માટે સમ્યક્ત્વ નથી થયું. ત્રિકાળી સ્વભાવ તરફ ઉન્મુખ થનારો પહેલાં બેયનો વિચાર કરીને સ્વભાવસન્મુખ થાય છે. જે સ્વભાવની દઢતા કરી લે છે, તે વ્યવહારને ફીક્કો કરી દે છે. પણ અત્યારે વ્યવહારનો સર્વથા અભાવ નથી થયો, પણ જેમ જેમ સ્વભાવ તરફ ઢળતો જાય છે, તેમ તેમ વ્યવહારનો અભાવ થતો જાય છે.

વસ્તુને માત્ર ધારણામાં લેવાથી જ સમ્યગ્દર્શન નથી થતું, પણ જ્ઞાનને સ્વભાવ તરફ લઈ જવાની આવશ્યકતા છે. અહીં જ્ઞાન અને શ્રદ્ધા બંનેના બળને સ્વભાવસન્મુખ કરવાની વાત છે. શુભરાગથી મારો સ્વભાવ ભિન્ન છે, તે પ્રકારનું જ્ઞાન જે તે બાજુ વીર્યને ઢાળતા જ તત્કાળ સમ્યગ્દર્શન થઈ જાય છે. જો સ્વભાવની રુચિ કરે તો વીર્ય પણ સ્વભાવ તરફ ઢળે, પણ જેને રાગની પુષ્ટિ અને રુચિભાવ છે, તેને વ્યવહાર તરફનો જુકાવ દૂર નથી થતો. જ્યાં સુધી માન્યતા અને રુચિના વીર્યમાં નિરપેક્ષસ્વભાવ નથી રુચતો અને રાગ રુચે છે, ત્યાં સુધી મિથ્યાત્વ છે.

જીવ અશુભભાવને દૂર કરીને શુભભાવ તો કરે છે, પણ તે શુભભાવમાં ધર્મ માને છે, તે સ્થૂળ મિથ્યાત્વ છે. જીવ અશુભભાવને દૂર કરીને શુભભાવ કરે છે અને શાસ્ત્રાદિના જ્ઞાનથી એ પણ સમજે છે કે શુભરાગથી ધર્મ નથી થતો, તોપણ ચૈતન્યસ્વભાવ તરફનું વીર્ય ન હોવાથી તેને મિથ્યાત્વ રહી જાય છે. ચૈતન્યસ્વભાવ તરફના બળથી વર્તમાન તરફથી હટવું જ દર્શનવિશુદ્ધિ છે. અહીં જ્ઞાનનો પરલક્ષી ક્ષયોપશમ અથવા કષાયની મંદતા પર વજન નથી પણ દર્શનવિશુદ્ધિ પર જ પૂરું વજન છે.

જેમ કોઈની સલાહ લીધી અને તેની વાતને ધ્યાને પણ લીધી, પણ તે અનુસાર પરિણમન કર્યું; એ પ્રમાણે શાસ્ત્રના કથનથી એ



તો જાણી લીધું કે નિશ્ચયના આશ્રયથી મુક્તિ અને વ્યવહારના આશ્રયથી બંધ થાય છે, તે પ્રમાણે તે સલાહને ધ્યાનમાં લઈને પણ તે રૂપ પરિણમન નથી કર્યું; શાસ્ત્રકથિત બંને પડખાને ધ્યાનમાં તો લીધા પણ રુચિ તો રાગમાં જ રાખી, તો સમ્યગ્દર્શન ક્યાંથી થાય? તેને દિવ્યધ્વનિનું કથન તો ધ્યાનમાં આવી જાય છે કે 'ભગવાન આમ કહે છે' પણ તે બાજુ તે રુચિ નથી કરતો. ક્ષયોપશમભાવથી માત્ર ધારણા કરે છે, પણ તે યથાર્થ રુચિથી નથી સમજતો. જો યથાર્થ રુચિથી સમજે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ.

સ્વભાવની વાત રાગથી તો ભિન્ન હોય છે. જે જીવ સ્વભાવની રુચિની સાથે સ્વભાવની વાત સાંભળે છે, તે (જીવ) તે સમયે રાગથી થોડોપણ ભિન્ન થઈને સાંભળે છે. જો સ્વભાવની વાત સાંભળતા સાંભળતા કંટાળી જાય અથવા એમ વિચારે કે આ તો કઠણ માર્ગ છે, તે પ્રમાણે સ્વભાવની અરુચિ થાય તો સમજવું જોઈએ કે તેને સ્વભાવની અરુચિ અને રાગની રુચિ છે, કેમકે તે એમ માને છે કે રાગમાં મારું વીર્ય કામ કરી શકે છે; રાગરહિત સ્વભાવમાં નથી થઈ શકતું - તે પણ વ્યવહારનો જ પક્ષ છે.

સ્વભાવની વાત સાંભળીને, તેની મહિમા લાવીને, સ્વભાવ તરફ વીર્યનો ઉલ્લાસ એ પ્રકારે થવો જોઈએ કે 'અહો! આ તો મારું જ સ્વરૂપ બતાવે છે' પણ જો એમ માને કે 'આ કામ મારાથી નહિ થાય.' તો સમજવું જોઈએ કે તે રાગના ચક્કરમાં પડી ગયો છે, રાગથી અલગ નથી થયો.

હે ભાઈ! જો તે એમ માન્યું કે તારાથી રાગનું કાર્ય થઈ શકે છે, પણ રાગથી જુદા થઈને રાગરહિત જ્ઞાનનું કાર્ય કે જે તારો સ્વભાવ છે, તે તારાથી નથી થઈ શકતું તો સમજવું જોઈએ કે

ત્રિકાળી સ્વભાવની અરુચિ હોવાથી તને સૂક્ષ્મરૂપથી રાગની મીઠાશ છે; વ્યવહારની પક્કડ છે અને તે જ કારણે સમ્યગ્દર્શન નથી થતું.

જ્યાં રાગરહિત જ્ઞાયકસ્વભાની વાત આવે, ત્યાં જો જીવને એમ લાગે કે 'આ કામ કેમ થાય?' તો સમજવું જોઈએ કે તેનું વીર્ય વ્યવહારમાં અટકી ગયું છે, તેને સ્વભાવની દૃષ્ટિ નથી. જ્ઞાનસ્વભાવ સૂક્ષ્મ છે, તેની મીઠાશ છૂટી કે રાગની મીઠાશ આવી. તે જીવ અત્યારે નિશ્ચયસ્વભાવની અપૂર્વ વાતને નથી સમજ્યો અને તેને કોઈને કોઈ પ્રકારે વ્યવહારની રુચિ રહી ગઈ છે.

પંડિત જયચંદ્રજી શ્રી સમયપ્રાભૃતમાં કહે છે કે 'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ વિદ્યમાન છે અને તેનો ઉપદેશ પણ ઘણા બધા પ્રાણીઓ પરસ્પર કરે છે તથા જિનવાણીમાં શુદ્ધનયનું હસ્તાવલંબન સમજીને વ્યવહારનો ઉપદેશ ઘણો કર્યો છે, પણ તેનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ કદી નથી કર્યો અને તેનો ઉપદેશ પણ વિરલ છે, થોડા થોડા અંશે છે; માટે ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને તેનો ઉપદેશ પ્રધાનતાથી આપ્યો છે કે 'શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે, તેનો આશ્રય લેવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. તેને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે, ત્યાં સુધી આત્માને જ્ઞાનશ્રદ્ધારૂપ નિશ્ચયસમ્યક્ત્વ નથી થઈ શકતું.'

આત્માના નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ કરવાથી વ્યવહાર ગૌણ થઈ જાય છે. ત્યાં જો સ્વભાવના કાર્ય માટે વીર્યનો નકાર કરે અને વ્યવહારની રુચિ કરે તો સમજવું જોઈએ કે તેને સ્વભાવની રુચિ નથી અને સ્વભાવની રુચિ વિના વીર્ય સ્વભાવમાં કામ નથી કરી શકતું એટલે કે તેને વ્યવહારની રુચિ દૂર નથી થતી.

જ્ઞાનીઓએ આ વાત વારંવાર કરી છે કે આ નિશ્ચયનય,



વ્યવહારનો નિષેધ કરે છે. તેમાં વ્યવહારના સ્વરૂપનું જ્ઞાન પણ તેની સાથે આવી જાય છે. નિશ્ચયનય જે વ્યવહારનો નિષેધ કરે છે, તે વ્યવહાર ક્યો છે? કુદેવ આદિની માન્યતારૂપ જે જ્ઞાન છે, તે તો મિથ્યાત્વનું પોષક છે, તેનો તો નિષેધ જ છે કેમકે તેમાં તો વ્યવહારતત્ત્વ પણ નથી. કુદેવ વગેરેની માન્યતા છોડીને, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રોએ જે કહ્યું છે, તેના જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવ્યો છે અને તે પણ નિશ્ચયસમ્યગ્દર્શનનું મૂળ કારણ નથી, માટે નિશ્ચયસ્વભાવના બળથી વ્યવહારનો નિષેધ કરવામાં આવ્યો છે.

જે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ સિવાય બીજા કોઈ કુદેવ વગેરેને સત્યાર્થરૂપથી માને છે, તે જ્ઞાન તો વ્યવહારથી પણ ભ્રષ્ટ એટલે કે દૂર છે. જે નિમિત્તોથી વૃત્તિને ઉઠાવીને સ્વભાવ તરફ ઢાળવી થાય છે તે નિમિત્ત શું છે, તેનો જેને વિવેક નથી, તેને સ્વભાવનો વિવેક હોય જ નથી શકતો અને તે પણ નિયમ નથી કે જે સાચા નિમિત્તો તરફ વળે છે, તેને સ્વભાવનો વિવેક થાય જ છે; નિયમ તો એમ છે કે નિશ્ચયસ્વભાવનો આશ્રય લે છે, તેને સમ્યગ્દર્શન ચોક્કસ થાય છે; માટે નિશ્ચયનયના આશ્રયે વ્યવહારનયનો નિષેધ છે.

શાસ્ત્ર તરફના વિકલ્પથી જે જ્ઞાન છે, તે વ્યવહાર છે. તે જ્ઞાન બાજુના વીર્યને દૂર કરીને, તેને સ્વભાવ તરફ વાળવામાં આવે છે. સાચા નિમિત્ત તરફના ભાવથી જેવું પુણ્યબંધ થાય છે, તેવું પુણ્ય બીજા નિમિત્તો તરફ વળવાથી નથી બંધાતું. તાત્પર્ય એ છે કે જો લોકોત્તર પુણ્ય પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પથી થાય છે પણ તે પણ પરસન્મુખ છે, નિશ્ચયસ્વભાવની સન્મુખ નથી; માટે તેનો નિષેધ છે. જેમ પાગલ મનુષ્યનું જ્ઞાન/ નિર્ણય હીન હોય છે, માટે તેનું તો મા ને મા કહેવું પણ અયથાર્થ છે; તે પ્રમાણે અજ્ઞાનીના

સ્વભાવ તરફના નિર્ણયરહિત જ્ઞાન દોષિત થયા વિના નથી રહી શકતા.

સર્વજ્ઞ ભગવાનના કથન તરફ જે જુકાવ છે, તે પણ વ્યવહાર તરફનો જુકાવ છે. વીતરાગ શાસનમાં કથિત જીવાદિ નવ તત્ત્વોના વિકલ્પથી જે શ્રદ્ધા છે, તે પણ પુણ્યનું કારણ છે કેમકે તેમાં ભેદનું અને પરનું લક્ષ છે અને પરલક્ષ ધર્મનું કારણ નથી. જે જીવના નિમિત્ત તો અવિરૂદ્ધ છે પણ નિમિત્ત તરફથી હટીને અત્યારે સ્વભાવ તરફ નથી વળ્યો, તેને પણ નિશ્ચય સમ્યગ્દર્શન નથી.

આચારાંગ વગેરે સાચા શાસ્ત્ર, જીવાદિક નવ તત્ત્વોનું સ્વરૂપ અને એકેન્દ્રિય વગેરે છ જીવનીકાયોનું પ્રતિપાદન વીતરાગ જિનશાસન સિવાય બીજા કોઈમાં તો છે જ નહિ, પણ વીતરાગ જિનશાસનમાં કહ્યા અનુસાર શાસ્ત્રોનું જ્ઞાન કરે, જીવાદિક નવ તત્ત્વોની શ્રદ્ધા કરે અને છ જીવનિકાયોને માનીને તેની દયા કરે તો તે પણ પુણ્યનું કારણ છે અને તેને વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે પણ પરમાર્થદષ્ટિ તેને દર્શન-જ્ઞાન-ચારિત્રના રૂપે સ્વીકારતા નથી, કેમકે જિનશાસનના વ્યવહાર સુધી આવ્યો, એટલા માત્રથી ધર્મ નથી થતો. જો નિશ્ચય આત્મસ્વભાવ તરફ ઢળીને તે વ્યવહારનો નિષેધ કરે તો ધર્મ છે. તે પ્રમાણે નિશ્ચયનય, વ્યવહારનો નિષેધ કરે છે.

એ પ્રમાણે અહીંયાં કહ્યું છે કે અજ્ઞાનીને વ્યવહારની ઝીણી પક્કડ ક્યાં રહી જાય છે? અને નિશ્ચયનયનો આશ્રય કેવી રીતે થાય છે? એટલે કે મિથ્યાદષ્ટિ જીવોને મિથ્યાત્વ કેમ રહી જાય છે અને સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે છે? - તે બતાવ્યું છે.

એ વિષય સંબંધિત કથન મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ આવે છે, તે આ પ્રમાણે છે — 'સત્યને જાણે છે, તોપણ તેના દ્વારા પોતાનું અયથાર્થ પ્રયોજન જ સિદ્ધ કરે છે; માટે તે સમ્યગ્જ્ઞાન નથી કહેવાતું.'



જો જ્ઞાનના ક્ષયોપશમમાં નિશ્ચય-વ્યવહાર બંનેનો ખ્યાલ હોય છે, તોપણ પોતાના બળને નિશ્ચય તરફ વાળવું જોઈએ તેના બદલે વ્યવહાર તરફ ઢાળે છે; માટે વ્યવહારનો પક્ષ રહી જાય છે.

અજ્ઞાની વ્યવહાર-વ્યવહાર કરે છે અને જ્ઞાની નિશ્ચયના આશ્રયે વ્યવહારનો નિષેધ જ નિષેધ કરે છે.

શ્રી પ્રવચનસારજીમાં કહ્યું છે કે - 'જેને એવું આગમજ્ઞાન થઈ ગયું છે કે જેના દ્વારા બધા પદાર્થોને હસ્તકમલવત્ જાણે છે, અને એમ પણ જાણે છે કે તેને જાણનાર હું છું, પણ હું જ્ઞાનસ્વરૂપ છું, આ પ્રમાણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન માત્ર ચૈતન્યદ્રવ્યરૂપ અનુભવ નથી કરતો' એટલે કે સ્વ-પરને જાણતો થકો પોતાને નિશ્ચયસ્વભાવ તરફ નથી વાળતો, પણ વ્યવહારની પક્કડમાં અટકી જાય છે, માટે તે કાર્યકારી નથી; કેમકે તે નિશ્ચયનો આશ્રય નથી લેતો. ●

## પાઠકોની નોંધ માટે



## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે